શ્રી

આતંક નિગ્રહ ઔષધાલય

નાં

અમૂલ્ય રત્નતુલ્ય ઔષધો.

શાસ્ત્રોક્ત ભસ્મ   શક્તિની બિનહરીફ   પુરૂષત્વ ।

સહસ્ર પુટી
અભ્રક ભસ્મ.
આ ભસ્મનો હમેશાં ઉપયોગ કરવાથી જુવાન ટકી રહે છે,
ક્ષય,
અશક્તિ
માટે અત્યુત્તમજ છે!
કીં. ૧ તોલાના રૂ. ૫૦)

આરોગ્ય દેવી.
આતંક નિગ્રહ ગોળીઓ.
વીર્ય અને લોહીના વિકારોપર અદ્વિતીય—
કીં ૩૨ ગોળી ૧ ડબીનો રૂ. ૧)

વાજીકરણ તેલ.
ગમે તે કારણથી ગયેલું પુરૂષત્વ પુનઃ લાવી આપે છે ગુપ્ત ભાગના તમામ વિકારો દૂર કરવામાં અપૂર્વ—
કીં. અર્ધા તોલાની શીશીના રૂ. ૫)

ઉત્તમ પાક

અમૃતાર્ણવ
અવલેહ.
દમ–ક્ષય–સંગ્રહણી–ઉરઃક્ષત, વાતરક્ત અને મગજનાં તમામ દર્દો દૂર કરવામાં અકસીર છે; બાદશક્તિ વધારે છે.
કીં. ૨ તોલાના ૧ ડબાના રૂ. ૨.)

કામશાસ્ત્ર

નેત્રોને માટે

શુદ્ધ મોતીના સુરમાઓ.
આંખની ઝાંખ, પાણી પડવું ઇત્યાદિક રોગોને મટાડવામાં રામબાણ—
કાળો સુરમો—૧ તો. રૂ. ૧॥)
ધોળો સુરમો—૧ તો. રૂ. ૨)
ઉંચો સુરમો—૧ તો. રૂ. ૨૪)

આરોગ્ય, શરીરરક્ષા, નીતિમાર્ગ, શરીરસુખ, સંતાનોત્પત્તિ ઇત્યાદિકનો બોધ કરનાર! જે માગે મંગાવે તેને મફત મોકલાય છે.

મુંબઈ—ઑફિસ—
કાલબાદેવી રોડ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.
માલેક—આતંક નિગ્રહ ઔષધાલય.
જામનગર—કાઠિયાવાડ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષા.
બાઈ રતન (શો. ઉતમચંદ કેસરીચંદના પત્ની) શ્રી જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષા.

ઉપરોક્ત બન્ને પરીક્ષા તા. ૨૭-૧૨-૧૪ રવિવારે બપોરના ૧-૪ (સ્ટા. ટા.) વાગતાં સુધી મુકરર કરેલા સ્થળોએ મુકરર કરેલા એજન્ટોની દેખરેખ નીચે લેવામાં આવશે

૨. મુંબઈ મધ્યે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં પરીક્ષા લેવામાં આવશે.

૩. ઉમેદવારોએ પોતાની અરજી તા. ૧૫-૧૨-૧૪ સુધીમાં મોકલી આપવી.

એજન્ટોએ ઉમેદવારો માટે શાહી, ખડીઆ, કલમ એકસરસાઈઝ બુકો વિગેરેની સગવડ આ બોર્ડના ખર્ચે કરી આપવી. પરીક્ષાનો ટાઈમ થઈ રહે કે તુરત બધા ઉમેદવારો પાસેથી બુકો લઈને બીજેજ દિવસે રજીસ્ટરથી અમારા ઉપર મોકલી આપવા કૃપા કરવી.

કે. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ પાયધુની, મુંબઈ નં ૩.	મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ મોહનલાલ દલીચંદ દેશાઈ ઓનરરી સેક્રેટરીઓ. શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

જીર્ણ પુસ્તકોદ્ધાર ખાતું.

હસ્તલિખિત પુસ્તકો ધરાવનારાઓને

ઉત્તમ તક.

આ ખાતા તરફથી સર્વેને જાહેરખબર આપવાની કે જે જે ગૃહસ્થ, શ્રાવક કે શ્રાવિકા, ગોરજી, યતિ આદિ મહાશયને જૈન હસ્તલિખિત પુસ્તકો ગુજરાતી, પ્રાકૃત, સંસ્કૃત કે કોઈ પણ ભાષાના કિંમત લઈ આપવાના હશે તેઓ પુસ્તકનાં નામ તથા પુસ્તકની કિંમત લખી મોકલાવશે તો તે યોગ્ય લાગશે ખરીદ કરવામાં આવશે. તેમજ જે મહાશય જાતે અગર પોતાના માણસદ્વારા પુસ્તકો લઈ બતાવવા આવશે તેની પાસેથી તુરતજ કીંમત નક્કી કરી યોગ્ય પુસ્તકો રોકડે લેવામાં આવશે. આ માટે પત્રવ્યવહાર તથા આ સંબંધી બધી વાતચીત તદ્દન ખાનગી રાખવામાં આવશે. પત્રવ્યવહાર કરવા ઈચ્છતા સજ્જનોએ જૈન કોન્ફરંસ હેરલ્ડના તંત્રી રા. મોહનલાલ દલીચંદ દેશાઈ બી. એ. એલ્ એલ્. બી વકીલ હાઈકોર્ટ ને તેના ઘેર લોહારચાલ લાલજી માનસિંગની બિલ્ડિંગ મુંબઈ. લખી કરવો અને વાતચીત માટે મળવું હોય ત્યાં તેમને મળવું.

તા. ક. આ હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ સુરક્ષિત રીતે કરવામાં આવશે એટલી ખાત્રી આપવામાં આવે છે.

મનુષ્યને મસ્ત બનાવનાર, આઠે પહોર આનંદમાં રાખનાર, મગજને સુગંધથી તર કરનાર, ફક્ત આ ત્રણ ચીજ છે.

[illegible]

સેન્ટનો મહારાજા
(ઓટો)
અત્તર મોહીની

આ અત્તરની ખુશબો એવી તો મધુર [illegible] મોહક છે કે, [illegible] પોતાને સુગંધી પુષ્પોના બગીચામાં બેઠેલો સમજે છે. [illegible] આ એક સુગંધીનો [illegible] છે.

વિશ્વ મોહીની હેર ઓઈલ.

[illegible] નિરાશી, ને મગજનાં [illegible] [illegible] સુગંધમાં એક [illegible], સુગંધીનો [illegible] [illegible] મગજની [illegible] [illegible]

[illegible]

દીલખુશ સુગંધનો દરિયો.

ઓટો વિશ્વ મોહીની.

[illegible]

ચેની [illegible]

[illegible]

[illegible]

દીલીવાલા લાલા બીશનદયાળ ધરમદાસ અત્તરવાળા.

[illegible]

[illegible] મુંબઈ.

રૉયલ ટૉનીક પાઉડર.

કીંમત તોલા એકનો રૂ. ૧). (પોસ્ટેજ માફ)

જંગલી પહાડોની વનસ્પતિમાંથી ખાસ અમારા હાથેજ તૈયાર કરેલી આ દવાથી ધાતુ (વિર્ય)ને લગતા સર્વ પ્રકારના દરદો નાબુદ થાય છે, અને વિર્યને પુષ્ટ બનાવી શરીરમાં ખરી તાકાદ પેદા કરે છે.

આ દવા અમે પોતેજ વેચીએ છીએ, કોઇપણ દુકાનદાર અથવા ફેરીવાળાને વેચવા માટે આપવામાં આવતી નથી, માટે અમારા સિવાય બીજા કોઈ પાસેથી આ દવા મળી શકશે નહિ.

ઇનામ, કમીશન કે પૈસા પાછા આપવાની, કોઇપણ જાતની લાલચ આપવામાં આવતી નથી. ફક્ત એક વખત વાપરી ખાત્રી કરો. બનાવનાર અને વેચનાર.

ઠે. તબુ બંગલા, ઘટકોપર—મુંબઈ. એમ. પી. વીરપુત્ર.

જાહેર ખબર.

મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા એક ફંડમાંથી કોન્ફરન્સ ઓફીસ તરફથી એક સ્કોલરશીપ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચે નંબરે પસાર થનાર, તેમજ એક બીજી સ્કોલરશીપ સુરતના રહેવાસી અને કુલે સૌથી વધુ માર્કસ મેળવનાર જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થિને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કોલરશીપોનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થિઓએ નીચે સહી કરનારને એ સંબંધમાં તા. ૨૧ મી ડીસેમ્બર ૧૯૧૪ સુધીમાં અરજ કરવી.

ઠે. શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.
પાયધુની. મુંબાઇ નં. ૩.

(સહી) કલ્યાણચંદ સોભાગચંદ.
રેસીડન્ટ જનરલ સેક્રેટરી,
શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સ.

નવા થનાર ગ્રાહકોને સૂચના.


હમણાં બહાર પડેલા પર્યુષણમાં ૨૪૦ પૃષ્ઠનો શ્રીમન મહાવીર સચિત્ર અંક આ પત્રનો કાઢેલ છે તે મહાવીરના જીવન, એક ગ્રંથ સમાન છે, એટલુંજ નહિ પરંતુ તેમાં કાર્ય અને ઉપદેશ સંબંધે આવેલા વિધ વિધ ઉપયોગી વિષયો એટલા બધા વાંચવા વિચારવા યોગ્ય છે કે જેના વિષે અનેક વિદ્વાનોના સુંદર અભિપ્રાયો અત્યારસુધી આવી ગયા છે. આ અંકની કિંમત બાર આના છે. અને હવે તેની નકલ થોડીજ બાકી છે. જેઓ નવા ગ્રાહક થશે તેનો લાભ તે અંકની પુરી કિંમત ન લેતાં આપવામાં આવશે, માટે આ પત્રને ઉત્તેજન અર્થે. આ પત્રના આધાર શ્રી કોન્ફરન્સ દેવીને સહાય આપવા અને આત્માને લાભ આપવા અર્થે દરેક સુજ્ઞ જૈન ગ્રાહક તરીકે નામ નોંધાવવા અને બીજાને ગ્રાહક બનાવવા તત્પર થશે, એમ અમે ખાત્રી રાખીએ છીએ. વળી અગાઉ અંકની પુરવણી રૂપે શ્રીમન્ મહાવીર પ્રભુના જીવન-બોધ સમજાવનાર એક ખાસ દળદાર અંક થોડા વખતમાં—દીવાળી ઉપર 'મહાવીર સચિત્ર અંક-કેલેન્ડર'—એ નામથી બહાર પડવાનો છે. કે જેની નકલ ઘણીજ થોડી બહાર પડશે. તે જેઓ ગ્રાહક તરીકે નોંધાતી લેશો એવી આમારી ખાત્રી છે.

C/o "જૈન કોન્ફરન્સ ઑફિસ—પાયધુની. 'કોન્ફરન્સ હેરલ્ડ'

જનસમાજને ફાયદાકારક ચેતવણી.

હજારો ગ્રાહકોની ખાત્રીવાળી ૮૦ વરસથી સંપુર્ણ માન પામેલી અને ભરોસાદાર ચોખ્ખી ચાંદીના દાગીના વેચવાની જુનામાં જુની પેઢી.

ગ્રાહકોને ખાસ અગત્યની સૂચના.



અમદાવાદના બજારમાં આજકાલ ચાંદીના દાગીના વેચનાર અનેક વેપારીઓ છે, છતાં અમારી દુકાનમાં દરેક જાતના દાગીના ખાસ જસ્તીથી ઓળેલી તથા ઘુઘરીઓ બાંધવાનો વાળો તે પણ ચોખ્ખી ચાંદીનો પાકી ગેરંટીથીજ આપવામાં આવે છે. ભાવમાં ઠગાવાની બીલકુલ ધાસ્તી રહેતી નથી માટે એકવાર પધારવા વિનંતિ છે.

ચોખ્ખી ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર.

પંચાલ ભુલાભાઇ હરીચંદ.

ઠે૦ માંડવીની પોળમાં લાલાભાઈની પોળમાં ઘર નં. ૨૨૧૪

અમદાવાદ.

હરસની દવા અમારા દવાખાનામાં, એ જુવલેણ દરદથી પીડાતા હોય પણ દરદીને, પહેલા ચાર દીવસ સુધી

બીલકુલમફત અમે આપીએ છીએ. દરેક દરદીને એક વખત આવી જઈને ખાતરી કરવાની અમે મજબુત ભલામણ કરીએ છીએ. આ રોગની નામદાયક વેદનામાંથી, વગર વાઢકાપે બચવા માટે, અમારી "અર્શાન્તક" દવા બીનકુરીક છે. તેનાથી અંદરના કે બહારના અને તેવા હરસ, મસા, ચાંદા, દુખાવો, અગન વીગેરે તાત્કાલીક દુર થઈ હોઠી વીગેરે બધ થઈ દરદ જડમુળથી નીકળી જાય છે. ખાવાની દવા રૂ. ૧૫). લગાડવાની દવા રૂ. ૫).

સલાહ મફત.

કોઈપણ જાતના દરદ રોગથી કંટાળેલાં સ્ત્રી પુરૂષોને અમે ખાસ એક્સ્ત ખાસ કરીને કહીએ છીએ કે તેઓએ પોતાની વીગતવાર હકીકત અમને વગર ઢીલે લખી મોકલવી. જે મળવેથી અમારા જુના અનુભવી રજીસ્ટર્ડ ડાક્ટર ચાંદલીઆ તેઓના કેસ ઉપર ઘણુંજ સંભાળ ભર્યું ધ્યાન આપી તેઓને સંપુર્ણ દવા અને ઈલાજની સલાહ બીલકુલ મફત પુરી પાડશે. લખવા કરતાં જો બની શકતું હોય તો રૂબરૂમાં મળવાથી વધારે ફાયદો થઈ શકે છે. સઘળો પત્રવહેવાર હમેશાં બીલકુલ ખાનગી રાખવામાં આવે છે. અમારૂં ટ્રીટમેન્ટ એક વખત જરૂર અજમાવી જોજો.

"બાદશાહી યાકુતી" અસલ અને સાચી નામદાર સરકારમાં રજીસ્ટર થએલી નંબર ૨૨૯ ની તે એકલી ડાક્ટર ચાંદલીઆનીજ બનાવટ છે. અને એ બા બેનો અમારો આડેર ચેલેંજ ફતેહમંદ નીવડયો છે તે સઘળા જાણે છે. માટે નકામીવાત દગાખોરોની ધુળ જેવી બનાવટોથી ઠગાતા નહીં. પણ ખરી ડાક્ટર ચાંદલીઆનીજ "બાદશાહી યાકુતી" વાપરીને દરેક જાતની નબળાઈ દુર કરો, ઢીલાં પડી ગએલાં જ્ઞાનતંતુ અને નસોને સતેજ થવા (હેમો, ચેહરો સુરખી બનાવો, ઉપરાંત કમજોર નસોમાં નવું લોહી અને વીર્ય ભરીને શરીરમાં જુવાની ને ઉત્સાહનો ભાગ્યનો ઝરો પેદા કરો અને સંસાર સુખનો લ્હાવો લઈ મનની મુરાદ પાર પાડો. -કીંમત ૪૦ ગોળીની ડબી ૧ ના રૂ. ૧૦).

ચાંદલીઆ કું. ૨૮ કાલબાદેવીરોડ—મુંબઈ

સેંટનો રાજા

ઓટો-મોહીની

(રજીસ્ટર્ડ) ચંમેલીના ફુલનો બહાર

જેની ઉત્તમતા મધુર અને ટકાઉ ફ્રેંચફુલોની ખુશ્બો માટે હિંદુસ્તાનના જુદા જુદા પ્રદર્શનમાંથી પહેલા નંબરના સોના રૂપાના ચાંદો મળ્યા છે; તેમજ વળી એકઝીબીશનના અધિકારીઓએ અમારા પ્રખ્યાત સેંટ ઓટો મોહીનીને સેંટનો શહેનશાહ તથા "અત્તરોનો અધિપતિ"ની ઉપમા આપેલ છે. ઓટો-મોહીની સેંટના માત્ર ચારજ ટીપાં રૂમાલપર કેટલાક દિવસો સુધી તાજા ચંમેલીના ફુલોની ખુશ્બો આપે છે. વળી તેની ખુશ્બો ચાર દિવસ સુધી ટકતી નથી તેવું સાબિત કરનારને રૂ. ૧૦૦) નું ઇનામ આપવા બંધાઇએ છીએ.

કીંમત અર્ધા ઔંસની બાટલીના રૂ. ૨-૦-૦

એક ડ્રામની સુંદર ટયુબના રૂ. ૦-૧૨-૦

કપડામાં રાખવાનાં સુગંધી કારડો ૧૨ આને ડઝન.

માત્ર નાની ટયુબ ખરીદી અજમાવી જુઓ, પસંદ ન પડે તો પૈસા પાછા.

એકલા માલેક

ધી ઓરીએંટલ ડ્રગ એન્ડ કેમીકલ કું૦

સોલ એજન્ટ-મોહીની એજન્સી જુમા મસ્જીદ-મુંબઇ.

શ્રીમાન્ મહાવીર સચિત્ર અંક (ઉત્તરાર્ધ)

પુ. ૧૦ અંક ૧૦-૧૧-૧૨. અક્ટોબર, નવેંબર, ડીસેમ્બર.

વિષયાનુક્રમ.

ગુજરાતી ખાસ લેખો.

સ્રીવાંચન-વિભાગ [Ladies Corner]

ચાલુ લેખ. [Current Topics]

ચિત્ર પરિચય. [About Illustration

કૉન્ફરન્સ મિશન.[Conference Missio

Bikanir

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

શ્રીમન્ મહાવીર સચિત્ર અંક (ઉત્તરાર્ધ.)

જગદ્વંધ ! સુધારક ! ને મહા
અમ સમાજ ઉધારક તું અહા !
વીર પ્રભુ ! તુજ વાણી અને કૃતિ
બનો રહો અમ જીવન-પ્રકૃતિ.

પુસ્તક ૧૦-અંક ૧૦-૧૧.] વીર સંવત્ ૨૪૪૦. [અક્ટોબર, નવેમ્બર ૧૯૧૪.

महावीर केम जगनाथ थयो ?

(હેમરાજ ! જગ જશ જીયો—એ દેશી)

શાસનનાયક સાહિબ સાચો, ગુણી જગ અરીહંત;
કરમ અરીગણ સબળ નિવારી, મારિયો મોહ મહંત.
મહાવીર જગમાં જીત્યોજી,
જીત્યો જીત્યો આપ સહાય,
હાંજી જીત્યો જીત્યો જ્ઞાન પસાય,
હાંજી જીત્યો જીત્યો જગ સુખદાય.
મહાવીર જગમાં જીત્યોજી. ૧

અનંતાનુબંધી ચઉયોધા, હણિયા પહેલી ચોટ;
મંત્રી મિથ્યાત્વ પછી નિસરપી, તવ કરી આતમ કોટ. મહા. ૨
બીજિ દેઇ આયુષ તિમ કેરી, એક વિગલેંદ્રિય જાતિ;
એક મેવાસ ભાંજ્યો ચિરકાલે, નરક યુગલ સંઘાતિ. મહા. ૩
સ્થાવર નિરિ દુગ ઝોંસિ કરતી, સાહારણ હણી પાડી;
થીણદ્ધિ તિમ મદિરા વયરી, આતપ ઉદ્યોત ઉખાડી. મહા. ૪
અપચ્ચખાણા અને પચ્ચખાણા, હણીયા યોદ્ધા આઠ;
વેદ નપુંસક સ્ત્રી સેનાની, પ્રનિબિનિન ગયા નાઠ. મહા. ૫
હાસ્ય રતિ અરતિ શોક દુગંછા, ભયે મોહ ખવાસ;
હણીયા પુરુષવેદ રેગદારા, પછે સંજ્વલના નાશ. મહા. ૬
નિંદ્રા દોય મોહ પટરાણી, ધરમાંહિથી સંહારી;
અંતરાય દરશણ ને જ્ઞાના-વરણીય સહુના મારી. મહા. ૭
જય જય હુઓ મોહરાજ મુઓ, હુઓ તું જગનાથ;
લોકાલોક પ્રકાશ થયો તવ, મોક્ષ વધાવે સાથ. મહા. ૮
જીત્યો તિમ ભગતને જીતાવે, મૂકાયો મુકાવે;
તરણ તારણ સમરથ છે તુંહી, માનવિજય નિતુ ધ્યાવે.
—મહાવીર જગમાં જીત્યોજી.— મહા. ૯

માનવિજય,

URCHAND BHAIRCDAN,
JAIN LIBRARY.



મહાવીર સંબંધે કંઈ કંઈ.

પ્રાર્થના.

" More things are wrought by Prayers,
" Than the world dreams of. "

"હે પરમ કૃપાળુ દેવ! જન્મ જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરૂષનો મૂળ ધર્મ અનંત કૃપા કરી આપ શ્રીમંતે મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિ ઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું. વળી આપ શ્રીમત્ કંઈપણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરૂં છું.

આપ પ્રત્યેની પરમ ભક્તિ અને વીતરાગ પુરૂષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવ પર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

तुभ्यं नमः समधधर्मनिवेदकाय
तुभ्यं नमः कुशलमार्गविधायकाय ।
तुभ्यं नमो निखिलसंशयकारकाय
तुभ्यं नमः कुमतितापसुभंजनाय ॥

૧

મહાવીરના મુખ્ય પૂર્વભવો.

ग्रामस्वाम्यमरो मरीचिरमृताहारः परिव्राजकः
पोढा चामृतभुक् भवोऽनिबहुशः श्री विश्वभूतिर्मरुत् ॥
विष्णुर्नैरयिको हरिश्च नरके भ्रान्तिं भवान्तर्बहु—
श्चक्री नाकिवरोऽथ नंदननृपः स्वर्गेऽवतात् त्रैशलः ॥

—ગુણવિજયગણિ.


દરેક તીર્થંકર છેલ્લા ભવે તીર્થંકર થાય તે પહેલાંના તેમના જે ભવો શાસ્ત્રમાં જણાવ્યા છે તે ઉપરાંત એની પહેલાં અનંત ભવો થયા હશે. પરંતુ શાસ્ત્રોક્ત ભવો જે છે તે જે ભવથી સમ્યક્ત્વ થયું હોય તે ભવથી શરૂ કરી ભવ આપેલ છે. તે પ્રમાણે મહા

વીરના જે પૂર્વે ભવમાં સમ્યકત્વ થયું તે નયસારનો ભવ હતો. ત્યારથી ગણતાં મુખ્ય ૨૭ ભવ ગણાવ્યા છે:—

નયસાર (ગામેતી-ગ્રામપતિ) સૌધર્મ દેવલોકમાં પલ્યોપમ આયુષ્યવાળો દેવતા, પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથના પુત્ર ભરતચક્રવર્તીના પુત્ર મરીચિ, બ્રહ્મલોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળો દેવતા, કોલ્લાક ગામમાં ૮૦ લાખ પૂર્વ આયુષ્યવાળો બ્રાહ્મણ નામે કૌશિક, સ્થૂણ ગામમાં પુષ્પમિત્ર નામે બ્રાહ્મણ (૭૨ લાખ પૂર્વ આયુષ્ય), સૌધર્મે દેવલોકે મધ્યમ સ્થિતિવાળો દેવતા, ચૈત્ય નામના સ્થાનમાં ૬૪ લાખ પૂર્વ આયુષ્યવાળો અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ, ઇશાન દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળો દેવતા, મંદિર નામના સંનિવેશમાં અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ (૫૬ લાખ પૂર્વ આયુષ્ય). સનત્કુમાર દેવલોકમાં મધ્યમાયુ દેવતા, શ્વેતાંબિ નગરીમાં ભારદ્વાજ નામનો વિપ્ર (૪૪ લાખ પૂર્વ આયુષ્ય), રાજગૃહ નગરમાં સ્થાવર નામનો બ્રાહ્મણ (૩૪ લાખ પૂર્વ આયુષ્ય), ઘણા ભવ, રાજગૃહના વિશ્વનંદી રાજાના ભાઈ ને યુવરાજ વિશાખભૂતિનો ધારિણી નામની સ્ત્રીથી થયેલ પુત્ર વિશ્વભૂતિ, મહાશુક્ર દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળો દેવતા, પોતનપુરના રિપુપ્રતિશત્રુ નામના રાજાને પોતાની પુત્રી નામે મૃગાવતીથી થયેલ ત્રિપૃષ્ઠ નામનો પુત્ર (પ્રથમ વાસુદેવ), સાતમી નરકમાં નારકી જીવ, કેશરીસિંહ, ચોથી નરક, પછી તિર્યંચ મનુષ્યાદિ ગતિમાં ઘણા ભવ, મનુષ્ય ભવ, અપરવિદેહમાં મૂકાનગરીમાં ધનંજય રાજાની ધારણી નામની રાણીથી પ્રિયમિત્ર નામનો પુત્ર ૮૪ લાખ પૂર્વ આયુષ્ય (ચક્રવર્તી), શુક્ર દેવલોકે સર્વાર્થ નામના વિમાનમાં દેવતા, ભરતખંડમાં છત્રા નગરીના જિતશત્રુ રાજાની ભદ્રા રાણીથી નંદન નામનો પુત્ર (મુનિ–તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું. ૨૫ લાખ વર્ષનું આયુષ્ય), મહર્દ્ધિક દેવ (વીશ સાગરોપમનું આયુષ્ય),મહાવીર.

૨

મહાવીરની જન્મ કુંડલી.



इय ते दिणा पसत्था ता सेसेहिं पि तेसु कायव्वं ।
जिणजत्तादि सहरिसं ते य इमे वद्धमाणस्स ॥

—તેથી કરીને એટલે જીવોને કલ્યાણરૂપે ફલ આપે એ હેતુથી જે દિવસોમાં જિનના ગર્ભાધાનાદિ થાય છે તે દિવસો પ્રશસ્ત—શ્રેયસ્કારક છે તેથી દેવેંદ્રથી અન્ય એવા મનુષ્યોએ પણ તે દિવસોમાં—ગર્ભાદિ કલ્યાણક દિનોમાં જિનયાત્રાદિ—વીતરાગનો ઉત્સવ, પૂજા વગેરે હર્ષ સહિત વર્તમાન તીર્થાધિપતિ એવા મહાવીરના નિકટપણાને લઇને—તેના કલ્યાણકદિનોમાં કર્તવ્ય છે.

आसाढ सुद्ध छट्ठी चेत्ते तह सुद्ध तेरसी चेव,
मग्गसिर किण्ह दसमी वइसाहे सुद्धदसमीय ॥
कत्तिय किण्हे चरिमा गब्भाइ दिणा जहक्कमं एते ।
हत्थुत्तर जोएणं चउरो तह सातिणा चरमो ॥

—ગર્ભાદિ દિનો એટલે ગર્ભ, જન્મ, નિષ્ક્રમણ, જ્ઞાન, અને નિર્વાણના દિવસો અનુક્રમે આષાઢ શુદ્ધ ષષ્ઠી, ચૈત્ર શુદ્ધ ત્રયોદશી, માર્ગશીર્ષ કૃષ્ણદશમી, વૈશાખ શુદ્ધ દશમી, અને કાર્તિક કૃષ્ણ ચરમા (છેલ્લી એટલે પંચદશી) એ છે અને આમાં પ્રથમના ચાર દિનોમાં હસ્તોત્તરા ઉત્તર ફાલ્ગુન સાથે ચંદ્રનો યોગ હતો એટલે હસ્તોત્તરા યોગ હતો અને છેલ્લા કલ્યાણકદિને સ્વાતિ નક્ષત્ર સાથે યોગ હતો.

અહીં મહાવીરના કલ્યાણકદિન શામાટે દર્શાવ્યા?

अहिगय तित्थ विहाया भगवं तिणिदंसिया इमे तस्स ।
सेसाण विएवं चिय णियणियतित्थेसु विणेया ॥

—અધિકૃત તીર્થ વિધાતા એટલે વર્તમાન પ્રવચનના કર્તા ભગવાન્ મહાવીર છે, એ હેતુએ તેના કલ્યાણદિનો દર્શાવ્યા છે. બાકીના તીર્થંકરોના આપવામાં નથી આવ્યા, કારણકે તે તે તેના પ્રવચનાવસરે જાણવા અને આ તીર્થ વર્ધમાનનું છે તેથી તેમાં તેના કલ્યાણકદિનો જાણવા.

આ કલ્યાણકદિનમાં જિનયાત્રા વિધિ બતાવે છેઃ—

—આ દિવસે પ્રભુનો જન્મ આદિ થયો હતો તેમ સંભારી તે તીર્થંકરનું—બહુમાન કરવું. પૂર્વે પુરૂષે આચરેલ આચાર, તેના લક્ષણ ગુણનો અભ્યાસ કરવો, દેવેંદ્ર, દેવ, દાનવ આદિની પ્રભુ પ્રત્યે ભક્તિનું અનુકરણ કરવું અને લોકમાં ગંભીર પ્રરૂપણા કરવી. જિન પ્રવચનની પ્રસિદ્ધિ કરવી, આમ વીતરાગની નિયમથી યાત્રા કરવી, કે જેથી કરી માર્ગાનુસારી ભાવ—મોક્ષપથને અનુકુલ અધ્યવસાયને આગમનો અનુસરવાનો ભાવ શુદ્ધ થાય છે. વિશુદ્ધ માર્ગાનુસારી ભાવથી સકલ ઈપ્સિતની નિયમથી—નિશ્ચયે સિદ્ધિ થાય છે કારણકે તે ભાવ સકલ ઇષ્ટની સિદ્ધિનો હેતુ છે એવું જિનોએ કહ્યું છે; તેમ કહેવાનું કારણ એ છે કે માર્ગાનુસારીના તત્ત્વાભિનિવેશથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરવાના અતિશયથી સમસ્ત ક્રિયા શુભ થાય છે અને જો અશુભ ક્રિયાબંધ થાય છે તો તે અનુબંધરહિત થાય છે.

હવે શા માટે નિરનુબંધ ક્રિયા થાય છે તે કહે છે.

તે માર્ગાનુસારી જીવ કર્મથી પરતંત્ર હોઇને-ચારિત્ર મોહનીય કર્મવશાત્ અશુભ ક્રિયામાં પ્રવર્તે છે, પણ ભાવથી-અંતઃકરણથી નહિં, કારણ કે તેને તત્ત્વાભિનિવેશ છે તેથી તેની ક્રિયા નિરનુબંધા થાય છે. આ પ્રમાણે ઉપરોક્ત યાત્રાથી શુભચેષ્ટાથી સકલ ઇષ્ટની સિદ્ધિના હેતુ એવા માર્ગાનુસારી ભાવ-પરિણામ થાય છે.

આવી રીતે જેમ કલ્યાણકદિનોમાં તીર્થંકરનું બહુમાન આદિ કરવાનું જણાવ્યું તે પ્રમાણે બીજા કોઇ ઉત્સવમાં પણ તેમ કરવું જેમકે રથોત્સવ-રથનિષ્ક્રમણાદિ એટલે જિન-બિંબાધિષ્ઠિત રથને જિનગૃહમાંથી નગરમાં ફેરવવાને બહાર કાઢવો આદિ.

—હરિભદ્રસૂરિકૃત પંચાશક ૯. ૩૦-૪૨.

૪

મહાવીરની માતાપિતા પ્રત્યેની સેવા.

પુણ્યાનુબંધી પુણ્ય ચાર પ્રકારે બંધાય છેઃ—

दया भूतेषु वैराग्यं विधिवद् गुरुपूजनम् ।
विशुद्धा शीलवृत्तिश्च पुण्यं पुण्यानुबंध्यदः ॥

(૧) પ્રાણીઓ પ્રત્યે દયા. (૨) વૈરાગ્ય (૩) વિધિપૂર્વક ગુરુપૂજન (૪) શુદ્ધશીલ વૃત્તિ હિંસા, અનૃત, અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહના ત્યાગરૂપ શુદ્ધવૃત્તિ)

આ પુણ્યાનુબંધી પુણ્ય વૃદ્ધિ પામવાથી ઉચિત પ્રવૃત્તિવડે મોક્ષ સાધક એવું તીર્થંકરત્વ રૂપી ઉત્તમ ફલ પ્રાપ્ત થાયછે. આ ઉચિત પ્રવૃત્તિનું દૃષ્ટાંત શ્રીમન્ મહાવીર પ્રભુ પૂરું પાડે છેઃ—

सदौचित्य प्रवृत्तिश्च गर्भादारभ्य तस्य यत् ।
तत्राप्यभिग्रहो न्यायः श्रूयते हि जगद्गुरोः ॥

—હમેશાં ઔચિત્યની પ્રવૃત્તિ, ગર્ભથી માંડીને તીર્થંકરને હોય છે; કેમકે, તે ગર્ભાવસ્થામાં પણ જગતના ગુરુ એવા શ્રીમહાવીર સ્વામીનો ઉચિત અભિગ્રહ સંભળાય છે. તે અભિગ્રહ એવો પ્રસિદ્ધ છે કેઃ—

पित्रुद्वेगनिरासाय महतां स्थितिसिद्धये ।
इष्टकार्यसमृद्ध्यर्थमेवं भूतो जिनागमे ॥

—માબાપના ઉદ્વેગનો નાશ કરવા માટે, મહાનોની સ્થિતિ માટે, અને મોક્ષરૂપી જે ઇષ્ટ કાર્યની સમૃદ્ધિ તેને માટે કરેલ અભિગ્રહ જિનાગમમાં જણાવેલ છે કેઃ—

'जीवतो गृहवासेऽस्मिन् यावन्मे पितराविमौ ।
तावदेवाधिवत्स्यामि गृहानहमपीहतः ॥'

'જ્યાં સુધી આ ગૃહસ્થવાસમાં મારા માતપિતા જીવે, ત્યાં સુધી હું પણ મારી ઇચ્છાથી મુંડમાંઝ થાઉં કરીને-દીક્ષા નહિ લઉં'।

આમાં વાત એમ છે કે બ્રાહ્મણપત્નિ શ્રી દેવાનંદાના ઉદરમાંથી મહાવીરનો ગર્ભ ક્ષત્રિયાણી શ્રી ત્રિશલા રાણીના ઉદરમાં સંક્રમાવવામાં આવ્યો ત્યારે શ્રી દેવાનંદા બહુ

શોકમગ્ન થયા, તેથી વીર પ્રભુએ અવધિજ્ઞાનથી જાણ્યું કે 'અહો ! મારા નિમિત્તથીજ આજે આટલું બધું દુઃખ થયું ! પણ હવે મારા અંગચલનથી આ ત્રિશલા માતાને દુઃખ ન પ્રાપ્ત તો સારૂં,' એમ વિચારીને ભગવાન્ ગર્ભસ્થાનમાં સ્થિર રહ્યા; ત્યારે ત્રિશલામાતાએ વિચાર્યું કે 'અરે ! મારો ગર્ભ ગળી ગયો કે શું ?' ઇત્યાદિ શોક કરતી મહા દુઃખને પ્રાપ્ત થઈ; ત્યારે ભગવાન્ સ્ફુરાયમાન થયા; અને વિચાર્યું કે ' અહો ! હજુ મને જોયો નથી, ત્યાંજ માતાપિતાનો મારાપર જ્યારે આટલો સ્નેહ છે, ત્યારે મને જોયા બાદ, જ્યારે હું દીક્ષા લેઇશ, ત્યારે તો તેમને મહા સંતાપ થશે. માટે તેમનો સંતાપ દૂર કરવા માટે, જ્યાં સુધી તેઓ જીવશે, ત્યાં સુધી હું દીક્ષા લેઇશ નહિ. " એવી રીતનો સાતમે મહિને તેમણે ગર્ભાવાસમાંજ અભિગ્રહ લીધો.

' આ માતપિતાની સેવા કરતાંજ, ઘેર રહ્યા પછી અને પરિપાટીથી મને શુક્લ એવી પ્રવ્રજ્યા પણ થશે ' એવું એ સાથેજ મહાવીરે વિચાર્યું હતું.

सर्वे पाप निवृत्तिर्यत् सर्वथैषा सतां मता ।
गुरूद्वेग कृतोऽत्यंतं नेयं न्याय्यो पपद्यते ॥

સર્વ પાપોની નિવૃત્તિરૂપ એવી આ દીક્ષા ઉત્તમ માણસોએ સર્વથા પ્રકારે માનેલી છે; અને તેથી માબાપને ઉદ્વેગ કરાવનારની દીક્ષા ન્યાયવાળી ઘટતી નથી.

प्रारंभमंगलं ह्यस्या गुरु शुश्रूषणं परं ।
एतौ धर्मप्रवृत्तानां नृणां पूजास्पदं महत् ॥

માબાપની સેવા તે પ્રવ્રજ્યાનું પ્રારંભમંગલ-ભાવમંગલ છે, કારણ કે મોક્ષનો હેતુભૂત એવી ધર્મક્રિયામાં પ્રવૃત્ત થયેલા જનોને તે માતપિતા મોટું પૂજાનું સ્થાનક છે.

स कृतज्ञः पुमान् लोके स धर्मगुरुपूजकः ।
स शुद्धधर्मभाक् चैव, य एतौ प्रतिपद्यते ॥

જે મનુષ્ય માતપિતાની સેવા કરે છે, તે આ જગત્માં કૃતજ્ઞ છે, પોતાના ધર્મગુરૂને પૂજનારો છે તથા શુદ્ધ ધર્મને ભજનારો છે.

—શ્રી હરિભદ્રકૃત ૨૫ મું અષ્ટક

૫

મહાવીર સ્વામીનાં જુદાં જુદાં નામ.

૧ વર્દ્ધમાન, ૨ મહાવીર, ૩ વીર, ૪ ચરમ તીર્થંકૃત, ૫ દેવાર્ય, ૬ જ્ઞાતનંદન-જ્ઞાતપુત્ર (કે જે નામ 'જ્ઞાતપુત્ત' એ નામથી બૌદ્ધ-સૂત્રો અને ગ્રંથોમાં ઘણી વખત જૈનધર્મના ઉદ્ધારક તરીકે જણાવવામાં આવ્યું છે.' અને જે આચારાંગ દ્વિતીયશ્રુત સ્કંધમાં ને આવશ્યકમાં આવે છે, ચરમતીર્થ કૃત કલ્પાદિ સૂત્રમાં છે. વર્દ્ધમાન, મહાવીર એ પ્રસિદ્ધ છે. વર્દ્ધમાન એ જ્યારે તેઓશ્રી ગર્ભમાં આવ્યા ત્યારથી પિતા સિદ્ધાર્થ રાજાની ધનધાન્ય રાજ્ય લક્ષ્મી વૃદ્ધિમાન થઇ, તેથી માતાપિતાએ વિચાર્યું જે આ અમારે સર્વ વસ્તુની વૃદ્ધિ ગર્ભના પ્રભાવથી થઇ છે તો આ પુત્રનું નામ અમે વર્દ્ધમાન રાખીશું. તે પ્રમાણે ભગવાનના જન્મ પછી સર્વે જ્ઞાતિ વર્ગીઓની સમક્ષ વર્દ્ધમાન એ નામ રાખ્યું. મહાવીર એ નામ પ્રસિદ્ધ અને

ઉપસર્ગથી તેમને અતિ મારણાંત કષ્ટ થયું તોપણ ઉપસર્ગ-માત્ર પોતાના ધૈર્ય કે પ્રતિજ્ઞાથી તે ચલાયમાન થયા નહિ, આથી ઈંદ્ર આદિ અને અન્ય દેવતાઓએ શ્રી મહાવીર એ નામ આપ્યું તે પ્રસિદ્ધ છે. ત્યારથી એ નામ ઘણાં લખાણોમાં આવે છે.

૬

મહાવીરનો ગૃહસ્થાશ્રમ.

મહાવીરે યશોદા નામની સ્ત્રી સાથે માત-પિતાના આગ્રહથી અને ભોગાવલિ કર્મ બાકી હોવાથી લગ્ન કર્યાં હતાં. (દેશની વાત દિગંબરીય મહાવીર ચરિત્રમાં બીલકુલ મળુમ પડતી નથી. દિગંબરો તેમને અખંડ-બાલ બ્રહ્મચારી માને છે.) તેમણે તેણીની સાથે અન્ય રાજકુમારોની પેઠે મહેલોમાં ભોગવિલાસ કર્યો હતો. પુત્રી થઈ હતી તેને પરણાવી હતી. અને ઉત્તમ ગૃહસ્થ તરીકેનો પત્નિ પ્રત્યેનો પ્રેમ, પિતૃભક્તિ વાત્સલ્યાદિ ગુણોથી આદર્શ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે; પરંતુ તેની સાથે એ ધ્યાનમાં રાખવાનું છે કે જન્મથીજ સાંસારિક ભોગવિલાસોથી વૈરાગ્યવાન્ નિસ્પૃહ રહેતા હતા અને યશોદાને પરણ્યા તે પણ ઉપરના કારણથી, બાકી અન્યથા તેને ભોગ ભોગવવાની રતિ હતી નહિ. ૨૮ વર્ષ સુધી તેઓ રહ્યા. માતપિતા અને ૨૩ માં તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીના શ્રાવક-શ્રાવિકા હતાં, અને તે બંનેની ૨૮ વર્ષની ઉંમરમાં સ્વર્ગવાસી થયા પછી વીરે પોતાનાં વડિલ બંધુ રાજા નંદિવર્ધનની દીક્ષા લેવા વાસ્તે આજ્ઞા માગી, ત્યારે તેણે કહ્યું 'હમણાં તો આપણાં માતપિતા મરણ પામ્યા અને તરતજ તમે દીક્ષા લેવા કહો છો એથી મને ભારી વિયોગનું દુઃખ થશે. આ વાસ્તે બે વર્ષ સુધી તમે ઘરમાં મારા કહેવાથી રહો' ત્યારે મહાવીરજી બે વર્ષ સુધી સાધુની પેઠે ત્યાગી રહ્યા.

૭

મહાવીરને ત્યાગી થવાનું પ્રયોજન.

સર્વ તીર્થંકરોનો એ અનાદિ નિયમ છે કે ત્યાગી થતાં કેવલજ્ઞાન ઉત્પન્ન કરી સ્વપર ઉપકારને અર્થે ધર્મોપદેશ કરવો. તીર્થંકર પોતાના અવધિજ્ઞાનથી જોઈ લે છે કે 'હવે મારે સાંસારિક ભોગકર્મ રહ્યું નથી અને અમુક દિન મારે ગૃહસ્થ ત્યજવાનો છે'—અને તે દિવસે ત્યાગી બને છે. શ્રી મહાવીર સ્વામીના સંબંધમાં એમજ બન્યું.

પરોપકાર કરવો એ ધર્મી પુરુષોને ઉચિત છે.

મહાવીરે સર્વ સાવદ્યયોગનો આ રીતે ત્યાગ કર્યો. અર્થાત્ હિંસા, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન (સ્ત્રી આદિનો પ્રસંગ,) અને સર્વ પરિગ્રહ આદિ સર્વ પાપનાં કૃત્યો કરવા કરાવવા અને અનુમતિ આપવારૂપે ત્રિવિધપણે ત્યાગ કર્યો.

૮

ક્યારે, ક્યાં ત્યાગ કર્યો-દીક્ષા લીધી?

વિક્રમ સંવત્ પૂર્વે ૫૧૨ વર્ષમાં માગશિર વદિ ૧૦ ને દિન પાછલા પહોરમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં વિજય મુહૂર્તમાં ચંદ્રપ્રભા શિબિકામાં બેસી સર્વ પ્રકારના દેવતા અને નંદિવર્ધન રાજા પ્રમુખ હજારો મનુષ્યોના પરિવાર વચ્ચે નાના પ્રકારનાં વાજિંત્ર વાગતાં

સાથે ભારી મહોત્સવમાં જ્ઞાતખંડ નામના બાગમાં અશોક વૃક્ષની નીચે જન્મથી ત્રીસ વર્ષ વ્યતીત થયા પછી મહાવીરે દીક્ષા લીધી હતી. મસ્તકના કેશ સ્વહસ્તે લુંચન કર્યા અને આન્તરંગ ક્રોધ, માન, માયા, લોભનું સાથેજ લુંચન કર્યું; આની સાથેજ મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત થયું, કે જે જ્ઞાન નિર્ગ્રંથ સંયમીને જ પ્રાપ્ત થાય છે—ગૃહસ્થાશ્રમમાં કે અ[illegible] અવસ્થામાં થતું નથી.

૯

દીક્ષા વખતે વડીલભાઈનો વિલાપ.

त्वया विना वीर ! कथं व्रजामो
    गृहेऽधुना शून्य वनोपमाने ।
गोष्ठीसुखं केन सहाचरामो
    भोक्ष्यामहे केन सहाथ बंधो ! ॥

—હે વીર ! તને એકલો છોડી અમે શૂના વન સમાન ઘરમાં તારા વિના કેમ [illegible] જઇશું ! અર્થાત્ તારા વિના અમારા રાજમહેલમાં અમારું મન જવા કબુલ કરતું ન[illegible] તથા હે બંધવ ! તારા વિના એકાંત બેસી અમારા સુખ દુઃખની વાતો કરવા રૂપ ગો[illegible] કેની સાથે કરીશું ! તથા હે બંધવ ! તારા વિના અમે કેની સાથે બેસી ભોજન કરીશ[illegible]

सर्वेषु कार्येषु च वीर ! वीरे—
    त्यामंत्रणदर्शनतस्तवार्य !
प्रेमप्रकर्षादभजाम हर्षं
    निराश्रयाश्चाथ कमाश्रयामः ॥

—હે આર્ય ઉત્તમ ! સર્વ કાર્યોને વિષે વીર ! વીર ! એવું કહી અમે તને બોલાવ[illegible] હતા અને હે આર્ય ! તને જોઇને અમે બહુ પ્રેમથી હર્ષ પામતા હતા; હવે અમે [illegible] [illegible] [illegible] થયા છીએ, તો કેને [illegible] [illegible] [illegible] તારા વિના અમે કેને હે વી[illegible] હે વીર ! એમ કહીશું અને જોઇને હર્ષ [illegible]

अतिप्रियं बांधव ! दर्शनं ते
    सुधांजनं भावि कदास्मदक्ष्णोः ।
नीरागचित्तोऽपि कदाचिदस्मान्
    स्मरिष्यसि वीर गुणाभिराम ! ॥ ३ ॥

—હે બાંધવ ! તારું દર્શન અમને બહુ પ્રિય છે, તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. —[illegible]

૧૦

સંસાર ત્યાગ.

મહાવીર સ્વામિના દિક્ષાના વરઘોડાની વાત–સ્વરૂપ જો વિચારે તો વૈરાગ્ય થાય. એ વાત અદ્ભુત છે. તે ભગવાન્ અપ્રમાદી હતા; તેમને ચારિત્ર વર્તતું હતું, પણ જ્યારે બાહ્ય ચારિત્ર લીધું ત્યારે મોક્ષે ગયા. S.

For now tho how is come when I should quit
This golden prison, where my heart lives caged,
To find the truth which henceforth I will seek,
For all men's sake until the Truth be found.

તીર્થંકર જેવા પણ સંસારપક્ષે વિશેષ વિશેષ સમૃદ્ધિના ધણી હતા. છતાં તેમને પણ ત્યાગ કરવાની જરૂર પડી હતી; તો પછી અન્ય જીવોને તેમ કરવા સિવાય છુટકો નથી. ત્યાગના બે પ્રકાર છે; એક બાહ્ય, અને બીજો અભ્યંતર. તેમનો બાહ્ય–ત્યાગ તે અભ્યંતર ત્યાગને સહાયકારી છે (ત્યાગ સાથે વૈરાગ્ય જોડાય છે, કારણ કે વૈરાગ્ય થયેજ ત્યાગ થાય છે.) S.

૧૧

મહાવીરની તપશ્ચર્યા.

૧ છમાસી, ૧ છમાસમાં પચિન્નુન અભિગ્રહ સહિત તપ, ૯ ચારમાસી, ૨ ત્રણ-માસી, ૨ અઢીમાસી, ૬ બેમાસી, ૨ દોઢમાસી, ૧૨ માસક્ષપણ, ૭૨ પાક્ષિકતપ, ૨ દિન સુધીની ભદ્ર પ્રતિમા, ૪ દિન સુધીની મહાભદ્ર પ્રતિમા, ૧૦ દિન સુધીની સર્વતો ભદ્ર પ્રતિમા, ૨૨૯ છઠ, ૧૨ અઠ્ઠમ,–આમાં ૩૪૯ પારણાં કર્યાં–આમાં દિક્ષાદિન ૧ ઉમેરતાં બધાં મળી ૧૨ વર્ષ ૬ માસ ૧૫ દિન થયા.

આ પ્રમાણેની તપશ્ચર્યા કરી તેનું નામ શ્રી મહાવીરે તેજ પ્રમાણે તપશ્ચર્યા કર્યાથી ' મહાવીર તપ ' કહેલ છે.

ભદ્ર પ્રતિમા તપમાં બે ઉપવાસ, મહાભદ્ર પ્રતિમામાં ચાર ઉપવાસ અને સર્વતો ભદ્ર પ્રતિમામાં દશ ઉપવાસ કરવાના છે.

૧૨

પરમાર્થે આચરણ.

મહાવીર સ્વામીએ કેવલજ્ઞાન ઉપજ્યા પછી ઉપવાસ કર્યો નથી, તેમ કોઇ કોઇ દાનીએ કર્યો નથી; તથાપિ લોકોના મનમાં એમ ન આવે કે, દાન દયા પછી ખાવું, પીવું, કરવું છે; તેટલા માટે છેલ્લી વખતે તપની આવશ્યકતા બતાવવા ઉપવાસ કર્યા (બે ઉપવાસ). દાનને સિદ્ધ કરવા માટે દીક્ષા લીધી પહેલાં બે વર્ષ સુધી પોતે દાન દીધું. આથી જગતને દાન સિદ્ધ કરી આપ્યું; માતપિતાની સેવા સિદ્ધ કરી આપી દિક્ષા નાની વયમાં ન લીધી તે ઉપકાર અર્થે નહિ તો પોતાને કરવા ન કરવાનું કાંઇ નથી. જે સાધન કર્યાં છે તે આત્મવશ કરવાને માટે છે. પરના ઉપકાર અર્થે દાની સદાચરણ સેવે છે. S.

૧૩

દીવાળી પર્વની ઉત્પત્તિ.

वर्धमान जिनराज निर्वृत्तिं, यत्र केवलरमां च गौतमः ।
राजभिर्विरचि दीपमालिका, तत्ततोऽस्ति बहु पर्व चोत्तमम् ॥

—જેને દિને શ્રી વર્ધમાન પ્રભુ મોક્ષ પામ્યા, ગૌતમ સ્વામી કેવલ જ્ઞાનરૂપી લક્ષ્મી પામ્યા, અને રાજાઓએ દીપમાલિકા-દીપશ્રેણી રચી તે દીવાળીનું પર્વ બહુ ઉત્તમ ગણાય છે.

વીર પ્રભુ કાર્તિક અમાવાસ્યાને દિને* રાત્રિને અંતે વિક્રમ સંવત્ ૪૭૦ પહેલાં નિર્વાણ પામ્યા. તે રાત્રિમાં નવ મલ્લિક જાતિના રાજા અને નવ લિચ્છવી જાતિના રાજા કે જે ચેટક મહારાજાના સામંત હતા. તેમણે ત્યાં ઉપવાસ રૂપ પૌષધ કર્યો હતા. જ્યારે ભગવંતનું નિર્વાણ થયું ત્યારે તે અવસરે રાજાઓએ કહ્યું કે 'આ ભરતખંડમાંથી ભાવ ઉદ્યોત તો ગયો, તેની નકલરૂપ અમે દ્રવ્યોદ્યોત કરીશું.' ત્યારે તે રાજાઓએ દીપક કર્યા. તે દિવસથી આ દીપોત્સવ પર્વ પ્રવૃત્ત થયેલ છે. આ કથન જૈનના મુખ્ય શાસ્ત્ર કલ્પસૂત્રના મૂલ પાઠમાં છે, જ્યારે અન્યમતોના કોઇપણ મૂલશાસ્ત્રમાં દીવાળીની ઉત્પત્તિ નથી.

Farewell Farewell, but this I tell,
To thee, thou wedding guest!
He prayeth well, who loveth well,
Both man and bird and beast,
He prayeth best, who loveth best,
Both things great and small.

—*Coleridge.*

૧૪.

આયુ કદિ વધી શકે? પ્રભુથી પણ એક ક્ષણ માત્ર નહિ.

પ્રભુના નિર્વાણના સમયમાં શક્રેંદ્રે વિનતિ કરી કે 'હે સ્વામી! એક ક્ષણ માત્ર આપનું આયુષ્ય વધારો; કારણકે આપના એક ક્ષણ માત્ર અધિક જીવવાથી આપના જન્મ નક્ષત્ર ઉપર ભસ્મરાશિ નામનો ૩૦ મો ગ્રહ આવ્યો છે તે આપના શાસનમાં પીડા કરી નહિ શકે.' ત્યારે ભગવાને કહ્યું "હે ઇંદ્ર! આવું કદી પણ બન્યું નથી, બનવાનું નહિ કે કોઈ આયુષ્ય વધારી શકે; અને જે ગ્રહ મારા શાસનને બાધાની છે તે અવશ્ય બાધાની જ છે, અને તેથી કદિ ટળે તેમ નથી.

૧૫.

मार्गे [illegible]
[illegible] हरिं
[illegible]
[illegible] स वीरः ॥

—[illegible]

* [illegible]

त्रिजगदीक्षण ! केसरिलक्षण !
रणमवि प्रभुवीर ! मनोगिरौ ।
गुणगणान् मम मास्म विरज्यता-
मुद्दविता द्यपिता द्यपितावकान् ॥

११

કેટલીક સાલો.

વીરાત્ મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા ત્યારથી—વીરસંવતથી, અને વીરાત્ પહેલાં એટલે મહાવીર સંવત્ પહેલાં કેટલાક બનાવો જોઈએ.

મહાવીર સંવત પહેલાં-

૨૫૦ શ્રી પાર્શ્વનાથજી-(ત્રેવીશમા તીર્થંકર) નું સમેતશિખરે શ્રાવણ શુદિ ૮ ને દિને નિર્વાણ.
(પાર્શ્વપ્રભુ ઐતિહાસિક પુરૂષ છે તે નિર્વિવાદપણે પાશ્ચાત્ય વિદ્વાનોએ સિદ્ધ કરેલ છે.)
૮૦ સુધર્મા [પાછળથી મહાવીરના એક ગણધર]નો જન્મ.
૭૨ મહાવીરસ્વામીનો જન્મ ક્ષત્રિયકુંડમાં ચૈત્રવદી ૧૩. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર અને કન્યારાશિમાં.
૪૨ મહાવીર સ્વામીની ક્ષત્રિયકુંડમાં દીક્ષા માગશિર વદિ ૧૧.
૩૦ મહાવીરસ્વામીને કેવલજ્ઞાન-ઋજુવાલિકા નદી [અપાપાપુરીથી ૪૮ કોસ દૂર જૃંભક નગર પાસે] આજ વૈશાખ શુદિ ૧૦ ને દિને-સાથે ગૌતમાદિ ૧૧ ગણધરોને તથા ચંદનબાલાને દીક્ષા. પ્રભવસ્વામિનો જન્મ.
૧૬ ગૌતમ બુદ્ધનું કાળગમન; જંબુસ્વામિનો જન્મ; જમાલિ નામનો પહેલો નિન્હવ.
૧૪ તિષ્યગુપ્ત નામનો બીજો નિન્હવ. તેણે આત્માના સર્વ પ્રદેશમાં છેલ્લે પ્રદેશે જીવ રહે છે એવી સદ્દહણા રાખી.

વીરાત્—મહાવીર સંવત્ પછી.

૧ મહાવીરસ્વામીનું નિર્વાણ (પાવાપુરીમાં કાર્તિક વદિ અમાસને દિને પદ્માસનમાં એકલા પોતે મોક્ષ પામ્યા.); ગૌતમને કેવલજ્ઞાન, સુધર્માસ્વામીનું પટ્ટારોપણ; જંબુસ્વામીની દીક્ષા. પ્રભવસ્વામીની દીક્ષા; અતિનગરીમાં ચંડ પ્રદ્યોતરાજાના પૌત્ર પાલકનો રાજ્યાભિષેક.
૧૨ ગૌતમસ્વામીનું રાજગૃહમાં મોક્ષગમન; સુધર્માસ્વામીને રાજગૃહમાં કેવલજ્ઞાન; જંબુસ્વામીને પટ્ટારોપણ
૨૦ સુધર્માસ્વામીનું ૧૦૦ વર્ષની વયે મોક્ષગમન.
૨૧ જંબુસ્વામીને કેવલજ્ઞાન.
૩૬ શય્યંભવાચાર્યનો જન્મ.
૪૪ પ્રભવસ્વામીને યુગપ્રધાનપદ.
૫૫ " નું સ્વર્ગગમન,
૬૦ નવનંદની સ્થાપના, ચંડપ્રદ્યોતના પૌત્ર પાલકની ગાદીનો ઉચ્છેદ.

૬૨ યશોભદ્રસૂરિજીનો જન્મ.
૬૪ જંબુસ્વામિનું ૪૪ વર્ષની ઉમરે મોક્ષગમન; મોક્ષ, કેવલજ્ઞાન, પરિહાર વિશુદ્ધિ-સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચરિત્ર, જિનકલ્પીમુનિની રીતિ, ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણી, આહારક શરીર, પુલાકલબ્ધિ, પરમાવધિજ્ઞાન, અને મનઃપર્યવજ્ઞાન એ દશ વસ્તુઓનો વિચ્છેદ થયો; શય્યંભવચાર્યજીને દીક્ષા.

૧૭

ગૌતમસ્વામીને મહાવીરના પટ્ટધર ન નીમવામાં આવતા સુધર્મા સ્વામીને સ્થાપન કરવામાં આવ્યા તેનું કારણ?

મહાવીરનું નિર્વાણ થયું તે વખતે ગૌતમસ્વામીને કેવલજ્ઞાન થયું હતું. સુધર્માસ્વામી કરતાં ગૌતમસ્વામી મુખ્ય હતા, પરંતુ તે કેવલજ્ઞાની હોઇ ગાદીપતિ થઇ શકતા નથી; કારણ કે કેવલજ્ઞાની તો તેમને જે કોઇ પૂછવામાં આવે તેનો ઉત્તર પોતાના જ્ઞાનથીજ આપે છે. પરંતુ એમ કહેતા નથી કે, હું અમુક તીર્થંકરના કથન મુજબ કહું છું. આ કારણથી કેવલી ગાદીપતિ થતા નથી. જો ગાદીપતિ થાય તો તીર્થંકરના શાસનનો લોપ થાય, કે જે કદાપિ થતું નથી કારણ કે અનાદિ રીતિને કેવલી કેમ ઉત્થાપન કરે?

૧૮

મહાવીરના સંઘની વસ્તી કેટલી હતી?

આના ઉત્તરમાં મુખ્યપણે જે સંખ્યા આપવામાં આવી છે તે કહીએ છીએ.

૧૧ ગણધર, ૧૪૦૦૦ સાધુઓ, ૩૬૦૦૦ સાધ્વીઓ, ૭૦૦ વૈક્રિયલબ્ધિવંત, ૭૦૦ વાદીઓ, ૧૩૦૦ અવધિજ્ઞાની, ૭૦૦ કેવલી, ૫૦૦ મનઃપર્યવજ્ઞાનીઓ, ૩૦૦ ચૌદપૂર્વીઓ ૧૫૯૦૦૦ શ્રાવકો, અને ૩૧૮૦૦૦ શ્રાવિકા-કુલ ૫૩૦૯૧૧. આમાં કેવલીઓ ૭૦૦ કહ્યા છે, તો ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વતવિષે ૧૫૦૦ તાપસોને દીક્ષા આપી અને આમાંના પાંચસોને ભાવના ભાવતાં કેવલજ્ઞાન થયું, ત્યાર પછી પાંચસોને મહાવીર પ્રભુ પાસે જતાં તેના દૂરથી પ્રાતિહાર્ય જોતાં કેવલજ્ઞાન થયું અને બાકીના પાંચસોને ભગવંતનાં દર્શન દૂરથી થતાં કેવલજ્ઞાન થયું-આમ ૧૫૦૦ તાપસો કેવલી થયા તેમને તેમાં કેમ ગણવામાં નથી આવ્યા? તો તેનું સમાધાન એ છે કે ઉક્ત ૫૩૦૯૧૧ ની સંખ્યા આપી છે તે સર્વ પરિવાર મહાવીરનો તેમના કેવલજ્ઞાનની ઉત્પત્તિથી માંડીને વિહાર કરતાં પોતાના તરફથી થયો છે. તો તેમાં બીજાના દીક્ષિતનો સમાવેશ ન થાય. આ સંખ્યાથી ગૌતમ, સુધર્મા, જંબુસ્વામી આદિ અનેકથી જે દીક્ષિત થયા, પ્રતિબોધિત થયા એતો જુદાજ; પરંતુ તે સર્વ મળી મહાવીર સમયમાં કે ત્યારપછી જૈનોની સંખ્યા કેટલી હતી તે માલુમ પડતું નથી. જૈનોની કુલ સંખ્યામાં પાર્શ્વનાથના સંતાનીય સાધુઓ અને તેનો શ્રાવકાદિ પરિવાર, મહાવીર સમયમાં તેમના પરિવાર સાથે સરવાળામાં મૂકી શકાય. તેમજ ત્યારપછી વીર સંવત્ ૭૦ શ્રી પાર્શ્વનાથજીની પાટે છઠ્ઠા આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઉપકેશપટ્ટનમાં મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી ઓશિઆ નગરીમાં ઓશવાલોની અને શ્રીમાલ નગરમાં શ્રીમાલીની સ્થાપના કરી, તે વખતે જે ઓશવાલો અને શ્રીમાળીઓ જૈનધર્માનુયાયી થયા, તે પણ ખાસ નોંધવા યોગ્ય છે. તે

વખતે ૩૨ કુળી રાજપુત જૈન થયા. તે વખતે ૧૮ ગોત્રની સ્થાપના થઇ. અને ત્યારપછી ૧૦ વર્ષે લક્ખી જંગલ નામના શહેરમાં ૧૦૦૦૦ દશ હજાર રજપૂતોને પ્રતિબોધ આપ્યો અને સુધડાદિ ગોત્રની તેમાં સ્થાપના કરી.

૧૯

હાલની વસ્તી.

ઇતિહાસનાં સાધન વગર, અને સૂત્ર,-આગમ, તેનાં પંચ અંગ સાથે પ્રગટ થયા વગર, અને અન્ય પ્રબંધો, કથાઓ, ચરિત્રો, અને પુસ્તકો સંશોધાયા વગર જૈનોનું પૂર અમુક સમયમાં કેટલું હતું તે નિશ્ચિતપણે કે અટકળથી કહી શકાય તેમ નથી અને તેથી અનેક અનેક તર્ક વિતર્ક જૈનેતર અને પાશ્ચાત્ય પંડિતો કરે છે અને તે આપણે આંખમિંચામણી કરી સહન કરી લેવામાં વીરના બૂઝણ રૂપ ક્ષમા બતાવીએ છીએ ! ! એ કેટલું બધું શોચનીય છે ! ! હાલમાં જે કંઇ જાણીએ છીએ તે અંગ્રેજ સરકાર હિંદમાં આવી રાજ્યસત્તા હાથમાં લીધી ત્યાર પછી તેના હસ્તક જે દશ દશ વરસે વસ્તી પત્રક થાય છે તે પરથીજ.

એક જૈનેતર કાઠિયાવાડી વિદ્વાન્ નામે રા. વલભદાસ પોપટ શેઠ મહુવાકર આર્યપ્રકાશ નામના અઠવાડિક પત્રના તા. ૨૧ જુન ૧૯૧૪ ના અંકમાં 'આપણી ગતિનું અવલોકન' એ મથાળાના વિષયમાં જણાવે છે કે:—

"આઠમા સૈકામાં કહેવાય છે કે આદિ શંકરાચાર્યે હિંદુસ્તાનમાં દેશ દેશ હજારો શિષ્ય સંન્યાસીઓના સૈન્ય સહિત પ્રવાસો કરી દિગ્વિજય કીધો હતો. તેમના અદ્વૈત તત્ત્વજ્ઞાન સામે તે સમયમાં કોઇ ટકી શકે તેમ હતું નહિ તેથી અનેક મત પંથોની આમ્નિઓનો કચ્ચરઘાણ કાઢી નાખી જૈન બૌદ્ધ સંપ્રદાયોને આ દેશમાંથી લગભગ નહિ જેવા કરી નાખ્યા હતા. બૌદ્ધ ધર્મ તો સિલોન સિવાય, બ્રહ્મદેશ, ચીન વગેરેમાં ફેરવાઈ જઈ વિવિધ સ્વરૂપમાં બદલાયો પણ આ દેશમાંથી તો ગયો તે સદાને માટેજ ગયો છે; જૈન વિદ્વાનો, જૈન ભંડારો, જૈન સાહિત્ય હાલમાં એટલું બધું સંભળાય છે કે એક વખત આ દેશમાં તેનો કેટલો બધો પ્રસાર હશે તેનો ખ્યાલ થઇ શકે છે. તથાપિ હાલના વસ્તીપત્રકથી આપણે જોઇ શકીએ છીએ કે જૈનોની વસ્તી પંદરથી વીશ લાખની હોઇ જૈનેતર હિંદુઓ વીશ કરોડ જણનાં સેંકડે એક જૈન આવે છે. એટલે મહાત્મા શંકરાચાર્યના વખતમાં જૈનો ઘટી ગયા હશે પાછળ સિદ્ધરાજ, કુમારપાળ, અને જૈન પંડિત હેમાચાર્યના વખતમાં પાછા વધ્યા હશે. વળી રામાનુજ (૧૧ મો સૈકો), વલ્લભ (૧૫ મો સૈકો) વગેરે વૈષ્ણવ સંપ્રદાયોની વૃદ્ધિને લઇ ઘટયા હશે. પણ વસ્તી પ્રમાણે જૈનાં જૈનોથી પ્રગતિ કે ઉન્નતિ થયેલી જોવામાં આવતી નથી."

આમાં જેટલું સત્ય છે તે ખાસ લક્ષમાં લઇ અખંડ અને વજનદાર પ્રયત્નોથી સત્યને બહાર પાડી જગત્ સંમુખ જૈન ધર્મનું મહત્ત્વ મૂકવાનું છે.

૨૦

તીર્થંકરનાં નિર્ગ્રંથ, નિર્ગ્રંથીઓ, શ્રાવક અને શ્રાવિકાઓ સર્વને ઇષ્ટ અભયનું દાન દઈ તેથી સમર્થિત કર્યું છે એમ કંઇ નથી. તેઓના પગ ઉપરે.ને માત્ર સામા અંતરંગ જાગતી તીર્થંકરની અને તેમના ઉપદેશેલા માર્ગની પ્રતીતિથી પણ સમર્થિત કર્યું છે. એ

સમકિત પામ્યા પછી જો વમ્યું ન હોય, તો વધારેમાં વધારે પંદર ભવ થાય. સાચા મોક્ષમાર્ગને પામેલા એવા સત્પુરૂષની તથારૂપ પ્રતીતિથી સિદ્ધાંતમાં પણ ઘણે સ્થળે સમકિત કહ્યું છે. એ સમકિત આવ્યા વિના જીવને ઘણું કરીને જીવ અને અજીવનું યથાર્થ જ્ઞાન પણ થતું નથી. જીવ અજીવનું જ્ઞાન પામવાનો મુખ્ય માર્ગ એજ છે.

ઉપરોક્ત કથનને વિશેષ સ્પષ્ટતાથી સમજીએ તો ભગવત્ તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથીઓ, શ્રાવક તથા શ્રાવિકાઓ કંઈ સર્વેને જીવાજીવનું જ્ઞાન હતું તેથી તેને સમકિત કહ્યું છે, એવો સિદ્ધાંતનો અભિપ્રાય નથી. તેમાંથી કેક જીવોને તીર્થંકર સાચા પુરૂષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે તેમજ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિથી, એવી રૂચિથી અને શ્રી તીર્થંકરના આશ્રયથી નિશ્ચય સમકિત કહ્યું છે. એવી પ્રતીતિ-એવી રૂચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય છે તે પણ એક પ્રકારે જીવાજીવના જ્ઞાનસ્વરૂપ છે, પુરૂષ સાચા છે; અને તેની પ્રતીતિ પણ સાચી આવી છે કે જેમ આ પરમ કૃપાળુ કહે છે તેમજ મોક્ષમાર્ગ છે, તેમજ મોક્ષમાર્ગ હોય, તે પુરૂષના લક્ષણો પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે. જે વીતરાગ હોય તે પુરૂષ યથાર્થ વક્તા હોય, અને તેજ પુરૂષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય હોય એવી સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનુંજ જ્ઞાન છે. તે પ્રતીતિથી, તે રૂચિથી અને તે આશ્રયથી પછી સ્પષ્ટ, વિસ્તાર સહિત જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છે; તથારૂપ પુરૂષની આજ્ઞા ઉપાસવાથી રાગ, દ્વેષનો ક્ષય થઈ વીતરાગદશા થાય છે. તથારૂપ સત્પુરૂષના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું કઠણ છે. તેવા પુરૂષના વચનરૂપ શાસ્ત્રથી કોઇક પૂર્વ આરાધિક હોય, એવા જીવને સમકિત થતું સંભવે છે,–અથવા કોઈક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઇક જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે, ઈ.

૨૧.

સરળતા-નિરભિમાનતા.

કેશીસ્વામી અને ગૌતમ સ્વામી કેવા સરળ હતા! બન્નેનો એક માર્ગ જાણવાથી પાંચ મહાવ્રત ગ્રહણ કર્યાં. આજના કાળમાં બે પક્ષને ભેગું થવું હોય તો તે બને નહિ. આજના ઢુંઢિઆ અને તપ્પાને તેમજ દરેક જુદા જુદા સંઘાડાને એકઠાં થવું હોય તેમ બને નહીં. તેમાં કેટલોક કાળ જાય. તેમાં કાંઈ છે નહીં, પણ અસરલતાને લીધે બનેજ નહિ.

કેશીસ્વામી મોટા હતા, અને પાર્શ્વનાથ સ્વામીના શિષ્ય હતા, તોપણ પાંચ મહાવ્રત અંગીકાર કર્યે હતાં.

કેશી સ્વામી અને ગૌતમ સ્વામી મહાવિચારવાન હતા, પણ કેશી સ્વામીએ એમ ન કહ્યું "હું દિક્ષાએ મોટો છું માટે તમે મારી પાસે ચારિત્ર લ્યો." વિચારવાન અને સરળ જીવ જેને તરત કલ્યાણયુક્ત થઈ જવું છે તેને આવી વાતનો આગ્રહ હોય નહીં.

૨૨.

ગૌતમ સ્વામી ચાર જ્ઞાનના ધર્તા હતા અને આનંદ શ્રાવક પાસે ગયા હતા. આનંદ શ્રાવકે કહ્યું "મને જ્ઞાન ઉપજ્યું છે." ત્યારે ગૌતમ સ્વામીએ કહ્યું "ના, ના એટલું બધું હોય નહીં, માટે આપ ક્ષમાપના લ્યો." ત્યારે આનંદ શ્રાવકે વિચાર્યું કે, મારા મોટા ગુરૂ છે, કદાચ આ વખતે ભૂલ ખાય છે તોપણ ભૂલ ખાઓ છો એમ કહેવું યોગ્ય નથી; ગુરૂ છે માટે શાન્તિથી કહેવું યોગ્ય છે એમ ધારી આનંદશ્રાવકે કહ્યું કે 'મહા-

રાજ! સદ્‌ભૂત વચનનો "મિચ્છામિ દુક્કડં" કે અસદ્‌ભૂતવચનનો "મિચ્છામિ દુક્કડં!" ત્યારે ગૌતમ સ્વામીએ કહ્યું કે, અસદ્‌ભૂત વચનનો 'મિચ્છામિ દુક્કડં' ત્યારે આનંદશ્રાવકે કહ્યું 'મહારાજ! હું 'મિચ્છામિ દુક્કડં' લેવાને યોગ્ય નથી' એટલે ગૌતમસ્વામી ચાલતા થયા, અને જઇને મહાવીર સ્વામીને પૂછયું (ગૌતમ સ્વામી તેનું સમાધાન કરે તેવા હતા, પણ છતે ગુરૂએ તેમ કરે નહિ જેથી મહાવીર સ્વામી પાસે જઈ હકીકત કહી.) મહાવીર સ્વામીએ કહ્યું 'હે ગૌતમ! હા, આનંદ કહે છે એમજ છે, અને તમારી ભૂલ છે, માટે તમે-આનંદ પાસે જઇ ,ક્ષમાપના લ્યો." 'તહત્ત' કહી ગૌતમસ્વામી ક્ષમાવવા ગયા. જો ગૌતમ સ્વામીમાં મોહ નામનો મહા સુભટ પરાભવ પામ્યો ન હોત તો ત્યાં જાત નહિ. અને કદાપિ ગૌતમસ્વામી એમ કહેત કે, મહારાજ! આપના આટલા બધાં શિષ્ય છે તેમની હું ચાકરી કરૂં, પણ ત્યાં તો નહી જાઉં; તો તે વાત કબૂલ થાત નહીં. ગૌતમ સ્વામી પોતે ત્યાં જઇ ક્ષમાવી આવ્યા! S.

૨૩
શ્રમણ આદિનો અર્થ.

શ્રીમહાવીર દેવને ગૌતમાદિ મુનિજન પૂછતા હતા કે, હે પૂજ્ય! 'માહણ' 'શ્રમણ,' 'ભિક્ષુ' અને 'નિર્ગ્રંથ' એ ચાર શબ્દનો અર્થ શો છે તે અમને કહો. તે અર્થ ચાર પંક્તી શ્રી તીર્થંકર વિસ્તારથી કહેતા હતા. ઘણા પ્રકારની વીતરાગ અવસ્થાઓ તે ચારની અનુક્રમે વિશેષથી વિશેષ કરી કહેતા હતા, અને એમ તે શબ્દનો અર્થ શિષ્યો ધારતા હતા, નિર્ગ્રંથની ઘણી દશાઓ કહેતાં એક 'આત્મવાદ પ્રાપ્ત' એવો શબ્દ તે નિર્ગ્રંથનો તીર્થંકર કહેતા હતા. ટીકાકાર શીલાંગાચાર્ય તે 'આત્મવાદ પ્રાપ્ત' શબ્દનો અર્થ એમ કહેતા હતા કે, "ઉપયોગ છે લક્ષણ જેનું, અસંખ્ય પ્રદેશી, સંકોચ વિકાશનું ભાજન, પોતાનાં કરેલાં કર્મોનો ભોક્તા, વ્યવસ્થાએ કરી દ્રવ્ય પર્યાયરૂપ, નિત્યાનિત્યાદિ અનંત ધર્માત્મક એવા આત્માને જાણનાર."S.

૨૪
વીરોપદેશ.

તીર્થંકર, વારંવાર નીચે કહ્યો છે તે, ઉપદેશ કરતા હતા. "હે જીવો! તમે બુઝો, સમ્યક્ પ્રકારે બુઝો, મનુષ્યપણું મળવું દુર્લભ છે; અને ચારે ગતિને વિષે ભય છે એમ જાણો. અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે એમ, સમજો. 'આખો લોક એકાંત દુઃખે કરીને બળે છે' એમ, જાણો; અને સર્વ જીવ પોતપોતાનાં કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો."×–સુયગડાંગ અ૦ ૭ મું. ૧૧.

"સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનેઃ થયો હોય, તે પુરૂષે આત્માને ગવેષવો. અને આત્મા ગવેષવો હોય તેણે, યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો; તેમજ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે, સંસારને

× આની ગાથા આ છે.–

संबुज्झ अंतवो माणुसत्तं, दुट्ठुंभयं बालिसेण अलंभो;
एगंत दुक्खे जरिएव लोए सकम्मणा विपरियासुवेति.

ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી, પો... સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે, જે કો... આજ્ઞા ઉપાસે છે તે, અવશ્ય સત્સંગને ઉપાસે છે; એમ જે સત્સંગને ઉપાસે છે તે... વશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય... દ્વાદશાંગી વચન.

૨૫

यज्जन्मज्वरघातकं त्रिभुवननाथैर्यदभ्यर्चितम्

यत्स्याद्वादमहाध्वजं नयशताकीर्णं च यत्पठ्यते ।

उत्पाद स्थिति भंग लांछनयुता यस्मिन्पदार्थाः स्थिताः

तच्छ्री वीरमुखारविन्दगदितं दद्याच्छ्रुतं वः शिवम् ॥

જે શ્રુતજ્ઞાન સંસાર રૂપી જ્વરનું ઘાતક છે, અને ત્રણ ભુવનના ઇંદ્ર-દ... પૂજિત છે અને જે સ્યાદ્વાદ રૂપી મહા ધ્વજાવાળુ છે, અને સેંકડો નયોથી ભરપૂ... એમ કહેવામાં આવે છે, તથા જેમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય લાંછનયુક્ત પદાર્થ રહે... એવું શ્રી વર્દ્ધમાન સ્વામીના મુખકમલથી કહેવાયેલુ શ્રુતજ્ઞાન તમે સૌને ... કલ્યાણરૂપ થાઓ.

—જ્ઞાનાર્ણવ.

૨૬

વીરસ્તુતિ.

नमिऊण सयलगुणरयण कुलहरं विमल केवलं वीरं ।

नत्वा सकलगुणरत्नकुलगृहं विमलकेवलं वीरं.

અર્થ—સકલ ગુણરૂપી રત્નોના જે કુલ ગૃહ ઉત્પત્તિસ્થાન છે અને નિર્મળ... કેવલજ્ઞાન છે એવા વીરપ્રભુને નમસ્કાર કરીને [કહું છું]

વિવેચન—(૧) વીર એટલે વર્દ્ધમાનસ્વામી. તેનું વીર નામ કઇ રીતે કે કર્મ... દારવાથી, તપથી વિરાજિત છે તેથી અને ઉત્તમ વીર્યયુક્ત છે તેથી જે જે વીર... ખ્યાતિ પામેલ છે તે. કહ્યું છે કે.—

विदारयति यत्कर्म तपसा च विराजते ।

तपोवीर्येण युक्तश्च तस्माद् वीर इति स्मृतः ॥

—જે કર્મને વિદારે છે, તપથી વિરાજે છે, અને તપોવીર્યથી યુક્ત છે, અને... તે 'વીર' એ નામથી ઓળખાય છે.

(૨) સકલગુણ રત્નકુલગૃહ—સમસ્ત ગુણો જેવા કે ક્ષમા, માર્દવ, આર્જવ આદિ... રૂપી રત્નો [illegible] કે તે ગુણો અલંકાર [illegible] ધારણ કરનાર છે અને... [illegible] કુલગૃહ છે. તેના ઉત્પત્તિ સ્થાન જે છે તે.

(૩) વિમલ કેવલ—જ્ઞાનને આવરણ કરનાર તમામ કર્મ પરમાણુ રૂપના સંબં... રહિત હોવાથી નિર્મલ એમને કેવલ—કેવલજ્ઞાન છે તે.

હવે આ વિશેષણથી પ્રભુના ચાર અતિશય સૂચવાયા તે આ પ્રમાણેઃ—

(૧)વીર–ધીર ! એવા વૈયાકિકપદથી સર્વ અપાય-પીડાના હેતુભૂત કર્મરૂપી શત્રુના સમૂહને મૂળથી ઉખેડનાર ભગવાન્ ચરમ જિનેશ્વર વીર પ્રભુનો અપાયાપગમ નામનો અતિશય ખુલ્લી રીતે થયો, કારણ કે તમામ કર્મ સંસારમાં ભ્રમણ કરવાના કારણ હોવાથી અપાયરૂપે રહેલ છે.

(૨) સકળગુણરત્નકુલગૃહ–આથી ઉદ્દેશ તીર્થનાયક ભગવાન્ વીરપ્રભુનો પૂજાતિશય બતાવવામાં આવે છે; કેમકે ગુણવાન્ પુરુષોને હોંશભેર કરી કરવામાં આવતા પ્રણામના લીધે માથાપરના મુકુટોની અણીઓના ઘસારા કરતા મેળાપ સાથે દેવો અને દાનવોના ઇંદ્રો પણ પૂજ્યા કરે છે; કહ્યું છે કે આ લોકમાં સર્વ કોઇ ગુણોના લીધે (માનનીય) ગણાય છે, દાખલા તરીકે ગુણે કરી અધિક એવા વીરપ્રભુની પાસે ઝુકતી મુગટની અણીઓવડે ઇંદ્ર (પણ) હમેશાં આવ્યાં કરે છે.

(૩) વિમલકેવલ–આથી 'જ્ઞાનાતિશય' બતાવ્યો. આથી પ્રખ્યાત સિદ્ધાર્થરાજાના કુળરૂપ નિર્મળ આકાશપ્રદેશમાં ચંદ્રસમાન વીરજિનેશ્વરનો 'વચનાતિશય' (પણ) જણાય છે. કારણ કે કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં તીર્થંકર નામ કર્મ વેદી શકાય છે, જે માટે પૂજ્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ કહ્યું છે કેઃ—

'તીર્થંકર કર્મ અગ્લાનિથી અર્થાત્ વગર થાકે ધર્મ દેશનાદિક કર્યાથી વેદાય છે ભોગવાય છે.'

ધર્મરત્નપ્રકરણ.

૨૭

વીર ત્રણ પ્રકારના છેઃ—૧ દાનવીર ૨ યુદ્ધવીર અને ૩ ધર્મવીર. આ ત્રણે પ્રકારનું વીરત્વ શ્રી વીરપ્રભુએ બતાવેલ છે તે આ રીતેઃ–

कृत्वा हाटककोटिभि र्जगदसद् दारिद्र्य मुद्रांकितम् ।
हत्वा गर्भशयानपि स्फुरदरीन् मोहादिवंशोद्भवान् ॥
तप्त्वा दुस्तपमस्पृहेण मनसा कैवल्यहेतुं तपस् ।
त्रेधा वीरयशो दधद् विजयतां वीर स्त्रिलोकी गुरुः ॥

—ક્રોડી સુવર્ણનું દાન કરી (દીક્ષા લેતી વખતે) જગતને દારિદ્રની મુદ્રાના ચિન્હથી રહિત કરી (દાનવીર), મોહાદિવંશમાં ઉત્પન્ન થયેલા એવા અંતરમાં સ્ફુરતા શત્રુઓને પણ મારી (યુદ્ધવીર), અને નિઃસ્પૃહ મનવડે કેવલ્ય પદના હેતુરૂપ એવી દુસ્તપ તપશ્ચર્યા આચરી (ધર્મવીર), એમ ત્રણ પ્રકારે વીરના યશને ધારણ કરતા એવા ત્રણ લોકના ગુરૂ શ્રી મહાવીર પ્રભુ વિજય પામો.

प्रणम्य प्रणताशेष सुरासुर नरेश्वरम् ।
तत्वज्ञं तत्वदेष्टारं महावीरं जिनोत्तमम् ॥

જેને સર્વે સુર, અસુર અને રાજા નમેલા છે, જે તત્ત્વજ્ઞ છે અને તત્ત્વના ઉપદેષ્ટા છે, અને જે ઉત્તમ જિન છે તે મહાવીરને પ્રણામ કરીને–

જેને—નમેયા છે—એ વિશેષણથી પૂજાતિશય, તસ્વથી જ્ઞાનાતિશય, તસ્વદેશથી વચનાતિશય અને જિનોત્તમથી અપાયાપગમ નામે અતિશય બતાવેલ છે. અપાય એટલે વિઘ્નરૂપ એવા રાગાદિ તેનો અપગમ એટલે નાશ કરવાથી ભગવાનને પોતાના સ્વરૂપનો લાભ થાય છે તે લાભ, જિન એટલે રાગ, દ્વેષ, મોહરૂપ અંતરંગ શત્રુઓને જીતે તે જિન કહેવાય.—એ શબ્દાર્થપરથી સિદ્ધ થાય છે.

ધર્મસંગ્રહ.

૨૮

વીરપ્રભુના તીર્થમાં ક્યા જીવોએ તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું ?

નામ.	હમણાં ક્યાં છે ?	ભવિષ્ય તીર્થંકરનું નામ
૧ શ્રેણિકરાજા	પહેલી નરકમાં	૧ મહાપદ્મ-પદ્મનાભ
૨ સુપાર્શ્વ (મહાવીરનો પિતાઈ કાકો)	ભુવનપતિમાં	૨ સુરદેવ
૩ ઉદાયી (પાડલીપુરનો રાજા)		૩ સુપાર્શ્વક
૪ પોટ્ટિલ અણગાર	ચોથા દેવલોકમાં	૪ સ્વયંપ્રભ
૫ દઢાયુ (દઢકેતુ) શ્રાવક	બીજા ,,	૫ સર્વાનુભૂતિ
૬ શંખ શ્રાવક	બારમા ,,	૭ ઉદય
૭ શતક શ્રાવક	ત્રીજી નરકમાં	૧૦ શતકીર્તિ
૮ સુલસા શ્રાવિકા	પાંચમા દેવલોકમાં	૧૫ નિર્મમ
૯ રેવતી શ્રાવિકા	બારમા દેવલોકમાં	૧૭ સમાધિ.

(આમાં રેવતી એટલે જેણે બીજોરાપાક ખવરાવી વીરપ્રભુને ગોશાળાએ મૂકેલી તેજોલેશ્યાથી થયેલ રોગને શાંત કર્યો હતો તે રેવતી.)

समणस्स भगवओ महावीरस्स तित्थंसि नवहिं जीवेहिं तित्थयर नाम गोयकम्मे निव्वत्तिए तं जहा सेणिएणं, सुपासेणं, उदाइणा, पुट्टिलेणं अणगारेणं,दढाउणा, संखेणं, सयएणं, सुलसाए सावियाए, रेवईए ॥

—स्थानांगसूत्रे.

ક્યાં તીર્થંકર થશે તે ઉપર જણાવ્યું અને તે સમવાયાંગ સૂત્રને અનુસારે લખેલ છે. મહાવીરસ્વામી અને પદ્મનાભ નામના ભાવી પ્રથમ તીર્થંકર થશે ૮૪૦૦૦ વર્ષ પાંચ માસ એટલું અંતર રહેશે (ગ્રંથકાર)આ સર્વ ભાવીતીર્થંકરોને અમારો ત્રિવિધકરણે નમસ્કાર હો!

૩૦

ભગવાન કેવલી, તીર્થંકર મહારાજને નમસ્કાર કરતા નથી. આના દ્રષ્ટાંતમાં શ્રીમન્ તીર્થંકર થયા પછી ૧૧ ૦ તામસ કેવલી મહારાજે વીરપ્રભુને વાંદ્યા વિના ‘નમો તિત્થસ્સ’—એ રીતે તીર્થનેજ નમન કરી ચાર પર્ષદામાંની કેવલિ પર્ષદામાં બેઠા કે જ્યાં ભગવતી નવની ટીકા.

[illegible]

स्याद् व्यतिरेकेणाभिहितानि—यथा 'भो! साधवो! भगवन्तं वंदध्वम्' इति जिननायकेन च गौतमो भिहितो—यथा 'गौतम! मा केवलिनामाशातनां कार्षीः' ततो गौतमो मिथ्या दुष्कृतमदादित्यादि ॥

—ચૈત્યવંદન કરવા માટે અષ્ટાપદ પર્વતપર જઇ ભગવાન્ ગૌતમ પાછા ફરતા હતા, તેમણે ૧૫૦૦ તાપસને દીક્ષા આપી હતી; કે જેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું ને મહાવીરના સમવસરણમાં લાવવામાં આવ્યા હતા. તેઓ તીર્થને પ્રણામ કરીને તરતજ કેવલિની પર્ષદામાં બેઠા. ગૌતમે આ તેઓને કેવલજ્ઞાન થયું હતું એ જાણતા ન હોવાથી બોલ્યા 'ભો! સાધુઓ! ભગવાનને વંદન કરો' ત્યારે જિનનાયક (વીરપ્રભુએ) ગૌતમને કહ્યું 'ગૌતમ! કેવલીની આશાતના ન કરો, આથી ગૌતમે મિથ્યાદુષ્કૃત આપ્યું—ખમાવ્યા.

વાહ! ગૌતમની સરલતા!—નિરભિમાનતા!

૩૦

શ્રી વીરપ્રભુના માતપિતા શ્રી આચારાંગ સૂત્ર પ્રમાણે મૃત્યુ પામી બારમા દેવલોકમાં, અને પ્રવચન સારોદ્ધાર પ્રમાણે ચોથે દેવલોક ગયાં એમ કહેલ છે. તેનો નિર્ણય કેવલિગમ્ય છે.

श्रीमहावीरस्य मातापितरा वाचारांगमध्ये द्वादशे देवलोके प्रवचनसारोद्धारे चतुर्थे गतौ प्रतिपादितौ ततस्तन्निर्णयस्तु केवलिगम्यः ॥

—हीरप्रश्ने.

૩૧

જેમ પહેલા ઋષભદેવ તીર્થંકરનું શરીરમાન અતીવ હોય અને પ્રમાણમાં છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરનું તેનાથી ઘણુંજ નાનું હોઇ—તે બે વચ્ચે ભેદ છે, તેમ બલ વિષે ભેદ કેમ નહિ?

શરીરમાન વિષે ભેદ છતાં પણ બળમાં ભિન્નતા નથી કારણ કે

अपरिमियबला जिणवरिंदा—

અપરિમિત બળવાળા—અતિશય અનંત બળવાળા સર્વ તીર્થંકરો છે એ આગમનું પ્રમાણ છે.

૩૨

૨૪ તીર્થંકર કયા સ્થલે મોક્ષ પામ્યા અને કેવા આસનમાં સ્થિત રહીને?

नाभेयोऽष्टापदे वीरः पापायां पुरि निर्वृतः ।
वासुपूज्यश्च चंपायां नेमी रैवतकाचले ॥
अन्ये समेतशिखरे पर्यंकासन संस्थिताः ।
श्री नेमिवीरवृषभाः कायोत्सर्गासनाः परे ॥

—लोकप्रकाशे

—શ્રી ઋષભદેવ અષ્ટાપદને વિષે, શ્રી મહાવીર અપાપાપુરીને વિષે, શ્રી વાસુપૂજ્ય ચંપાનગરીને વિષે, શ્રી નેમિનાથ રૈવતાચળને વિષે (ગિરનાર), અને બાકીના ૨૦ તીર્થંકર સમેતશિખરને વિષે નિર્વાણ પામ્યા. તેમાં શ્રી નેમિનાથ, મહાવીર અને ઋષભદેવ એ ત્રણ પર્યંકાસન-પદ્માસને રહ્યા થકા અને શેષ બીજા ૨૧ તીર્થંકર કાયોત્સર્ગાસને (કાઉસગ્ગમાં) રહ્યા થકા મોક્ષે ગયા.

૩૩

વીરપ્રભુની પ્રતિમા છે એમ કઈ રીતે ઓળખાય ?

દરેક તીર્થંકરના લંછન જુદાં જુદાં છે અને તે તે લંછન જે તીર્થંકરની પ્રતિમા હોય તેમાં કરવામાં આવે છે. ચોવીસ તીર્થંકર અને તે દરેકનું એક મળી ચોવીસ લંછન છે.

वृषो गजोऽश्वः प्लवगः क्रौञ्चोऽब्जं स्वस्तिकः शशी ।
मकरः श्रीवत्सः खड्गी महिषः शूकरस्तथा ॥
श्येनो वज्रं मृगः छागो नंद्यावर्तो घटोऽपि च ।
कूर्मो नीलोत्पलं शंखः फणी सिंहोऽर्हतां ध्वजाः ॥

—અભિમાન ચિંતામણી.

૧ વૃષભ (બળદ), ૨ હસ્તી-હાથી, ૩ ઘોડો, ૪ વાનર, ૫ ક્રૌંચપક્ષી, ૬ પદ્મકમળ, ૭ સ્વસ્તિક, ૮ ચંદ્ર, ૯ મગરમચ્છ, ૧૦ શ્રીવત્સ, ૧૧ ગેંડો, ૧૨ મહિષ (પાડો), ૧૩ વરાહ (ડુક્કર), ૧૪ સિંચાણો, ૧૫ વજ્ર, ૧૬ હરિણ, ૧૭ બકરો, ૧૮ નંદાવર્ત, ૧૯ કળશ, ૨૦ કૂર્મ (કાચબો), ૨૧ નીલોત્પલ-કમળ, ૨૨ શંખ, ૨૩ સર્પ, અને ૨૪ સિંહ. આમ, આ પ્રમાણે વીરપ્રભુનું લાંછન સિંહ છે.

તે ઉપરાંત દરેક તીર્થંકરના અમુક અમુક વર્ણ છે.

रक्तौ च पद्मप्रभवासुपूज्यौ
शुक्लौ च चन्द्रप्रभपुष्पदंतौ ।
कृष्णौ पुनर्नेमिमुनी विनीलौ
श्री मल्लिपार्श्वौ कनकत्विषोऽन्ये ॥

—અભિધાન ચિંતામણી.

—શ્રી પદ્મપ્રભ, વાસુપૂજ્ય એ બે રક્તવર્ણના, શ્રી ચંદ્રપ્રભ અને સુવિધિનાથ (પુષ્પદંત) એ બે ઉજ્જ્વલ-શ્વેતવર્ણી, શ્રી મુનિસુવ્રત અને નેમિનાથ એ બે નીલવર્ણા અને બાકીના ૧૬ તીર્થંકર કાંચનવર્ણ (પીતવર્ણ) છે. આ પ્રમાણે વીરપ્રભુનો વર્ણ પીત છે.

૩૪

દરેક જિનેશ્વર અમુક ઉત્તમ કુળમાં જન્મે છે. વીરપ્રભુનો કયા કુળમાં જન્મ થયો ? અને અન્ય અન્ય કયા કુળમાં થયા ?

इक्ष्वाकुकुलसंभूताः स्याद् द्वाविंशतिरर्हताम् ।
मुनिसुव्रतनेमी तु हरिवंशसमुद्भवौ ॥

—અભિધાન ચિંતામણી.

—મુનિસુવ્રત અને નેમિનાથ એ બે હરિવંશ કુળમાં ઉત્પન્ન થયા, જ્યારે જ્યારે અન્ય બાકીના તીર્થંકર શ્રી ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયા.

૩૫

વીરપ્રભુને અનેક ઉપસર્ગ થયા છે, તેવી રીતે બીજા તીર્થંકરોને ઉપસર્ગ સહેવા પડયા છે!

> श्रीवीरे नेतु भूयांसः श्री पार्श्वस्य च स्वल्पकाः ।
> द्वाविंशतेश्च शेषाणामुपसर्गा न जज्ञिरे ॥

—લોકપ્રકાશ.

શ્રી વીરપ્રભુ (૨૪ મા તીર્થંકરને) ઘણા ઉપસર્ગ થયા, શ્રી પાર્શ્વ (૨૩ મા તીર્થંકરને) અલ્પ-થોડા થયા, જ્યારે અન્ય બાવીશને ઉપસર્ગ થયા નથી.

૩૬

૨૪ તીર્થંકરને દેવદૂષ્ય વસ્ત્ર ક્યાં સુધી રહ્યું!

—શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં શ્રી ઋષભદેવને અને શ્રી કલ્પસૂત્રમાં શ્રી મહાવીર સ્વામીને સાધિક માસ અધિક એક વર્ષ દેવદૂષ્ય વસ્ત્ર રહ્યું, એમ જણાવ્યું છે, જ્યારે સપ્તતિ શત સ્થાનમાં તો શ્રીવીરને સાધિક માસ અધિક એક વર્ષ રહ્યું, અને બાકીના તે સિવાયના ૨૩ તીર્થંકરને તે દેવદૂષ્ય વસ્ત્ર સદૈવ (યાવજ્જીવ સુધી)રહ્યું એમ કહ્યું છે.

—લોકપ્રકાશ.

૩૭

શ્રી મહાવીર આર્ય, અનાર્ય દેશ એમ બંનેમાં વિચર્યા છે તેમ બીજા તીર્થંકર વિચર્યા છે!

> अभिग्रहानि मान्पंचा विधृत्य परमेश्वरः ।
> आर्यानार्येषु देशेषु विजहार सपानिधिः ॥
> एवं विजह्रुर्वृषभनेमिपार्श्व जिनेश्वराः ।
> आर्यानार्येषु शेषास्तु सदार्येष्वेव विंशतिः ॥

—લોકપ્રકાશ.

શ્રી મહાવીર, ઋષભદેવ, નેમિનાથ અને પાર્શ્વનાથ એ ચાર છદ્મસ્થાવસ્થામાં આર્ય અનાર્યદેશમાં વિચર્યા છે, અને તે સિવાયના વીશ તીર્થંકર તો સદાય આર્યદેશમાંજ વિચર્યા છે. આમાં ખાસ એ જાણવાનું છે કે વીરપ્રભુ વિચર્યા તે પાંચ અભિગ્રહ લઇને તે આ પ્રમાણેઃ—

(૧) કદિ પણ જ્યાં અપ્રીતિ થાય તેને ઘેર વસવું નહિ
(૨) જ્યાં રહેવું ત્યાં સદા કાયોત્સર્ગ કરીનેજ રહેવું.
(૩) પ્રાયઃ મૌનજ ધારણ કરવું
(૪) કરપાત્ર વડે-હાથથીજ ભોજન કરવું, પાત્રથી નહિ.
અને (૫) ગૃહસ્થનો વિનય કરવો નહિ.

વાહ! શું અદ્‌ભુત ધૈર્ય! તે ક્ષમાનિધિ પરમેશ્વરને અમારા તમારા ત્રિકાલ વંદન હો!

૩૮

વીરપ્રભુના વખતમાં થયેલ અભવ્ય જીવ કોણ પ્રખ્યાત થયેલ છે?

(૧) સંગમદેવ કે જેણે એક રાત્રિમાં શ્રી મહાવીરસ્વામીને વીશ મોટા ઉપસર્ગ કર્યા હતા.
(૨) કાલકસૂરીઓ કસાઈ કે જે રાજગૃહી નગરીમાં રહી દરરોજ ૫૦૦ પાડાનો વધ કરતો હતો.
(૩) કપિલાદાસી કે જે મગધ દેશના રાજા શ્રેણિક મહારાજના કહેવાથી પણ પોતાને હાથે મુનિદાન દેવાનું સ્વીકારતી ન હતી.
(૪) શ્રેણિકના પુત્ર કુણિક અને તેના પુત્ર, ઉદાયી રાજાને મારનાર 'વિનયરત્ન સાધુ'

૩૯

શ્રીમન્ મહાવીર પ્રભુનું એક ગર્ભમાંથી સંહરણ કરનાર સૌધર્મેન્દ્રના પદાતિકટકના અધિપતિ 'હરિણૈગમેષી' એ નામનો દેવ હતો તે ત્યાંથી ચ્યવીને શ્રી વીરશાસનમાં શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ થયા કે જેમણે વીરાત્ ૯૮૦ વર્ષે-પાઠાંતરથી ૯૯૩ વર્ષે પુસ્તકો લેખારૂઢ કર્યાં. આ સંબંધી વિસ્તારીને વાત શ્રી કલ્પકિરણાવલિ, શ્રી કલ્પસુબોધિકા વિગેરે કલ્પસૂત્રની ટીકાઓમાં છે,

૪૦

ગોશાલે મહાવીરસ્વામી ઉપર જે તેજોલેશ્યા મૂકી હતી તેની શક્તિ કેવી હતી?

હે ભાવે! હે ગૌતમ! મારા વધનિમિત્તે ગોશાલે જે તેજોલેશ્યા મૂકી તે અંગ દેશ, વંગદેશ, મગધદેશ, મલયદેશ, માલવગદેશ, અચ્છદેશ, વત્સદેશ, કુત્સ, પાઢ, લાઢ, વજ્જી, માલી, કાશી, કોશલ, અવધ, (વાહક) સમ્મિગિરિના ઉત્તર પ્રદેશ—એ ૧૬ મોટા દેશને નાશ કરવાને અત્યંત શક્તિવાળી હતી. ઇત્યાદિ શ્રી મહાવીરે ભગવતી સૂત્રમાં ગૌતમ પ્રત્યે આ પ્રમાણે કહેલ છે:-

'जावइएणं अज्जोगो गोसालेणं मंखलिपुत्तेणं ममं वहाए सरीरगंसि तेयं णिसट्ठेणं अलाहि पज्जत्ते सोलसन्हं जणवयाणं तं जहा अंगाणं वंगाणं मगहाणं मलयाणं मालवगाणं अच्छाणं वच्छाणं कोच्छाणं पाढाणं लाढाणं वज्जीणं मालीणं कासीणं कोसलगाणं अवाहाणं संभुत्तराणं घाताए वहाए उच्छादणयाए भासीकरणाए.'

વિસ્તારથી જોવા માટે તેની ટીકા જોવી.

૪૧

વીરપ્રભુના ગૃહસ્થાશ્રમમાં જમાઇ અને ભાણેજ નામે જમાલિના પિતાનું નામ શું?

શ્રી કલ્પકિરણાવલિ અને કલ્પસુબોધિકા નામની કલ્પસૂત્રની ટીકામાં જણાવ્યું છે કે:-

सा (भगवत्पुत्री) च प्रवरनरपतिपुत्रस्य) स्वभागिनेयस्य जमालेः परिणायिता।

તેણીને (ભગવાનની પુત્રીને) પ્રવરનરપતિના પુત્ર અને પોતાના ભાણેજ જમાલિ સાથે પરણાવી.

આપરથી જમાલિના પિતાનું નામ પ્રવરનરપતિ હશે એમ જણાય છે.

૪૨

આ જમાલીએ વીરપ્રભુ પાસે દીક્ષા લીધી. પછી એણે વીરપ્રભુને કેવલજ્ઞાન ઉપજ્યું

દિવસથી નિગમે વર્ગ (ઇ. સ. પૂર્વે ૪૪૧ માં) વીરના વચનથી વિરુદ્ધ પ્રરૂપણા કરી
કહે કે એક સમયે વસ્તુ ઉપજે નહિ અને નાશ પામે નહિ. (વસ્તુ ઉપજતાં ઘણા
સમય લાગે) એમ પ્રરૂપણા કરી તેથી તે પ્રથમ 'નિન્હવ' ગણાયો.

૪૩

દશ આશ્ચર્ય (અચ્છેરાં) કે જે આ અવસર્પિણીમાં થયા છે તે વીરે ગૌતમને કહેલા
છે—(૧) અરિહંતને કેવલજ્ઞાન થયા પછી ઉપસર્ગ (૨) ગર્ભમાંથી હરણ, (૩) સૂર્ય
ચંદ્રના વિમાનનું અવતરણ (૪) ચમરેન્દ્રનો ઉત્પાત (૫) અભાવી પરિષદ (૬) એક સમયે
ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસોને આઠ સિદ્ધ, (૭) ધાતકીખંડની અમરકંકામાં કૃષ્ણનું ગમન,
(૮) અસંયતીની પૂજા, (૯) સ્ત્રી તીર્થંકર (૧૦) હરિવંશ કુળની ઉત્પત્તિ. જે વસ્તુ અનં-
ત કાળ પછી આશ્ચર્યકારક થાય તે આશ્ચર્ય.

અભાવી પરિષદ-કારણ કે કેવળ તીર્થંકરની દેશના નિષ્ફળ જતી નથી અને શ્રી
વીરની દેશના પ્રથમ નિષ્ફળ ગઈ—તેથી તે આશ્ચર્ય

૪૪

દાનની દૃષ્ટિએ મહાવીર ચરિત્રમાં આવતા ચમત્કારો.

(૧) ગર્ભસંક્રમણ—ગર્ભાપહાર કરી ઉપજન ત્રિશલારાણીનો સ્તવ મહોત્સવ. ઇન્દ્રો સ્તવે, (૨)
અંગુઠેથી મેરુ કંપાવવો (૩) આમલકી ક્રીડામાં દેવનું આવવું અને તેને નિઃસત્વ કરવો,
(૪) વિદ્યાશાળામાં ઇન્દ્રનું વ્યાકરણ કહી બતાવવું, (૫) વાર્ષિકદાન, (૬) સોનાની
વૃષ્ટિ, પુષ્પની વૃષ્ટિ, સુગંધી જલવૃષ્ટિ, દેવદુંદુભિ, અહો! દાન અહો દાન એવા શબ્દ—એ
પાંચ દિવ્ય પ્રભુનું પારણું થાય ત્યારે દેવતાઓથી પ્રગટ્યા, (૭) ચંડકૌશિક નાગને બુઝવ્યો
(૮) તે કરડ્યો તે વખતે પ્રભુના શરીરમાંથી લોહીને બદલે દૂધ નીકળ્યું તે, (૯) સંગમ
દેવના ઉપસર્ગ વગેરે વગેરે. મનોવિજ્ઞાનને તો પ્રભુએ પોતેજ આશ્ચર્ય નથી વર્ણવેલ છે.

૪૫

પંચદિવ્ય વૃષ્ટિ.

કોઈ કોઈએ તીર્થંકર ભિક્ષાએ જતાં સુવર્ણવૃષ્ટિ વગેરે થાય, એમ શાસ્ત્રના કહેવાનો
એક બીજો સર્વથી ઉપયોગી વિષય એ છે કે અભિપ્ર વિષયમાં જે જાણું છે એ "હું" (જીવ) અને "જે હું નથી" (અજીવ) એ બે વસ્તુઓ છે "જે હું નથી" તેનો કેટલોક ભાગ મારી સાથે એકમેક મિશ્રિત થઈ રહ્યો છે, "હું નથી" એ વૈભાવિક દ્રવ્ય છે કે જેને મારી સાથે હમેશાં રહેવાનું કશું પ્રયોજન નથી અથવા બીજી રીતે જોઈએ તો એ મારો જરા પણ અંશ નથી, તો હવે શું કરવું? એ વૈભાવિક દ્રવ્ય મારાર્થ જ મારી કોઈ અનિર્વચનીય રીતિથી આકર્ષિત થાય છે (આસ્રવ), અને મારા આત્મામાં મિશ્રિત થઈ રહે છે (બંધ). એ પ્રવાહને રોકવો અથવા એનું આકર્ષણ બંધ કરવું એ મુખ્ય કાર્ય છે અને એ રીતે એ અનિષ્ટ કે બીજું કોઈ નવીન દ્રવ્ય (કર્મ) આવી શકતું નથી (સંવર); પછી ઉદ્યમ કરીને મારામાં પ્રથમ એકત્ર થએલ દ્રવ્યને દૂર કરવું જોઈએ. (નિર્જરા); છેવટમાં એ પરિણામ આવશે કે મારો આત્મા શુદ્ધ સ્વચ્છ, અને પોતાના અવિનાશી સ્વરૂપમાં જેવો સ્વાભાવિક હોવો જોઈએ તેવો થઈ જશે (મોક્ષ).

મહાવીર પ્રભુના જીવન અને બોધ વિષે જેટલું લખવું હોય તેટલું લખી શકાય. મારા તરફથી એમનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર પ્રગટ કરવામાં આવ્યું હતું અને જૈન હિતેચ્છુના સાતેક વર્ષ પહેલાંના એક પર્યુષણ અંકમાં પણ ઘણું લખવામાં આવ્યું છે તેથી અહીં લંબાણ નહિ કરતાં મારા તરફથી વીરવાણી વિષે એક કવિત આ નીચે આપી આ અનુવાદ પૂર્ણ કરીશ.

વીર વાણી તણી વાણી મહા આગ્યે અને જાણી,
વાણી મહા રાણી સહુ વાણીમાં જણાય છે;
ઉજળી ઉદાર અને મરવી ગંગાજ જેવી,
જપ મેલ પાપ સહુ જેવડે હણાય છે;
નય નિક્ષેપા તણા તરંગ અંગ ઉછળે છે,
મધુરી મહાન મીઠી માવડી મનાય છે;
જેના જેવી જગતમાં બીજી જોડી વાણી નથી,
એવી વીરવાણી વંદનીય વખણાય છે

અમદાવાદ. પોપટલાલ કેવળચંદ શાહ.

પ્રાર્થના પંચક.

(ઉઠ્ઠવિજયને રાગે અગાઉ.)

સાંજ સવાર જયવંત જપોર જિનેંદ્ર જિનેંદ જિનેંદ ઉચારૂં,
ઉજ્વળ બોધક શાસ્ત્ર નિહાળી શરૂ ઉર ને મુજ અંતર ઠારૂં;
પાપ વિકારથી રહું કરો વીર! ઉજ્જ્વળ રૂપ અખંડ વિચારૂં,
નિર્મળ નામ પવિત્ર પ્રભુ! તુજ અંતર માંહી સદાય સંભારૂં.
શું હમણાં મુજને હૃદયે પ્રભુ! ઉજ્જ્વળ ભક્તિ તમારી સુહાવે!
છે પ્રભુ! દીનદયાળ વસો ઉર આપજ ઉજ્જ્વળ ગુણ સદાયે;

હિંસા કરવી નહિ, ઇંદ્રિયો કમજોર થવાથી કદી પણ જ્ઞાનનો નાશ થતો નથી, પાપ પુ વશ-કર્મવશ જીવ આ સંસારમાં જન્મમરણ કર્યા કરે છે. પરમધર્મ અહિંસા છે, આ સરજત આપણા હાથમાં છે. ચોરી ન કરવી, જુઠું ન બોલવું, મોહ મમતા ન રાખ બ્રહ્મચર્ય પાળવું, વગેરે બાબતો શુદ્ધ જીવન ગાળવામાં ખાસ જરૂરની છે.

વિક્રમ સં. પૂર્વે ૪૭૦-ઇ. સ. પૂ. ૫૨૬ ના વર્ષમાં મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા વખતે ચોથા આરાના ૩ વર્ષ ને ૮ માસ બાકી રહ્યા હતા.

એ મહા પ્રભુના નિર્વાણને આજે આશરે ૨૫૦૦ વર્ષ થયાં છતાં તેમની કીર્તિ તેમના સ્થાપિત ધર્મનો દયામય ઝુંડો ધાર્મિક જગતમાં ફરફરાટ કર્યા કરે છે.

જે માણસો પોતાનું જીવન ધર્મમાં વ્યતીત કરે છે, તેમનું ઉજ્જવળ જીવન છે. બાકી તો માણસો કીડી મંકોડાની પેઠે જન્મ્યાં કરે છે ને મર્યા કરે છે. આત્મ ઉત્ક્રાંતિ માટે વીર પ્રભુના અનુયાયીઓ આ પ્રમાણે સમજે છે"*

અનંતતા આત્માના ઇતિહાસના ત્રણ ભાગ કરે છે. આત્માના વિકાસની પહેલાંની વિકાસ ક્રિયાનો અને વિકાસના અનંતરનો (નિગોદ, ગુણસ્થાન ને મોક્ષ). આ સ આપણે આત્મવિકાસની ક્રિયામાં છીએ. એ વિકાસની આદિ એક કાલમાં હતી એનો અંત એક સમયમાં આવશે. આત્મવિકાસનો પ્રારંભ થતાં પહેલાં આત્મા અ ભૂતકાળમાં હંમેશાં તે માટે અવિકસિત અશુદ્ધ સ્થિતિમાં હતો. જેમ સુવર્ણનો એક ટુકડો પોતાની વર્તમાન કાળની શુદ્ધ સ્થિતિની પહેલાં ભૂત કાળમાં હમેશથી સુવર્ણ રજ મિશ્રિત માટીની અવસ્થામાં હોય છે. પ્રાયઃ એજ સ્થિતિ આત્માની સમજવી જોઈએ આત્માની વિકાસક્રિયા સંપૂર્ણ ઉન્નતિમાં આવ્યા પછી બંધ થાય છે. પછી એ ફરી અશુદ્ધ થતો નથી અને નિત્ય આનંદમાં અમર્યાદિત જ્ઞાનમાં સર્વ સમયજ નિજસ્વરૂ જન્મ મરણથી અબાધિત રહે છે.

આત્મવિકાસ પોતાના પહેલા ક્રમોમાં (મિથ્યાત્વ ગુણસ્થાનમાં) મંદ અતિ દેખાય છે. એની પછી જીવનની વિશિષ્ટ દશા (સમ્યકત્વ) આવે છે, તત્પશ્ચાત્ વિક શ્રેણી વ્યક્તિને પ્રતીતિપૂર્વક હસ્તગત થવાથી એ અધિક વેગવાળી થાય છે.

સ્વભાવમાં કંઈ પણ દુઃખ, અજ્ઞાનતા વીર્યહીનતા નથી. પુરૂષ નિયમ પૂર્વક એજ કાર્ય કરે છે કે જેનાથી આત્માનું નિશ્ચય સ્વરૂપ જેવું કે આનંદ, જ્ઞાન અને વી પ્રગટ થાય અને જેનાથી દુઃખ, અજ્ઞાન અને બલહીનતા આવે એવાં કાર્યોનો ત્યાગ વાની દૃઢ અભિલાષા થાય છે.

પ્રત્યેક વ્યક્તિ પોતાનો આધ્યાત્મિક વિકાસ કરવા માટે પોતાનાજ આધુનિક સં યોગોનો ઉપયોગ કરી શકે છે. એ વિકાસનો પ્રારંભ કરવા પહેલાં કોઈ પણ વ્યક્તિ એક ક્ષણભર પણ રાહ જોવાની જરૂર નથી. પરંતુ એ વિકાસશ્રેણિમાં પોતા અવસ્થાનો અંદાજ તો અવશ્ય કરી લેવો જોઇએ અને પશ્ચાત્ એ વસ્થાને અનુકૂળ નિ મેવું આચરણ કરવું જોઇએ.

* આટલો ભાગ "સાધુ" નામે હિંદી માસિક પરથી અને હવે પછીનો "જૈનધર્મ" ના ઉ દેખ ઉપરથી અનુવાદરૂપે તૈયાર કરવામાં આવ્યો છે.

એક બીજો સર્વથી ઉપયોગી વિષય એ છે કે અખિલ વિશ્વમાં જે બધું છે એ "હું" (જીવ) અને "જે હું નથી" (અજીવ) એ બે વસ્તુઓ છે "જે હું નથી" તેનો કેટલોક ભાગ મારી સાથે એકમેક મિશ્રિત થઈ રહ્યો છે, "હું નથી" એ વૈભાવિક દ્રવ્ય છે કે જેને મારી સાથે હમેશાં રહેવાનું કશું પ્રયોજન નથી અથવા બીજી રીતે જોઈએ તો એ મારો જરા પણ અંશ નથી, તો હવે શું કરવું? એ વૈભાવિક દ્રવ્ય મારાથીજ મારી કોઈ અનિર્વચનીય રીતિથી આકર્ષિત થાય છે (આસ્રવ), અને મારા આત્મામાં મિશ્રિત થતું રહે છે (બંધ). એ પ્રવાહને રોકવો અથવા એનું આકર્ષણ બંધ કરવું એ મુખ્ય કાર્ય છે અને એ રીતે એ જાતિનું કે બીજું કોઈ નવીન દ્રવ્ય (કર્મ) આવી શકતું નથી (સંવર); પછી ઉદ્યમ કરીને મારામાં પ્રથમ એકત્ર થયેલ દ્રવ્યને દુર કરવું જોઈએ. (નિર્જરા); છેવટમાં એ પરિણામ આવશે કે મારો આત્મા શુદ્ધ સ્વચ્છ, અને પોતાના અવિનાશી સ્વરૂપમાં જેવો સ્વાભાવિક હોવો જોઈએ તેવો થઈ જશે (મોક્ષ).

મહાવીર પ્રભુના જીવન અને બોધ વિષે જેટલું લખવું હોય તેટલું લખી શકાય. મારા તરફથી એમનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર પ્રગટ કરવામાં આવ્યું હતું અને જૈન હિતેચ્છુના સાતેક વર્ષ પહેલાના એક પર્યુષણ અંકમાં પણ ઘણું લખવામાં આવ્યું છે તેથી અહીં લંબાણ નહિં કરતાં મારા તરફથી વીરવાણી વિષે એક કવિત આ નીચે આપી આ અનુવાદ પૂર્ણ કરીશ.

વીર વાણી તણી, સાણી મહા ભાગ્યે મળે જાણી;
શાણી મહા રાણી, સહુ વાણીમાં જણાય છે,
ઉજળી ઉદાર અને નરવી ગંગાજી જેવી,
પાપ મેલ પાર સહુ જેવડે ટળાય છે;
નય નિક્ષેપા તથા તરંગ અંગ ઉછળે છે,
માધુરી મહાન મીઠી માવડી મનાય છે;
જેના જેવી જગતમાં બીજી કોઈ જણી નથી,
એવી વીરવાણી વંદનીય વખણાય છે

અમદાવાદ. પોપટલાલ કેવળચંદ શાહ.

પ્રાર્થના પંચક.

(હરિગીતને રાગે બનાવી.)

સાંજ સવાર જયવંત જપો જિનેંદ જિનેંદ જિનેંદ ઉચારું,
ઉજ્વળ ચેહેરે હાસ્ય નિહાળી બહુ ઉર ને મુજ અંતર ઠારું;
પાપ વિસારવી રહું કરતો વીર! ઉજ્જ્વળ રૂપ અખંડ વિચારું,
નિર્મળ નામ પવિત્ર પ્રભુ! તુજ અંતર માંહી સદાય સંભારું,
શું હરખું મુજને હરખે પ્રભુ! ઉજ્જ્વળ કીર્તિ તમારી સહાયે,
ઉર પ્રભુ! ચિંતવતાં વસો ઉર આપજ ઉજ્જ્વળ ગુણ સદાયે;

વાણી વિચારણ કાર્ય બધાં મુજથી શુભ ઉજ્જ્વળ રોજ કરાવે,
એવી મતિ મુજને પ્રભુ! દ્યો વરતું ત્યમ શ્રી પ્રભુ આપ પસાયે. ૨
તિમિરતો મનનું ટળતું થતું ઉજ્જ્વળ જ્ઞાન પ્રભાત પ્રકારી,
તે પરભાત થકી વધજો સુજ્વલંત બપોર સમાન ઉજારી;
તે ટકજો નીતિ ઉજ્જ્વળ જ્ઞાન હૃદે સુશ્રદ્ધા વિશ્વાસ હુલાસે,
આપ પ્રતાપ અમાપ પ્રભુ ! ઉપરોક્ત બધાય સુકોડ પુરાશે. ૩
નવલાં નવ જીવન દ્યો પ્રભુજી ! પ્રિય ભક્તિ અને શ્રમના શુભ ભારી,
નવલાં નવજીવન પામી વધો શુભ ધ્યાન વિચાર ક્રિયા સુખકારી;
નવલી નબળાઇ હરી દૃઢ દ્યો નવલું બળ આત્મવિકાસ વધારી,
વીર ! સ્વીકાર કરો મુજ વંદન પામર ભક્ત સિયોજ ઉગારી. ૪
વાણી થકી વદતું વધુ શું ? પ્રભુ ! કેવળજ્ઞાન થકી સહુ જોશો,
હું અતિ પામર પ્રિય પ્રભુવર ! માફ કરો માહરા સહુ દોષો;
નિર્મળ નામ તમારૂં જપી ધરૂં ધર્મ કરૂં શુભ તો ભય છે શો !
આ અરપું પદ આપ પદે દઇ ઉજ્જ્વળતા મળ કર્મજ શોષો. ૫

અમદાવાદ.

પોપટલાલ કેવળચંદ શાહ.

મહાવીર અને જૈન યુવકો.

(લેખક—રા. યોગીન્દ્રરાવ. ર. દીવેટીયા. બી. એ.)

જે દેશમાં જે ધર્મમાં જે કોમમાં શ્રી મહાપ્રભુ ચરમતીર્થંકર મહાવીર થઇ ગયા અને જેમનું જીવન આદિથી તે અંતસુધી બોધમય છે તેવા તીર્થંકર પ્રભુની દરવર્ષે તિથિ ઉજવાય તે દેશ તે ધર્મ–તે કોમ ઉન્નતિની પરાકાષ્ટાએ ન પહોંચે એ કેટલું શોચનીય ! શ્રી મહાવીરનું નામ જૈનોમાં આબાલવૃદ્ધ જાણે છે. એમના જીવનના છૂટાં છવાયાં પ્રસંગો 'વખાણ' (વ્યાખ્યાન) દ્વારા શ્રાવિક શ્રાવિકાનાં કાનમાં પડે છે છતાં જૈનો કેળવણી પ્રત્યે બેદરકાર–સ્ત્રી કેળવણીનું નામ નહિ–સાહસ, દેશપ્રેમ, સુસંપ આદિ જાણવાનું મળે છે તે જૈનેતર દૃષ્ટિથી દર્શાવું છું. જૈનેતર હોઇ મર્યાદાનો ભંગ થતો હોય તો લેખક ક્ષમા યાચે છે. માત્ર જૈનપ્રત્યે અત્યન્ત લાગણી, જૈનોની ઉન્નતિ જોવાની તીવ્ર ઇચ્છા અને માસિકના તંત્રીનો દુરાગ્રહ એજ આ લેખનું કારણ છે. એજ નવાઇ. શ્રી મહાવીરપ્રભુના પૂર્વ ભવથી નિર્વાણ સુધીમાં જૈન યુવકોને કેટલું શિખ-

મનુષ્યપ્રેમ–અહિંસા પહેલું પગથીયું પ્રાણીમાત્ર પછી તે સ્વધર્મી હોય કિંવા વિધર્મી હોય તરફ આત્મભાવ રાખવો એ છે. એટલુંજ નહિ પણ બીજાને સુખ શીરીતે થાય એ કરવું એમાંજ પોતાનું સુખ સમાયેલું છે. હું ભુખ્યો છું એવું જગતમાં કોઇ ભુખ્યું છે કે કેમ ! હું ભુખ્યો છું પણ એવા દુર્બલપણ હશે કે જેમને કોળીયો ખાવાનો નહિ મળ્યો હોય ! એવું વિચારતાં પ્રત્યેક યુવક પછી જૈન કે જૈનતર હો તેણે શીખવું જોઇએ. બાલકને–યુવાનને આ શિક્ષણ મળેતો અહિંસા માટે મંત્રો ભણવા ન પડે. મહાવીર પ્રભુ પૂર્વ ભવમાં એમજ નયસાર તરીકે આતિથ્યનું ઉત્તમ શિક્ષણ આપે છે. અને ભૂખ્યા તરસ્યા મુનિને

આહાર આપો ત્યારેજ નવસારને શાન્તિ થય. દુકાળના સમયમાં આપણા દેશબન્ધુઓ પીડાય છે ત્હેને અન્નદાન ન આપનાર, આપણા-પારકા ગણનાર જૈનોને શી મહાવીરના અનુયાયીઓ કહેવા કે કેમ ?

આધિપત્ય-અને દાનની મહત્તા લાધ્યા પછી માણસો ગર્વિત થાય છે. સત્તા અને દ્રવ્ય ગર્વનાં કારણ છે. હું અન્નદાન કરૂં છું, હું વિદ્વાન્ છું, હું દ્રવ્યવાન્ છું, એક લેખક છું એ અભિમાન આત્માની પડતી કરે છે. આટલાજ માટે વિદ્યા-રૂપ-ધન-ગુણનું અભિમાન ન કરવા શાસ્ત્રકારો કહે છે. મહાવીર પ્રભુના જીવનનો અભ્યાસ કરનાર ખરો જૈન અભિમાની હોવોજ ન જોઈએ એમ મહાવીરના પૂર્વ જન્મની કથા ઉપરથી જણાય છે. મરીચિઋષિ જ્યારે ગુરૂદેવે કહ્યું કે તે ચોવીશમા તીર્થંકર થશે ત્યારે તેને અભિમાન થઇ ગયો અને એ મદના પરિણામેજ નીચ ગોત્રમાં પછીથી આવવું પડ્યું. આપણા યુવકો બે ચોપડી શિખ્યા, સમાજમાં માનીતા થયા, કિંવા દ્રવ્યવાન થતાં કેટલા ગર્વિષ્ટ થાય છે તેનો આપણને ક્યાં અનુભવ નથી ? મહાત્મા વીરપ્રભુને ગર્વથી આટલું સોસવું પડ્યું તો આપણે પામરી જીવોની શી સ્થિતિ ? આટલાજમાં મહાવીરપ્રભુ પોતાના ચરિત્રથી નિરભિમાની થવા બોધે છે.

જગત્માં બધાજ આપણું કહ્યું કરે, આપણનેજ અનુકૂળતા કરી આપે એમ ક્યાંથી બને ? આપણે ગમે તે કરીએ પણ આપણને સગવડ કરી આપવી એ બીજાનો ધર્મ છે. આપણી પત્નીએ પણ આપણે જાગતા હોઇએ તો જાગવું જોઈએ પણ આપણને ઉંઘ આવે ત્યારે જગાડી ન શકો ! પડોશમાં હાર્મોનીયમ વાગતું હોય તો આપણે બંધ કરાવી દઈએ પણ આપણે ઘોંઘાટ કરતા હોઇએ ત્યારે બીજાને કહેવાનો હક નથી એમ આપણામાં કેટલા બધા ધારે છે ! આવે વખતે ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધને અંગે અનેક ન કરવાનાં કૃત્યો કરીએ છીએ. આટલાજ માટે બીજાનું ન જોવા-ક્રોધ ન કરવા, ક્રોધ કરતાં સોસવું પડશે એવો બોધ મહાપ્રભુ વાસુદેવ તરીકે આપે છે. જ્યાં સુધી પોતાને ગમ્યું ત્યાં સુધી નાટક જોયું-સાંભળ્યું, પછી વિઘ્નકર્તા શય્યાપાલકના કાનમાં ઉનો ઉનો રસ નંખાવ્યો. આના પરિણામે મહાવીરને પોતાને ગોવાળીઆના હાથે કાનમાં ખીલાંઓના ખીલા નંખાવવાનો પ્રસંગ આવ્યો. બન્ધુઓ ! બીજાને પીડા કરવાથી કોઇ દિવસ સુખ મળતુંજ નથી; ક્રોધ-બીજાપર સામ્રાજ્ય ભોગવવાની તીવ્ર ઉત્કંઠા, અધઃપાતનીજ નિશાની છે. આત્મવત્ સર્વભૂતેષુની ભાવના પોતે સહન કરીને બોધનાર મહાવીર જેવું ચરિત્ર ક્યાં મળે એમ છે !

મહાવીરપ્રભુએ માતૃભક્તિનું અનન્ય દૃષ્ટાન્ત જગતમાં મુક્યું છે. ગર્ભમાં પણ માતાને દુઃખ ન થાય એ જેમની પ્રબળ ઇચ્છા. ગર્ભમાતા ઠીક પણ જીવનમાં આપણે અ-પણી માતાને કેટલી દુઃખી છે અને દુઃખીએ છીએ ! એવો કોણ છે કે જેણે [illegible] કોઇવાર પણ માતાને દુઃખવવાની હિંસા નહિ કરી હોય ? તો પછી [illegible] પોતાની સગવડ-પોતાનું સુખ જોનાર-પત્ની કે ભાગીદા માટે [illegible] હાવીર પ્રભુનો અનુયાયી થવા લાયક નથી. મહાવીર પ્રભુ [illegible] પિતાને દુઃખ થશે એમ માની એમના જીવતાં દીક્ષા ન લેવાનો [illegible] તમે શું સમજો ? હું તો જાઉં.' [illegible]

ધ્યાનમાં રાખવા લાયક છે. જ્યાં સુધી માતૃભક્તિ પિતૃભક્તિનું બીજ વવ્યું નથી ત્યાં સુધી સર્વ પ્રયત્નો નિષ્ફળ છે. આ ઉપરાંત મહાવીર પ્રભુને સંસાર ઉપર [illegible] નહોતી-લગ્ન કરવા ઇચ્છા નહોતી પરંતુ એજ માતાપિતાના અંતરને રાજીકરવા [illegible] લગ્ન કર્યું હતું. લગ્ન કર્યું પછી પણ આપણા કેટલાક યુવાનો પત્નીથી અસંતુષ્ટ [illegible] 'પરાણે પરણાવ્યો છે' કહી સંસાર દુઃખમય માને છે એમ મહાવીરે જીવન [illegible] જાણ્યું નહોતું. પરપત્ની પાળી પતિધર્મ પાળી, પત્નીની સાથે સંસારસુખ ભોગવી [illegible] એકપત્નીવ્રત-શુદ્ધ પ્રેમનું દૃષ્ટાન્ત આપ્યું છે.

પુત્રી પ્રતિ આપણામાં મોટો ફેર વર્તો હોય એમ મનાય છે. એ જમાના [illegible] ભાવ, પુત્ર-પુત્રીનો ભેદ દૂર કરાવનાર, અન્યું હોય એમ પ્રિયદર્શના પુત્રી પ્રતે [illegible] અત્યંત પ્રેમ રાખ્યો અને પુત્રીને ઉત્તમ રીતે કેળવી મ્હોટી વયે-બાળલગ્ન ન [illegible] કેળવાયેલા પતિને પોતાની કન્યા આપી. મહાવીરનું લક્ષ્ય બિન્દુ સંસારનો [illegible] ત્યાં સંસારના કર્તવ્યથી ભ્રષ્ટ થયા નહોતા. આપણા જૈન બન્ધુઓનું લક્ષ્ય બિન્દુ [illegible] પ્રાપ્તિ છે અને તેને અંગે પુત્રીની કેળવણી, પુત્રીને યોગ્ય વરની ચિંતા તો દૂર રહી, [illegible] બાળા-છોકરીઓ પણ જાણે છે કે કેમ-શું ભણે છે-એમનું શું વર્તન છે તે તેઓ [illegible] મહાવીર પ્રભુ પુત્ર પુત્રીને ઉત્તમ કેળવણી આપી એમનામાં ઉચ્ચ નીતિના [illegible] [illegible]

'મહાવીર પ્રભુ બાળક હતા અને મિત્રો સાથે રમવા ગયા. ત્યાં સાપ નજરે [illegible] [illegible] કેળવાયેલા યુવાનો 'સાપ છે-મારો! ભય!' એમ બુમો પાડે છે. [illegible] [illegible] ન પડી. એમણે તો આતે સાપને પકડી દૂર કર્યો. ક્યાં છે [illegible] [illegible]! ક્યાં [illegible] મનોબળ-એ ધૈર્ય-એ હિંમત ન આવે ત્યાં સુધી [illegible] [illegible]!

[illegible] એ આપણા સંસાર સુખનું [illegible] છે. 'મ્હોટા કાછ એના [illegible] [illegible] એમ કહેનાર આપણામાંથી કેટલા બધા હશે! [illegible] [illegible] એમ કેમ કહે છે. આનું મહાવીર પ્રભુએ [illegible] [illegible] [illegible]ની આજ્ઞા અનુસારેજ બે વર્ષ [illegible] [illegible]

[illegible]

ખેલમાં રાખવા લાયક છે. જ્યાં સુધી માનુભક્તિ પિતૃભક્તિનું બીજ રોપ્યું નથી, ત્યાં સુધી સર્વ પ્રયત્નો નિષ્ફળ છે. આ ઉપરાંત મહાવીર પ્રભુને સંસાર ઉપર આસક્તિ નહોતી–લગ્ન કરવા ઇચ્છા નહોતી પરંતુ એક માતપિતાના અંતરને સંતોષવાના હેતુએ લગ્ન કર્યું હતું. લગ્ન કર્યું પછી પણ આપણા કેટલાક યુવાનો પત્નીથી અસંતુષ્ટ રહી–'પરણીને પસ્તાયો છું' કહી સંસાર દુઃખમય બને છે એમ મહાવીરે જીવન-દુઃખમય માન્યું નહોતું. પરણ્યા પછી પતિધર્મ પાળી, પત્નીની સાથે સંસારસુખ ભોગવી અંતરે એકપત્નીવ્રત–ધારક એમનું દ્રષ્ટાન્ત આપ્યું છે.

પુત્રી થતાં આપણામાં મોટો કેર વર્તો હોય એમ અનાજ–છે. એ ભાવના કાઢી–નાંખવા, પુત્ર-પુત્રીનો ભેદ દૂર કરવાજ, જન્મ્યું હોય એમ પ્રિયદર્શના પુત્રી પ્રત્યે મહાવીર અત્યંત પ્રેમ રાખતા અને પુત્રીને ઉત્તમ રીતે કેળવી મ્હોટી વયે–લગ્નપ્રસંગ ન કરતાં યોગ્ય કેળવાયેલા પતિને પોતાની કન્યા આપી મહાવીરનું લક્ષ્ય બિન્દુ સંસારનો ત્યાગ કરે ત્યાં સંસારના કર્તવ્યથી ભ્રષ્ટ થતા નહોતા. આપણા જૈન બન્ધુઓનું લક્ષ્ય બિન્દુ એક પ્રાપ્તિ છે અને તેને અંગે પુત્રીની કેળવણી, પુત્રીને યોગ્ય વરની ચિંતા, તો દૂર રહી, પણ વાવો–ઉપાશ્રયો પણ ભલે છે કે કેમ–શું ભલે છે–એમનું શું વર્તન છે તે દેખો ક્યાં જાઓ છો! મહાવીર પ્રભુ પુત્ર પુત્રીને ઉત્તમ કેળવણી આપી એમનામાં ઉચ્ચ નીતિના સંસ્કાર પાડવા બોધે છે.

મહાવીર પ્રભુ બાળક હતા અને મિત્રો સાથે રમવા ગયા ત્યાં સાપ નજરે પડે. આપણા કેળવાયેલા યુવાનો 'સાપ છે–મારો ! લેવા !' એમ બુમો પાડે છે તેમ નહિ પ્રભુએ બુમો ન પાડી એમણે તો અતિ શાન્તે પકડી દૂર કર્યો. ક્યાં છે એ હિંમત ધૈર્ય ! જ્યાં સુધી એ–મનોબળ–એ ધૈર્ય–એ હિંમત ન આવે ત્યાં સુધી જૈનોની ઉન્નતિ કરવી શક્યાની !

કુટુંબક્લેશ એ આપણા સંસાર સુખનું વિષ છે. 'મ્હોટો ભાઇ એના બાપનો ! હું શાને ટેક કરું ' એમ કહેનાર બંધુઓમાંથી કેટલા બાધ હશે ! 'વેપારમાં નુકશાન આવ્યું કે ખર્ચ વધ્યું તો મુખ્ય છે' એમ કોઈ કહે છે. આવું મહાવીર પ્રભુએ કર્યું નહિ. વડીલ બન્ધુ નન્દીવર્ધનની ઇચ્છાથી જ–વડિલની આજ્ઞા–અનુસારેજ બે વર્ષ મોડી દીક્ષા લેવા નિશ્ચય કર્યો.

મહાવીર પ્રભુને જાણવા જેવું નહોતું જ્યાં અન્યને દાબતો મેષરાજ જ્ઞાને ત્યાં દયા ને સત્ય. આ મત દાન લેવાની આવશ્યકતાજ દર્શાવે છે.

વરસીદાન વખતે કોઇ પણ ન માગ્યું માટે આજેય મહાપ્રભુની પાછળ જતાં શો દાન માટે તેને પરંતુ કરી. મહાવીરે બ્રાહ્મણને–જૈન ન હતો છતાં પોતા પાસે વસ્ત્રનું અર્ધું વસ્ત્ર પણ આપ્યું આમાંથી ઉત્તમમાં ઉત્તમ બોધ પ્રભુ એમ આપે છે કે દાનવર્ષની સંકુચિત રીતે અત્યાર વિશાળમાં વિચારવું છે. તેમ મહાત્માઓ જૈન જૈનેતર ભેદ વિના પ્રભુએને દાન કરે છે. માત્ર વૈષ્ણવ હોય તેનેજ–જૈન હોય તેની દેવ તેનેજ–એ સંકુચિત વૃત્તિ ઉદારચિત્ત થતાં અટકાવે છે.

જેને હિંદુઓની ભક્તિ વૃત્તિ કરતાં આપણામાં આગળ છે અને તેનું મુખ્ય કારણ છે જેને બધા ધર્મ પાળીએ, અત્યાસ્થાન કે ધર્મની જાતાં કરતાં નહિ

તે તુજ મુખ દિનકર નિરખણથી, મિથ્યા તિમિર પલાસે. આજ ૬
ઇલિકા ભમરી ન્યાયે જિનેસર આપ સમાન તેં કીધા;
એમ અનેક ષટ્ ત્રિશલાનંદન, ત્રિભુવનમહિ પ્રસિધા. આજ ૭
મુજ મન ગિરિકંદરમાં વસિયો, વીર પરમ જિન સિંહ;
હવે કુમત માતંગના ગણથી, ત્રિવિધ યોગે નહીં બીહ. આજ ૮
ઇતિ મન રાગે શુભ ઉપયોગે, ગાતાં જિન જગદીશ;
સૌભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ કહે,પ્રતિદિન સંપત્ત જગીસ. આજ ૯

—વિજયલક્ષ્મી સૂરિ.

શ્રીમદ્ મહાવીરના ચરિત્રમાંથી ઉદ્ભવતો બોધ.

આજે આપણે જે મહાપુરુષના જીવનરસમાંથી અપૂર્વ સ્વાદ ગ્રહણ કરવા વિચારીએ છીએ તે મહાપુરુષની ઓળખાણ કરવા માટે સજીવ દૃષ્ટિએ કાળના અપ્રતિહત પરિક્રમ અનુસાર પડેલા સમજમ ગોતીશસો પડદાના પડદાને ઉચકી તેમની ગુણવંતી મૂર્તિ હૃદય સમક્ષ ખડી કરવી પડશે;તે પહેલાં હૃદયમંદિરને શુદ્ધ કરવું પડશે કેમકે જે પવિત્ર પુરુષ હોય છે તે પવિત્ર ક્ષેત્રમાંજ વસતા હોય છે-એ એમને ઉચિત સામાન્ય નિયમ હોય છે; આમ કોઈ હૃદયમાંથી પક્ષપાત દૂર કરી,ક્રોધાદિ આવેશોને યથાશક્તિ તિલાંજલિ આપી તે પવિત્ર પુરુષને હૃદય મંદિરમાં ભાવનાદ્વારા બેસાડી તેમની સર્વાંગ મૂર્તિનું સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કરવું પડશે. આમઅવલોકનથી તો તેઓ સુવર્ણ વર્ણ દેહવાળા, સમ હાથ પ્રમાણ-શરીરવાળા,લક્ષણ અને વ્યંજનના પરિપૂર્ણ નિમિત્તશાસ્ત્ર કથિત સુંદરતાવાળા અને કૈવલ્ય પામ્યા પછી સમવસરણ પ્રાપ્ત અલૌકિક ઋદ્ધિવાળા, ત્રિભુવનને ચરણમાં નમાવનારા, તેમજ ચોત્રીશ અતિશય અને વાણીના પાંત્રીશ ગુણોથી વિરાજિત દૃષ્ટિ ગોચર થાય છે; પરંતુ તેમના જન્મથી તે મોક્ષ પર્યંતના તેમના આંતર ગુણોનું અવલોકન કરવામાં તેમના આધ્યાત્મિક ભાવોનું યથાશક્તિ અવલોકન કરવું અને તે સમાજ સમક્ષ મૂકવું-એ એમના ગુણોનું સર્વાંશે નહિ તો અમુક અંશે પૂજકપણું છે. જે ગુણો વાસ્તવિકપણે અરૂપી છે. તે બાહ્ય દૃષ્ટિના વિષયભૂત નથી. તે સાદૃશ્યમાં (analogy) નિયમસાર હોવાથી અધિકાર પ્રમાણે આપણા અરૂપી ગુણોને પ્રકટ કરાવી જેટલે અંશે આત્મ જાગૃતિ અને આત્મિકગુણોનો વિકાસ પ્રાપ્ત કરી શકાય તેટલે અંશે કરશો તો આ પ્રયત્ન સાર્થક થયો માની શકાય.

ખાસ કરીને સદ્ગુણોમાં વિદ્યુત્ કરતાં એવી અધિક ઝણ ઝણાટ વાળી શક્તિ હોય છે કે તે જો શુદ્ધ હોય તો અન્ય વ્યક્તિના ગુણોની સંબંધમાં આવતાં પોતાના જેવા શુદ્ધ કરી મૂકે છે. આવાજ કારણને લઈને સદ્ગુણી મનુષ્યોનાં જીવનચરિત્રો સમાજ સમક્ષ મૂકવામાં આવે છે; સર્વગુણી તો વીતરાગ મહાત્માજ હોઈ શકે પરંતુ ગુણો કરતાં દોષોનો સરવાળો સ્વલ્પ હોય તો તેવી વ્યક્તિનું જીવન સમાજ સમક્ષ મૂકાય છે તે એવા હેતુથી કે ગુણોનું અનુકરણ કરી ગુણોની વૃદ્ધિ પરસ્પર લેવડ દેવડથી થાય અને ઉપકારક દૃષ્ટિએ આત્માને હિતપ્રદ થાય.

વસ્તુસ્થિતિ આમ છે તો રાગ અને દ્વેષ જે દુનિયાના સર્વ પ્રાણીઓને મ્હાત કરી જીવોનું આધિપત્ય ભોગવે છે, જેને માટે ખાસ સત્તાઓ આ પૃથ્વી ઉપર તેમનો નિરોધ કરી મુક્તિ મેળવવાના સાધ્ય બિંદુથી ઉદ્ભવ્યાં ઉત્તમતાથી પોતાનો આત્મસંબંધ

જગપતિ ભગતાંની ભાંગે છે ભીડ, ભીડ પડેરે પ્રભુ પરિખે;
જગપતિ તુંહી પ્રભુ અગમ અપાર, સમજ્યો ન જાને મુજ સરિખે. ૪
જગપતિ ઉદય નમે કર જોડ, સનર નેવ્યાગી સમે ક્રિખે;
જગપતિ ખંભાયત જગગુરુ સમ, અગાત ભાગ્યું મેટિયે. ૫
ખંભાત. —ફિરિઆ. સં. ૧૭

૨

ગિરૂઆરે ગુણ તુમ તણા—એ દેશી.

વંદો મહાવીર જિનેસર રાયા, માતા ત્રિશલા રાણીના જાયા રે;
હરિ લંછન કંચન વરકાયા, અમરવધુ ફુલરાયા રે. વંદો ૧
બાલપણે સુરગિરિ ડોલાયા, અહિવેતાલ હરાયા રે;
ઈંદ કહે વ્યાકરણ નિપાયા, પંડિત વિસ્મય પાયા રે વંદો ૨
ક્ષાયિક ઋદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સુહાયા રે;
ચાર રૂપ કરિ ધર્મ બતાયા, ચઉવિહ સુરગુણ ગાયા રે. વંદો ૩
ત્રીસ વરસ ગૃહવાસેં રહિયા, સંયમશુ દિલ લાયા રે;
બાર વરસ તપિ કર્મ ખપાયા, કેવલ નાણ ઉપાયા રે. વંદો ૪
તીન ભુવનમેં આણ મનાયા, દશ દોય છત્ર ધરાયા રે;
રૂપ કનક મણિ ગઢ વિરચાયા, નિરગ્રંથ નામ ધરાયા રે. વંદો ૫
રયણ સિંહાસણ બેસણ ઠાયા, દુંદુભિ નાદ બજાયા રે;
દાનવ માનવ દો સુખ પાયા, ભગતે શીશ નમાયા રે. વંદો ૬
પ્રભુ ગુણ ગણ ગંગાજલ નાહ્યા, પાવન તેહની કાયા રે;
પંડિત ખિમાવિજય સુપસાયા, સેવક જિન ગુણ ગાયા રે. વંદો ૭
—જિનવિજય (ક્ષમાવિજય [illegible]

૩

રાગ. ધન્યાશ્રી

આજ મ્હારા પ્રભુજી ! સાહમું રે જુવો, સેવક કહીને બોલાવો;
આજ મ્હારા પ્રભુજી ! મહિર કરીને, સેવક સ્હામું નિહાળો;
કરુણાસાગર મહિર કરીને, અતિશય સુખ ભૂપાળો આજ ૧
ભક્તવત્સલ શરણાગતપંજર, ત્રિભુવનનાથ દયાળો;
મૈત્રિભાવ અનંત વહે અરનિશ, જીવ સયલ પ્રતિપાળો, આજ ૨
ત્રિભુવન દીપક જીપક અરિગણ, અવિઘટ જ્યોતિ પ્રકાશી;
મહાગોપ નિર્યામક કહિયે, અનુભવ રસ સુવિલાસી, આજ ૩
મહામારણ મહા સારથી અવિતથ, અપનાં બિરૂદ સંભાળો;
બાહ્યાભ્યંતર અરિગણ જોરો, વ્યસન વિઘન ભય ટાળો આજ ૪
વાદી તમહર તરણી સરિખા, અનેક બિરૂદના ધારી;
જીત્યા પ્રતિવાદી નિજ મતથી, સકલ શાયક યશ ધારી આજ ૫
શઠકારક ચઉ વેદના ધારક, જીવાદિ સત્તા ન ધારે;

ઉત્કૃષ્ટ કોટિએ આશ્ચર્યકારી ન હોય ! જેમ એક કસરતબાજ મોટા શરીર બળના કેટલા પ્રયાસ પછી નેતું કે એકસો મણના લોઢાના ગોળાને ફેરવી શકે છે તેમ સતત પ્રયાસ વડે પુણ્યપ્રકૃતિનો સંચય કરનાર તેના ફળ રૂપે જગતમાં અદ્‌ભુત કૃતિવાળા દષ્ટિગોચર થાય એ યુક્તિ સિદ્ધ નિયમની માત્ર મર્યાદા બતાવે છે. આમ હોઇ શ્રી પ્રભુને માટે આપણી સામાન્ય બુદ્ધિને અંગે કાંઇપણ આશ્ચર્યકારક જણાય તો તે બુદ્ધિની ઉણપતા સૂચવે છે; સૂક્ષ્મપણે વિચારતાં તે માત્ર પુણ્ય પ્રકૃતિની ઉચ્ચતાનું સંપૂર્ણ સ્વરૂપમાં દર્શન કરાવે છે અને ઊંચામાં ઊંચુ આત્મિકબળ મેળવવા માટે કેવા શરીર બળની આવશ્યકતા છે તે સિદ્ધ કરે છે.

દેવગતિમાંથી પ્રથમ દેવાનંદાના અને પછીથી ત્રિશલા માતાના ગર્ભમાં આવનાર શ્રી પ્રભુ ત્રણ જ્ઞાન (મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન) યુક્ત હતા;

માતૃપિતૃભક્તિ

કર્મો તદ્‌ભવમાં અધિક હોવાથી તેમને કર્મ પ્રકૃતિઓના વિનાશ દરરોજ અધિક બળ વાપરવું પડ્યું હતું. જે કર્મો ઉદય આવતાં, તે ધીરોચિત દક્ષતાથી ભોગવી આવેલા પ્રસંગોને વધાવી લેતા. દીનપણું અને ભીરૂપણું એ એમના જીવનસૂત્રના કોશમાં હતુંજ નહિ. બહિરાત્મભાવ તજી અંતરાત્મ ભાવમાં પ્રવેશ કરેલા એ મહાપુરૂષને બાહ્ય સુખ દુઃખો કે કર્મજનિત વારંવાર ભરતી ઓટ પ્રમાણે થયાં કરતાં હતાં તે કોઇ પણ પ્રકારની વિલક્ષણ અસર આત્માને કરી શકવાના સામર્થ્યથી રહિત હતાં એ એમના આત્મબળના અભ્યાસને આભારી હતું. આમ હોઇ કર્મબંધના હેતુભૂત રાગ દ્વેષનું નિવારણ કરી ઉદયમાન કર્મને ભોગવી લેવાનું બળ પ્રાપ્ત કરી જૂનાં કર્મોની નિર્જરા કરી નવીન કર્મપ્રવાહને અટકાવ્યો હતો. કાનમાં ખીલા ઠોકવાના નિમિત્તરૂપ ઉદયમાન કર્મ, ગોપોના નિમિત્તથી પગમાં ક્ષીર રંધાઇ ઉચિત કાળે ભોગવવાનું કર્મ, અને સંગમ દેવતાના ઉપસર્ગથી ભોગવાઇ રહેલું રોગ કર્મ—એ સર્વ સ્થિતિઓ ભયંકર અને ત્રાસદાયક હોવા છતાં નીડરપણે સહન કરી કર્મને દૂર કરવાનીજ સાધ્ય દષ્ટિ રાખી છેવટે કર્મોને દૂર કરી કૈવલ્ય—બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ એમના અદ્‌ભુત સામર્થ્ય અને આત્મબળની આપણા જેવા પામર પ્રાણીઓને કલ્પી પણ થઇ શકે તેમ નથી; મોક્ષ એ સુલભ નથી, આત્માનો સહજ ગુણ હોવાથી તે સુલભ ગણી શકાય—પરંતુ તેમાં આત્મબળની પરિપૂર્ણતાના અભ્યાસનું ઘણા પ્રયાસોથી સેવન કરવાનું હોય છે અને એ સેવન અનાદિ કાળથી પ્રતિકૂળ દિશામાં વહેતો પ્રવાહ અટકાવીને સાધ્ય કરવાનું છે; આવા અભ્યાસી પ્રાણીઓ મુક્તિ મેળવવા સમર્થ બને છે. મોહનીય કર્મના ઉદય પ્રસંગે તેમને માટે પંડિતો તરફથી કહેવાય છે કે

' ભોગ કર્મફળ રોગ તણી પરે, ભોગવે રાગ નિવારી રે;
પરવાળા ધરે બાહ્ય રંગ ધરે, પણ અંતર અવિકારી રે.

જ્ઞાનાવરણીય કર્મ સામે તેમને વિશેષ પ્રમાણમાં બળ અજમાવવાની તે ભવમાં આવશ્યકતા નહોતી એમ તેમના ચરિત્ર ઉપરથી ફલિત થાય છે. મોહનીય અને અંતરાય કર્મ ઉપર વિશિષ્ટ પ્રકારે તેમનું આત્મબળ ગતિમાન્ હતું અને એ બંને શક્તિઓના યુદ્ધમાં ચૈતન્ય શક્તિનો જય અને કર્મ શક્તિનો પરાજય છેવટે થયો હતો. આ રીતે

તજી-જન્મથી આરંભીને કૈવલ્ય પર્યંત એ રાગદ્વેષને દૂર કરવામાટેજ સાધ્ય દૃષ્ટિ (con- centration of દિવ્ય eye) રાખી જેમણે સંપૂર્ણ પણે અતુલ પ્રયાસથી ગુણે પ્રકટ કરી નિર્દોષ જીવન વ્યતીત કર્યું છે તેમના જીવનમાંથી કયો સાર તત્વશોધક આત્મ જાગૃતિ ન કરાવી શકે તે સમજી શકાતું નથી કેમકે તેમની જીંદગીનું સર્વાંશ દોષના એકાદ અંશથી પણ રહિત હોવાને અંગે ગુણોનુંજ ઉત્પાદક (constructive) અને દોષોનું વિનાશક (destructive) હોય છે.

તેમના ચરિત્ર ઉપરથી માલૂમ પડતા 'મૂર્તિમાન ગુણ' હોય તેવા શ્રી વીરપરમાત્માના અલ્પમતિ પ્રમાણે નીચે દર્શાવેલા ગુણો સહજ સ્વરૂપમાં પ્રતીત થાય છે, તે આ છે:- (૧) તેમનું અપૂર્વ શરીરબલ (૨) તેમની માતૃપિતૃ ભક્તિ (૩) કર્મોના પ્રતિરોધમાટે આત્મબળ (૪) સમત્વ (૫) આધ્યાત્મિક વિવેક દૃષ્ટિ (૬) યોગાવંચકપણું (૭) "સવિ જીવ કરૂં શાસન રસી' ભાવના (૮) મતસહિષ્ણુતા (૯) અચુક સાધ્યદૃષ્ટિ.

શરીર બળ.

શ્રીમદ્ વીરપરમાત્માના શરીરબળ સંબંધી વિચાર કરતાં એમ લાગે છે કે પૂર્વ જન્મોમાં એકઠા થયેલા પુણ્ય પ્રકૃતિના સંચયે તેમને વજ્ર ઋષભ નારાચ સંહનન પ્રાપ્ત કરાવ્યું હતું; આ સ્થિતિમાં શરીરબળ કદી પણ પરાઘાત પામતું નથી અને સર્વ પ્રાણીઓના શરીરબળ કરતાં ઉચ્ચકોટિએ હોય છે. આવું શરીરબળ પામવું એ સહજ નથી પરંતુ ઘણી શુભ ક્રિયાઓના એકત્રિત થયેલા ફળનો પરિણામ ભૂત, હોય છે. તીર્થંકર પદ પ્રાપ્ત કરવું એ ઉત્કૃષ્ટ સ્વરૂપમાં પુણ્ય કર્મનો સંચય થયો હોય તોજ થઇ શકે. જન્મ પછી તરતજ જ્યારે ઇન્દ્ર તેમને મેરૂપર્વત ઉપર જન્મોત્સવ કરવા લઇ જાય છે ત્યાર પછી ઇંદ્રની શંકાના સમાધાનની ખાતર પોતાના પાદના અંગુઠ વડે મેરૂ પર્વતને ચલાયમાન કરી અપૂર્વ સામર્થ્યની ખાતરી કરાવતા તેમનું શરીરબળ કેટલું હશે તે તેમને વસ્તુ સ્વરૂપે ઓળખનાર સમજી શકે. તેમજ ક્ષાયિક સમ્યકત્વ ગુણનો તેમનામાં આવિર્ભાવ થયેલો હતો.

આ જ્ઞાન અને સ્વભાવ સુંદર ગુણથી માતા પિતાના સંબંધનું સંસાર પરત્વે ક્ષણિકત્વ (નશ્વરપણું) જોયું હતું તેમજ તેવા સંબંધો અનેકવાર કર્યા-થયા છતાં તે સંબંધ કાલ્પનિકજ છે તેવા વિચારો દૃઢીભૂત થયા હતા છતાં પુત્રોચિત વ્યવહારને પુષ્ટિ આપી જે વખતે માતાના સ્નેહની કસોટી કરવાની ખાતર પોતે ગર્ભમાં નિશ્ચેષ્ટપણે સ્થિર રહેલા છે તે વખતે ત્રિશલામાતા પોતાના ગર્ભના ચ્યવનનું અનુમાન કરી વિલાપ કરે છે તે પ્રસંગે માતાની પુત્રપ્રતિની વત્સલતા જોઈ શ્રી પ્રભુએ સ્નેહયુ નિરીક્ષણ કરતાં ગર્ભમાં હલન ચલન કરે છે અને તે વખતે માતાજીનો શોક દૂર થઇ સ્વસ્થ થાય છે તેથી જન્મ પછી માતા પિતાની હયાતી સુધી દીક્ષા ન લેવી તેવી પ્રતિજ્ઞા કરે છે એ એમના જેવા ઉચ્ચ અને સંસ્કારી આત્માની માતૃપિતૃ ભક્તિ શું અત્યારના પ્રાણીઓને સબળ દૃષ્ટાંત રૂપ નથી? જન્મથી. તેઓ માતા પિતા પ્રતિ વિનયને ઉચિત પણે સાચવી રાખી વર્તતા એ એમને ઘટિત જ હતું.

બીજા જે તીર્થંકરો આ ચોવીશીમાં થઇ ગયેલા છે તેમના કરતાં તીર્થંકર ભવમાં

કર્મના પ્રતિરોધ માટેનું આત્મબળ.

ઉદયમાન મનુષ્યોને તેવી પરિસ્થિતિઓ અતિશયોક્તિ પણે પરિણમી અશ્રદ્ધામાં દર્શાઈ જાય; પરંતુ પુણ્ય પ્રકૃતિનું ફળ હમેશા નવાં નવાં આશ્ચર્યોને ઉપજાવે તેવી કૃતિ વાળું હોય છે તેનું સામાન્ય સ્વરૂપમાં પ્રત્યક્ષપણે જગતમાં જોઇએ છીએ તો અધિકાધિક સ્વરૂપમાં તે કેમ

આ સ્તુતિ એમના સમતા ગુણની સમૃદ્ધિ માટેની કેવળ વાસ્તવિક જ છે.

એમનો સમતાગુણ એમના અનેકગુણોને દીપાવતો હતો. આ સમતા ગુણથી તેઓ [illegible] વાસ્તવ અનુભવતા હતા અને એ ગુણને વૃદ્ધિ કરવા પ્રયત્ન કર્યો જતા હતા. એવી ભાવના જે સમતાગુણ [illegible] તે તરફ તો તેમનું લક્ષ પૂર્વ જન્મથીજ થઇ ગયેલું હતું અને એની શરૂઆત કર્યાં પછી એ તેની વૃદ્ધિ અભ્યાસ વડે સિદ્ધ કરી હતી. તેથીજ તેનું દિગ્દર્શન શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચક

भावित भावो भवेष्वनेकेषु

એ કથનથી સિદ્ધ કરે છે; અનેક જન્મોથી આ સંસ્કાર એમના હૃદયમાં બીજરૂપે રહેલા હતા, અને એ સંસ્કારોએ એમનું હૃદયજ મજબુત બનાવ્યું હતું. ક્રોધ, માન, માયા અને લોભ—જે ચાર કષાયો સંસારી પ્રવૃત્તિઓને અનાદિકાળથી ચિટકેલ છે તેમને આત્મસત્તામાંથી નિઃશેષ કરવા એ તેમનો અંતિમ ઉદ્દેશ હતો; તેથી સમતા ગુણનો પ્રવેશ કર્યો વગર—આત્માને સમતા ગુણથી [illegible] બનાવ્યા વગર એ બની શકે તેમ ન હોતું; આવી ઉદ્દેશ અને નિશ્ચયનું પરસ્પર ઐક્ય જમાવતા હતા. હતા. આ સ્થિતિની વાસ્તવિકતા તેમણે પ્રયત્ન, ધૈર્ય અને હાથ [illegible] ઉત્પન્ન કરી હતી.

જે પરિણામ વિવેકદૃષ્ટિનું વર્ણન અત્યારે કરવું છે તેની વિવેકદૃષ્ટિ [illegible] વડે દીર્ઘમતી બની હતી. જન્મથીજ તેઓ બહિરાત્મ [illegible] કેટલીક રહેલા પ્રવૃત્તિઓની મર્યાદાથી દૂર હતા એટલે કે તેઓ અંતરાત્મ દૃષ્ટિવાન જન્મથી હતા. આવું, [illegible] એટલામાં મન હતું, પૌદ્‌ગલિક [illegible] રહિત હતું તેમજ અનિષ્ટ [illegible] દૂર કરવો

આધ્યાત્મિક વિવેક દૃષ્ટિ.

[illegible] પૌદ્‌ગલિક ક્રિયા છે તેમજ માતા, પિતા [illegible] નથી કિંતુ દેહસંબંધ પૌદ્‌ગલિક [illegible] છે; આત્માને તેની [illegible] પુત્ર, સ્વજન, ધન, મહેલ, વાડી, બગીચાનો સંબંધ કલ્પિત છે; આત્માને તેની [illegible] નથી [illegible] સ્વત્વનું તેમાં આરોપણ કરેલું છે—એ [illegible] સમજવાથી તેમની વિવેકદૃષ્ટિ [illegible] બની હતી અને નવાં [illegible] અંતરાત્મદૃષ્ટિવાન [illegible] સુખ દુઃખના પ્રસંગોને [illegible] હતી. [illegible] પ્રયત્ન કરતા હતા અને પરમાત્મપણાની પ્રાપ્તિ તરફ તેમનો પ્રયાણ [illegible] હતો. [illegible] સ્વરૂપમાં જાણવા એ [illegible] દૃષ્ટિ છે અને [illegible] વિવેક દૃષ્ટિથી [illegible] છે. [illegible] તેની [illegible] છે તેમ [illegible] તેની [illegible] કરી આપે છે. [illegible] વિવેકદૃષ્ટિ [illegible] અને [illegible] તેમને અને [illegible] નથી [illegible] તેમને અને [illegible] છે. [illegible] હતા અને એમનું [illegible] દૂર [illegible] હતા અને [illegible]

'પર પરિણતિ અદ્વેષપણે ઉવેખતા' એ વાક્યજ એમ બતાવે છે કે દેવદ્રષ્ટિને કે મદ પામે આચ્છાદન નહોતો તેથી અન્યદર્શનો-અનુયાયીઓ ઉપર કે તેને પાલન કરી બનેલાઓ ઉપર દ્વેષ નહીં રાખતાં કરૂણાબુદ્ધિએ સત્ય માર્ગનો બોધ તેમને આપી સત્યની પ્રતિપાદક શૈલીએ અસત્યનું ખંડન કરતા હતા અને એ રીતે જેમ સીધી પાતે મનુષ્યોને અનુરૂપ મતિમાં સહાયક નીવડે છે તેમ તેઓ પ્રાણીઓને સન્માર્ગમાં યોજવા ઉપકારક નીવડ્યા હતા. અઢાર દોષ રહિત હોય ત્રિભુવનમાં દેવાધિદેવ કહેવાયા છતાં અન્ય વ્યક્તિઓને હલકી માનવા જેટલું તેમનું લઘુપણું તુચ્છ નહોતું અગર—અભિમાન વૃત્તિનો અંતર નાશ કરનાર એવા એમને માટે એવી તુચ્છ મનના વિચારનો પણ સંભવ કેમ હોય! માત્ર એવી શક્તિ કારણ આપનાથી ભિન્ન હોય પોતાનાથી હલકી કોટિના મનુષ્યોને કંઈ રીતે સંસાર બંધનમાંથી મુક્ત કરી શકાય એવી એમની વિરાગ વૃત્તિને શોભાવે એવી ભાવના હતી તેમ છતાં જે પ્રાણીઓમાં કાળ સ્વભાવાદિની અપરિપક્વતા અથવા ઉદ્ધતાઈની ભાવના વિષે દ્રષ્ટિગોચર થતી તેમના તરફ માધ્યસ્થ વૃત્તિ રાખી તેમનું હિત થાઓ એ તેમ નથી તેમ કોઈ રૂપામાં આવે મગજ તેવો આગ્રહ કરતા. તેઓએ બધું સ્યાદ્વાદે સત્ય કહ્યું એ સિદ્ધાન્તને પોષેલો હતો અને એ દ્વારા અનેક પ્રાણીઓનું હિત કરવા સમર્થ બન્યા હતા. એમ અને આટલામાં ઉતરી 'મારૂં તે સારૂં' તેવી આગ્રહ શૈલીથી [illegible] નહિ પોતાને માનતા મનુષ્યો આજ હાસ્ય કરવાને બદલે સબળ મૂળથી અન્ય દર્શનથી એકનીષ્ઠ રહી જીવતા ક્રમે જગમાં વિશેષ અવકાશ છે—એ સ્થિતિની જે એને આ હતું મહિતી હતી. એવા આત્મજ્ઞાનના સંયોગો તપાસી પ્રત્યેક કાર્ય કરતા હતા. એક વખત જે એમના જેવા ઉચ્ચ કોટિના આત્માને કોઈ પણ અસર થઈ હતી નહિ સમ્યગ્દ્રષ્ટિ અને વિવેક બુદ્ધિના આશ્રયથી શાંતિ પુરઃસર અન્ય દર્શનોના માર્ગનો નિર્ણય અત્રુક એવું સિવાને અન્યતનોજ માર્ગ છે એમ સ્પષ્ટ દર્શાવતા હતા. આ વિવેચન મેં કેવળ આજકાલે વિચારણાથી નહિ જાહેર કર્યો હતા અને સત્ય સ્વરૂપનો ચોમેર પ્રચાર કરવો હતો.

જે સામ્ય દ્રષ્ટિ શ્રીમદ્ વીર પરમાત્માના જ્ઞાનના પરિપાકપણામાંથી ઉદ્ભવી હતી તે એવા મહત્વ સ્થાન ઉપર રહેલી હતી કે જેનું વિસ્મરણ, દુનિયામાં અનેક પ્રસંગો અનુકૂળ કે પ્રતિકૂળપણે તેમના જીવનમાં આવ્યા-ગયાં છતાં પણ થયું નહિ. પરંતુ તેમના આત્મપ્રેમ જ્ઞાનને એ [illegible]

અત્રુક આચારહિત (margin, [illegible])

[illegible] ... [illegible] ... [illegible]

અધિકારિત કે અનધિકારિત વિગેરે સર્વ દિશાના સમોગોને તપાસી જન્મસ્થાનના કેંદ્ર કહ્યી જોતા હતા. ગર્ભમાં હોવા છતાં માતા પિતા તરફનો પોતાનો અપ્રતિમ સ્નેહ જોઈ તેમની સાધ્ય દ્દષ્ટિ એવા નિર્ણય ઉપર આવી હતી કે તેમના અસ્તિત્વ પર્યંત દીક્ષા-સંયમ ગ્રહણ કરવી નહિ. ગોશાલકનાં કુવચનો સાંભળી તેના ઉપર જરા પણ દ્વેષ નહિ કરતાં તેનો ઉદ્ધાર કરવાનીજ એમની દ્દષ્ટિ હતી અને વારંવાર સત્ય સમજાવવા એમનો પ્રયત્ન કદી થાકતો નહિ. ઉપરાંત, દેવકૃત કે મનુષ્યકૃત ઉપસર્ગોને સહન કરવા જેટલું આત્મબળ-એ એમની આવી પ્રશસ્ત દ્દષ્ટિનેજ આભારી હતું, અંતરાત્મપણાની સ્થિતિમાં જન્મથીજ દેહ સ્વઆત્માને પરમાત્મપદ્દની કોટિમાં લાવી સ્થિરતાસંપન્ન કરવો એ એમની અચુક સાધ્ય દ્દષ્ટિનું સર્વોત્ર રહસ્ય હતું અને આ દ્દષ્ટિએજ તેમની પછીના પ્રાણીઓને અપૂર્વ બોધ આપ્યો છે.

શ્રીમદ્ મહાવીરના સમગ્ર જીવનનું રહસ્ય.

वीरः सर्वसुरासुरेंद्रमहितो वीरं बुधाः संश्रिताः ।
वीरेणाभिहतः स्वकर्मनिचयो वीराय नित्यं नमः ॥
वीरात्तीर्थमिदं प्रवृत्तमतुलं वीरस्य घोरं तपः ।
वीरे श्री धृति कीर्ति कांति निचयः श्रीवीर ! भद्रं दिश ॥

" જે સર્વ સુર અને અસુરોના ઇંદ્રોવડે સંપૂજિત છે, જેમનો પંડિત જનો આશ્રય કરે છે, જેમનાથી પોતાનો કર્મસમૂહ નષ્ટ કરાયલો છે,-એવા શ્રી વીરપ્રભુને નિત્ય નમસ્કાર હો; જેમના થકી (સ્યાદ્વાદમય) આ વિસ્તીર્ણ તીર્થ પ્રચાર પામેલું છે, જેમનો તપ અતિ પ્રચંડ છે, અને જેમને વિષે ધૈર્ય કીર્તિ અને ઓજસ વિગેરે ગુણોનો સમૂહ વિદ્યમાન છે એવા હે વીર પ્રભો ! અમને ઇષ્ટ સુખ આપો. "

પ્રિય વાંચકમણ, પ્રસ્તુત શ્રીવીર પરમાત્માના અખિલ જીવનનો એક પણ વિભાગ અવલોકવો એ આપણી સ્થૂલ દ્દષ્ટિની બહાર છે છતાં यत्नशक्ति विचारे न निष्फलाः स फलप्रदः એ શ્રીમદ્ હરિભદ્ર સૂરિના નિયમને અવલંબી એમના ગુણોનું જેટલે અંશે આપણી મતિ પ્રમાણે પ્રકટન કરી શકીએ અને તેને શુદ્ધ સ્વરૂપમાં જાણી શકીએ તેટલે અંશે યોજક અને પાઠક ઉભયને લાભપ્રદ છે એ નિઃસંશય છે. यस्य निखिलाश्च दोषाः न संति सर्वे गुणाश्च विद्यंते એ સ્તુતિરચનાનો પ્રયોગ તપાસતાં શ્રી વીરમાં દોષને અવકાશજ નહોતો-જ્યાં જોઇએ ત્યાં દરેક પ્રસંગે ગુણોજ માલુમ પડતા હતા. શક્તિરૂપે રહેલા અનંત ગુણો વ્યક્તિરૂપે પ્રકટ થવાથી શ્રીવીર પ્રભુની દ્દષ્ટિ કેવળ ગુણગ્રાહી બનેલી હતી. તેઓ પ્રાણી માત્રમાં આત્મત્વે સમાનતા, ગુણોની શક્તિરૂપે સમાનતા સ્વપર પરત્વે માનતા અને તેમના ગુણો વ્યક્તિરૂપે પ્રકટ થયેલા હોવાથી પરને એ દ્દષ્ટિએ અસમાન જોઇ એમનો ઉદ્ધાર ઇચ્છતા-આ રીતે એમની દ્દષ્ટિ સંઘટક (integrating) અને વિઘટક (disintegrating, unifying) ઉભય તત્ત્વોને જાગતી રાખી ભેદાભેદપણું વાસ્તવિક સ્વરૂપમાં તપાસી સર્વને પ્રેમદ્દષ્ટિએ જોતા હતા. એમની ગ્રાહક દ્દષ્ટિ પ્રત્યેક ગુણને કેળવી તેનું રસાયણ આત્મા સાથે મેળવી દેતી. આધ્યાત્મિક વૃત્તિ-સમતા જે વખતે અનુભવતા તે વખતે મુક્તિ થવાથી જે સુખ અપૂર્વ સ્વરૂપમાં પ્રકટ થાય છે તેની

રે મનહર ભરી શાસ્ત્ર વિચારરે; „ „
થાય ભવપર ભવ સુખકારરે, „ „
રે અમૃતરસ ઉછળે સારરે. „ „૭
દીધા વિના કંઈ લે નહીં રે, „ „
રે હોય રાખ થાળી ‑ લોટરે; „ „
શિયળ સદા આખી શુદ્ધ રે, „ „
રે ડગે ક્યાંથી પાળે નવ કોટરે „ „૮
ઉપદેશમાં અમીરસ ઝરેરે, „ „
રે ઝીલે હોય જે ઝીલણહારરે; „ „
કેક પામર પડ્યા સંસારરે, „ „
રે જેને નહીં એ રસ અધિકારરે. „ „૯
કરણી કમાણી ચારિત્રનીરે, „ „
રે વધે જેથી ભવે સંતોષરે; „ „
સત સિદ્ધાન્તમા મચ્યા રહેરે, „ „
રે કરી કાયા જેમાં કુરબાનરે. „ „૧૦
પોથી પાનાને પાતરાંરે, „ „
રે વળી વસ્ત્ર ને કંઇ સામાનરે; „ „
ધરે મમતા વિના મરજાદમાંરે, „ „
રે જેમ ભાખી ગયા ભગવાનરે. „ „૧૧
ખાવે પીવે રાચે નહીરે, „ „
કરે ઓછાં ઓછાં લીંધ આદરરે; „ „
મન ઉપવાસથી દૃઢ દમેરે, „ „
રે જેમ જેગરાવ નીજ આચારરે. „ „૧૨
કાણું માણું જરી નહીરે, „ „
રે શણગાર સમજે સંતાપરે; „ „
ફુલી ભરામ ચાડે નહીરે, „ „
રે તનમન વચને નિષ્પાપરે. „ „૧૩
કરે પુન્ય નહીં નહીં પાપરે, „ „

(મજાપુર)

રે જપે સિદ્ધ ચક્રનોજ જાપરે; „ „
શ્રદ્ધા છે એક અરિહંતનીરે, „ „
રે કદી દેવો ન કોઇને શાપ. „ „૧૪
જપ તપ ધ્યાન ઉપદેશમાં રે, „ „
રે વળી સઝાયમાં ન વિરામરે; „ „
આળસ ઊંઘ નાહીં ફેરેરે, „ „
રે ગપસપ કુથલી તો હરામરે. „ „૧૫
ખરું આખર માણસ કરેરે, „ „
રે કરી ધર્મનો ઉદ્યોતરે; „ „
દેશકાળ ભાવને અનુસરેરે, „ „
રે શ્રેય સારૂ ગણે નહીં માનરે. „ „૧૬
સંસારી વાત ગણે ઝેર રે, „ „
રે સહુ સમજી સંસારી મર્મ રે; „ „
સંજમ ભાવ ફેરેફેરેરે, „ „
રે ગણે પ્રાણથી અધિક નીજ ધર્મરે. „ „૧૭
એવા ગુરૂનો મને ભાવરે, „ „
રે શિર નામું ક્યારે કરજોડરે; „ „
પ્રાણજીવન એ મળ્યા વિનારે „ „
રે ગઈ ખલી ઓધી પગદોડરે. „ „૧૮
કરો દયા ગુરૂ ! દીન દાસ છુંરે, „ „
રે જે કાપું કોડે ભવ જાગરે; „ „
ભમી ભમીને ભૂલો પડ્યોરે, „ „
રે કરો રસને અમૃત હું બાળરે. „ „૧૯
આપ વિના નહીં દાનરે, „ „
રે બીજો મારે ન કોઈ બચાવરે; „ „
માબાપ જે ગણું બધું રે, „ „
રે મુજ તરણ તારણ ભવ નાવ. „ „૨૦

પ્રાણજીવન મોરારજી શાહ.

શ્રી મહાવીર.

૧

પૂર્વે ભરતખંડમાં ક્ષત્રિયકુંડ નામનું એક નગર હતું. એ નગરમાં ઇક્ષ્વાકુ વંશનો સિદ્ધાર્થ નામનો પરમ પવિત્ર અને પ્રજાને સન્માર્ગે દોરનાર અને સંતોષનાર રાજા હતા. આ પુણ્યશાળી સિદ્ધાર્થ રાજાને ત્રિશલા નામે પતિપરાયણી સાધ્વી સ્નેહાળ પત્ની હતી

આ ત્રિશલાદેવીના ગર્ભમાં શ્રી મહાવીર પ્રભુ આવ્યા. મહાત્માઓ આમ કરવું એમ વારંવાર કહેતા નથી પરંતુ તેમના જીવનમાંથી જન્મથી તે અવસાન સુધીના જીવનક્રમથી બોધ લેનારને ઘણું ઘણું મળી રહે છે. શાસ્ત્રકારોએ સર્વ દેવોમાં માતૃદેવ પ્રથમ માન્યા છે અને વીર મહાત્મા મહાવીરે પોતાના કૃત્યથી જગતમાં અપ્રતિમ માતૃભક્તિનો બોધ આપ્યો છે. સંસારના અનુભવીને, મુખ્યત્વે કરી સ્ત્રીઓને વિદિત છે કે ગર્ભનું ફરકવું થાય છે. "જો હું માતાના ગર્ભમાં હાલીશ-ફરકીશ તો મારી પુત્રવત્સલ માતાને કષ્ટ થશે, દુઃખ થશે," માતાને,—નવ મહિના ભારવહન કરનાર માતાને—ત્યાર પછી પણ 'સુકામાં સુવાડી ભીને પોતે પોઢે' કરનાર નિઃસ્વાર્થ સ્નેહની મૂર્તિ માતાને—દુઃખ ન થવું માની શ્રી મહાવીર ગર્ભમાં ફરક્યા નહી શ્રી મહાવીરને આ અભિગ્રહ-માતા પ્રત્યેનો ભાવ કેટલો ઉન્નત ! જન્મ્યા પહેલાં તો શું પરંતુ જન્મ્યા પછી પણ 'માતાને સંતાપીશ નહી' એવી પ્રતિજ્ઞા કરી. તેમ વર્તનારજ શ્રી મહાવીરને પગલે ચાલ્યો કહેવાય છે.

ક્રમક્રમે ચૈત્ર માસની શુકલ ત્રયોદશીએ ત્રિશલા દેવીએ શ્રી મહાવીરને જન્મ આપ્યો. શ્રી મહાવીરને વડિલ બન્ધુ હતા છતાં મહાવીરના જન્મથી નગરીમાં અધિક આનંદ પ્રવર્ત્યો. પુત્રના લક્ષણ પારણામાંથી જણાય એ ન્યાયે શ્રી મહાવીરનો પ્રભાવ, શ્રી મહાવીરનું તેજ, છૂપું રહ્યું નહી. 'ચંદ છુપે નહિ બાદલ છાયો, તેજ છુપે નહી ભભૂત લગાયો' તેમ શ્રીમહાવીરની પ્રભા સર્વ ઉપર પડવા લાગી.

જાત કર્માદિ સંસ્કાર કર્યા પછી જન્મથી બારમે દિવસે નામકરણ સંસ્કાર કરવામાં આવ્યા. શ્રીમહાવીરના જન્મથી નગરમાં આનંદ વધ્યો હતો, કુટુમ્બમાં સ્નેહની વૃદ્ધિ થઈ હતી, એટલે શ્રીમહાવીરનું વર્ધમાન નામ પાડવામાં આવ્યું.

મહાવીર વર્ધમાન આઠ વર્ષના થયા. પોતે એક ક્ષત્રિય રાજપુત્ર હતા. તહેનાતમાં અસંખ્ય દાસ દાસીઓ રહેતી. સામાન્ય વર્ગના લોક તરફ નજર પણ ન કરી હોય તો પણ ન કરે એવી પદવી હતી. છતાં શ્રીમહાવીર પોતાના સમોવડીયા બાળકો સાથે નિરંકુશ રમતા. તેમને પ્રેમથી બોલાવતા. શ્રીમહાવીરના જીવનમાંથી આ બીજો બોધ લેવાનો છે. આપણા મોટરકારમાં ફરનારા, પૈસામાં આળોટનારા, પોતાને ઉંચા માનનારા શ્રીમન્તો, સત્તાધીશો, ગરીબો પ્રત્યે તિરસ્કાર નજરે જૂવે છે, તો પછી તેમની સાથે હસે તો ક્યાંથીજ ! શ્રીમહાવીરે પોતાના દૃષ્ટાન્તથી પરમાત્માને રાજી રાખવા હોય તો પ્રાણી માત્ર પ્રત્યે સમભાવ રાખો એ કરી દેખાડ્યું.

શ્રીમહાવીરના બાળજીવનમાંથી ત્રીજો બોધ નિડરતાનો લેવાનો છે. હાલ માબાપ-સ્વાર્થને ખાતર બાળકોને બીકણ બનાવવામાં આવે છે. 'બાવો આવ્યો,' અંધારામાં તે એકલો જવા દે બાળકને 'કોઈ કરડશે ! એકલા જવાય નહિ.' એમ કરી એમને નાહિંમત બનાવવામાં આવે છે શ્રીમહાવીરે નિડર બહાદૂર થવાનો ઉપદેશ કર્યો છે. એક સમય મહાવીર રમતા હતા ત્યાં એક ભયંકર સર્પ આવ્યો. આ સર્પને જોઈ બીજા કુમારો નાઠા ભયથી નાસી ગયા શ્રી મહાવીર જરા પણ ગભરાયા નહી. હિંમત રાખી હસતાંથી તે સર્પને પકડ્યો અને દૂર કર્યો પાસમાં વીંટી કાળજાનો કે સર્પ ભિકર.' તો આપણા જાણો છો કે શું પણ એવાં સો પુરુષો પણ કેટલાં ગભરાય છે ! નિડરતાની ટેવ જેટલી કેળવવી એટલી ઓછી છે. આપણાં બાળકો કોઈ મોટાં-સાપ વીંછી કે વાઘ દેખીને

ગભરાય તો પછી જનસમાજ માટે, રાજ્યભક્તિ માટે, સહનશક્તિ, નિડરતા, ક્યારે આવવાની!

શ્રીમહાવીર પ્રભુ સર્વજ્ઞ હતા, બુદ્ધિશાળી હતા, છતાં જગતમાં દાખલો બેસાડવા અભ્યાસ, જ્ઞાન, કેળવણી આવશ્યક છે એ દર્શાવવા ગુરૂને ઘેર ગયા અને અભ્યાસ કર્યો. શ્રી મહાવીર રાજપુત્ર હતા. એમને દ્રવ્યની ન્યૂનતા નહોતી છતાં ખંત, ઉમંગથી પિતાએ અભ્યાસ કરાવ્યો અને પૂર્ણ જ્ઞાન મેળવ્યું આપણા શેડીયાઓ તવંગરો–" અમારા પુત્રોને વળી અભ્યાસની માથાકૂટ શી! એમને ક્યાં નોકરી કરવા જવું છે!" એ વિચારે પૂરો અભ્યાસજ કરવા દેતા નથી. બે ચાર ધોરણો ચલાવવા દે તે શાળા ઉપર–કેળવણીખાતા ઉપર ઉપકાર કરતા હોય તેમ. શ્રી મહાવીરના ભક્તો, શ્રી મહાવીરના અનુયાયીઓ, એ મહાત્માને પગલે ચાલો, ગમે તે સ્થિતિનાને પણ વિદ્યાભ્યાસ આવશ્યક છે એ જાણવું જોઈએ.

શ્રીમહાવીરને જન્મથીજ ઉચ્ચ સંસ્કાર હતા એટલે અનીતિ–અયોગ્ય વિચાર કે વિકારોનો પ્રવેશ થાય એમ નહોતો. જ્યારે આપણા હાલના યુવાનો શૃંગારયુક્ત નાટકો, નોવેલોની અસરથી, ઘેર કે બ્હાર નીતિના સંસ્કારો ન પડેલા હોવાથી સમવયસ્ક સાથે સ્ત્રી પુરૂષોની વાતો કરી શુદ્ધ બ્રહ્મચર્યને ક્ષતિ આપે છે ત્યારે આપણને કેટલો શોક થાય છે? ! વીસ કે પચીસ વર્ષ સુધી લગ્ન ન કરવું એમાંજ બ્રહ્મચર્ય આવી રહેતું નથી, પરન્તુ એ વયસુધી–લગ્ન થતાં સુધી અપવિત્ર વિચારો ન આવે એવી મનની ઘટના કરવી એમાંજ મહત્તા છે. સ્ત્રીઓથી દૂર રહેવા વનવાસ કરવા કરતાં જનસમાજમાં રહી એ વસ્તુના પોષવીજ નહી એમાંજ વિદ્યા ગૃહકેળવણી–સંસ્કારની ખુબી રહી છે. શ્રીમહાવીરના જીવનમાંથી એજ શિખવાનું છે. પોતે રાજપુત્ર હતા. યુવાન હતા. અનેક કન્યાઓ મેળવી શકત એવી સ્થિતિમાં હતા એટલું જ નહિ પણ સમરવીર નામના રાજાની યશોદા નામની સ્વરૂપવાન કન્યા માટે માગુ આવ્યું છતાં મહાવીરને જરા પણ વિકાર થયો નહી. આ જીતેન્દ્રિય વૃત્તિ કેળવી પ્રભુને પગલે ચાલવાની આપણા યુવાનોને ઓછી જરૂર નથી. મ્હોટી વયે લગ્ન થાય એ વંદનીય છે, પરન્તુ એ લગ્ન થતાં સુધી નિર્વિકાર રહેવું, થતા વિકારને દાબવા મનોબલની જરૂર છે અને આ મનોબલનો આધાર પ્રથમ તંદુરસ્તી, ગૃહ અને શાળાની કેળવણી–સત્સંગ અને પ્રબલ મનોનિગ્રહ ઉપર છે. શ્રીમહાવીરે લગ્ન કરવા સાફ ના પાડી.

જ્યારે સમરવીર તરફથી વિવાહને માટે કહેણ આવ્યું ત્યારે સિદ્ધાર્થ રાજાએ વિવાહની એકદમ હા પાડી નથી પરન્તુ પુત્રની ઇચ્છા જાણવા માણસો મોકલ્યા હતા. પરણાવવું એ શબ્દને બદલે પરણવું એમ હતું. માતાપિતાજ કન્યાની કે વરની શોધ કરતા, પરંતુ પરણનારની સંમતિ આવશ્યક હતી એ આ દૃષ્ટાન્તથી સાબીત થાય છે. તો મહાવીરને પગલે ચાલનાર, પોતાના બાલકોને ઘોડીયામાંજ, બાલ્યાવસ્થામાંજ, ન પરણાવતાં યોગ્ય વયે આવતાં પ્રત્યક્ષ કે પરોક્ષ સંમતિ લેવા ભૂલશે નહિ.

શ્રીમહાવીરને સંસારમાં પડવા જરા પણ લાલસા નહોતી. વળી દીક્ષા લેવા અભિલાષ હતો પરન્તુ આ સર્વ કરતાં માતાપિતાની આજ્ઞાનું પાલન એ એમને વિશેષ હતું. જગતમાં આત્મભોગ આપનારજ મહાત્મા ગણાયા છે. આત્મભોગથીજ પરમાત્મા રાજી થાય છે. આ આત્મભોગ પણ મ્હોટો હોવો જોઇએ. કેટલાક તીર્થની જગાએ જઇ અમૂક વસ્તુનો ત્યાગ કરે છે. હવે આ ત્યાગમાં પણ છેતરપીંડી હોય છે. એક જણને રીંગણા ન ભાવતાં

...ત્ર અને તીર્થમાં જ્યાં રીંગણાં ન ખાવાનો અભિગ્રહ કરે એ કાંઇ આત્મભોગ કહેવાય ! ! ...ડે જ. તમને અતિપ્રિય હોય—જે વિના તમને ઘડી ભર ચાલતું ન હોય તેનો ત્યાગ ...ત્વ.માં જ આત્મભોગ સમાયેલો છે. શ્રીમહાવીરને દીક્ષાનાં સ્વપ્નાં આવતાં હતાં. દીક્ષા ...યારે લઉં એમ થયા કરતું હતું. સંસારની ધૂંસરી ગમતી નહોતી. આ સમયે કેવળ ...માતાપિતાના આગ્રહ અને સંતોષને લઇને જ શ્રી મહાવીરે યશોદા સાથે લગ્ન કર્યું.

સામાન્ય રીતે એમ બને છે કે ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરનાર પોતાની પત્ની-નિર્દોષ ...ત્નીને કનડે છે, સંસારસુખ ભોગવતો નથી અને કુટુંબમાં કલેશ સિવાય કાંઇ જોતો નથી. શ્રી મહાવીરના જીવનમાંથી પગલે પગલે બોધ મળે છે. પોતે લગ્ન કરવાના નહોતા. કેવળ માતપિતાની આજ્ઞા ન લોપવાની ઇચ્છાથીજ પરણ્યા છતાં લગ્નની જવાબદારી માથે લીધી પછી જવાબદારી પરિપૂર્ણ રીતે બજાવી આપણને કર્તવ્ય ભાન કરાવ્યું છે. પત્નીને જરા પણ અસંતોષ આવવા દીધો નથી. એક દૃષ્ટાન્તરૂપ દૈવી દંપતીજીવન ગાળ્યું હતું. પતિપત્નીના પ્રેમની મૂર્તિરૂપ પ્રિયદર્શના નામની પુત્રી થઇ અને એ પુત્રીને યોગ્ય વયે જમાલી નામના રાજપુત્ર સાથે પરણાવી.

શ્રીમહાવીરને પુત્રી થઇ: એ પુત્રી પ્રિયદર્શનાજ હતી. સામાન્યતઃ પુત્રીજન્મ હલકો લેખાય છે. પુત્ર થતાં જ્યારે સાકર વ્હેંચાય છે ત્યારે પુત્રી થતાં નિરાશા થાય છે. એ નિરાશા ન રાખો પુત્રી પણ આદરણીય છે, ભવિષ્યની કેળવાય તો ગૃહિણી ગૃહદેવી, વીરમાતા છે એ ભાવના ઉત્પન્ન થાય, એ હેતુ પણ આ પ્રિયદર્શનના જન્મમાં હોય તો અસંભવિત નથી.

શ્રીમહાવીરનો અભિગ્રહ હતો કે જ્યાં સુધી માતાપિતા હયાત છે, ત્યાંસુધી મારે દિક્ષા ગ્રહણ કરી મારો પરમસ્વાર્થ સાધવો નથી. શ્રીમહાવીરના આ અભિગ્રહમાં કેટલો આત્મભોગ છે ! નવા જમાનામાં સ્વતંત્રતા અને સ્વચ્છંદપણામાં બહુ ભેદ ન માનનારા યુવાનો માતપિતાનું ગમે તે થાય, એમની ગમે તેમ મરજી હોય, મ્હારે મ્હારો સ્વાર્થ સમજવો જોઇએ, એ બોલનારને શ્રીમહાવીરના પગલે ચાલવા, મહાવીરના આત્મભોગ સમજવા, પ્રેમપૂર્વક વિનંતિ છે.

શ્રીમહાવીર અઠાવીશ વર્ષના થયા અને માતાપિતા દેવલોકમાં ગયા. હવે મહાવીરે પોતાના વડિલ બન્ધુ નંદિવર્ધનને શાન્ત કરી રાજ્યતંત્ર સોંપ્યું અને દીક્ષા લેવા રજા માગી. નંદિવર્ધનને શ્રીમહાવીરની આ માગણી આઘાતરૂપ થઈ. આ બન્ધુઓ વચ્ચે કેટલો પ્રેમ ! પિતાની મિલકત માટે લડનારા કોર્ટની દેવડીએ ચ્હડનારાઓમાં આ બન્ધુ પ્રેમ કયાંથી સમજાય ! રાજ્યમાં ભાગ પડાવનાર, સંસારનો ત્યાગ કરી જવા તૈયાર થનારને પ્રેમથી-લાગણીથી રહો રહો કહેનાર કેટલા બન્ધુ હશે ! બન્ધુભાવની આથી બીજી કઇ પરાકાષ્ઠા ! આત્મભોગ, પરસેવા, બીજાને સુખી કરવા એ જેનો જીવનમંત્ર છે એવા મહાવીરે પોતાના વડિલ બન્ધુ નંદિવર્ધનને સંતોષ્યા. પોતાનો સંકલ્પ મુલ્તવી રાખ્યો, અને બન્ધુની ઇચ્છા મુજબ વધુ બે વર્ષ ગાળ્યાં. બે વર્ષ પછી શ્રીમહાવીરે દીક્ષા લીધી અને સગાં, સંબંધી નગર વગેરેનો ત્યાગ કરી કેવળ પ્રાણી માત્રને પોતાનાં બન્ધુ માની જીવન વ્યતીત કરવા આરંભ કર્યો.

મહાવીરે દીક્ષા લીધી તે પહેલાં દાન ક્રિયા કરી હતી. દાન ક્રિયા પછી-દીક્ષા લઇ

નિકળ્યા પછી એક બ્રાહ્મણ, અકિંચન ગરીબ બ્રાહ્મણ દાન માટે એમની પાસે આવ્યો. મહાપ્રભુએ આપણા મદોન્મત્ત સંસારી પેઠે આ ભિક્ષુકને ગાળો દીધી નહી. તેનો તિરસ્કાર કર્યો નહી. પરન્તુ એ યથાસ્થિત દરિદ્રી છે એમ ખાતરી થતાં પોતાનું અર્ધું વસ્ત્ર આપ્યું. દયા–અનુકંપાનું અનુકરણીય દષ્ટાન્ત આથી બીજું કયું !

શ્રી મહાવીરે ૭ વર્ષ આમ વિહાર કર્યો અને વિહાર દરમ્યાન એમના અનેક ગુણો પ્રકાશી જગતને બોધરૂપ થયા હતા. ક્ષમા એ મહાવીરનો સ્વભાવજન્ય ગુણ હતો. એક વેળા મહાવીર ધ્યાનસ્થ હતા. એવામાં એક ગોવાળના બેલો ફરતા ફરતા મહાવીરની પાસે ચરતા હતા, ગોવાળ ખોળનો ખોળતો ત્યાં આવ્યો અને એને એમ લાગ્યું કે બેલો ચોરનાર આ છે, એમ થતાં મહાવીરને મારવા તૈયાર થયો, છતાં મહાવીરને જરા પણ ક્રોધ ન આવ્યો. ગોપના અજ્ઞાન માટે કેવળ હસ્યા. કાળે કરી ગોપને પોતાની ભુલ જણાઈ ને મહાવીરની ક્ષમા યાચી. ક્ષમા એજ વીરોનું ભૂષણ છે અને વીરને પગલે ચાલનાર પ્રત્યેક મનુષ્યે આ ક્ષમાનું ભૂષણ પહેરવા જરૂર છે.

શ્રીમહાવીરે આમ આત્મ અને રાષ્ટ્રોન્નતિના કાર્યમાં બાર વરસ વ્યતિત કર્યા. એ બાર વર્ષ દરમિયાન અનેક સ્ત્રી પુરૂષોના આત્માનો ઉદ્ધાર કર્યો. સ્થળે સ્થળે ફરી દયા, ક્ષમા, પ્રેમવૃત્તિ પ્રસારી. મહાવીર જેવા અપ્રતિમ આત્માને આ જ્ઞાન માટે બાર બાર વર્ષ વ્યતિત કરવાં પડયાં. અનેક પ્રસગોમાં આવવું પડયું એજ દર્શાવી આપે છે કે જ્ઞાન મેળવવાનો રાજ માર્ગ નથી હોતો. ઉત્તમ ગુણોની સેવના, પ્રતિજ્ઞા, પ્રયત્નો અને કેવળ પરને માટે જીવવાના નિશ્ચયની જરૂર છે.

કાળ જતાં મહાવીરે સમવસરણમાં બેસી દેશના આપવા નિશ્ચય કર્યો. આ સમયે કેટલાક અજ્ઞાન બ્રાહ્મણોએ મહાવીરને હલકા પાડવા, એમને તોડી પાડવા, અનેકવિધ પ્રયત્નો કર્યા, પરન્તુ ક્ષમાશીલ મહાવીર જરાપણ ડગ્યા નહી હાલમાં કેટલાક સ્થળે–કેટલીક સમાજોમાં શાસ્ત્રાર્થ થાય છે અને પરિણામે ગાળો તિરસ્કાર પ્રત્યક્ષ થાય છે તેમ ન કરતાં, વિતંડાવાદ ન કરતાં પ્રતિપક્ષી પ્રત્યે સદ્ભાવ દર્શાવ્યો. મહાવીરે આ બ્રાહ્મણોને પ્રેમથી બોલાવ્યા. તેમની શંકા સાંભળી અને દલીલોથી શાસ્ત્રના પ્રમાણોથી તેમની શંકાનું સમાધાન કર્યું તેમને પોતાના મતના કર્યા અને આ પ્રમાણે શ્રી પ્રભુએ ૪૪૦૦ શિષ્યોને દિક્ષા આપી. અને સ્ત્રી તેમજ પુરૂષોને સદ્બોધી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

મહાવીર પ્રભુએ આમ અનેક સ્થળે ફરી ભવકુપમાં ડુબતા પ્રાણીઓને બહાર કાઢી દેહનું ચૈતન્ય મધ્યમ પાવાપુરીમાં ત્યજ્યું. અને આસો વદ અમાસ એટલે દિવાળીને દિવસે બહોતેર વર્ષની વયે મહાવીર નિર્વાણ પામ્યા.

શ્રી મહાવીરે આ પ્રમાણે જન્મથી નિર્વાણપદ સુધી કેવળ પરોપકાર જ કર્યું છે. એક વર્ષના ગૃહસ્થાશ્રમમાં સમાનતા પ્રેમ–દયા–માતાપિતાની સેવા, અહિંસા, આત્મત્યાગ, વ્યવહાર કુશળતા, આસક્તિનો અભાવ વગેરે સ્પષ્ટજ દર્શાવ્યા છે. એક આદર્શ પુત્ર તરીકે એક પતિ તરીકે, પુરૂષ પિતા તરીકે, પ્રાણી માત્રના બન્ધુ તરીકે જ શ્રીમહાવીરનું જીવન શુદ્ધ છે. બાર વર્ષ વિહારમાં ગાળ્યાં તેમાં અનેક શાંતિ અને સ્થિતિનાં સ્ત્રી પુરૂષો કેવળ પ્રેમ–દયાપૂર્ણ વર્ત્યા છે. તેમાં પણ જરા પણ એમ અહંતા કે અભિમાનથી નહી જ. પણ આત્મભાને પામી અને જગતનાં પરમાત્માને પામવા ભણતાં શિખવ્યું છે. (૯)

ઓના ત્રીસ વર્ષમાં ઘણી ઉન્નતિ ગુણો પ્રકાશ્યા હતા. અહિંસાનો પરમમંત્ર ત્હેમણે સાધ્યો તો. પર ધર્મી-અન્યમતાવલમ્બી પ્રત્યે અભિરુચિ, એમના ધર્મની અવગણનામાં જ આપણા ધર્મની મહત્તા મહાવીરે માની જ નથી. પ્રેમ, શંકાસમાધાનથી જ ધર્મ પ્રવર્તાવ્યો તો અને એ મહાગુણને લીધે જ એમનો વિજય થયો.

એ મહાત્માના ક્ષમા, અહિંસા-મૂલ દયા-આત્મ ભોગનું કાંઇક સ્મરણ કરી એમને પગલે ચાલવા આપણા બન્ધુઓમાં ઉત્સાહ પ્રગટો એજ મહેચ્છા.

B. R. D.

महावीरने-विनति.

૧

+મનમંદિર.

દુખ ટળિયાં મુખ દીઠે મુજ સુખ ઉપનાં રે, ભેટયા ભેટયા વીરજિણંદ રે;
હવે મુજ મનમંદિરમાં પ્રભુ ! આવી વસો રે, પામું પામું પરમાનંદ રે. દુખ. ૧
પીઠબંધ ઈહાં કિધો સમકિત વજ્રનો રે, કાઢયો કાઢયો કચરો ને ભ્રાંતિ રે;
ઈહાં અતિ ઉંચા સોહે ચારિત્ર ચંદુઆ રે, રૂડી રૂડી સંવર ભાંતિ રે. દુખ. ૨
કર્મવિવર ગોખે ઈહાં મોતી ઝૂમખાં રે, ઝુલે ઝુલે ધીગુણ આઠ રે;
બાર ભાવના પંચાળી અચરજ કરે રે, કોરી કોરી કોરણી કાઠ રે. દુખ. ૩
ઈહાં આવી સમતા રાણીશું પ્રભુ ! રમો રે, સારી સારી સ્થિરતા સેજરે;
કિમ જઈ શકશો રે એકવાર જો આવશો રે, રંજયા રંજયા હિયડાની હેજરે. દુખ. ૪
વયણ અરજ સુણી પ્રભુ મનમંદિર આવિયા રે, આપે તુઠા તુઠા ત્રિભુવનભાણરે;
શ્રી નયવિજય વિબુધ પયસેવક ઈમ કહેરે, તેણે પામ્યા પામ્યા કોડિ કલ્યાણ રે. દુખ. ૫

—યશોવિજય.

૨

(કોઇકારે હરો-એ દેશી.)

સિદ્ધારથના રે નંદન ! વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવાર. સિ. ૧
[1]ત્રણ રતન મુજ આપો, તાતજી ! જિમ નાવેરે સંતાપ;
દાન દેવંતાં રે વળી [2]પ્રભુ કસર કિશી ! આપો પદવી રે આપ ! સિ. ૨
ચરણ અંગુઠે મેરૂ કંપાવિયો, સુરનું [3]મોડયું રે માન;
કર્મતણા તેરે કટક ફટિયા, દીધું [4]વરસીરે દાન. સિ. ૩

+ આ મનમંદિરની કલ્પ કરવના કાર્દ શરુઆત જિનવિજયજીનું દેરાસર 'મનમોહન'નું કલ્પના-ના ચિત્ર દેખતાંજ સાહુભૂત સ્તવે (ભાંડારમાં ...ઈ. ... મનમોહન મંદિર ઠેકાણે સ્વ ઈ ...-દેરી ... અને ... પ્રભુ મનમંદિરે સમસ્ત ... વાચ છે...)

૧ જ્ઞાન, દર્શન, અને ચારિત્ર એ રત્નત્રય ૨ કંજુસાઇ, આનાકાની. ૩ તોડયું, ભાંગી નાખ્યું ૪ વાર્ષિક.

શાસનનાયક ! સર્વે સુખદાયક ! ત્રિશલા કુખે રતન !
સિદ્ધારથનો રે વંશ દીપાવીઓ, સાહિબ ! તું ધન ધન ! સિ. ૪
વાચકશેખર કીર્ત્તિવિજય ગુરૂ, પામી તાસ પસાય;
ધર્મતણે રસે જિન ચોવીશના, વિનયવિજય ગુણગાય. સિ. ૫

વિનયવિજય (સ્વ. સં. ૧૭૩૮)

૩

આવ આવરે મ્હારા મનડા માંહિ, તું છે પ્યારોરે,
હરિહરાદિક દેવહૂંતી[1], હું છું ન્યારોરે. આવ. ૧
અહો મહાવીર ! ગંભીર તું તો, નાથ મ્હારોરે,
હું નમું તુને ગમે મુને સાથ તહારોરે. આવ. ૨
[2]સાહી સાહીરે ચીકડા હાથ મ્હારા,વૈરી [3] વારોરે,
દે દેરે દર્શન દેવ ! મુને દે ને [4]લ્હારોરે. આવ ૩
તું વિના ત્રિલોકમાં [5]કોહેનો નથી ચારોરે,
સંસાર [6]પારાવારનો સ્વામી, ! આપને [7]આરોરે. આવ. ૪
ઉદયરત્ન પ્રભુ જગમાં જોતાં તું છે તારો રે,
તાર તારરે મુને તાર તું, સંસાર સારોરે. આવ. ૫

—ઉદયરત્ન.

૪

(સુણ સુણ વાલ્હા—એ દેશી)

અવિકમલ પડિબોહતો, સહુ તણે પરિવાર,
ગામ નગર પુર વિહરતો, મિલિ ન શક્યો તિણવારરે. ચરમ જિણેસર.
ચરમ જિણેસર લીણો શિવપુર વાસોરે,
[8]સબલ વિમાસણ. કેમ કરૂં [9]અરદાસોરે ?
હવે અળગો જઇ રહ્યો, નિંદા કિણુ કિમ અવાય ?
ચક્ષનો સાથ ન કો મિલે, કિમ કાગલ દેવાય ? ચરમ૦
ઇમ જિનરાજ વિચારતાં આવ્યો ભાવ પ્રધાન,
નિજ તું પ્રત્યક્ષ મેળવ્યો હવે કર આપ સમાન. ચરમ૦

—જિનરાજ સૂરિ (ખરતરગચ્છ)
(જિનસિંહના પટ્ટધર)

---

૧ દેવકદિ ૨ પકડ ૩ નિવારો-દૂર કરો ૪ અનુસરણ ૫ કોઈનું ચાલવાનું નથી ૬ સમુદ્ર ૭ પાર ૮ મનુષ્યારે મુંઝવણ. ૯ અરજ.

૫

(રાગ. જંગલો. નથનં જમાકડો. એ દેશી.)

શાસનનાયકસેં અબ મેરી, અરજ કરનકું આયો,
હોજી સાહેબા ! અબ મુજ પાઠાયો—૧
કાલ અનંતે પુદ્ગલ, આવર્તન સો વહાયો, હોજ. ૨
ભમત ભમત સનિતોપથ ન્યાયે, તુમ શાસન હું પાયો. હોજ. ૩
અબે સેવકકું વંછિત દીજે, દીજે જ્યા હું સવાયો. હોજ. ૪
જો તુમ તારે સોઈ હું જાનું, તિને કહા દિનો બતાયો. હોજ. ૫
ઘોં કરને સાખીકો ન રહે, તારક બિરુદ ધરાયો. હોજ. ૬
આગેં પીછે કછુ ન વિચારો, પારસ અવસ જો રમણાયો. હોજ. ૭
તુમ પદ સેવા અમૃતક્રિયા સેં, દીજે હું નવનિધિપાયો. હોજ. ૮

—અમૃતવિજય.

વદ્દિકભાઈની વિનતિ.

૬

(હલ સાલુડાનિ—એ દેશી.)

વીરજી ! ઉભો મરમોડિ, બે કર જોડી અરજ કરે રે લો.
—મ્હારા વીર પીઆરારે લો.
વીરજી ! રાજેસર રાણા આણા તાહરી શિર ધરૂંરે લો.
—મ્હારા વીર પીઆરારે. ૧
વીરજી ! મોહબડે વલવલે નવલે, ભણુ રાની રહુંરે લો. મ્હારા.
વીરજી ! વાતો મનદુખની સુખની, તુજ આગે કહુંરે લો. મ્હારા. ૨
વીરજી ! જિન પરલોકે ગયા, તિણુ દીઠે દીહા ગમુંરે લો. મ્હારા.
વીરજી ! ચિંતાતુર નિત મો ચિતમાં, જિમ કુતો ભમુંરે લો. મ્હારા. ૩
વીરજી ! તુજ વિરહે ચોફેરોં, વગી ઉંટ દધરે લો. મ્હારા.
વીરજી ! સંજમ જો લેહો દેસ્યો, ગુંભડ ખાર તેરે લો. મ્હારા. ૪
વીરજી ! ભોજન નવિ ભાવે થાવે અતિ અસંભવ્યારે લો. મ્હારા.
વીરજી ! નિદરડી નાવે ખાટે, મન ઉધાપલોરે લો. મ્હારા. ૫
વીરજી ! છાતિમાં ઘાતી કરી, જેલે સારનીરે લો. મ્હારા.
વીરજી ! પીડા વિણુ વારે લાગે, મોટી મારનીરે લો. મ્હારા. ૬
વીરજી ! વેદન નવિ જાણે ટાલે, આણે કઠિન હિયોરે લો. મ્હારા.
વીરજી ! થાઓ કરુણાના વાલ્હા, મન ના મુકી દિયોરે લો. મ્હારા. ૭
વીરજી ! વિનવ્યા ઠમ અર્ઝ આઈ, આઈ નંદિવર્ધનેરે લો. મ્હારા.
વીરજી ! ભીના નહિ મનડું ધનડું, પેરે જગતનેરે લો. મ્હારા. ૮
વીરજી ! ચારિત્ર લેસું મેં પામી, અવસર આપણોરે લો. મ્હારા.
વીરજી ! કેવળ લહી સીધો લીધો, શાશ્વત સુખ ઘણોરે લો. મ્હારા. ૯
વીરજી ! પ્રેમે જે ધ્યાવે ગાવે, જિન ગુણ આદરીરે લો. મ્હારા.
વીરજી ! કાંતિવિજય જયમાળા માધ્યને વરીરે લો. મ્હારા. ૧૦

—કાંતિવિજય.

પ્રભુને વંદનાર્થે આવેલ ઇંદ્ર.

હોરી

મહાવીર એસે જિનવંદનકું, હરિ આવત બે કરજોડી.
મહાવીર એસે પ્રભુવંદનકું,
હરિ આવત બે કરજોડી. ૧

ચોદ સહસ તે હસ્તી બનાયે, પાંચસેં બાર મુખોરી;
મુખ મુખી અષ્ટ દંતૂશળ સોહે, વાવડી આઠ લખોરી. મહાવીર. ૨
વાવ્ય વાવ્ય બિચ અષ્ટકમળ હે, પાંખડી લાખ લહોરી;
પાંખડી પાંખડી નાટક રચના. વરણી વેણુ ઝકોરી. મહાવીર. ૩
કમળ કમળ બીચ ઇંદ્રભુવન હે, આઠ ભદ્રાસન જોરી;
બિચમેં સિંહાસન ઇંદ્ર બિરાજે, વીર નમત કરજોરી. મહાવીર. ૪
દશાર્ણવભદ્ર દેખી હરિ રચના, નિજ અભિમાન તજ્યોરી;
રિદ્ધિ છોડકે ચારિત્ર લીનો, પ્રભુકે શરણે રહ્યોરી. મહાવીર. ૫
પ્રભુકે બચન સુણી આનંદ પાવે, વંદન મુનિયે કર્યોરી;
વિનય ધરત બહુ ભક્તિ કરતહે, હરિ નિજ સ્વર્ગે ગયોરી.મહાવીર. ૬

વિનયવિમલ.

(આમાં હરિ એટલે ઇંદ્ર એ અર્થ લેવાનો છે. ઇંદ્ર વીરપ્રભુને નિજ સર્વ પરિવાર સહિત વંદન કરવા આવે છે. ઇંદ્રની ઋદ્ધિ જોઇ દશાર્ણભદ્ર રાજાને પોતાની સમૃદ્ધિનો જે મદ હતો તે ગળી ગયો-દીક્ષા લીધી. ઇંદ્ર વીરવાણી સુણી પોતાના સ્થાને સ્વર્ગે ગયો. આમ ટુંકે હકીકત છે.—તંત્રી.)

સ્ત્રીવાંચન વિભાગ.

સંપાદિકા—નિર્મળા બહેન.

વીરવંદના.

૧

*માહારી વીરપ્રભુને વંદનારે, એની વંદના તે પાપ નિકંદના રે—માહારી.
હાંરે હુંતો કળશ ભરૂં તે ગંગા નીરના રે, હુંતો નવણ કરૂં મહાવીરનારે— મા. ૧
હુંતો પ્યાલા ભરૂં કેસર ઘોળના રે, માંહે [1]મૃગમદ ભેળું બહુ મૂલના રે— મા ૨
હુંતો તિલક કરૂં નવે અંગનારે, હુંતો ફુલ ચઢાવું પંચરંગનારે— મા. ૩
હુંતો પૂજા કરીને થાઉં [2]પાવનારે, હુંતો ભાવું તે આતમ ભાવનારે— મા. ૪
એવા ભાવ ભલા [3]મુંદરા શહેરનારે, તિહાં વીર બિરાજે જય જયકારનારે— મા. ૫
તિહાં સંઘ સદા આનંદનારે, તિહાં કર કલ્યાણ નિત્ય વંદનારે— મા. ૬

—કલ્યાણસાગર.

---

* ગરબે રમે આનંદે રમે, આજ નવ દુર્ગા રમે રમે એના એના ચાચરામાં મચાવી.
[1] કસ્તુરી. [2] પવિત્ર [3] કચ્છમાં આવેલ મુંદ્રા શહેર અને ત્યાંના રહેનાર પોતાનું નામ મુકે છે.

૨

પ્રભુજી વીરજિણંદને વંદિયે, ચોવીસમા જિનરાયરહો, ત્રિશલાના જાયા
પ્રભુજીને નામે તે નવનિધિ સંપજે, ભવદુઃખ સવિ મિટ જાયરહો. ત્રિશલાના. ૧
પ્રભુજી કંચનવાન કર સાતનું જગતાતનું એહવું માનરે ત્રિ.
પ્રભુજી મૃગપતિ લંછન શોભતો, ભાજતો મદભંજ માનરે. ત્રિ. ૨
પ્રભુજી સિદ્ધારથ ભગવંત છો, સિદ્ધારથ કુલચંદરહો ત્રિ.
પ્રભુજી ભક્તવત્સલ ભવદુઃખહર, સુરતરુ સમ સુખ કંદરહો. ત્રિ. ૩
પ્રભુજી ગંધાર બંદર ગુણનિલો, જગતિલો જિહાં જગદીશરહો. ત્રિ.
પ્રભુજીનું દર્શન દેખીને ચિત્ત ઠર્યું, સર્યું મુજ વંછિત ઈશરહો. ત્રિ. ૪
પ્રભુજી વિજયનગરીનો રાજિયો, જગતારણ જિનદેવરહો ત્રિ.
પ્રભુજી રંગવિજયને આપજો, ભવોભવ તુમ પાયે સેવરહો. ત્રિ. ૫

ગંધાર —રંગવિજય.

વીરભક્તિ.

૧

(રાગ.)

સુણ ચતુર સુજાણ, પરનારી શું પ્રીત કબુ ન કીજીએ.—એ રાહમાં ગવાશે.
આજ મ્હારે આનંદ ભયો.

પ્રેમનાં વાદળ વરસ્યાં હાંરાં સફલ થયો—
સુણો સાહેલી ! , વીર જિનેશ્વર જનમ્યા ધન્ય દિન આજનો.—આજ. ૧
તમે સિદ્ધારથ કુલે આયા, તમે ત્રિશલા માતાના જાયા;
છપ્પન દિગ્કુમરીએ ફુલરાયા, આજ મ્હારે આનંદ ભયો. ૨
ચોસઠ ઈંદ મળી આવે, મેરુ શિખર પ્રભુને લાવે;
એતો સુગંધિ જલે કરી નવરાવે, આજ મ્હારે. ૩
સખી આજ મ્હારે ઘેર દીવાળી, મ્હારા પ્રભુજી આવ્યા પોતે ચાલી;
મેરુ મોહની દૈવ ને [1]ચુંદડી, આજ મ્હારે. ૪
સખી દેહી ભલો મંગલ ગાવે, એતો [2]રત્નત્રયીનાં સુખ પાવે;
એતો ભાર વર્ષ ભાવના ભાવે, આજ મ્હારે. ૫
ઈમ હરખી સેવક ગાવે, એતો [3]અનુભવ પાણીને પાવે;
શુભ ચાર પ્રભુજીને [4]વધાવે—આજ મ્હારે આનંદ ભયો.
પ્રેમનાં વાદળ વરસ્યાં હાંરાં સફલ થયો. સુણો. ૬

—વીરવિજય.

---

૧ પીળી પૂરી. ૨ ઉજ્જ્વલ દર્શન—જ્ઞાન—ચારિત્ર એ ત્રણ રત્ન. ૩ એવો ચાર વ ચાર ટેક.
૪ મેરૂ-ઇન્દ્રાણી-મહામહોત્સવ.

૨.

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મ્હારી નિર્મળ થાયે કાયારે:
ગિરૂઆરે ગુણ તુમ તણા—૧
તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે, ગિ૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલ્લરજળ નવિ પેસે રે;
માલતી ફુલે મોહિયા, તે બાવળે જઈ નવિ બેસેરે. ગિ૦ ૩
ઇમ અમ્હે તુજ ગુણ ગોઠશું. રંગે રાચ્યા ને વળી માચ્યારે;
તે કિમ પરસુર આદરે, જે પરનારી વેશ રાચ્યાં રે. ગિ૦ ૪
તૂં ગતિ તૂં મતિ આશરો, તું અવલંબન મુજ પ્યારો રે;
વાચક જશ કહે માહરે, તું જીવજીવન આધારો રે. ગિ૦ ૫

—યશોવિજય (સં ૧૬૮૦-૧૭૪૫)

૩.

× રાગ. ધનાશ્રી.

આજ જિનરાજ ! મુજ કાજ સીધાં સવે, તું કૃપાકુંભ જો મુજજ તૂઠો;
કલ્પતરૂ કામઘટ કામધેનુ મિલ્યો, આંગણે અમિય રસ મેહ વુઠો— આજ૦ ૧
વીર ! તું કુંડપુર નયર ભૂષણ હુઓ, રાય સિદ્ધાર્થ ત્રિશલા તનુજો;
સિંહલંછન કનકવર્ણ કર સપ્ત તનુ, તુજ સમો જગત્રયે કો ન દૂજો. આજ૦ ૨
સિંહપરે એકલો ધીર સંયમ ગ્રહે, આયુ બોહોત્તર વરસ પૂર્ણ પાળી;
પુરી અપાપાએ નિઃપાપ શિવવહુ વર્યો, તિહાં થકી પર્વ પ્રગટી દીવાળી. —આજ૦ ૩
સહજ તુજ ચઉદ મુનિવર મહાસંયમી, સાહુણી સહસ છત્રીસ રાજે;
યક્ષ માતંગ સિદ્ધાયિકા વરસુરિ, સકળ તુજ ભવિકની ભીતિ ભાંજે— આજ૦ ૪
તુજ વચન રાગ સુખ સાગરે ઝીલતો, પીલતો મોહ મિથ્યાત્વવેલી;
આવીઓ ભાવિઓ ધરમ પથ હું હવે, દીજીયે પરમપદ હોઈ બેલી.— આજ૦ ૫
સિંહ નિશિદીહ જો હૃદયગિરિ મુજરમે, તું સુગુણલીહ અવિચલ નિરીહો;
તો કુમત રંગ માતંગના યૂથથી, મુજ નહિ કોઇ લવલેશ બીહો.— આજ૦ ૬
શરણ તુજ ચરણમેં શરણ ગુણનિધિ ગ્રહ્યા, ભવ તરણ કરણ દમ શરમ દાખો;
હાથ જોડી કહે જશવિજય બુધ ઇચ્યું, દેવ નિજ ભુવનમાં દાસ રાખો.—આજ૦ ૭

—યશોવિજય.

× આ પ્રકાશિતમાં નથી.

૪

(રાગ—જૈતસીરી.)

મનમેં નિર્મલ ભાવ મહી.
સુરનર કિન્નર કોટિ નિસેવિત, સો જિન સેઉ સહી. મન૦ ૧
અદ્ભુત કાંતિ શાંતિરસ રાજિત, વસુરસ સંગ નહિ;
નિર્દૂષણ ભૂષણ બિનુ ભૂષિત, રવિ છબિ લાજતહિ. મન૦ ૨
ભવિજન તારક શાસન જાકો, જાને સકલ મહી;
ગુનવિલાસ મહાવીરકી મહિમા, કિસપેં જાત કહી. મન૦ ૩
—જેસલમીર. ગુણવિલાસ (સિદ્ધિવર્દ્ધન શિષ્ય)
સં. ૧૭૯૫

૫:

(શ્રીમંધર કરો મયા—એ દેશી)

તું મનમાન્યો રે વીરજી !, ત્રિશલાનંદન દેવ;
ભવભવ સાહિબ ! તું હજો, હું તુજ સારૂં રે સેવ.— તું૦ ૧
વયણ સંભારૂં રે તાહરાં, વાધે પરમ સનેહ;
હૈડું કુંપળ પાલવે, પ્રમુદિત થાયે રે દેહ.— તું૦ ૨
જો તુજ વચને રે ચાલિયે, તો હુએ રૂડી રીત;
સુખ અનંતાં પામિયે, કીજે તુમ શું જો પ્રીત— તું૦ ૩
જિન ચઉવીસમા ! મયા કરો, ચઉવીસમા જિનરાય;
મહિમાસાગર વિનતિ આનંદવર્દ્ધન ગુણ ગાય. તું૦ ૪
—આનંદવર્દ્ધન.

૬.

(જર જરિ જરકસી દોરિ, હજ ટીક ભલકા હો રાજ ! પ્યારે લાગો—એ દેશી.)
નિરખી નિરખી સાહિબકી સુરતિ, લોચન કેરે લટકે હો રાજ !
—પ્યારા લાગો.
મા ને ભાવજીરી આણ, —પ્યારા લાગો.
મા ને દાદાજીરી આણ— પ્યારા૦ ૧
તુમ બાનીમયિ અમીય સમાની, મન મોહ્યું મુખ મટકે હો રાજ ! પ્યારા૦
મુજ મન ભમરિ પરિમલ સમરી, ચરણકમલ જાઇ અટકે હો રાજ ! પ્યારા૦ ૨
સુરતિ દીઠી મુજ મન મીઠી, પરસુર કિમ નવિ ખટકે ! હો રાજ ! પ્યારા૦
જૈનકેરેખી ગુણીના દેખી, ત્યાંથી મુજ મન છટકે, હો રાજ ! પ્યારા૦ ૩
ત્રિશલાનંદન તુમ પય વંદન, શીતલતા દુખ મટકે હો રાજ ! પ્યારા૦
ઉત્તમ હીરો ન્યાય જગીસેં ગુણ ગાયા રંગ રટો હો રાજ ! પ્યારા૦ ૪
—ન્યાયસાગરજી.

+ મોરે પીપળ રાળ રાણના પ્રમાણમાં મળ્યો.

૭

(દેશી–પંથિડાની)

સુગુણ સસનેહા વીરજી ! વિનતિ રે, અવધારો શ્રી જિનરાય રે;
દરિશણ દીઠે પ્રભુજી ! તુમ તણે રે, અમ્હ મન હરખ ઘણેરો થાય રે– સુગુણ ૧
નિર્મળ તુજ ગુણ સંભાળજો રે, શીલે અહનિશિ મુજ મન હંસ રે;
નિર્મળ હોવે કલિમલનાશથી રે, પીસે કર્મ મર્મ ભર અંશ રે.– સુગુણ ૨
જેમ કમલાકંત મનોહર રે, એહિ ભાવે તું ભગવંત રે;
માનું માનસમાં સાંભળો સહી રે, પામ્યું વંછિત સુખ અનંત રે.– સુગુણ ૩
દેવ દયાકર ઠાકુર જો મિલ્યો રે, તો ફળ્યો સકળ મનોરથ આજ રે;
મેરુમેવા આણી ચિત્તમાં રે. પૂરો મુજ મનવંછિત કાજ રે.– સુગુણ ૪
પ્રભુજી ! તુજ મનના સેવા ઘણી રે, હું વસું એતો મોટી વાત રે;
પણ તું વાસું મુજ ચિત્તમાં રે, જિનજી ! વસજો દિન ને રાત રે.– સુગુણ ૫
પ્રભુજી ! તુજ ચરણાંબુજ સેવના રે, સફળી કરજો ભવભવ દેવ રે;
દેજો મુજ તુજ શાસન વાસના રે, વળી તુજ ચરણ કમળની સેવ રે.— સુગુણ ૬
ચરમ જિનેશ્વર શાસન દિનેશ્વર રે, પૂરજો સેવક વંછિત આશ રે;
જ્ઞાનવિજય બુધ શિષ્ય પ્રેમ વિનવે, નયવિજય આણી મન ઉલ્લાસ રે,
સુગુણ સસનેહા વીરજી ! વિનતિ રે–૭

—નયવિજય (જ્ઞાનવિજય શિ૦) સં. ૧૭[illegible]

૮

(છરે મારે જાગ્યો કુંવર જામ–એ દેશી)

[illegible] મારે સુરતર ફળિયો સાર, ઘર આંગણે શોભા કરૂં છરેજી;
[illegible] મેં [illegible] દેવ, [illegible] છરેજી–૧
જિનજી ! [illegible] સુખ [illegible], [illegible] પરે નિર્મળા, છ૦
જિનજી ! [illegible] દિન રાત, ગઈ મનના આમળા. છરેજી૦ ૨
જિનજી ! [illegible] રેશ, [illegible] તણી પરે, છ૦
[illegible] [illegible] કરી પરે. છરેજી૦ ૩
જિનજી ! [illegible] મળ્યા, [illegible] ધારશે છ.
જિનજી ! [illegible] આધાર, [illegible] નામ સંભારશે છરેજી૦ ૪
જિનજી ! [illegible] વિજય [illegible] શિષ્ય, [illegible] છ૦
જિનજી ! [illegible] શિષ્ય, [illegible] રંગ [illegible] છરેજી૦ ૫

—[illegible]

૯

([illegible] –એ દેશી)

[illegible] દિન [illegible], [illegible] વીર જિણંદ રે,
[illegible]

[illegible]

દુઃખ [1]દોહગ દૂરે ટળ્યાં એ, પેખી પ્રભુ મુખચંદો—ત્રિભુવનનો ભ[illegible]
રિદ્ધિ વૃદ્ધિ સુખ [2]સંપદાએ, ઉલટ અંગે ન માયો.
આવી મુજ ઘર આંગણે એ, [3]સુરમણિ હેજ સવાયો.
ચિંતામણિ મુજ કર ચઢ્યું એ, પામ્યો ત્રિભુવનરાજો,
[4]સુરધેનુ આવી પાસા ઢળ્યા એ, સિધ્યાં વંછિતકાજો.
ચિત ચાહ્યા [5]સાજન મિલ્યાએ, દુર્જન ઉડયા વાયો;
[6]સૌમ્ય નજર પ્રભુની લહીએ, જેહવી [7]સુરતરુ છાંયો.
તેજ ઝળામળ દીપતો એ, ઉગ્યો [8]સમકિત સૂરો;
વિમલવિજય[9] ઉવઝાયનો એ, રામ લહે સુખપૂરો.

—રામવિ…

૧૦

(રાગ ધન્યાશ્રી.)

વંદું વીર જિનેસરરાયા, વર્દ્ધમાન સુખદાયાજી;
શાસનનાયક જેહ કહાયા, જય જગદાધાર સવાયાજી. વં. ૧
હરિ લંછન કંચન વનકાયા, સિદ્ધારથ નૃપ તાયાજી;
સિદ્ધારથ થયા કર્મ ખપાયા, તિસલારાણી માયાજી. વં. ૨
લઘુવયથી જેણે મેરૂ ચલાયા, વીર વૈતાળ હરાયાજી;
દુર્ધર મોહ જેહ જીતીને, જ્યોતિમેં જ્યોતિ મિલાયાજી. વં. ૩
જસ શાસનથી ષટ્દ્રવ્ય પાયા, સ્યાદ્વાદ સમજાયાજી;
અભિનવ નંદન વનની છાયા, દર્શન દાન ઉપાયાજી. વં. ૪
જસ પટ્ટધર છે ગૌતમરાયા, લબ્ધિનિધાન મનભાયાજી;
ન્યાયસાગર પ્રભુના ગુણ ગાયા, સુજસ સુબોધ સવાયાજી. વં. ૫

—ન્યાયસાગર (ઉત્તમસાગર શિ.)

૧૧.

(આજ આરાધે ઉનસો રે—એ દેશી.)

લાગ દિવસ લહી માહરા રે, મનના મનોરથ આજ;
વીર જિનેશ્વર! તું મળ્યો જી, હવે સીધાં હો—હવે સીધાં વંછિત કાજ,
પ્રભુજી! અરજ સુણીજે, [10]મ્હારી અરજ સુણી જે,
માંહરો મુજરો લ્યો મહારાજ!—પ્રભુજી! અરજ સુણીજે. પ્રભુજી! ૧
દિન એતા ભમ્યો ભમ્યો જી, મુજ દરિદ્રણ વિણ દેવ,
હવે મન મંડી રહ્યું જી, તુમ સેવાહો કરૂં નિતમેવ— પ્રભુજી! ૨
મુજ રીઝે આવે નહિજી, દેવ અવર કોય [11]દાય
સુરતરુ છાયા છાંડીને જી, કુણ બેસે [12]બાવળ છાંય?—
ગુણ અવગુણ જાણ્યા પછી જી, મન ન રહે એકતાર; પ્રભુજી! ૩

૧ દુર્ભાગ્ય ૨ હાલમાં ૩ [illegible] ૪ કામ-ધેનુ ૫ સજ્જન ૬ [illegible] ૭ [illegible] ૮ સમકિત ૯ [illegible]
૧૦ મ્હારી ૧૧ [illegible] ૧૨ [illegible].

૭

(દેશી–પંથિડાની)

સુગુણ સસનેહા વીરજી ! વિનતિ રે, અવધારો શ્રી જિનરાય રે;
દરિશણ દીઠે પ્રભુજી ! તુમ તણેરે, અમ્હ મન હરખ ઘણેરો થાય રે— સુગુણ ૧
નિર્મળ તુજ ગુણ ગંગાજળેરે, ઝીલે અહનિશિ મુજ મન હંસરે;
નિર્મળ હોયે કલિમલનાશથી રે, પીસે કર્મ મર્મ ભર અંશ રે.— સુગુણ ૨
કેવલ કમલાકંત મનોહર રે, ભેટિ ભાવે તું ભગવંત રે;
માનું માનવભવ સફળો સહી રે, પામ્યું વંછિત સુખ અનંત રે.— સુગુણ ૩
દેવ-દયાકર ઠાકુર જો મિલ્યો રે, તો ફળ્યો સફળ મનોરથ આજરે;
સેવકસેવા આણી ચિત્તમાં રે. પૂરો મુજ મનવંછિત કાજરે.— સુગુણ ૪
પ્રભુજી ! તુજ મનનાં સેવા થકી રે, હું વસું એતો મોટી વાત રે;
પણ હું વાસું મુજ ચિત્તમાં રે, જિનજી ! વસજો દિન ને રાત રે.— સુગુણ ૫
પ્રભુજી ! તુજ ચરણાંબુજ સેવના રે, સફળી કરજો ભવભવ દેવરે;
હોજો મુજ તુજ શાસન વાસના રે, વળી તુજ ચરણ કમળની સેવરે.— સુગુણ ૬
ચરમ જિણેસર ભુવન દિણેસરરે, પૂરજો સેવક વંછિત આશ રે;
જ્ઞાનવિજય બુધ શિષ્ય ઇમ વિનવે, નયવિજય આણી મન ઉલ્લાસ રે,
સુગુણ સસનેહા વીરજી ! વિનતિ રે—૭

—નયવિજય (જ્ઞાનવિજય શિ૦) સં. ૧૭

૮.

(જીરે મારે જાગ્યો કુંવર જામ–એ દેશી)

આજ મારે સુરતરુ ફળિયો સાર, ઘર આંગણે શોભા કરું જીરેજી;
આજ મેં ત્રિશલાનંદન દેવ, દીઠો દેવ દયા કર. જીરેજી—૧
જિનજી ! ત્હારા ગુણ અવદાત, ગંગતરંગ પરે નિર્મળા, જી૦
જિનજી ! સંભારું દિન રાત, મૂકી મનના આમળા. જીરેજી૦ ૨
જિનજી ! ઉત્તમ જનશું રંગ, ચોળ મજીઠ તણી પરે, જી૦
તુમશું [1]અવિહડ નેહ, [2]નિર્વહજો રૂડી પરે. જીરેજી૦ ૩
જિનજી ! ત્હારી ગુણમણિ માળ, કંઠે જે ભવિ ધારશે જી;
જિનજી ! ધન ધન તસ અવતાર, જે તાહરું નામ સંભારશે જીરેજી૦ ૪
જિનજી ! મેરુ વિજય ગુરુ શિષ્ય, વિનીતવિજયનાં વયણડાં, જી૦
જિનજી ! જે ચિત્ત ધરશે નિત્ય, તસ ઘર રંગ વધામણાં જીરેજી. ૫

—વિનીતવિજય.

૯

(ભરતનૃપ ભાવશું એ–એ દેશી)

આજ સફળ દિન માહરો એ, ભેટયા વીર જિણંદ કે,
ત્રિભુવનનો ધણી એ, ત્રિશલા રાણીનો નંદ કે–જગચિંતામણિ એ–

૧ પાકો, ૨ નિભાવજો.

દુઃખ દોહગ દૂરે ટલ્યાં એ, દેખી પ્રભુ મુખચંદો–ત્રિભુવનનો ધણી એ. ૧
રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા એ, ફિકર ગયો ન મારો. ત્રિ.
આવી મુજ ઘર બેઠલું એ, સુરગતિ દેવ સવાયો. ત્રિ. ૨
ચિંતામણિ મુજ કર ચડ્યું એ, પામ્યો ત્રિભુવનરાજો, ત્રિ.
કુંદ માળા પાસા ટલ્યા એ, સિધ્યાં વંછિત કાજો. ત્રિ. ૩
ચિત્ત ચાહ્યા સાજન મિલ્યાએ, દુર્જન ઉડ્યા વાયો; ત્રિ.
સૌમ્ય નજરે પ્રભુની હવે એ, જેહવી સુરતરુ છાંયો. ત્રિ. ૪
તેજ ઝળામળ દીપતો એ, ઉગ્યો સમકિત સૂરો; ત્રિ.
વિમળવિજય ઉવજ્ઝાયનો એ, રામ લહે સુખપૂરો. ત્રિ. ૫

—રામવિજય.

૧૦

(રાગ ધન્યાશ્રી.)

વંદું વીર જિનેશરરાયા, વર્ધમાન ગુણઆગરજી;
ત્રિશલાનંદન જેહ કહાયા, જગ જંતુ હિતકારજી. વં. ૧
હરિ લંછન કંચન વન્ન કાયા, સિદ્ધારથ નૃપ તાતજી;
સિદ્ધારથ કુલ કમલ આયા, ત્રિશલારાણી માતજી. વં. ૨
લઘુપણથી જેણે મેરુ કંપાયા, વીર બિરુદ ધરાયાજી;
કુંવર મેરુ જેહ ઉપાડે, જ્યોતિમેં જ્યોતિ મિલાયાજી. વં. ૩
ચઉ દશનથી ક્ષાયક પાયા, સ્યાદ્વાદ સમજાયાજી;
અભિનવ નંદન વસ્તી થયા, દર્શન દાન દિવાયાજી. વં. ૪
ભવ વસ્તર ઉ ચૌનમાળ, લબ્ધિનિધાન મનભાયાજી;
જ્ઞાનસાગર પ્રભુના ગુણ ગાયા, સુજસ મુનીંદ્ર સવાયાજી. વં. ૫

—જ્ઞાનસાગર (ઉદયસાગર શિ.)

૧૧.

(આજ આરે દિનલો રે—એ દેશી.)

ભાગ્ય ફલ્યાં હવી મહારાં રે, ફલ્યાં મનોરથ આજ;
વીર જિનેસર ! તું મળ્યો છ, હવે સીધાં દેવ—હવે સીધાં વંછિત કાજ,
પ્રભુજી ! આજ રૂડું રે, [10]મોંઘી આરજ રૂડી રે,
મોંઘે મૂલે મળ્યો મહારાજ !—પ્રભુજી ! આજ રૂડું રે. પ્રભુજી ! ૧
દિન ભેળા કરીને ભમ્યો, દુઃખ દારિદ્ર વિણ દેવ;
હવે મન બાંધી રાખ્યું છ, દુઃખ દેખાડે શું નિત્યમેવ— પ્રભુજી ! ૨
દુઃખ દીઠે આવે નહિ, દેવ ચાકર કેમ [11]દ્વાર
દેવાધિદેવ પાંવિયો, કુણ નિહાળે [11]નરક ઠાંવ !— પ્રભુજી ! ૩
ઉગ્યું અજવાળું ભવમાં ભલું, મન ન રહે ભેદ...

૧ દૌર્ભાગ્ય ૨ ... ૩ ... ૪ ... ૫ ... ૬ ... ૭ ... ૮ ... ૯ ... ૧૦ મોંઘી ૧૧ ...

પ્રગટ પટંતર દેખીનેજી, કુણ સેવે હો વસ્તુ અસાર ?– પ્રભુજી । ૪
તું ગતિ મતિ તું સાહિબો જી, તું મુજ જીવન પ્રાણ;
નિર્વહિયે શિર ઉપરે જી, ભવોભવ હો તુમથી આણ– પ્રભુજી । ૫
જીવું તુમ સેવાએજી, કુમતિ કદાગ્રહ ફોજ;
નિત નિત નવલી તાહરીજી, મનવંછિત હો પામું મોજ.– પ્રભુજી । ૬
નાથ વસો મુજ ચિત્તમાંજી, આજ અધિક સુખપૂર;
હંસરત્ન કહે માહરોજી, હવે પ્રગટ્યો હો પૂન્યપંડૂર.– પ્રભુજી । ૭

—હંસરત્ન (માનરત્ન શિ.) સં ૧૭૫૫

૧૨

(થુણીઓ થુણીઓરે પ્રભુ સુરપતિએ થુણીઓ રે—એ દેશી)

ત્રિશલાનંદન ચંદન શીતલ, સરીસં સોહે શરીર,
ગુણમણિ સાગર નાગર ગાવે, રાગ ધન્યાશ્રી ગંભીર રે
પ્રભુ વીર જિનેસર પામ્યો. ૧
શાસનવાસિત બોધે ભવિકને, તારે સયલ સંસાર,
પાવન ભાવના ભાવથી કીજે, અમો પણ આતમ સાર રે. પ્રભુ. ૨
નાયક લાયક તુમ વિણ બીજો, નવિ મળિયો આ કાળ,
તારક પારક ભવભય કેરો, તું જગ દીનદયાળ રે. પ્રભુ. ૩
[1]અકલ [2]અમાય [3]અમલ પ્રભુ તાહરો, રૂપાતીત વિલાસ,
ધ્યાવત લાવત અનુભવ મંદિર, યોગીસર શુભ ભાસ રે. પ્રભુ. ૪
વીર ધીર શાસનપતિ સાધો । ગાતાં કોડી કલ્યાણ,
કીર્ત્તિવિમલ પ્રભુ પરમ સોભાગી, લક્ષ્મી વાણી પ્રમાણ રે. પ્રભુ. ૫

—લક્ષ્મીવિમલ

૧૩

(શ્રી પદ્મપ્રભુજીના નામને—એ દેશી)

શાસનપતિને વંદના, હોજો વાર હજાર હો, સાહિબ !
ગંગાજલમાં જે રમ્યા, તે કિમ [4]છીલર છાર હો !
સાહિબ ! શાસન. ૧
જાઈ જુઈ જસ સેવતા, માલતી [5]મોગરમાળ હો સા.
ચંપક ગુલાલની વાસના, તે આકુળે કરે કિમ આળ હો !
સાહિબ ! શાસન. ૨
સતિય અવર ઇચ્છે નહિ, નરભોગી ભરતાર હો સા.
અવર કદાગ્રહી આતમા, તાર તાર મુજ તાર હો. સા. શા. ૩
મૃગમદ ઘન જિમ વાસના, વાસિત બોધ અગાધ હો સા.
[6]મૃગપતિ જે જસ લંછના, દૂર ગયા દુખ દાધ હો સા. શા. ૪

૧ કલાવ રહિત, ૨ માયા-કપટ રહિત ૩ નિર્મલ ૪ ન્હાનું તળાવડું ૫ મોગરાની માળા ૬ સિંહ

નિર્ભાગિક સુખ સાહેબ, ! +આશંનનં તુજ લીધદો સા.
અવિજ્ઞન મત જિન ! તું વસ્યો, ત્રિશલાનંદન વિદ હો. સાં. શા. ૫
એ રિધ એ સિધ તાહરી, પામી પરમાણંદ હો સા.
અજ્ઞાન તિમિરના અપહર, પ્રગટ્યો જ્ઞાન દિણંદ હો. સા. શા. ૬
સૂરિ પ્રતાપે રાજ્યમાં, ગુણિપદ જિનંગુણ આય હો,
ચતુરવિજય જિન નામથી, દિન દિન દોલત થાય હો. સાહિબ ! શા૦ પનિ૦ ૭

—ચતુરવિજય

૧૪

(ગુરૂઆરે ગુણ તુમ તણા—એ દેશી.)

વીર જિણેસર પ્રણમું પાયા, ત્રિશલાદેવી માયા રે,
સિદ્ધારથ રાજા તસ તાયા, નંદિવર્દ્ધન ભાયારે, વીર. ૧
લેઈ દીક્ષા પરિસહ બહુ આયા [1]શમ [2]દમ [3]સમણ તે જાયારે,
બાર વર્ષ પ્રભુ ભૂમિ ન [4]ઠાયા, નિંદ્રા અલ્પ કહાયારે; વીર. ૨
ચંડકૌશિક પ્રતિબોધન આયા, ભય મનમાં નવિ લાયારે,
[5]ત્રણ પ્રકારે વીર કહાયા, સુર નર જસ ગુણ ગાયારે, વીર. ૩
જગત જીવ હિતકારી કાયા, હરિ લંછન જસ પાયારે,
માન ન લોભ ન વળી માયા, વિહાર કરે નિર્માયારે; વીર. ૪
કેવલજ્ઞાન અનંત ઉપાયા, ધ્યાન શુક્લ પ્રભુ ધ્યાયારે;
સમોસરણે બેસી જિનરાયા, [8]ચઉવિહ સંઘ થપાયારે. વીર. ૫
[9]કનકકમલ ઉપર ઠવે પાયા, [10]ચઉવિહ દેશના દાયારે,
પાંત્રીસ ગુણ વાણી ચંડરાયા; ચોત્રીસ અતિશય પાયારે. વીર. ૬
[11]શૈલેશીમાં કર્મ જલાયા, જીત નિસાણ વજાયારે,
પંડિત ઉત્તમવિજય પસાયા, પદ્મવિજય ગુણગાયારે. વીર. ૭

—પદ્મવિજય.

૧૫

(આદર જીવ ક્ષમા ગુણ આદર—એ દેશી.)

(ઠુમરી.)

વર્દ્ધમાન જિનવરને ધ્યાને, વર્દ્ધમાન સમ ધ્યાવેરે;
વર્દ્ધમાન વિદ્યા સુપસાયે, વર્દ્ધમાન સુખ પાવે રે. વ. ૧
તું ગતિ મતિ રતિ સ્થિતિ છે મહારો જીવન પ્રાણાધારજી;
જયવંતું જગમાં જસ શાસન, કરતું બહુ ઉપકારજી વ. ૨
જે અજ્ઞાની તુમ મત સરિખો, પરમતને કરી જાણે જી;

૧ મનમારૂં શમતા ૨ ઇંદ્રિય નિગ્રહ ૩ શ્રમણ-નિર્ગ્રંથ ૪ ઠરવું એ ધાતુ-તેનો અર્થ રહેવું-સ્થિર થવું આવવા જાતું એ ૫ તે પરથી ૫ દાનવીર, તપવીર ને ધર્મવીર ૬ ક્રમાવ (સંસારના હેતુ)—ક્રોધ માન માયા લોભ તે ૭ વરસતાં ૮ સાધુ,સાધ્વી, શ્રાવક,શ્રાવિકા એ ચતુર્વિધ-ચાર પ્રકારૂપે સંઘ ૯ સુવર્ણ કમલ ૧૦ દાન, શીલ, તપ, ભાવના એ ચાર પ્રકારે ધર્મ સંબંધી ઉપદેશ દેનાર. ૧૧ શૈલ—પર્વત જેવી અડોલ આત્મસિદ્ધિ. સંગ્રો.

પ્રગટ પટંતર દેખીનેજી, કુણ સેવે હો વસ્તુ અસાર ?— પ્ર
તું ગતિ મતિ તું સાહિબો જી, તું મુજ જીવન પ્રાણ;
નિર્વહિયે શિર ઉપરે જી, ભવોભવ હો તુમથી આણ— પ્ર
જીવું તુમ સેવાપગેજી, કુમતિ કદાગ્રહ ફોજ;
નિત નિત નવલી તાહરીજી, મનવંછિત હો પામુ મોજ.— પ્ર
નાથ વસો મુજ ચિત્તમાંજી, આજ અધિક સુખપૂર;
હંસરત્ન કહે માહરોજી, હવે પ્રગટ્યો હો પુન્યપંડુર— પ્ર

—હંસરત્ન (માનરત્ન શિ.)

૧૨

(થુણીઓ થુણીઓરે પ્રભુ સુરપતિએ થુણીઓ રે—એ દેશી

ત્રિશલાનંદન ચંદન શીતલ, સરીસ સોહે શરીર,
ગુણમણિ સાગર નાગર ગાવે, રાગ ધન્યાશ્રી ગંભીર રે
પ્રભુ વીર જિનેસર ધ્યા

શાસનવાસિત બોધિ ભવિકને, તારે સયલ સંસાર,
પાવન ભાવના ભાવથી કીજે, અમો પણ આતમ સાર રે. પ્ર
નાયક લાયક તુમ વિણ બીજો, નવિ મળિયો આ કાળ,
તારક પારક ભવજલ કેરો, તું જગ દીનદયાળ રે. પ્ર
[1]આસ [2]અમાય [3]અમલ પ્રભુ ત્હારો, રૂપાતીત વિલાસ,
ધ્યાવત લાવત અનુભવ મંદિર, યોગીસર શુભ ભાસ રે. પ્ર
વીર ધીર શાસનપતિ સાચો ! ગાતાં કોડી કલ્યાણ,
કીર્ત્તિવિમલ પ્રભુ પરમ સોભાગી, લક્ષ્મી વાણી પ્રમાણ રે. પ્ર

—લક્ષ્મીવિમલ

૧૩

(શ્રી પદ્મપ્રભુજીના નામને—એ દેશી)

શાસનપતિને વંદના, હોજો વાર હજાર હો, સાહિબ !
ગંગાજલમાં જે રમ્યા, તે કિમ [4]છીલર જાર હો !
સાહિબ ! શા

જાઈ જુઇ જસ સેવતાં, માલતી [5]મોગરમાળ હો સા.
ચંપક ગુલાલની વાસના, તે આકુળે કરે કિમ આળ હો
સાહિબ ! શા

સુનિવ અવર ઇચ્છે નહિ, નરભોગી ભરતાર હો સા.
અવર કદાગ્રહી આળમાં, તાર તાર મુજ તાર હો. સા.
મેગ્રમદ ઘન જિમ વાસના, વાસિત બોધ અગાધ હો સા
[1]ધ્યમપતિ જે જસ સંભના, દૂર ગયા દુખ દાધ હો સા.

1 ન ક્ષય હોય, 2 માયા-કપટ રહિત 3 નિર્મલ 4 ન્હાનું તળાવડું 5 મોગ

તિમિમિર સબ સાહેબ, ! ક્ષમાસંભવ તુજ લીધહો સા.
અવિચલ મન જિન ! તું વસ્યો, ચિદાનંદન રિદ્ધ હો. સા. સા. ૫
તે રિધ તે સિધ તાહરી, પામી પરમાણંદ હો સા.
અજ્ઞાન તિમિરના અપહર, પ્રગટ્યો જ્ઞાન દિણંદ હો. સા. સા. ૬
સૂરિ પ્રતાપે રાજ્યમાં, ગુણિવર જિનગુણ ગાય હો,
ચતુરવિજય જિન નામથી, દિન દિન દોલત થાય હો સાહિબ ! સા. પનિ. ૭

—ચતુરવિજય

૧૪

(ગુરૂઆરે ગુણ તુમ તણા—એ દેશી.)

વીર જિનેશ્વર પ્રભુ પાયા, ત્રિશલારેરી જાયા રે,
સિદ્ધારથ રાજા તસ તાતા, નંદિવર્દ્ધન ભ્રાતારે. વીર. ૧
એહ દીક્ષા પરિસહ બહુ ભરતા [illegible] તે ભ્રાતારે,
બાર વર્ષ પ્રભુ ભૂમિ ન [illegible], નિદ્રા અલ્પ કહાયારે; વીર. ૨
ચંડકૌશિક પ્રતિબોધન આયા, ભય મનમાં નવિ લાયારે,
[illegible] પ્રકારે વીર કહાયા, સુર નર જસ ગુણ ગાયારે, વીર. ૩
જગત જંતુ હિતકારી થયા, હરિ કંચન જસ પાયારે,
મલ ન રોમ ન વધે કાયાયા, વિહાર કરે નિરમોહારે; વીર. ૪
કેવલજ્ઞાન અનંત ઉપાયા, ધ્યાન શુક્લ પ્રભુ ધ્યાયારે;
સમોસરણે બેસી જિનરાયા, [illegible] સંઘ સ્થાપારે. વીર. ૫
[illegible] ઉપર હવે પાયા, [illegible] દેશના દાયારે,
પંચમ ગુણ પદવી [illegible], [illegible] પાયારે. વીર. ૬
[illegible] કર્મ ખપાયા, જ્ઞાન નિરંજન પાયારે,
[illegible] ઉત્તમવિજય પસાયા, પદ્મવિજય ગુણગાયારે. વીર. ૭

—પદ્મવિજય.

૧૫

(આતમ જ્ઞાન સમા ગુણ આગર—એ દેશી.)

(ઠુમરી.)

વર્દ્ધમાન જિનવરને ધ્યાને, વર્દ્ધમાન સબ પાવેરે;
વર્દ્ધમાન વિદ્યા સુખકારે, વર્દ્ધમાન સુખ પાવે રે વ. ૧
તું મને રતિ ભરી સિદ્ધિ છે મ્હારે જ્ઞાન પ્રભુજાત;
અવતંસું જગમાં જશ ચંદન, [illegible] બહુ ઉપગાર. વ. ૨
જે ભક્તે ગુણ ગાન કરીએ, પરમને કરી ભજે જ્ઞ.

[illegible]

પ્રગટ પટંતર દેખીનેજી, કુણ સેવે હો વસ્તુ અસાર !— પ્રભુજી । ૪
તું ગતિ મતિ તું સાહિબો જી, તું મુજ જીવન પ્રાણ:
નિર્વહિયે શિર ઉપરે જી, ભવોભવ હો તુમચી આણ— પ્રભુજી । ૫
જીવું તુમ સેવાબળેજી, કુમતિ કદાગ્રહ ફોજ;
નિત નિત નવલી તાહરીજી, મનવંચ્છિત હો પામું મૌજ.— પ્રભુજી । ૬
નાથ વસો મુજ ચિત્તમાંજી, આજ અધિક સુખપૂર:
હંસરત્ન કહે માહરોજી, હવે પ્રગટ્યો હો પૂન્યપંડુર.— પ્રભુજી । ૭

—હંસરત્ન (માનરત્ન શિ.) સં ૧૭૫૮

૧૨

(થુણીઓ થુણીઓરે પ્રભુ સુરપતિએ થુણીઓ રે—એ દેશી)

ત્રિશલાનંદન ચંદન શીતલ, સરીસં સોહે શરીર,
ગુણમણિ સાગર નાગર ગાવે, રાગ ધન્યાશ્રી ગંભીર રે
પ્રભુ વીર જિનેસર પામ્યો. ૧
શાસનવાસિત બોધિ ભવિકને, તારે સકલ સંસાર,
પાવન ભાવના ભાવથી કીજે, અમો પણ આનમ સાર રે. પ્રભુ. ૨
નાયક સાયક તુમ વિણ બીજો, નવિ મળિયો આ કાળ,
તારક પારક ભવભય કેરો, તું જગ દીનદયાળ રે. પ્રભુ. ૩
[1]અકલ [2]અમાય [3]અમલ પ્રભુ ત્હારો, રૂપાતીત વિલાસ,
ધ્યાવત લાવત અનુભવ મંદિર, યોગીસર શુભ ભાસ રે. પ્રભુ. ૪
વીર ધીર શાસનપતિ સાધો ! ગાતાં કોડી કલ્યાણ,
કીર્તિવિમલ પ્રભુ પરમ સોભાગી, લક્ષ્મી વાણી પ્રમાણ રે. પ્રભુ. ૫

—લક્ષ્મીવિમલ

૧૩

(શ્રી પદ્મપ્રભુજીના નામને—એ દેશી)

શાસનપતિને વંદના, હોજો વાર હજાર હો, સાહિબ !
ગંગાજલમાં જે રમ્યા, તે કિમ [4]છીલર ચ્હાર હો !
સાહિબ ! શાસન. ૧
જાઈ જુઈ જય સેવતાં, માલતી [5]મોગરમાળ હો સા.
ચંપક ગુલાબની વાસના, તે આકુળે કરે કિમ આળ હો !
સાહિબ ! શાસન. ૨
સનિધ અવર ઇચ્છે નહિ, નરભોગી ભરતાર હો સા.
અવર કદાગ્રહી આતમા, તાર તાર મુજ તાર હો. સા. શા. ૩
મૃગમદ ઘન જિમ વાસના, વાસિત બોધ અગાધ હો સા.
[6]મૃગપતિ જે જગ વંછના, દૂર ગયા દુખ દાધ હો સા. શા. ૪

૧ ન કળાય તેવો, ૨ માયા-કપટ રહિત ૩ નિર્મળ ૪ ન્હાનું તળાવડું ૫ મોગરાની માળા ૬ સિંહ

વીરવાણી.

(ચાલની દેશી.)

ભવોદધિ પાર ઉતારણી, જિનવરની વાણી;
પ્યારી હે અમૃત રસ જેમ, જિનવરની વાણી.

ભરમ મિથ્યાત નિવારિયો, જિ૦ સીંચ્યો હે અનુભવ રસ મેઘ. પ્યારી. ૧
અમ સરીખા અતિ દીનને, જિ૦ દુષમ હે અતિ ઘોર અપાર; પ્યારી.
જ્ઞાન પ્રદીપ જગાવિયો, જિ૦ પામ્યો હે અતિ મારગ સાર. પ્યારી. ૨
અંગ ઉપાંગ સરૂપ શું, જિ૦ પયન્ને હે છ છેદ ગ્રંથ; પ્યારી.
ચૂર્ણિ ભાષ્ય નિર્યુક્તિ શું, જિ૦ વૃત્તિ હે નીકી મોક્ષનો પંથ. પ્યારી. ૩
સદ્ગુરૂની એ દાખણા જિ૦ જસુડે ખુલે જ્ઞાન ભંડાર; પ્યારી
ઇન વિધ સૂત્ર વખાણિયો, જિ૦ તસ્કર હે તિણ લોપી કાર. પ્યારી. ૪
સોહમ ગણધર ગુણનિલો, જિ૦ કિયો હે જિન જ્ઞાન પ્રકાશ; પ્યારી.
તુમ પટોધર દીપતા, જિ૦ ટાળો હે જિન દુર્નય પાસ. પ્યારી. ૫
અમ સરીખા અનાથને જિ૦ ફિરતાં હે કાળ વીત્યો અનંત; પ્યારી.
કેશુ ભવ વીતક જે થશે, જિ૦ તું જાણે હે તસુ મેં ન કહંત. પ્યારી. ૬
જિન વાણી બિન કૌન થા, જિ૦ મુજ હે દેતા મારગ સાર; પ્યારી.
જયો જિન વાણી ભારતી, જિ૦ જાસેં હે મિથ્યામત ભાર. પ્યારી. ૭
હું અપરાધી દેવનો, જિ૦ કરી હે મુજને બગસીસ; પ્યારી.
નિંદક પાર ઉતારના, જિ૦ તું હી હે જગ નિર્મલ ઇશ. પ્યારી. ૮
બાળક મૂરખ આકરો જિ૦ પીઠો હે વળિ અતિ અવિનીત; પ્યારી.
તો પણ જનની પાળિયો જિ૦ ઉત્તમ હે જનની એ રીત. પ્યારી. ૯
જ્ઞાન હીન અવિવેકીયા, જિ૦ હું હી હે નિંદક ગુણ ચોર; પ્યારી.
તો પિણ મુજને તારિયે, જિ૦ મેરી હે તોરો મોહની દોર. પ્યારી.૧૦
ચિદાનંદન વીરજી ! જિ૦ તું તો હે મારા વિશરામ;
અજર અમર પદ દીજીયે, જિ૦ થાઉં હે જિમ આતમરામ. પ્યારી.૧૧

અંબાલા. —વિજયાનંદસૂરિ (આત્મારામજી)

વીરવિરહ.

(સહિયાં મોરી રે ! આંકરિયો ઉગ્યો મધ મધ રાતનો રે—એ દેશી)

જિન માહરા રે ! શ્રી મહાવીરજી રે ! જિનપતિ ચોવીશમા !—
જિન માહરા રે ! શાસનનાયક દીઠો ભરતમાં રે;
જિન માહરા રે કરમ ખપાવી પહોંત્યા શિવ મંદિરે રે,
જિન માહરા રે સેવક જનના રે ઉચાટ ઇમ રહ્યા રે;
જિન માહરા રે વીરજી વિના શાસન સંકટ કુણ હરે રે ! ૧
જિન માહરા રે અતિશય ધારી રે નહિ હમણાં કોઈ જગેરી;
જિન માહરા રે વીરજી વિના રે દીઠાં ચિત ઠરે રે,
જિન માહરા રે દુર્લભ બોધિ રે પ્રાણી બહુલા ભમે રે;

૨૦

વિનોદ પ્રિય વ્હાલા ભાઈ ! ૨૨—૯—૧૩ રાત્રિના ૮

હા હું છાતી ઠોકીને ખાત્રીપૂર્વક કહું છું કે પર્યૂષણ અને માફી માંગવી માત્ર વ્યવહારજ ! કેવળ વ્યવહારજ છે ! કારણ કે જ્યાં સુધી હૃદયમાં પડેલો ડાઘ ભું તો નથી, દોષનું વિસ્મરણ થતું નથી ત્યાં સુધી જે માફી મળે છે તે હૃદયથી નહિ ! ! અને નહિજ ! ! માત્ર મોઢાનીજ તો પછી શું આપ તેને વ્યવહાર નહિ કે ? વળી આપણી ભૂલથી કે આપણા દોષથી ખરા સ્નેહીના દિલમાં ડાઘ પડતો નથી તેને આપણો દોષ આવતો નથી પણ નિઃસ્નેહીનેજ આવે છે તો પછી સ્નેહી પાસે એ બાહ -એ વિનય સાચવવાની શી જરૂર ? જેમકે ' પધારો આવજો બેસો વૃથા એ ઘર સારૂ ! ' તેમજ ' ખમાવું છું ક્ષમા કરજો ' એ શા માટે ? હું તો- એમજ કહું છું સ્નેહી પાસે ' માફી ' માગવાનો અવકાશ આવતો નથી અને જ્યાં માફી માગવી છે ત્યાં સ્નેહ નથી કારણ કે આપણા ખરા સ્નેહીને આપણા કોઈપણ કાર્યથી દુ થતું નથી અને થાય તેવું કાર્ય આપણાથી થતું નથી. કદાચ થઈ જાય તો વિસ્મ હોતું નથી કે માફ માંગવી પડે તેને માટે (જો કે આપે તો વાંચેલ હશે તો પણ લાભ માટે લખું છું.) કલાપીમાં વાંચેલ કવિતા નીચે આપું છું કે જેને અનુસરીને ' ક્ષમા' નામનું કાવ્ય લખાઈને જુલાઈના ' હેરૅલ્ડ ' માં આવ્યું હોય એમ લાગે છે.

ક્ષમા.

દુઃખ તુંથી ન થાય મને કદિએ !
કદિ દે દુઃખ તો સુખી તેજ દુઃખે !
પછી માફ કરે તુજને શું ? સખે !
વિણ બીજ તરૂ ઉપજે કદિ એ ?
જગમાં કદિ માફી મળે ન સખે !
મળી માફી ભલે સહુ લોક કહે !
દિલ ડાઘ ઘટ્યો ને પડ્યો ન બને,
પછી માફ કરે જગ ક્યાંથી ? સખે !
વિસરી ન જવાય બનેલ બિના !
પછી માફ થયું, કયમ થાય ? સખે !
તૂટી દોર ગયો ! પછી એક થયો !
કદિ એમ બનેલ, સખે ! કદિ છે ?
પડી ગાંઠ ભલે ! પડી સાંધ ભલે !
પણ દોર તૂટેલ તૂટેલ રહે !
બનશે નહિ તે બનશે ન સખે !
પણ માગ ક્ષમા મુજ ના કદિ તું !
નથી કાંઈ તૂટ્યું પછી સાંધીશ શું ?
વિણ દર્દ દવા કરવી ન ઘટે,
વિણ દર્દ દવા કરવું વિષ છે,
જગ માફી અને પ્રભુના ગણનાં !

૨.

વિનોદ પ્રિય વ્હાલા ભાઈ! ૨૨-૯-૧૩ [illegible]

આ હું છાતી ઠોકીને ખાત્રીપૂર્વક કહું છું કે પર્યુષણ અને મારી [illegible] માત્ર આવારજ! [illegible] આવારજ છે! કારણ કે જ્યાં સુધી [illegible] તો નથી, [illegible] નથી ત્યાં સુધી જે મારી મતી છે તે [illegible] નહિ!' અને નહિજ!' માત્ર [illegible] તો પછી હું આપ તેને [illegible] કે! [illegible] આપના હોવાથી ખરા સ્નેહીના હિતમાં [illegible] તેને આપનો [illegible] આવતો નથી પણ નિઃસ્નેહીનેજ આવે છે તો પછી સ્નેહી [illegible] [illegible] માગવાની શી જરૂર! જેમકે 'પધારો આપની [illegible]' [illegible] તેમજ 'આમાં મેં ક્ષમા કરજો' એ શા માટે! હું તો એમજ [illegible] [illegible] 'મારી' [illegible] આવતો નથી અને જ્યાં મારી [illegible] ત્યાં સ્નેહ નથી કારણ કે આપણા ખરા સ્નેહીને આપણા [illegible] નથી અને [illegible] આપણાથી બનું નથી. [illegible] નથી કે [illegible] તેને માટે (જો કે આપે તો [illegible]) [illegible] કવિતા નીચે આપું છું કે જેને [illegible] 'હેરલ્ડ' માં આવ્યું હોય એમ માને છે.

ક્ષમા.

[illegible] ન [illegible] કહિએ!
[illegible] તો ક્ષમા તેજ [illegible]!
[illegible]!
[illegible] કહિ એ!
[illegible] ન [illegible]!
[illegible]!
[illegible] ન બને,
[illegible]!
[illegible]!
[illegible]!
[illegible]!
[illegible]!
[illegible]!
[illegible]!
[illegible]!
[illegible]!
[illegible]!
[illegible]!
[illegible],
[illegible],
[illegible]!

પણ એજ ક્ષમા મુજ છે દુખાં !
કયમ દોર વણી જન તોડી શકે !
કયમ અર્પી દિધેલ લઇ જ શકે !
વળી દે ! વળી લે ! ફરી દે ! ફરી લે !
સહુ એજ બુંરાઈ ફુલાઇ સખે !
મધુરી નદીઓ દરિએ મળતી,
મધુરી મટીને ફારી બનતી !
પણ ના દુઃખ કૈં દિલમાં ધરતી !
નવ પાછી ફરે ! નવ ગાફ કરે !
પણ લાગણી એકજ એક રહે !
નવ માફીની કંઈજ જરૂર રહે !
ખરી એજ પ્રીતિ ! ખરી એજ ક્ષમા !
પછી માફ કરૂં તુજને શું ! સખે !
નથી માફ કર્યે ખરી માફી, સખે !
ખરી પ્રીતિ સખે ! ખરી માફી સખે !
હૃદ આ દિલમાં નકી એક રૂપે !
પછી માફ કરૂં તુજને શું ! સખે !
કરી માફ ધરૂ પ્રીતિ કેમ ! સખે !

બોલો હવે એથી વધારે દલીલની જરૂરનો નથી રહેતી ને ! હવે તો આપે પોતાની દલીલ છોડીને સંમત થવુંજ પડશે લાગ્યું કે આપની દલીલ તૂટી પડી છે ! બેશક ! જો ખરી માફી મનની હોય તો તો સાર્થક, પણ આનો મોટે માફી મળે ને હૃદયમાં તો એનું એ, તેમાં શું ફાયદો ! મુખમેં રામ બગલે મેં છુરી.

ભગત હાલેપણ દાનત બુરી !'

એ શા કામનું !

દર્શનોત્સુક—પત્રવાને અભિલાષાની આશામાં વિરમતી તમારી......બ્હેન.

પ્રિય બ્હેન !

૩.

....

૨૪. ૯ ૧૩.

તમારી સ્થિતિ અપેક્ષા પછી અસ્વસ્થને ચિંતાતુર કરવું એ હવે મને 'પાપ' સમજ છે. તે પત્ર, તે દોષને માટે ક્ષમા માગું છું. નિરિધ કરશું. આવા આવા અનેક દોષો જાણ્યે કે અજાણ્યે નાના પણ મોટું સ્વરૂપ પકડતા થઈ જાય છે અને તે વળી મિત્રોમાં બહેનમાં અને અનેક સ્નેહીઓમાં, તો તેને માટે શું યોગ્ય નથી કે દોષ કરનારપર માંગવાની ફરજ નથી ? તે ફરજ અદા ન થાય તો દોષ કરનાર વધુ દોષિત બનો ! અસમન થાય છે. સામા સ્નેહી કે જેના પ્રત્યે તેવા દોષ થઇ જાય છે તેને ક્ષમા આપ-ઉદાર ભાવ બનવવો પડે છે; અને આવી રીતે (૧) એક દોષ થાય છે તેની પ્રતીતિ

થતાં બીજી વખત તેવો દોષ થતો નથી—થતો થતો અટકી જાય છે અને
થાય છે, (૨) દોષ કરનારને ક્ષમા માગવાથી તેના દોષની શિક્ષા જે દોષ
તે છે, એટલુંજ નહિ; પણ ક્ષમા માગ્યા પૂર્વે થયેલ પશ્ચાત્તાપ છે કે જે
ણામ ક્ષમા માગવામાં પરિણમે છે (૩) જેનો દોષ થયો હોય તે સજ્જન
ઉત્તમ રીતે પુણ્યભાક્ થાય છે, સ્નેહીનું પશ્ચાત્તાપવાળું હૃદય પિછાને છે-
છે—તેનું મૂલ્ય આંકે છે અને વિશેષ વિશેષ પ્રેમ અરસપરસ સ્ફુરે છે—દૃઢ

આ ઉપરના વક્તવ્યમાં આપ આવશ્ય સંમત થશોજ. હવે તેને
(તમારા એક વ્યક્તવ્યની સામે કરવાની દલીલના પ્રસ્તાવ તરીકે માનીને
અને દલીલ હાથ ધરીએ. શું હવે તમે એમ છાતી ઠોકીને—ખાત્રી પૂર્વક
' પર્યુષણને અંતે માફી-ક્ષમા માગવી તે માત્ર વ્યવહાર છે કારણ કે ખરી
પણ દુશ્મન પાસે અગર આપણે જેના દુશ્મન બન્યા હોઈએ તેની પાસેજ
સ્નેહી પાસે નહિ.' હું ધારૂં છું કે નહિ કહી શકશો. પછી કોણ જાણે કેટ
લાતી મહાત કરો તો !

અલબત તે વાક્યો પછીજ મૂકેલું બીજું વાક્ય નામે ' જ્યાં માફી
વકાશ આવે ત્યાં સ્નેહ નથી'-તેમાં અપેક્ષા છે અને તે અપેક્ષાએ તમારૂં
છે. જેમ પ્રેમીઓમાં સત્કાર એક બીજાએ કરવોજ જોઇએ એ યુક્ત નથી
' પધારો એમ કહેવાથી, પધાર્યા તે પધાર્યા ના ' એવું છે, તેવી રીતે એક
જેના પ્રત્યે દોષ થયો હોય તે સામા સ્નેહી કે જેણે તે દોષ કર્યો હોય
' ક્ષમા કેમ ન માગે ?' એવી અપેક્ષા રાખે એટલે તમારા શબ્દો 'જ્યાં મ
અવકાશ આવે ' એમ હોય ત્યાં અચૂક સ્નેહ નથી, પરંતુ તેજ શબ્દો
બીજા શબ્દો નામે ' અને જ્યાં સ્નેહ છે ત્યાં માફીને અવકાશ નથી ' એ
એમ થતો હોય કે એક સ્નેહી કે જેના તરફથી દોષ થયો હોય તેણે માફી
જોઇએ, અને જો માફી માગે તો તે સ્નેહી નથી, તો ઉપરોક્ત મારી સત્ય
પડે, એટલે તે અર્થમાં હું સમ્મત થઈ શકતો નથી. પરંતુ તે શબ્દોનો જો
થતો હોય કે એક સ્નેહી કે જેના પ્રત્યે દોષ થયો હોય તેને સામા સ્નેહી
કરી તે દોષ થયો હોય તેની પાસેથી માફી માગવાનો અવકાશ નથી, તો તે
ઉપરના શબ્દો મારે કબૂલ મંજૂર છે.

માટે તમારા પ્રત્યે જે કંઈ દોષ થયા હોય તેને અહંકારરહિતપણે—
કરવાના હેતુએ, તે દોષથી આત્માના અંશો જે અશુભ કર્મ બંધને પામ્યા હો
[illegible] — [illegible] માગ તે દોષો મિથ્યા થાઓ ! તે [illegible] જે
હોય તે [illegible] ન ગણો, અને વિધિપૂર્વક પ્રતિક્રમણથી—ભાવપૂર્વક [illegible]
[illegible] તે મિચ્છામિ દુક્કડં [illegible] !

પાપ મિથ્યા થાઓ એમ માત્ર કહેવાથી પાપ દૂર થતાં નથી. વિવિ
પ્રથમ આત્મ [illegible] મનથી [illegible] પશ્ચાત્તાપ કરી ઉદાર પ્રેમનું [illegible]
[illegible] તેનું [illegible] ન થાય તો [illegible] મિચ્છામિ દુક
છે. નહિ તો માત્ર [illegible]

મારા મિત્રપત્રે આપની માફી જાહેર કરી છે, તેમણે પણ તેવી માફી પાછી માગી છે અને આપી છે;......પણ તમારી કલ્પના સૃષ્ટિમાં તમને બાધક નિરાશા હોય તો ક્ષમા ચાહું છું. વીરપ્રભુની ક્ષમા અથવા: વિરલ અને મહા કઠિન છે. તેવી બની ન શકે તો તમારે અને મારે સં તરફ દૃષ્ટિ રાખી ભૂલવું, બીજાને ભૂલેલો ' ભૂલો ! પ્રિય ! ભૂલો ' એમ ભાખવું, અને અંતરનો ડંખ નિર્મૂળ કરી ત્યાં શાંતિ—સમતા, અને તેમ નહિ તો દયા અનુકંપા વિસ્તારવી.

—દર્શનોત્સુક બંધુનિર્વિશેષ.

૪.

પ્રિય ભાઈ ! ૨૬. ૯. ૧૩.

....

આપે મિચ્છામિ દુક્કડં માટે જે ખુલાસો લખ્યો તે બરાબર છે. બધા દોષો યાદ ન આવે પણ જે યાદ આવે તેને માટે શુદ્ધ અંતઃકરણથી માફી માંગવામાં આવેછે. હવે પછી આપના લખવા પ્રમાણે કરવા માટે બનતો પ્રયત્ન કરવામાં આવશે.

....પોતે ક્ષમા ચાહું છું કે આપ એમને ભાઈ ચાહો છો ! મને તો લાગે છે કે આપજ ચાહો છો કારણ કે જો તેઓ ક્ષમા ચાહતા હોત તો કોમળ હસ્ત કમળને તસ્દી આપી હત; છતાં પણ હું ક્ષમા આપું છું. જો...બાધક નથી નિરાશા છતાં પણ આપે માંગી તો મારે તે આપવીજ !

—દર્શનાતુર તમારી બ્હેન.

વીર પ્રભુનાં પારણું

(હાલરીયાં)

૧.

ઝુલો મેરા બબ, ઝુલો મેરા વીર, પછે તમારી દોરી તાણું,
—મહાવીર કુંવર ઝુલે પારણીએ ઝુલે.
હીરના છે દોર, ઘુમે છે મોર, કોયલડી સુરતારી. મહા. ૧
ઇંદ્રાણી આવે હાલણુ હુલણુ ગાવે, વીરને હેતે કરી હુલરાવે. મહા. ૨
સુંદર મહેની આવે, આભૂષણ લાવે,
ખાજાં રૂડાં લાવે, મોતીચૂર લાવે,
વીરને હેતે કરી જમાડે. મહા. ૩
વીર મ્હોટા થાશે, નિશાળે ભણવા જાશે,
એમ ત્રિશલા માતા હરખાશે. મહા. ૪
નંદિવર્દ્ધન આવે, રાણી રૂડી લાવે, વીરને હેતે કરી પરણાવે. મહા. ૫
વીર મ્હોટા થાશે, જગમાં ગવાશે, એમ કાંતિવિજય ગુણ ગાશે. મહા. ૬

—કાંતિ વિજય.

પાંચમે પાંચ વરણની માળા, છઠ્ઠે ચંદ્ર અમિય ઝરી એ,
સાતમે સૂરજ આઠમે ધજા, નવમે કલશ અમિય ભર્યો એ. ૩
પદ્મ સરોવર દશમે દીઠો, ક્ષીર સમુદ્ર દીઠો અગ્યારમે એ;
દેવ વિમાન તે બારમે દીઠું, રણઝણ ઘંટા વાજતા એ. ૪
રતનનો રાશિ તે તેરમે દીઠો, અગ્નિશિખા દીઠી ચૌદમે એ:'
ચૌદ સુપન લહી રાણીજી જાગ્યાં, રાય સમીપડે પહોંચ્યાં એ. ૫
'સુણોરે સ્વામી! મેં તો સુહણલાં લાધ્યાં, પાછલી રાત રળિયામણી એ:
રાયરે સિદ્ધારથ પંડિત તેડ્યા, 'કહોરે પંડિત! ફલ એહનું એ. ૬
'અમ કુલ મંડણ તુમ કુલ દીવો, ધનરે મહાવીર સ્વામી અવતર્યા એ.'
જે નર ગાવે તે સુખ પાવે, આનંદ રંગ વધામણાં એ.

—આનંદ વર્દ્ધન. (!)

ક્ષમાપના.

(ગઝલ.)

ખમાવું છું પિતા! માતા! ગુરૂજી! ને વળી બંધુ!
થયા જો હોઉં અપરાધિ, ખમાવું ઉરના ભાવે!

ઉચાર્યાં હોય કટુ ઉચ્ચાર, કદી મેં ક્રુર ભાવેથી.
સહુ સંબંધીઓ વહાલાં, અવિનય જો કર્યો હોવે. ૧

કદી બુરૂં ઇચ્છ્યું મેં, વિચાર્યું હોય દિલેથી,
પ્રભુજી! સર્વ વાંછોની, ક્ષમા માગું હૃદયથી હું! ૩

ઉભય કરજો ગણી પોતે, કર્યા જો હોય દોષો મેં,
ખમાવું શુદ્ધ ભાવેથી, ક્ષમા કરજો મને સૌએ. ૪

કદી અજ્ઞાનતાથી મેં, કરી હોયે અવજ્ઞા જો,
કરી દૂરે સહુ તે, તે, હૃદયથી હસ્તને કાઢો, ૫

અજાણ્યે કે વળી જાણ્યે, કર્યા હોયે કદી દોષો:
કરી નિશ્ચય ઉર મારું, ખમાવું આત્મના ભાવે! ૬

(મુંબાઇ.) —સંપાદિકા.

શ્રી વાંચન-સમાપ્ત.

પ્રાર્થના.

[પ્રભુના ભંડાર ઘેર સ્નાત્રના આખરમાં નીચેની પ્રાર્થના સર્વ જનોએ પ્રાતઃકાળ, અને સાંજે કરવાની છે. તંત્રી.]

श्री श्रमणसंघस्य शांति र्भवतु, श्री पौरजनस्य शांति र्भवतु,
श्री जनपदानां शांति र्भवतु, राजाधिपानां शांति र्भवतु,
श्री राजसंनिवेशानां शांति र्भवतु, श्री गोष्ठिकानां शांति र्भवतु,
श्री पुरमुख्याणां शांति र्भवतु, श्री ब्रह्मलोकस्य शांति र्भवतु.
ॐ स्वाहा ॐ स्वाहा ॐ श्री पार्श्वनाथाय स्वाहा ॥

—સુવિહિત એવા સઘળા સંઘની વિઘ્નનિવૃત્તિ રૂપ શાંતિ થાઓ, શહેરમાં વસનાર લોકોની વિઘ્નોપશમરૂપ શાંતિ થાઓ, જનપદ-દેશની શાંતિ થાઓ, રાજા અધિપતિની શાંતિ થાઓ, રાજાના ઉપવેશનસ્થાન-સંનિવેશની શાંતિ થાઓ, ગોષ્ઠિક એટલે ધર્મસભાસ્થ જનોની સભાના દેવના ઉપશમરૂપ શાંતિ થાઓ, પુરના મુખ્ય પુરુષોની વિઘ્નોપશમરૂપ શાંતિ થાઓ, બ્રહ્મ લોકની (બ્રહ્મચારીઓના સમુદાયને) વિઘ્નોપશમરૂપ શાંતિ થાઓ; ઓમ્ સ્વાહા (મંત્રાર્થે), ઓમ્ સ્વાહા (દેવોના સંબોધનાર્થે) ઓમ્ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા—કુંકુમાદિ પૂજનનું ઉચ્ચારણ શ્રી પાર્શ્વનાથના પૂજનાર્થે (ઓમથી મંત્રના પ્રતિ ક્ષેપ કરવામાં 'સંતોષાર્થે' જણાવ્યું છે.) ઇત્યાદિ.

Service for Native Land

Who serves his country best?
Not he who, for a brief and stormy space,
Leads forth her armies to the fierce affray.
Short is the time of turmoil and unrest,
Long years of peace succeed it and replace:
There is a better way.

Who serves his country best?
Not he who guides her senate in debate,
And makes the laws which are her prop and stay;
Not he who wears the poet's purple vest,
And sings her songs of love and grief and fate;
There is a better way.

He serves his country best,
Who joins the tide that lifts her nobly on;
For speech has myriad tongues for every day,
And song but one; and law within the breast
Is stronger than the graven law on stone;
There is a better way.

He serves his country best,
Who lives pure life, and doeth righteous deed,
And walks straight paths, however others stray,
And leaves his sons, as uttermost bequest,
A stainless record which all men may read;

This is the better way.

No drop but serves the slowly lifting tide,
No dew but has an errand to some flower,
No smallest star but sheds some helpful ray,
And man by man, each giving to the rest,
Makes the firm bulwark of the country's power;

There is no better way.

દેશ સેવાનો ઉત્તમ માર્ગ.

(ઉપરોક્ત અંગ્રેજી કાવ્યનો સ્વતંત્ર પદ્યાનુવાદ અત્ર મુકવામાં આવે છે.)

સ્વદેશ સેવા શ્રેષ્ઠ સજશે કોણ સજ્જન સૃષ્ટિમાં. ।
નિજ વ્યક્તિ જીવન ભરીને આનંદથી જન ભક્તિમાં.
નિર્દંભ ભાવે કાજ હોમે સત્યને સમરાંગણે,
દર્શાવતા અનન્ય વીરતા, [illegible] ન [illegible] શ્રેષ્ઠ એ,
સુકાનને [illegible] શાંતિના છે અડગપણી [illegible].
સંપૂર્ણ શાંતિ [illegible] આવનારી નિમવે.
ભાગ્યશાળી સત્ય જેની [illegible] પર નાચતા,
[illegible] દેહને ભાગ રચે પ્રતિભા ભવ્ય;
[illegible] બની નિજ બંસીમાં જે દેશ ગીત ઉતારતા,
સ્નેહે બની દુઃખી જીવન [illegible] રેલાવતા;
[illegible] સેવા બની એ, શ્રેષ્ઠ ના [illegible] એ,
સેવા તણી વિધિ શ્રેષ્ઠ [illegible] નથી કંઇ અન્ય છે.
[illegible]
[illegible]
[illegible]
નિજ જીવનમાં [illegible] શુભ કાર્યમાં નિત્ય રાચતા;
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જે દેશનું પ્રત્યેક જળ બિંદુ તારે ઉડતું.
દુષારનું પ્રતિબિંબ પુષ્પે હિમ્મતા કૈં સિંચતું,
અનુપમ વિપિનનો તારલો પંથે પથિકને દોરતો,
પ્રતિ માનવી નિજ બંધુ કાજે જાન વ્હાલો અર્પતો.
પ્રત્યેક પૃથ્વીના અણુ પશુ માનવી વિહંગને,
ઉન્નત કરી, ભૂમિને બનાવે ઉચ્ચ, સેવક એક એ.

—અમૃત.

દેશને ખાતર.

ધન માલને કરવા કરૂં કુરબાન ખાતર દેશને;
સ્નેહે સમર્પી શીશ અર્પું જાન ખાતર દેશને.
જન્મ્યો જનુની કુખ જગ જાહેર ખાતર દેશને,
પીવાં કરૂં ના ઝેર પેલા શેર ખાતર દેશને;
અગ્નિ મહીં ઝંપલાવવા છે હામ ખાતર દેશને;
મહું તુચ્છ હું આરામ ને સુખ ધામ ખાતર દેશને.
ઉભો રહું જઇ કાળની સન્મુખ ખાતર દેશને;
વનવાસ લઇ વિપરીત વેઠું દુઃખ ખાતર દેશને.
જાણી બધી આ દેહને દઉં ભાખ ખાતર દેશને;
ભાવેથી માગું ભીખ ચોળી રાખ ખાતર દેશને.
ઘરબારની દરકાર કે પરવા ન ખાતર દેશને;
મરવા તણો ડર લેશ પણ મનમાં ન ખાતર દેશને.
તન મન અને ધનને જીવન પણ જાણ ખાતર દેશને;
ધિક્કાર છે દીધા ન જેણે પ્રાણ ખાતર દેશને.

—હર.

चित्र परिचय.

૧.

શ્રીયુત સ્વ૦ વીરચંદભાઇનું જીવન અને કાર્ય.

Genius begins great works;
Labour alone finishes them.

—*Joubert.*

—મહાન કાર્યનું આરંભમાત્ર પ્રતિભા-પ્રતિભાશાળી પુરો કરે છે, જ્યારે તેનું અંતપર્યંત શ્રમજ પુરો કરે છે.

પ્રસ્તાવ.

૧.

કર્ત્તવ્યશાલી પુરૂષોનું ચરિત્ર સામાન્યપણે મનનીય અને અનુકરણીય હોય છે અને તેથી આવા પુરૂષોનું અને તેમનાં ચરિત્રોનું મહત્વ વિશેષ છે. આ ભૂતલપર કોટ્યાવધિ માણસો થઇ ગયા છે, અસ્તિત્વ ધરાવે છે અને અસ્તિત્વમાં આવશે, પણ જે મહાપુરૂષોએ જ્ઞાન સંપાદન કરી સ્વકર્ત્તવ્ય સમજી રાષ્ટ્રોન્નતિ માટે, સમાજોન્નતિ અર્થે, ધર્મ નિમિત્તે અને પરોપકાર અર્થે અનેક કાર્યો કર્યાં હોય, કરે છે અને કરશે તેજ મનુષ્ય વંદ્ય થયા છે, થાય છે અને ભવિષ્યમાં થતા રહેશે. કર્ત્તવ્યથી મનુષ્ય ભૂલોકને સ્વર્ગ બનાવી શકે છે અને માનવ દેવ બની શકે છે. પૂર્વકાલિન પુરૂષોને આપણે જે મહત્વ આપીએ છીએ, અને તેનાં સ્તુતિ સ્તોત્રો ગાઇએ છીએ તે કેવલ તેમની કર્ત્તવ્યપરાયણતાથીજ; અર્થાત્ કર્ત્તવ્ય એ એક અમૂલ્ય અને અજબ વસ્તુ છે. કર્ત્તવ્યથી દેશ અને ધર્મ ઉન્નતિના શિખરે ચડે છે; કર્ત્તવ્યના અભાવથી તે અસ્તંગત થયા છે. એક અંગ્રેજ ગ્રંથકાર કહે છે કેઃ—

I slept and dreamt that Life was Beauty,
I woke and found that Life was Duty.
—સ્વપ્નદષ્ટિથી જોતાં માનવ જીવન સૌંદર્યથી પરિપ્લુત જણાય છે,
પણ જાગૃત દષ્ટિથી જોતાં તે કર્ત્તવ્યપૂર્ણ છે.

ભાવાર્થ એ છે કે કર્ત્તવ્યથી માનવી ચારિત્રમાં મહત્વ આવેલું છે. આપણે પ્રાચીન પુરૂષો, ઋષિ, અને મહાત્માઓ વિષે વિચાર કરતાં ઉદ્ગાર કાઢીએ છીએ "પૂર્વકાલ સુવર્ણનો હતો, તેથી તે કાળે દેવતુલ્ય મહાત્માઓ થયા. પણ હમણાં તે દિવસો ગયાજ છે. પરંતુ આ ઉક્તિ ઉપરથી ખરેખર એમજ શું હતું? એવો વિચાર કરતાં એમજ જણાય છે કે કાલ તેનો તે છે, જે પૂર્વે હતો તે હમણાં છે, પણ ફેર માત્ર એટલો છે કે કર્ત્તવ્યહીન પુરૂષ આ કાલમાં ઉત્પન્ન થાય છે તેથીજ આ કાલનું મહત્વ ઓછું થતું ગયું છે. દરરોજ તેજ સહસ્રરશ્મિ-ચંડાંશુ-સૂર્ય પૂર્વદિશામાં ઉદિત થઇ આખો દિવસ પોતાના પ્રકાશથી ભૂમિને પ્રકાશિત કરીને સાયંકાળે પશ્ચિમ દિશામાં અસ્ત થાય છે, અને રાત્રિ સમયે આકાશમાં અસંખ્ય તેજઃપુંજ તારાઓ પ્રકાશિત થાય છે. અજવાળીઆમાં ચંદ્ર જ્યોતિના પોતાનું રમણીય સામ્રાજ્ય ભૂમિપર વિસ્તારે છે, જ્યારે કૃષ્ણપક્ષમાં અંધકાર પોતાની સત્તા જમાવે છે. ઉન્હાળામાં સૂર્યનું તેજ પ્રખર હોય છે, જ્યારે શીતકાળમાં ઋતુ ઠંડી હોય છે. વર્ષાકાળમાં પૃથ્વીપર ગગનમેઘોથી વિપુલ પાણીની વૃષ્ટિ થાય છે. જ્યારે ઠંડી ઋતુમાં પવન મંદ મંદ ભૂમિપર સંચાર કરે છે. આ સર્વેનો સારાંશ એ છે કે કાલની ગતિ હતી તેવીજ છે. પૂર્વ કાલમાં અને વર્તમાન કાલમાં કદાચિત્ ફેર લાગતો હોય તો તે થોડોઘણો સ્થિત્યંતર છે તેને લઇને. બાકી પૂર્વે સોનાનો વરસાદ પડતો, અને હાલ પડતો નથી એવી સ્થિતિ કદી પણ થઇ નથી. સર્વકાલ સ્થિતિ એકજ વખતના પ્રમાણમાં કાલ દષ્ટિએ સરખી છે, પરંતુ દરેક કાલમાં કર્ત્તવ્યશાલી પુરૂષોની જરૂર રહે છે જ. જે દેશ, જે સમાજ અને જે ધર્મ કર્ત્તવ્યવાન્ પુરૂષોને જન્મ આપે છે, તે દેશ, તે સમાજ અને તે ધર્મ આ પૃથ્વીપર સ્વર્ગતુલ્ય સંચાર કરે છે. અરે ભારતવાસી! અરે જૈન સમાજ! તું આવા કર્ત્તવ્યપરાયણ પુરૂષોનો જન્મ કોઇ પણ કાલે પણ ક્યારે આપતી રહીશ? અને પ્રાચીન કાલે સંપાદન કરેલી ઉન્નતિ કદિ પુનઃ આ ભૂપૃષ્ઠ

વિસ્તારીએ ! અરે અવિનાશી કાળ ! સતત નહિ તો નહિ, પરંતુ થોડે થોડે અંતરે પણ ગંભરદાસી નરરત્નો અમારી સમાજમાં નિષ્પન્ન કર ! અને તેઓદ્વારા જૈન ધર્મનો ફરીથી ભૂમિતળપર થાઓ !

પ્રિય વાચક ! જૈન ધર્મનો ભૂમંડળ પર પ્રકાશ પાડનાર એક મહાત્માના અમૂલ્ય ચરિત્રનો પરિચય આજ હું તમને કરાવનાર છું. શ્રીમાન્ વીરચંદનું ચરિત્ર સુશિક્ષિત અને જૈન ધર્મજ્ઞાનના ઇચ્છક તરુણોને અનુકરણીય છે. જૈન ધર્મ આ પૃથ્વીપર સમસ્ત પ્રાણીઓનો ધર્મ છે. નિજધર્મ એટલે પોતાના આત્માનો જે ધર્મ તેજ જિનધર્મ છે. તેથી તે જિનપ્રણીત ધર્મનો પાશ્ચાત્ય દેશમાં પ્રસાર કરવા માટે જૈન સમાજમાંથી સુશિક્ષિત ઉત્સાહી પદવીધર નિર્મિત થવો જોઇએ—એ ગાંધીનું ચરિત્ર શિખવે છે. જૈન ધર્મ ઉપર અન્ય સમાજસંમુખ વેધુ કરેલ આક્ષેપો, કાર્ય કરવાની તેની શક્તિ વગેરેથી તેની કર્તવ્યદક્ષતા સિદ્ધ થાય છે. એ વખતથી તેમનું ચરિત્ર બોધપ્રદ છે. જન્મ પામી મનુષ્ય અવશ્ય મૃત્યુને શરણ થાય છે, કોઇ પણ મનુષ્ય અમરપટ્ટ લખાવી આવેલ નથી. કોઇને કોઇ દિવસે કાળની દાઢમાં ચપાવાનું નિર્માણ થયેલું છે, પરંતુ જેઓ સ્વકર્તવ્યનિષ્ઠ બની ખુબીઓ અને વિકટ સંજોગોને ઠોકર મારી જીવન પ્રયાણ કરે છે તેઓ દેહવિલય થયે છતે અમર છે—જીવંત છે; અને તેમનું પ્રશંસનીય ચરિત્ર પ્રજાની નજર આગળ સદા તરવરતું રહે છે.

જેને ખરેખર પોતાનું માનવી જીવન કૃતાર્થ નિર્વહવું છે તેને સમજવાનું છે કે સ્થૂલ શરીરતઃથી મહાન્ પુરુષો મૃત્યુ પામતા નથી પરંતુ તેમનો અક્ષર દેહ—કીર્તિરૂપે અમર રહે છે; અને જેને આ ક્ષણભંગુર સંસારયાત્રામાં પોતાના અમોલ માનવી જીવનની કિંમત બીલકુલ જણાતી નથી તેનું જીવન ખાસે બાપડા પશુના જીવન સરખું શું નથી ? પશુ અને મનુષ્યમાં કયા પ્રકારનો તફાવત છે ? બન્નેના આહાર વિહાર સરખા છે; બન્ને ભક્ષ કરે છે, પણ જે મનુષ્ય પરમાર્થ જીવન માટે કર્તવ્યપરાયણ રહે છે તેજ માનવી જીવન સફળ કરે છે. શ્રીમંતો પાસે વિપુલ ધન હોય તેથી શું ? તે ધનનો ઉપયોગ એક માત્ર કોડી પણ પોતાના મોજશોખ સિવાય જન્મમાં જો ન થયો હોય—પરમાર્થે થયો ન હોય તો તે લક્ષ્મી તેની પાસે હોય તેથી શું અને ન હોય તેથી શું ! ધન તો સર્વની દૃષ્ટિમાં રહેલ નથી, દરિદ્ર મકાનમાં રહેલ મેલી જેવું છે; જો શ્રીમંત પોતાના પૂર્વપુણ્યથી પોતાને ધન મળ્યું છે એમ સમજી તેનો સદુપયોગ અર્થે ઉપયોગ કરે છે તેનાજ ધનનું પ્રયોજન છે. તેજ પ્રશંસાપાત્ર છે. કહેવાનો અર્થ એ છે કે મનુષ્ય જીવનનો હેતુ કર્તવ્યતત્પરતા ખ્યાલ કરવાનો છે, અને તેથી કર્તવ્ય કર્મમાં—જીવનક્રમ જેવા શ્રીયુત વીરચંદ રાઘવજી ગાંધીનું આખું પણ મહત્ત્વપૂર્ણ ચરિત્રથી આપણું મન નિવેદિત કરવામાં આવે છે.

જન્મ.

શ્રી વીરચંદનો જન્મ જૈનધર્મીય શ્વેતાંબર સંપ્રદાયમાં કાઠિયાવાડના ભાવનગર શહેર પાસેના મહુવા ગામમાં તારીખ ૨૫ મી ઓગષ્ટ ૧૮૬૪ ના દિને શ્રીમંત કુલીન ઘરમાં થયો હતો. રાઘવજીભાઇ એ તેમના પિતાનું નામ હતું. તેમનો ધંધો ઝવેરીનો હતો અને પોતાના તે વખતમાં પ્રવીણ હતા—ધર્માનુરાગી અને ધર્માચારમાં દૃઢ પુરુષ હતા.

વ્યવસાય.

આ પછી પોતાને માટે કંઈ ચિરસ્થાયી વ્યવસાય લેવાનું મિ. વીરચંદને પ્રેમ લાગવાથી કાયદાની ઉંચી પરીક્ષા નામે સોલિસિટરની પરીક્ષા પસાર કરવાનું તેનું ઠરી ગયું. સોલિસિટરનો વ્યવસાય એટલો બધો શ્રમદ અને અનવકાશવાળો છે કે ન પૂછો વાત, પરંતુ તેની સાથે તેના પ્રમાણમાં કે તેથી વધારે તે ધનપ્રદ હોવાથી તેની ખેટ સારી રીતે પૂરી પાડે છે. ઉપરાંત ભૂલવું નથી જોઈતું કે ઘણા ઉચ્ચ નીતિવાન્ અને પવિત્ર પુરુષોને તે ધંધો ગમ્યો નથી એટલુંજ નહિ, પણ કેટલાકોએ તેમાં પડી મૂકી પણ દિધે છે. આ માટે ગમે તે કારણ હોય, પણ તેની સાથે અહીં આપણે સંબંધ નહિ હોવાથી પ્રસ્તુત વાત સંભાવતાં કહીશું કે વીરચંદ સરકારી સોલિસિટરોની પેઢી નામે લિટલ એંડ કંપનીમાં 'આર્ટિકલ્ડ કલાર્ક' તરીકે ઇ. સ. ૧૮૮૬ માં જોડાયા અને સોલિસિટરની પરીક્ષા માટેનું આવશ્યક જ્ઞાન લેવા લાગ્યા. જૈનસમાજનું ઉત્તમ કાર્ય કર્યાથી મુંબઈ અને અમદાવાદના શ્રીમંત જૈનોએ તે માટે દ્રવ્ય સહાય ઠીક આપી. આવી રીતે વ્યવસાયમાં ગુંથાયા પછી જૈનસમાજના હિત પ્રત્યે અને આવશ્યક કાર્યો પ્રત્યે તેમણે દુર્લક્ષ આપ્યું નથી. આ વખતે જૈનસમાજના હૃદયને ભયંકર ધક્કો—આઘાત પહોંચાડનાર બનાવ બન્યો કે જેના પ્રતિકારાર્થે સૌની નજર વીરચંદપર પડી.

શિખરજી પર અત્યાચાર.

ઈ. સ. ૧૮૯૧ માં મિ. બેડમ નામના અંગ્રેજે જૈનોના પવિત્ર ક્ષેત્ર નામે સમ્મેત શિખર (કે જેને પાર્શ્વનાથ હિલ પણ અંગ્રેજો કહે છે) પર ચરબી બનાવવા માટે મોટું કારખાનું એટલે પશુ હત્યાગૃહ ઉઘાડ્યું. આથી સમગ્ર જૈન સમાજ પ્રક્ષુબ્ધ થયો અને કલકત્તામાં નીચેની કોર્ટમાં અંગ્રેજ કારખાના વિરુદ્ધ ફર્યાદી દાખલ કરવામાં આવી. ત્યાં જૈનો વિરુદ્ધ ફેંસલો મળવાથી તેપર હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી અને તે માટે મિ. વીરચંદ કલકત્તા આવ્યા. તેમણે ત્યાં બંગાળી ભાષાનો અભ્યાસ કરી ઘણી દેશી ભાષામાં કાગળ પત્રો જે જે હતાં તેનું પોતે અંગ્રેજી ભાષાંતર કર્યું અને તે કોર્ટમાં પુરાવા માટે દાખલ કર્યું તેવીજ રીતે કેટલાક શિલાલેખ, તામ્રપટ અને જુના લેખોના સહાયથી શિખરજી પર્વત પરનો જૈનોના હક્ક સાબીત કરી દીધો અને ઉત્સાહથી હાઈકોર્ટે પાને પુરાવો એવી સ્પષ્ટ અને સુંદરરીતે મૂક્યો કે નીચેની કોર્ટનો ચુકાદો રદ કરી જૈનોના લાભમાં ફેંસલો આપ્યો, અને પવિત્ર તીર્થક્ષેત્રનો અત્યાચાર દૂર થયો. આ પ્રમાણે બીજી વખત મી. વીરચંદે સ્વદેશમાં લીધેલ કાર્યમાં વિજય મેળવ્યો અને તેથી સર્વને આનંદ થયો ઉપરાંત મી. વીરચંદજી પ્રત્યે સર્વને આદર બુદ્ધિ અને પ્રેમની વૃદ્ધિ થઈ.

ચિકાગોની વિશ્વધર્મ પરિષદ.

આજ સમયમાં અમેરિકાના ચિકાગો શહેરમાં જગતના સર્વ ધર્મોની મહાસભા ભરવાનું ત્યાંના વિદ્વાન્ પંડિતોએ નક્કી કરી દરેક ધર્મના પ્રતિનિધિને મોકલવા આમંત્રણ કર્યું હતું. હિંદમાંથી જુદા જુદા ધર્મના પ્રતિનિધિ ગયા હતા, અને જૈન ધર્મ તરફથી પણ એક પ્રતિનિધિ મોકલવાને માટે શ્વેતાંબર જૈનાચાર્ય નામે શ્રી વિજયાનંદસૂરિ (કે જેઓ આત્મારામજી તરીકે વિશેષ પ્રસિદ્ધ છે અને સં. ૧૮૯૩-૧૮૯૭ ઈ. સ. માં



Herbert Warran



Virchand R Gandhi

માં સ્વાગત કરેલ છે) વગેરે પર નિમંત્રણ આવતાં, જૈનસાધુ સમુદ્ર ઉલ્લંઘન અપવાદ સિવાય ન કરી શકે એવી જૈનશાસ્ત્રમાં માન્યતા હોવાથી તેઓથી જઈ શકે તેમ ન હતું. પરંતુ તેમણે આ પ્રશ્ન 'જૈન એસોસિયેશન ઑફ ઇંડિયા' પર મોકલી આપ્યો. આ કામમાં આ પ્રશ્નનો ઉકેલ કેમ કરવો એ વાત ચર્ચાતાં સર્વની દૃષ્ટિ મી. વીરચંદ પર પડી અને તેને પ્રતિનિધિ તરીકે નીમવામાં આવ્યા. ત્યાર પછી તરતમ જૈન ધર્મનું સ્વરૂપ સમજવું કઠિન છે, પણ તેના કરતાં સમજાવવું વિશેષ કઠિન છે. આથી વીરચંદે શ્રીમદ્ આત્મારામજી પાસે કેટલોક કાળ રહી જૈન તત્ત્વજ્ઞાનનું ઊંડું અધ્યયન કરી ત્યારથી અમેરિકા જવા ઉપડી ગયા. મુંબઈ બંદર પર 'ફતેહ થાઓ' એવા મંગળ આશીર્વાદ અને મુનિની દૃષ્ટિ હતી. સ્વામી વિવેકાનંદ વગેરે હિંદુ ધર્મોનું મંડળ આ અમેરિકાની વિશ્વ ધર્મ પરિષદ હાજર હતું (કે જેનું ચિત્ર વીરચંદભાઈ સાથે આ અંકમાં મૂકવામાં આવ્યું છે.) મી. ગાંધી જેવા તરુણ આવું મહત્વનું કાર્ય ઉત્સાહથી રહીને જે એ ખરેખર અસામાન્ય વિદ્વતા અને બુદ્ધિમત્તાને સૂચવે છે; કારણ કે પરિષદ ધર્મોપદેશક હતી એટલું જ નહિ પણ તે ગૂઢ સમયને સમજવા માટે કોન્ફરંસે પણ વિદ્વાન મનુષ્યોનું અને પુષ્કળ સંખ્યામાં હતું. આવા જગવિખ્યાત અને અપૂર્વ પ્રસંગે જૈન ધર્મનું જાહેર બતાવવા માટે એક કેટલું પુરો જે મનોબળ વાપરેલ છે તે જૈન વર્તમાન ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

અમેરિકામાં કરેલું કાર્ય.

ઈ. સ. ૧૮૯૩ ના સપ્ટેમ્બર મહિનામાં ચિકાગો શહેરમાં ઉક્ત પ્રચંડ સાર્વધર્મ પરિષદનો પ્રારંભ થયો અને સત્તર દિવસ સુધી ચાલી તેમાં જૂદા જૂદા દેશોમાંથી જૂદા જૂદા ધર્મ પ્રતિનિધિઓએ આવી પોતાના ધર્મનું સ્વરૂપ જાહેર કર્યું. મી. વીરચંદે જૈનધર્મનું સ્વરૂપ—નીતિ અને તત્ત્વજ્ઞાન બંને એવી ઉત્તમ રીતિએ તે સમક્ષ મૂક્યું કે તે વખતના એક વખાણતાં અમેરિકન પત્રે જણાવ્યું છે કે:—

'A number of distinguished Hindoo Scholars, Philosophers, and Religious Teachers attended and addressed the Parliament; some of them taking rank with the highest of any race for learning, eloquence and piety. But it is safe to say that no one of the Oriental Scholars was listened to with greater interest than was the young layman of the Jain community as he declared the Ethics and Philosophy of his people.'

ભાષાંતર—પાર્લામેંટમાં પ્રસિદ્ધ હિંદુ વિદ્વાનો, તત્ત્વજ્ઞાનીઓ, અને ધર્મોપદેશકો હાજર હતા અને તેમણે ભાષણો આપ્યાં હતાં તેમાંના કેટલાક તો એવા હતા કે જેઓને વિદ્વત્તા, વક્તૃત્વ કલા, અને ધર્મભક્તિમાં કોઈપણ પ્રજાની ઉચ્ચમાં ઉચ્ચ વ્યક્તિઓ સાથે સમાન પદ પર મૂકાય તેમ છે; પરંતુ એટલું તો નિઃસંશયથી કહી શકાય તેમ છે કે પૌર્વાત્ય પંડિતોમાંથી જૈન સમાજના યુવક ગૃહસ્થે પોતાના વર્ગની નીતિ અને તત્ત્વજ્ઞાન સંબંધી ભાષણ આપ્યું તે રસથી લોકોએ સાંભળેલ હતું તે કરતાં વધારે રસથી કોઈ ગૌરવ પણ પૌર્વાત્ય પંડિતનું તેમણે સાંભળ્યું નથી.

આપણા ચરિત નાયકે જૈનધર્મસંબંધી તત્ત્વજ્ઞાન વિષયક સારાંશ ભાષણો જે આપ્યાં તેની ઉત્કૃષ્ટ અસર તે સભાના ઉત્પાદક અને ઓકલ્ટ [illegible] અને તેઓએ તેને રૌપ્યપદક (રૂપાનો ચંદ) અર્પણ કર્યું. આમ આ ભાષણોની અસર ત્યાંથી અટકી ન જતાં તેમણે અમેરિકાના મોટાં શહેરો નામે બોસ્ટન, ન્યૂયૉર્ક, વૉશિંગ્ટન વગેરેમાં જૈનધર્મપર ભાષણો આપી જૈનધર્મનું રહસ્ય, તેની અસલ તેની સુંદરતા સમજાવ્યાં [illegible] શહેરના નાગરિકો પાસે તેણે કરેલ જૈનધર્મ ભાષણોથી સર્વ નાગરિકો સંતુષ્ટ થયા ને શ્રી ગાંધીને સુવર્ણપદક-મેડાલ [illegible] આપ્યો. આ ભાષણો પૈકી 'જૈનધર્મ શું છે ?' (What is Jainism), 'જૈનોનું તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર' (Philosophy and Psychology of the Jains), 'બલિદાનનો ગુપ્તધર્મ' (The Occult Law of Sacrifice), 'જીવનના ખરા નિયમો' (The True Laws of Life), 'જૈનોનો વિશ્વસાથે સંબંધ' (Jains' Relation to the Universe) ઇત્યાદિ. આ સિવાય અનેક ભાષણો અમેરિકામાં [illegible] અમેરિકન લોકોમાં જૈનતત્ત્વજ્ઞાનનો પરિચય કરાવવા અર્થે 'ગાંધી ફિલૉસૉફિકલ સોસાયટી' સ્થાપી [illegible] કર્યું.

[illegible] મોટા શહેરોમાં વિદ્વાન લોકોના મંડળોમાં શ્રી. ગાંધીએ જૈનધર્મ [illegible] આપ્યાં. આ વખતે મુંબઈના [illegible] [illegible] ગાંધી [illegible] પરિણામ [illegible] જૈનધર્મ વિષય [illegible]

લાગ્યું. વળી મી. ગાંધીએ મુંબઈની બુદ્ધિવર્ધક સભા, આર્ય સમાજ, થિયોસોફિકલ સોસાઈટી, પાસે પણ જૈનધર્મપર વ્યાખ્યાનો આપ્યાં.

અમેરિકા તરફથી પુનઃ આમંત્રણ.

આ પ્રમાણે સ્વદેશમાં જૈન ધર્મનો પરિચય દેશબંધુઓને કરાવવાનું પવિત્ર કાર્ય ચાલતું હતું ત્યાં મી. ગાંધીને અમેરિકન લોકો તરફથી જૈનધર્મનો વધુ પરિચય કરાવવા માટે આવવા આમંત્રણ એક પછી એક આવવા લાગ્યાં. પોતાના ધર્મનો પરિચય કરાવવાની બીજાની તીવ્ર ઈચ્છા અને જૈન તત્ત્વજ્ઞાન પ્રત્યેની રૂચિ તૃપ્ત કરવાનું આમંત્રણ કયો ધર્મપ્રેમી પુરૂષ ન સ્વિકારે! તુરતજ મી. વીરચંદ પુનઃ ઈ. સ. ૧૮૯૬ માં અમેરિકા બીજી વખત ગયા. (૨૦ મી ઓગસ્ટે માંગરોળ જૈન સંગીત મંડળી તરફથી માનપત્ર દીધા પછી—આ અંગ્રેજી માનપત્ર અને તેનું ગુજરાતી ભાષાંતર હવે પછી આપવામાં આવેલ છે.)

આ વખતે અમેરિકામાં થોડા મહિના અને ઈંગ્લંડમાં થોડા મહિના રહી મી. ગાંધીએ પોતાની વ્યાખ્યાનમાળા શરૂ કરી અને તેની સાથે વિલાયતમાં બેરિસ્ટરનો અભ્યાસ પ્રારંભ્યો. આમ સમય ઉદ્યોગ ચાલતો હતો ત્યાં તેમના જૈન બાંધવોએ તેને પુનઃ હિંદુસ્થાન બોલાવ્યા, કારણ કે જૈન સમાજના હિત વિરૂદ્ધ પ્રશ્ન સંબંધે એક અપીલ સેક્રેટરી ઓફ સ્ટેટ-હિંદી પ્રધાનને કરવાની હતી. મી. ગાંધીએ આ સંબંધે કરેલી યોજના સર્વને પસંદ આવવાથી તે પ્રમાણે હિંદુસ્થાન આવી (૧૨ મી ઓગષ્ટ ૧૮૯૮) બે ત્રણ કાઠીયાવાડીમાં રહીને અપીલની સર્વ માહિતી મેળવી પોતાના પુત્ર સહિત પુનઃ વિલાયત ગયા. (૨૪ સપ્ટેંબર ૧૮૯૮) ત્યાં સ્ટેટ સેક્રેટરી પાસે અપીલ યોગ્ય રીતિએ કરી ફતેસી થઈ હિંદુસ્થાન પાછા ફર્યા.

આ ત્રીજી વખત અમેરિકા તરફ શ્રી વીરચંદ ગયા ત્યારે પણ માંગરોળ સભાની મહેનતથી એક મહાન્ જાહેર મેળાવડો સ્વ. ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેના પ્રમુખપણા નીચે તે વખત ૧૮૨૩ મી સપ્ટેંબરને દિને થયો હતો. માનપત્રની નકલ અંગ્રેજી તેના ભાષાંતર સાથે આગળ આપી છે.

પરલોક યાત્રા.

સ્વદેશમાં જૈન સમાજોન્નતિ વિષયે તેને હૃદયમાં બહુ લાગી આવતું હતું અને તેથી તે દિશાતરફ ઉદ્યોગ આરંભ્યો. પણ માનવીની ઈચ્છા પ્રમાણે જગતમાં સર્વ સત્તા ચાલતી હોય તો કાળનું મહત્ત્વ કદિ ચિત્ પણ સંભવત નહિ અને મહાન્ સાર્વભૌમ, વિદ્વાન્ અને કવિઓને 'કાલાય તસ્મૈ નમઃ' એવું બોલવાનો સમય પણ ન આવે. કાળ પાસે સર્વની ગતિ કુંઠિત છે; કોઈ પણ એવી વસ્તુ જગતમાં નથી કે જે કાળને વશ ન હોય; તો પછી મિ. ગાંધી તેના અપવાદ રૂપે કેમ હોઈ શકે! પોતે આરંભેલ વ્યવસાયને છોડી પોતાને એકદમ પરલોકગમન કરવું પડશે એ મી. ગાંધીના સ્વપ્નમાં પણ નહોતું. તેઓને વિલાયતથી આવ્યા ને બેજ અઠવાડિયાં થયાં ત્યાં એટલે ૭ મી ઓગષ્ટ સને ૧૯૦૧ ને દિવસે મિ. ગાંધી પોતાના સર્વને શોક સમુદ્રમાં ડુબાવી સ્વર્ગે સિધાવ્યા. આના મૃત્યુથી સર્વ હિંદુસ્થાનમાં જૈનલોક અને અન્યને બહુ લાગ્યું છે. સ્વદેશમાં મરણ પામવાનું આવ્યા એમ સ્થાકને થયું. ખરેખર! જૈન સમાજમાંથી એક કર્તવ્યશાળી હીરોજ ગુમ થયો છે.

પ્રકૃતિ-ઉપસંહાર.

મી. ગાંધીની વિશાલ બુદ્ધિમત્તા હોવા ઉપરાંત-સ્વભાવ અત્યંત મિલનસાર હતો. વકતૃત્વ શક્તિ ન્યાય પુરઃસર અને બલવાન્ હતી. ન્હાનપણથી નિરાલસપણે કામ કરવાની તેની પદ્ધતિ હોવાથી અવકાશમાં વિશ્રાંતિ લેવાનું પ્રકૃતિને રૂચતું નહિ. આવી રીતે અતિ શ્રાંત પરિશ્રમથી કાર્ય કરવાથી તેની શરીરસંપત્તિ કાયમ ન રહેતાં અકાલે તેમનું મૃત્યુ થયું એમ કહેવામાં કંઇ હરકત નથી. જગતમાં તેણે જે અલ્પ આયુષ્ય ગાળ્યું છે તે પોતાના ધર્મની ઉન્નતિ અર્થેજ, અને તેથીજ અન્ય મનુષ્યોને તુચ્છ ગણાતું જીવન કેવી રીતે અત્યંત મહત્વપૂર્ણ કરી શકાય છે તેનું જ્વલંત દૃષ્ટાંત તેમણે પૂરૂં પાડયું છે. પૂર્વ કાલમાં તીર્થંકરોએ અથવા અન્ય મુનિઓએ ભરતખંડની બહાર જૈન ધર્મનો ઉપદેશ આપ્યો હશે, પણ હમણાં કેટલાક શતકાથી જૈનધર્મ કે જે આર્યાવર્તમાં નામાવશેષરૂપ માં પણ રહેલો છે તેને પ્રથમ તેની બહાર કાઢી ઉજ્વલ આકારમાં મૂકવાનું શ્રેય મી. ગાંધીએ સંપાદન કરેલ છે. જે જે કાર્ય ગાંધીએ હસ્તમાં લીધું તેમાં તેમને સહજ યશ થયો છે. શ્રીયુત સ્વર્ગસ્થ વીરચંદ ભાઈના મૃત્યુથી જૈન સમાજને અત્યંત હાનિજ થઇ છે. અત્યાર સુધી આવો વીર પુરૂષ શ્વેતાંબર કે દિગંબર પંથમાં ઉત્પન્ન થયેલ નથી, અને ભવિષ્યમાં થાય એવો સંભવ નથી. ભારત જૈનસમાજના ભૂષણરૂપ શ્રીમન્ વીરચંદની શુભ ગતિ હો !

આમનાં અંગ્રેજી વ્યાખ્યાનોનાં પુસ્તકો મેઘજી હીરજી બુકસેલર પાયધુની, મુંબઇ, શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ ઝવેરી બજાર મુંબઇ, અને જૈન ગ્રંથ રત્નાકર કાર્યાલય હીરાબાગ મુંબઇ મળશે; તેને ખરીદી વાંચકો ઉત્તેજન આપી પોતે લાભ પ્રાપ્ત કરશે.* તે પુસ્તકોનાં નામ ને કિંમત Jain Philosophy (દોઢ રૂપિયો), Yoga Philosophy (પાંચ આના) અને Karma Philosophy (પાંચ આના) છે.

૨

હવે વીરચંદભાઇ સંબંધી બીજી જે કંઇ પ્રકીર્ણ બાબતો મળી શકે છે તે સંબંધી કંઇ કહીશું.

તેઓના સહકુટુંબ અમેરિકાના દ્વિતીય પ્રવાસ કરવી વખતે તેમને માંગરોળ જૈનસભા તરફથી માનપત્ર અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં સ્વર્ગસ્થ શેઠ પ્રેમચંદ રતનચંદના પ્રમુખપણા નીચે આપવામાં આવ્યું હતું કે જે નીચે પ્રમાણે છે.

* આટલું જીવનચરિત્ર તો અનુવાદ છે. [illegible] પ્રકટિત કરેલ વીરચંદભાઈ [illegible] અને [illegible] Jain Philosophy માં આપેલ ટુંક જીવન ચરિત્ર [illegible] મૂળ [illegible] જૈન [illegible] નામે [illegible] ના [illegible] ૧૯૧૪ ના [illegible] ભાષામાં [illegible] સર્વત્ર ગુજરાતી [illegible]

તંત્રી

To,

Virchand Raghavji Gandhi, Esq., B. A,

Member of the Royal Asiatic Society, Secretary to the Jain Association of India, President of the Hemchandra-acharya Study Class, &c., &c.

BOMBAY.

Dear Sir,

We, the Members of the Mangrol Join Sangit Mandali, are assembled here to-day to give expression in public to the high esteem and ardent admiration with which we all regard you for the incalculable benefits you have conferred upon our assembly by useful services and timely suggestions, as well as on the whole Community, on religious matters and many important and intricate questions connected with the affairs of our Sacred Places.

We avail ourselves of this occasion, especially because only to-morrow you will be on your way to that Land where you went in 1893, as an accredited *Delegate* of the Jain Community, to represent the views on the Ethics and Philosophy of our Religion in the Parliament of Religions at Chicago. It was a matter of joy and satisfaction for us all that out of a few Indian Delegates of light and learning, who could compete with and *hold their own against the foremost* thinkers of Europe and America, you were the only person who was heard with rapt attention and accorded due praise.

Your real work may be said to have commenced with the termination of the sittings of that grand Assembly, for it was then that invitations from persons of diverse views and various positions, coupled with the earnest solicitations of Associations, Unions, and Clubs, began to pour in, which induced you to prolong your stay there. This brief sojourn you turned to the best account, by delivering many public lectures on the idea and aim of Jain Philosophy-nay, when on certain occasions the duty of representing the whole India devolved upon you, you discoursed on Indian Philosophy in general, and

succeeded to a great extent in dispelling doubts and misconceptions about the History, Morality, and Religion of the Hindus, and thus lifted up the veil which screened real things from their gaze. Here, also, after your arrival you did not fail to embrace every opportunity to enlighten us on the manners, customs, and the educational systems of America, and your unremitted exertions have resulted in creating a zealous study of our Religion and Philosophy and the formation of the Hemchandra-acharya Study Class.

Rejoicing as we do at your second visit, we cannot but feel profound sorrow at the idea of separation from a person of your knowledge, ability, and simplicity. We however, console ourselves with the fact that what is loss to us is a substantial gain to our American Brethren.

Those of our Brethren on the other side of the Mississippi who being far removed from the centres of your activity, could not share the pleasures of your company and addresses, will have now ample time to satisfy themselves. It will also be a boon and blessing to the enthusiastic students of Occult Philosophy, who paid you a well merited meed of honour by founding a Society of Philosophic Investigations in your name. We feel pride and pleasure to know that you will be accompanied by your devoted Wife, who will be a source of great help and comfort to you, and will afford our American Sister a good opportunity to form a correct idea of the nature, virtues and responsibilities of an Aryan Lady.

In conclusion Sir, we heartily wish you a *bon voyage* and pray that blessings may be strewn across your path, and that your efforts in propounding and propagating the high principles of our noble Religion may be crowned with success, and hope that the revival of the glorious Past of the noble Land of the East, which was hailed with fervour in a dim and prophetic vision by that illustrious French writer Victor Hugo, is destined to take place in the soil of America, and that India and America, which have been already brought into contact by material civilization, will through our spiritual

thoughts be united in more enduring and permanent bon[ds of]
Fraternity.

As for ourselves, we shall be longingly looking for[ward]
[f]or that day, when, after mastering the great problem of
free education of the masses, you will return here and w[ork]
for its introduction, for it is upon the solution of this prob[lem]
alone that the future happiness of our country depends.

We beg to remain,

DEAR SIR,

Your Friends and Well Wishe[rs,]

Premchand Roychand,

President of the Meeti[ng]

Motichand Devchand,

Presiden[t]

for Members of the Mangrol Jain Sang[it]
Mandali.

BOMBAY,
20th August, 1896

[Am]archand Talackchand,
Honorary Secretary.

(ઉપલા માનપત્રનું ગુજરાતી ભાષાંતર)

મેમ્બર ઓફ ધી રોયલ એશિયાટીક સોસાયટી.

જૈન એસોસીએશન ઓફ ઇંડીઆના સેક્રેટરી, વગેરે.

મી. વીરચંદ રાઘવજી ગાંધી, બી. એ.

પ્યારા બંધુ.

મુંબઈ.

અમો સઘળા શ્રી માંગરોળ જૈન સંગીત મંડળના સભાસદો આપની ઉત્કૃષ્ટ સેવા તથા સ્વદેશ સ્નેહનાથી, તથા સમસ્ત જાતિને ધર્મસંબંધી વિષયોમાં કેવળ પવિત્ર દૃષ્ટિએ રજુ કરવાના અને સુધારણા કરવા સબંધીની આપણામાં જે અપૂર્વ કામો કર્યાં તેનો જાહેર રીતે આભાર માનવા અને આપની પ્રત્યે જે ઉંચું માન અમે ધરાવીએ છીએ તે પ્રગટ કરવા એકઠા થયા છીએ.

આ પ્રસંગે અમારી લાગણીનું ખાસ કારણ એ છે કે, ... આપ અમેરિકા ... જ્યાં સન ૧૮૯૩ માં ભરાએલા ધર્મ સમાજમાં જૈન કોમના પ્રતિનિધિ તરીકે આપણા ધર્મનાં તત્વો અને રહસ્ય પ્રગટ કરવા આપ ... અને અમેરિકાના ... તત્વજ્ઞાનીઓ અને વિદ્વાન ... ગયા ... ઘણી વખત ... પ્રતિનિધિ ... એક ... ... આ ... ... અત્યંત ... ... જ્યારથી ... ... તારીખ ... થઈ શક્યો છે.

વિધ વિચારના અને ભિન્ન ભિન્ન સ્થિતિના માણસોના આમંત્રણથી, અને અનેક મંડળીઓ અને સભાઓની સવિનય પ્રર્થનાથી પ્રેરિત થઇ આપે ત્યાં થોડો વધારે વખત રહેવા વિચાર કર્યો. વિવિધ વિષયોપર વ્યાખ્યાન અને ભાષણ આપી આ ટુંક વખતનો આપે સદુપયોગ કર્યો એટલુંજ નહીં પરંતુ જ્યારે જ્યારે આખા હિંદના પ્રતિનિધિની ફરજ આપને માથે આવી પડી હતી, ત્યારે હિંદુસ્તાનના તત્વજ્ઞાન વિષે આપે આપના વિચાર જાહેર કર્યા અને આર્યાવર્ત્તની તવારીખ નીતિ અને ધર્મ સંબંધી જે જે ભૂલ ભરેલા વિચારો ત્યાંના લોકોના મગજમાં ઘર કરી રહ્યા હતા તે સઘળાને દૂર કરી ખરી વાત તેમની નજર આગળ આણી હતી.

અહીં આવ્યા પછી પણ આપને જે જે તક મળી તે તે વખતે અમેરિકાના લોકોની રીત રિવાજ અને વિદ્યાના પ્રચાર વિષે અમોને કિંમતી ખબરો ,આપે આપી છે. ધર્મ તરફ રૂચી ઉત્પન્ન કરવાને આપના ભારી પ્રયત્નો ફળીભૂત થયા છે; અને શ્રી હેમચંદ્રાચાર્ય અભ્યાસવર્ગની સ્થાપના એ એક તેનુંજ પરિણામ છે.

આપની આ બીજી વખતની મુસાફરીથી અમે સઘળા ખુશી થઇએ છીએ તેની સાથે આપના જેવા જ્ઞાનવાન, શક્તિવાન તેમજ નમ્ર ગૃહસ્થનો અમોને વિયોગ થાય છે એ જોઈ બહુજ દુઃખ થાય છે આપના વિયેગથી અમોને જે ભારી નુકસાન થાય છે તેથી અમારા અમેરિકન ભાઇઓ તથા બહેનોને જે અમૂલ્ય લાભ થશે તે જોઇને અમે થોડે અંશે પણ ખુશી થઇએ છીએ.

મિસિસિપીની બીજી બાજુએ દૂર વસતા અમારા અમેરીકન બધુઓ કે જે અત્રે આપેલા ભાષણોનો લાભ લઈ શક્યા નહોતા તેઓને આપના તત્રગમનથી અત્યંત આનંદ ઉત્પન્ન થશે. અધ્યાત્મ જ્ઞાનના ખંતીલા અભ્યાસીઓને આપના જવાથી ખરેખરો લાભ થશે કે જેઓએ આપના ગુણ અને જ્ઞાનની કદર બુજી આપના નામથી તત્વશોધક મંડળીની સ્થાપના કરી. એ પણ એક માન અને આનંદની વાત છે કે આપના પવિત્ર ધર્મપત્નીની આપની સાથેજ આવનાર છે; જે આપને ખરેખરા મદદગાર થઇ પડશે, અમારી અમેરીકન ભગિનીઓને આર્ય મહિલાની ફરજો, ગુણો અને સ્વભાવનું જ્ઞાન મેળવવામાં કારણભૂત થઈ પડશે.

છેવટ આપની મુસાફરી આપને આનંદદાયક થાઓ એવું અમે અંતઃકરણથી ઇચ્છીએ છીએ. આપ જ્યાં જ્યાં વિચરો ત્યાં આપનાપર આશીર્વચનની વૃષ્ટિ થાય અને આપણા ઉમદા ધર્મના મહાન સિદ્ધાંતો સમજાવવામાં અને ફેલાવવામાં આપના પ્રયત્ન ફલીભૂત થાય એવી અમે પ્રાર્થના કરીએ છીએ અને પૂર્વની દિવ્ય ભૂમિની ઉજ્જ્વળ ભૂત સ્થિતિનો પુનરૂદ્ધાર કે જેને માટે યશસ્વી ફ્રેંચ લેખક વિકટર હયુગોએ ભવિષ્યવેત્તાના આવેશમાં જે આશા રાખી હતી તે પુનરૂદ્ધાર અમેરિકાની ભૂમિમાં ખચિત થશે અને હિંદ અને અમેરિકા કે જે લૌનિક સુધારાથી થોડે અંશે સંબંધમાં આવેલા છે તે આપણી અધ્યાત્મ વિદ્યાથી વધારે નિકટના અને સ્થાયી ભ્રાતૃભાવમાં—જોડાશે એવી આશા રાખીએ છીએ.

Jain Swetamber Conference Herald.



Dr. A. Guerinot



Pro. Dr. Herman Jacobi Ph. D.

જનસમાજને માન કેળવણી આપવાનો મોટો સવાલ છે જેના ઉપર આપણા દેશના ભવિષ્ય સુખનો આધાર છે તે મહાન સવાલ વિષે યથાર્થ નિપુણતા મેળવી અહીં પાછા આવી તેવી કેળવણી દાખલ કરવા યત્ન કરશો અને તે વિષયની આતુરતા-થી અમે રાહ જોઈએ છીએ.

મુંબઈ, સુધારા તારીખ ૧૮ માહે ઓગષ્ટ સને ૧૮૯૫.

પ્રેમચંદ રાયચંદ.
મીટીંગના પ્રેસીડંટ.

અમરચંદ તલકચંદ.
ઓનરરી સેક્રેટરી.

મોતીચંદ દેવચંદ.
પ્રેસીડંટ.
શ્રી માંગરોળ જૈન સંગીત મંડળી.

આ પ્રસંગે શ્રી માંગરોળ જૈન સંગીત મંડળી એ શ્રી દેશી નાટક સમાજના સ્થાપક અને સુંદર નાટક રચનાને ઉચ્ચ પંક્તિપર લઇ મુકનાર સાક્ષર કવિ (સ્વ.) ડાહ્યાભાઈ ધોળશા ઝવેરી અને પં. દામોદર દાનજી પાસે પ્રસંગોચિત રચાવેલ નીચેના ગાયનો ગવાયાં હતાં.

(૧) રોલા છંદ.

પરમાર્થિક તારક ગપ્પમણી, વળી દુર્લભ સુખદ દીનમણી,
વીરચંદ સુધાર્મિક ચંદમણી, જય રાઘવજી સુત રત્નમણી—
વિચરી ધીરવીર વિદેશ ભણી, પરણી કિરતિ કમળા રમણી,
રમણીક પ્રશંસિક પુણ્ય ધણી, જય રાઘવજી સુત રત્નમણી—
હરિભદ્રક તર્ક વિતર્ક તણાં, મણિભદ્રકી ભેગમભેગ ઘણાં,
કરી શુદ્ધ મર્મ ખુબી ગાંધી તણી, જય રાઘવજી સુત રત્નમણી—

(૨) ધન્ય છો રે પતિ તેજ પ્યારી—એ રાહ.

રમો પ્યારે જિન તત્ત્વપ્રકાશક વીરચંદ ગાંધી—
વીરચંદ ગાંધી, જગતમાં વીરચંદ ગાંધી,
જ્ઞાનપણામાં, પગપગમાં,
(બે વખત બોલવું)
સરસ સુજન મનપંકજ ખીલતાં વદન પ્રભા નિરખી—રમાડો રે૦
તત્ત્વસાગરે ભરતી કરતી, ચંદ્રપ્રભા ખીલતી
કંઇ ફેલતા, નર તરતા, (૨)
જિનવચન સુધારસ પાન કરંતાં સુખમુદ્રા મલકી—રમાડો રે૦
અંતરમાં આનંદ ઉભરાતાં વિસરી જાય વિવેક
એક વીરે, બહુ ધીરે (૨)
જિનશાસન જય જય વર્તાવ્યો પાત્ર પુરુષ પરખી—રમાડો રે૦
ચાલી ચાલે ચંદ્ર કળાએ દિન પ્રતિદિન વધતી

મન ચકવા, કરે બકવા, (૨)
રે વીરચંદ્ર કરી પ્રસન્ન પદ્મિની કરજો નજર હરખી—રહ્યાછે રે.

—સ્વ. ડાહ્યાભાઇ ધો. ઝવેરી.

(૩) ત્રિસંગીની ચાલ

લાજ વધારી કાજ કરી શુભ, લાજ વધારી ધર્મ તણી,
સમાજ મહિં રહિ સાજ મેળવી મુક્તિ કરી સૌ કર્મ તણી. ૧
દેશ વિદેશ ફરી બહુ રીતે, લેશ નહિં હિમ્મત હારી,
બેશ ધર્મનાં કાર્ય કર્યા સૌ, વેશ દેશનો સૌ ધારી. ૨
ધર્મ તણાં મર્મો સમજાવી, કર્મ તજાવ્યાં અન્ય તણાં,
વિદેશના લોકો ના થોડે, પણ જેને બહુ શ્રેષ્ટ ગણ્યા. ૩
માન મેળવ્યું જ્ઞાન દઇને, સર્વ સ્થળે જેણે ભારી,
ચિત્ત હર્યાં બહુ પ્રિત કરીને, નીતિ બજાવી બહુ સારી. ૪
સત્પુરૂષો આ સઘળાં નિરખી હરખી અતીશેં અંતરમાંય,
કુસુમ સુગંધી ગાંથી તમને, સૌ સર્વે લૈને કરમાય.

(૪) शिखरिणी वृत्तम्

वरं वीर दृष्ट्वा दिनमणिप्रकाशं गुणनिधिम्
प्रमोदंति मान्या हृदयमनिशं धामरहिता
सदा त्वां पश्यन्तीं निरुपमगुणं सर्वसुहृदम्
अभीचंदस्यपुत्रशरणयुगलं देहली सते ।

गीति.

दामोदराभिधोऽहं गुणगणरहितोऽपि सद्गुणं प्रीत्या
दिष्ट्या पंडितराज्ञः प्रार्थीनं वर्णयामि वीरमणे !

—દામોદર દાનજી.

આ વિરહ તેમના માનમાં તેમનાજ મિત્ર સ્વ. મુળચંદ નથુભાઇએ લખેલી [illegible]
[illegible] હતા.

([illegible] કર્યું કેમ મેગ્રે રે—એ રાગ.)
[illegible]
[illegible]
[illegible] ૧
[illegible] ૨
[illegible] ૩
[illegible] ૪

મુંડકામાં કર્યું એજન્ટનું કામ, જ૦ સમજાવ્યો વૉટસન ધરી હામ.
મક્ષીજીમાં કેસ પ.ળ્યા ભલી ભત, જ૦ દીગમ્બરીની એ પાસ થી તાકાત. જ૦ ૫
મોટા શિખરજીનો જાણે તું કેશ, જ૦ મહાયાતના ટગાવી તેં હમેશ. જ૦ ૬
એમાં કષ્ટ તેં ભોગવ્યાં છે અપાર, જ૦ નહિં હિંમતમાં કચાશ લગાર. જ૦ ૭
ઇત્યાદિ અનેક કરી ધર્મ કામ, જ૦ જૈન મંત્રી તરીકે દીપાવ્યું નામ. જ૦ ૮
તલકચંદ ને વીર પ્રેમચંદ, જ૦ તને દેખી માને જાણે ઉગ્યો ચંદ. જ૦ ૯
હતી ઔત્પાતિકી બુદ્ધિ તારી ખાસ, જ૦ તેમાં પામી વૈનયિકી ગુરુ પાસ. જ૦ ૧૦
કાર્મણીકી પારિણામી થઇ બુદ્ધિ. જ૦ તેથી મન વચ કાયાની છે શુદ્ધિ. જ૦ ૧૧
આત્મારામજી ગુરુજીનું જે કામ, જ૦ પ્રતિનીધી તરીકે કર્યું તમામ. જ૦ ૧૨
ચીકાગોમાં જૈન ધર્મને દીપાવી, જ૦ રીલીજીયન પાર્લામેન્ટને શોભાવી. જ૦ ૧૩
અમેરીકા દેશ છે કદરદાન, જ૦ એમ ખાતરી કરાવી તેં નિદાન. જ૦ ૧૪
જૈન ધર્મનો બોધ લીધો પ્રીતે, જ૦ ગાંધી સોસાયટી સ્થાપી તેણી રીતે. જ૦ ૧૫
થીઓસોફીસની જેવી બીડી તેં હામ, જ૦ જૈન ધર્મને દીપાવ્યો ઠામ ઠામ. જ૦ ૧૬
ઇંગ્લેંડોના ભોજ તજી ગામો ગામ, જ૦ ઉપદેશ આપી કીધાં રૂડાં કામ. જ૦ ૧૭
જૈન કોમમાં ન દીસે તારી જોડ, જ૦ કોણ કરી શકે તુજ સંગ હોડ. જ૦ ૧૮
વિલાયતમાં મેમ્બર થયો છો તું, જ૦ રૉયલ એસીયાટિક સોસાયટીનો તું. જ૦ ૧૯
હેમચંદ્ર શાળા સ્થાપિ અહિં આવી, જ૦ જૈન મંડળને પ્રીતિ ઉપજાવી. જ૦ ૨૦
...ધ માન માગ્યા લોકની એ.ડ્રેસ, જ૦ તેથી માન મળ્યાં હામો હામ ખાસ. જ૦ ૨૧
...મેં જ્યોત પ્રગટાવો જૈન વાણિ. સુખી કરો મોટા પુન્યની કમાણિ. જ૦ ૨૨
...નો જય જય થાઓ એમ ગાવો, મુળચંદના વચનનો એ લ્હાવો. જ૦ ૨૩
જ૦ ૨૪

૨૦—૮—૧૮૯૬

સ્વ. મુળચંદ નથુભાઇ.

અને માંડવી પર આવેલ શ્રી જૈન મંગળ ગાયન મંડળીએ નીચે મુજબની કવિ-
...ઓ પ્રભુ સ્તુતિ કરવા સાથે ગઇ હતી.

વીરચંદ વકીલ, હમારા—વીરચંદ વીરવીર
...ધવજી શા સુતવીર—હમારા વીરચંદ વકીલ
...મહુવા ગામ નગરમાંથી (બે વાર)—૧
બી. એ. તણી લીધી ડીગ્રી અહીં
ધર્મની વારે તું પ્રયોજ આઇ !
સમેતશિખર પાલીતાણાદિ માંહી,
ધર્મ પ્રકાશ કર્યો જગ ત્યાંહી
જૈન એસોસિએશન, ઓફ ઇન્ડિયાને)—
મંત્રીપદ વકીલ—હમારા વીરચંદ
વકીલ. ૨

અહીંથી અમેરિકા દૂર દેશે (બે વાર)
સર્વ ધર્મ પરિષદમાં પધારી;
ચાતુર શક્તિ વડે તેં સુધારી !
જિનવર શાસન શોભા વધારી;
કીધાં અનેકને જિન તત્ત્વ ધારી.
(દયા પર્વ, સઘળી સમજાવી)
મેળવી ગુજરાત ગંભીર—હમારા વીરચંદ
વકીલ. ૩.
મુંબઇ શહેર વિવિધ પદેરે (બે વાર)
આવ્યું મહી જનોને દીપાવ્યા,

વર્ગે અભ્યાસ આદિ બીજ વાવ્યાં;
પત્નીપતિ સહ કુટુંબજ આજે,
પુનઃ પ્રવાસ કરણુ શુભ કાજે.
(સુખ રૂપ નિર્વિઘ્નપણે)
યશ પામો સાહસધીર-હમારા વીરચંદ
વડવીર. ૪
ચંદ્ર ચળકતા મંગળતાજ તમથી (બે વાર)
'આનંદ અશ્રુથી આપ વધાવી,
પ્રીત પ્રકાશે વિયોગતો ભારી;
પણ અમને મળશો વહેલા આવી,
'ટોકરશી કહે શિર નમાવી.
(શાસન દેવતા સહાય રહો)
મંગળમય શ્રી મહાવીર-હમારા વીરચંદ
વડવીર. ૫

સગુર સગુર સગુર (એ રાગ.)
વિજય વિજય વિજય વિજય,
વિજયવંત વીરચંદ—
ધર્મને ગજાવનારો, પ્રિય ભ્રાત છો અમા
જૈન ધર્મનો તું તારો-વિજય૦
ધન્ય માત ધન્ય તાત,સ્વ પરદેશ તું વિખ્યા
મગરૂર છે જૈન સાથ—વિજય
સરસ્વતિની પૂર્ણ સહાય,યશ ગણુ તારા ગ
દેશ અમેરિકાની માંહે-વિજય૦
જૈન સંઘમાં ઉમંગ-પત્નિ પતિ સંગ રં
જઇ જમાવો ધર્મ જંગ-વિજય૦
કુશળ કાય દીર્ઘ આય,કહે ટોકરશી કુટુંબ
મંગળ વર્તે સદાય-વિજય૦
૨૧-૮-૧૮૯૬ -સ્વ. ટોકરશી નેણુશી.

જ્યારે ત્રીજી વખત અમેરિકાના પ્રવાસે શ્રી વીરચંદ ગયા ત્યારે સ્વ. ન્યાયમૂર્તિ મહાગોવિંદ રાનડેના પ્રમુખપણા નીચે જુદી જુદી કોમનો એકત્રિત મહાન્ મેળાવડો થયો હતો તે વખતે તેમને અંગ્રેજીમાં માનપત્ર અર્પવામાં આવ્યું હતું-તેની નકલ આ પ્રમાણે છે:—

To,

VIRCHAND RAGHOWJI GANDHI, ESQ., B.A., M.R.A.S.

Dear Brother,

We, your friends and admirers, have assembled here to day to give expression to our sentiments of deep gratitute and high admiration, which we so sincerely cherish for you, in due approciation of the invaluable and innumerable services, which you have so creditably rendered to the members of your Community and to the people of India in general, by fostering brotherly feelings in the hearts of the kind and courteous Americans, for the people of our renowned India.

We feel much satisfaction and pride to repeat that we find in you, only a representative of the Jain Religion, at the famous Parliament of Religions, held at Chicago, but at the same time, we find in you a most energetic and competent advocate of the cause of Indian Philosophy. Disregarding the

unavoidable inconveniences, which present themselves to an orthodox Hindu traveller scrupulously following the prescriptions of religion, while prosecuting noble work, which you have so cheerfully undertaken, you visited different parts of America and preached in lofty tones from public and private pulpits, the religious and philosphical tenets of Hinduism; and we are extremely glad to endorse the opinion of the American public and the press, that you have succeeded with all the moral triumph of a conscientious preacher, in awakening American interest and sympathies for the religion and philosophy of India, which has been so gloriously hailed by foreigners from times immemorial, as the Mother of Religions and the Cradle of Civilization. This, in itself is a sign, prophesying good for the Orient and the Occident.

But your Mission did not end here; you next concentrated all your energies in a pitched battle against the giant of darkness assuming various forms and especially against lack of education among the women of this country, which is one of the saddest and most deplorable condition of Indian Society, and leading the van of most of the sympathetic and humane sisters of America you succeeded in founding an "International Society for the Education of Women in India," which Society, we are much pleased to hear, has sent three of our Hindu sisters to America, with the offer to maintain and educate them, for three years at the expense of the Society, so that they may be enabled to practically study how to become proper help-mates to their husbands and pioneers in the work of reforming our Society. We respectfully solicit your favour to convey to our American Sisters our feelings of the deepest gratitude for the noble help they have offered to our Indian Sisters, and also to convey our best sympathies and choicest blessings in their noble mission of patronizing female education in India.

Equally precious are your services, during the recent famine of India, when you got enlisted, with your characteristic promptness, the sympathy of the kind-hearted Americans for the

ખોટી અફવાઓનો રદીઓ આપવામાં, અમેરીકાની શિક્ષણપદ્ધતિ હિંદુસ્તાનમાં દાખલ કરવાના ઉપાયો યોજવામાં, ઇંગ્લંડ અભ્યાસ અર્થે જતા હિંદીવાનોને ઇંગ્રેજી ઉદ્યોગ હિંદુસ્તાનમાં દાખલ કરવાની શિખામણ આપવામાં, ઇંગ્લંડ અને અમેરીકામાં આપણા દેશીઓ માટે ધંધાનાં મોટાં ક્ષેત્ર તરફ આપણા વિદ્વાન્ જુવાનીઆઓનું ધ્યાન ખેંચવામાં તમે હિંદુસ્તાનની જે કીંમતી સેવાઓ બજાવી છે, તે માટે અમે તમારો ખરા અંતઃકરણથી આભાર માનીયે છીયે.

કુટુંબ સહિત અમેરીકા જવા માટે તમે જે પસંદ કરી છે તે ઘણીજ પ્રસંશાપાત્ર છે. તમારા પુત્ર મોહનની ચાલાકીથી અમને માનવાને કારણ મળે છે કે તે પણ તમારા જેવો બાહોશ થશે, અને તમારૂં શુભ કાર્ય ઘણીજ ખંત અને ખુશીથી ઉપાડી લઈને હિંદુ ધર્મનો એક પુરાવ પ્રતિનિધિ નીવડશે.

છેવટમાં અમે ઇચ્છીએ છીએ કે તમે તમારા ભગીરથ પ્રયત્નમાં ફત્તેહમંદ થાઓ અને આર્ય ધર્મનું વૃક્ષ અમેરીકામાં રોપીને તમે આનંદથી હિંદુસ્તાન તરફ પાછા ફરો.

અમો છીએ તમારા મિત્રો અને તમારા
કાર્યને અનુમોદન કરનારાઓ.

છેવટે પ્રમુખ ઓનરેબલ મી० જસ્ટીસ મહાદેવ ગોવીંદ રાનાડે બોલવા ઉઠ્યા એ વેળાએ સભાએ તેઓને તાળીઓથી વધાવી લીધા હતા. તેઓએ જણાવ્યું કે મી० ગાંધીએ અમેરીકામાં હિંદુસ્તાનની જે સેવા બજાવી છે તેને માટે તેઓને ધન્યવાદ ઘટે છે. હિંદુઓ અને મહોમેદનોએ પોતાના ધર્મનો ઇંગ્લાંડ તથા અમેરીકા જેવા દેશોમાં ફેલાવો કરવો જોઈએ એ જરૂરનું છે. મી० ગાંધી જે મેહેનત લે છે તેનું ફળ કાંઈ હમણાંજ નહિ જણાય, પણ તેને મળ્યા વગર રહેશે નહીં. તેઓની મેહેનતનું ઉત્તમ ફળ આપણે ચાખીએ તે પહેલાં કાંઈક વખત પસાર થવો જોઈશે. મી० ગાંધી જેવા ગૃહસ્થ આટલો બધો ઉદ્યમ ધરે છે એ જૈન કોમને ઘણુંજ માન ભરેલું છે. હું મી० ગાંધી તેમજ તેઓના જેવા બીજા ગૃહસ્થોની ફત્તેહ ઇચ્છું છું. તેઓએ લીધેલી મેહેનત માટે આપણે તેઓનો ઉપકાર માનવો જોઈએ છીએ.

૩.

સ્વામી વિવેકાનંદ અને વીરચંદની તુલના.

મહાત્મા વિવેકાનંદ પણ આર્ય તત્ત્વજ્ઞાનની-વેદાંતની હિમાયતી સમભાવે [illegible] ચીકાગો ધર્મપરિષદમાં ગયા હતા. તેમનો ઇ. સ. ૧૯૦૨ માં ૪૦ વર્ષની વયે દેહોત્સર્ગ થયો તે વખતે 'ઇનર લૈફ [illegible]' નામના અમેરિકન પત્રમાં આવેલી [illegible] નીચે ફકરો તુલના અર્થે ઉતારી લઈએ છીએ:—

'તેઓ અત્યારમાં [illegible] સમય વ્યતીત કરતા, પરંતુ તેમની [illegible] [illegible] ચીકાગોની [illegible] મરહુમ જૈન વક્તા વીરચંદ રા. ગાંધી, કે [illegible] [illegible] [illegible] માનવજીવન [illegible] ગયા છે, તેમનામાં [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible].' *

---

* [illegible]

The European Jains—Members of Shri Mahabir-Brotherhood or Universal Faternity.



Mr. L. D. Saintler.



Mr H Warren. Mr. A. Gordon.



Mrs. A Gordon.

The Bombay Art Printing Works, Fort.

વળી સ્વામી વિવેકાનંદ માંસાહારી હતા. જ્યારે શ્રી વીરચંદ ધર્મચુસ્ત જૈન તરીકેનું જીવન ગાળનાર નિર્દોષ વનસ્પત્યાહારી હતા.

આ બંને ભારતના ઉત્તમ રત્નો માટે કહી શકાય તેમ છે કેઃ—

(૧) વિવિધ ધર્મોની ચર્ચા અર્થે ચીકાગોમાં સને ૧૮૯૩ માં ભરાયેલી ધર્મપરિષદ સમયની બંનેની કૃતિ અદ્યાપિ હજારો લોકોની પ્રશંસાનો વિષય છે.

(૨) બંને લોકપ્રિય વ્યાખ્યાનકાર હતા, અને અમેરિકામાં શ્રોતાઓ તરફથી તેમના સંબંધમાં ઘણાં સ્તુતિવચનો શ્રવણે પડતાં હતાં.

(૩) જે લોકો તેમનાં ભાષણો સાંભળતાં તેઓ તેમના સિદ્ધાંતોને પ્રીતિથી સ્વીકારતા અને જેઓ તે સિદ્ધાંતોનો યથાર્થ નિર્ણય કરવા વિચાર કરતા તેઓના મન ઉપર તેમના વિચારોની છાપ અદ્યાપિ પર્યંત રહેલી છે.

(૪) બંનેનાં જીવન ટુંકાં હતાં—વિવેકાનંદ ૪૦ વર્ષની વયે ને વીરચંદ ૩૭ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા. બંને વધારે જીવ્યા હતતો પોતાના ભવિષ્યના સમયનો વધારે સારો ઉપયોગ કરત.

બંને સ્વભૂમિ હિંદુસ્થાનમાંજ વિદેહ કૈવલ્ય થયા છે. વિવેકાનંદ બેલુરના મઠ ખાતે ૧૯૦૨ માં અને વીરચંદ ૯૦૧ માં મુંબઇમાં.

(૫) સ્વામી વિવેકાનંદના વિચારોની પ્રબલ અસર તેમના શિષ્યમંડળ (અભેદાનંદ આદિ) એ રામકૃષ્ણ સોસાઇટી આદિ અનેક સંસ્થાઓ સ્થાપી જ્વલંત અને ચિરસ્થાયી રાખી છે જ્યારે અતે શોકનો વિષય છે કે સ્વ૦ વીરચંદના વિચારોની પ્રબલ અસર કોઈ પણ જૈન તરફથી જારી રહી નથી એટલુંજ નહિ પરંતુ વીરચંદભાઇનું નામ કે નિશાન રાખવા પણ કંઇપણ પ્રયત્ન કરવામાં આવ્યો નથી. આવું નામ ' નગુણાપણું ' નહિ ! જૈન સમાજે શું કર્યું છે ?

શ્રીમદ્ વીરચંદ દરેક સજ્જનના હૃદયમાં સ્થિર સ્થિત હોવા જોઈએ અને છે, અને તેથી તેઓનું શરીર નષ્ટ થયું છતાં તેઓશ્રી નષ્ટ નથી થયા. તેમનું યશઃશરીર અમર અને અમર છે. To live in hearts we leave behind is not to die. [illegible]રીકાવાસીઓમાં જૈન સમાજને વિજય મેળવી આપવામાં, જૈન ધર્મનો પ્રસાર કરવામાં, જૈન સંસ્કારોની છાપ જડવાદીઓમાં પાડવામાં શ્રી વીરચંદે પોતાના મન, વચન, અને શરીરનો જે પ્રબલ આત્મભોગ આપ્યો છે તે માટે જૈન સમગ્ર સમાજ તેની ઋણી છે. આ પણ તે સ્વર્ગસ્થના હિત ખાતર નહિ, પણ પોતાની કૃતજ્ઞતા બતાવવા ખાતર જૈન સમાજે કઈ રીતે અદા કર્યું છે તેનો ખ્યાલ હાલનાં સમાજ સ્થિતિનું અધઃપતનજ નજરે તરી આવે છે. ... વચનો કામનાં નથી, કૃતિની જરૂર છે. વચન અને કૃતિમાં રહેલી ભેદની હદ... ... પણ ક્યાં છે !

We shall do so much in the years to come,
  But what have we done to-day !—
We shall give our gold in a princely sum,
  But what did we give to-day !

We shall lift the heart and dry the tear,
We shall plant a hope in t e place of fear,
We shall speak with words of love and cheer,
But what have we done today!

—*Nixon Waterman.*

વિશેષ શું લખીએ ? અમારી જંઘાનું અપલક્ષણ અમે કઈ વિશેષ રીતે જાહેર કરીએ ? અમારી શરમ આથી વિશેષ રીતે કેમ ઢાંકી રાખી શકાય તેમ છે ? છેલ્લે શ્રીમદ્ વીરચંદના જીવન અને કાર્યપરથી લેવાનો બોધ સ્મરણ માં અને કૃતિમાં રહે તો બસ છે, તે એ કે:—

Think truly and thy thoughts
Shall the world's famine feed;
Speak truly and each word of thine
Shall be a fruitful seed:
Live truly, and thy life shall be
A great and noble creed.

—*Bonar.*

—સદ્‌વિચારો કર અને તારા વિચારો જગત્‌માંના વિચારોના દુકાળને ખોરાક પૂરો પાડશે; સત્ય વચન બોલ અને તારા દરેક શબ્દરૂપી બીજમાંથી ફલરૂપ નિરાંતે પ્રાપ્ત થશે; શુદ્ધ જીવન ગાળ અને તારૂં જીવન મહાન્ ઉચ્ચ ધર્મસંસ્થા બનશે એટલે અનેક માનવો તેનું અનુસરણ કરશે.

[હમણાં તો આટલું માત્ર જીવન સંક્ષિપ્તમાં નિવેદન કરીએ છીએ. ગત અંકમાં આપી ન શકાયું તેનું કારણ પર્યુષણમાં આપવો જોઇતો અને અપાયેલ તે અંક અને તેને લીધે રહી ગયેલા લેખોનો આ પૂરવણી રૂપે અપાયેલ અંક ઉપરથી એકદમ કળી શકાય તેમ છે. શ્રીયુત વીરચંદભાઇનું જીવન બીજા અનેક દૃષ્ટિથી આપી શકાય તેમ છે; જેમકે તેમના વ્યક્તિ ગત લક્ષણો (નૈતિક, માનસિક–વિચારક, લેખક, ભાષણકાર, નિરીક્ષણ કલાશીલ તરીકે), તેમની કર્તવ્યનિષ્ઠા, પવિત્રતા અને સત્યતા, ધર્મસુધારક અને સમાજ-સુધારક તરીકે તેમનું સેવા જીવન, તેમની યોજનાઓ, તેમના વિચારો વગેરે વગેરે; પરંતુ તે અત્ર લંબાણ બહુ થઈ ગયું છે તેથી અને હાલ તે માટે જોઇતાં સાધનો નામે પત્રો વગેરે, અનુપલબ્ધ છે. અને ભાષણો લેખોનો કેટલોક ભાગ અપ્રકટ છે અને જે પ્રકટ છે તેમાં આરપાર જવા માટે ઘણો સમય લાગે તેમ છે, તેમજ શ્રી વીરચંદ ભાઇના સંબંધમાં સારી રીતે આવેલ શ્રેષ્ઠી વીરચંદ દીપચંદનું કુટુંબ, શ્રીયુત લાલન, શ્રી વીરચંદના પુત્ર મોહનલાલ તથા ભાવનગરવાસી ગૃહસ્થો તરફથી કંઈ વિશેષ મળી શકવાની ઘણી આશા રાખવા છતાં કંઈપણ હમણાં મળી શક્યું નથી તેથી અત્રજ વિરમીએ છીએ.

આ ચારિત્ર આટલું પણ લખવા માટે 'જૈન ફિલોસોફી' 'જૈન એસોસિએશન ઑફ ઇંડિયા' અને 'માંગરોળ જૈન સભા' ના જૂના રિપોર્ટો, 'વંદેજિનવરમ્'

પ્રતિકાશ, મારી પાસેનો સંગ્રહ, ઇત્યાદિનો ઉપયોગ કરવામાં આવ્યો છે; જેમની પાસેથી જે જે પ્રાપ્ત થયું તેનો ઉપકાર માનું છું. સવિનય વિનતિ કે જે જે સજ્જન શ્રીયુત વીરચંદભાઈ સંબંધી કોઈપણ માહિતી તેના પત્રો, તેના ગુજરાતી અંગ્રેજી લખાણો, લેખની કૃતિઓ (યોગશાસ્ત્ર વગેરે) પૂરી પાડશે તેનો આદર અને ઉપકાર પૂર્વક સ્વીકાર કરી તે પછી તેને પ્રકટ કરવામાં મ્હોટું માન સમજશું. તો આવી ભરી આશા છે કે સ્વર્ગસ્થ મહાન્ વીરચંદ પ્રત્યેની સૌ કોઈ પોતાની ફરજ બજાવશે.

—તંત્રી.

---

૨ ડૉ. જેકોબી મહાશયનું સંક્ષિપ્તજીવન.

હર્મન ડૉ. જેકોબીનો જન્મ જર્મનીમાં આવેલા કોલોન નામના શહેરમાં ૧૮૫૦ના ફેબ્રુઆરી માસની ૧૧ મી તારીખે થયો હતો. તેમણે સંસ્કૃત અને તુલનાત્મક ભાષાઓનો અભ્યાસ સને ૧૮૬૮ થી ૧૮૭૨ પર્યંત બર્લિન અને બૉનની યુનિવર્સિટીઓ (વિદ્યાપીઠો)માં કર્યો અને ૧૮૭૨ મા હિંદી અને ગ્રીક જ્યોતિષના મૂળ સંબંધી (De astrologiae Indicae Hora appellatae originibus Graecis,) નામનો પ્રતિભાશાળી લેખ લખ્યો અને તેથી તેમને ફિલસૂફીના પંડિત (ડૉક્ટર ઑફ ફિલૉસૉફી Ph. D.)ની ઉત્તમ પદવી મળી. ત્યાર પછી લંડન શહેરમાં આવેલી ઇન્ડિયા ઑફિસ અને બ્રિટિશ મ્યુઝિયમની લાયબ્રેરીમાં રાખેલા હસ્તલિખિત પુસ્તકોના ભંડારની સહાયતાથી પ્રતિભાશાળી શોધખોળ કરવા માટે લંડનમાં એક વર્ષ ગાળ્યું અને ૧૮૭૩ માં ડા. જી. બુહલરની સાથે હિંદમાં આવ્યા અને જેસલમીરના પ્રખ્યાત જૈન ભંડારની શોધખોળમાં રજપુતાનામાં મુસાફરી કરી ડા. બુહલરને મદદ આપી. આ મહા વિદ્વાનદ્વારા જૈનધર્મ અને જૈન સાહિત્ય કે જે આ વખતે યુરોપીય સંસ્કૃત વિદ્વાનોને બહુ અપૂર્ણરીતે જ્ઞાત હતાં તેનો પરિચય થયો. જૈનધર્મ શીખવાની જે તક તેમને આ સમયે મળી હતી તેથી તેમણે જૈન સાહિત્યને વિશિષ્ટ હકીકતથી અને પૂર્ણતાથી પ્રકટ કર્યું. ઉન્હાળાની ઋતુમાં તેઓ જર્મનીના બૉન શહેરમા પાછા ફર્યા અને ત્યાં ૧૮૭૫ માં પ્રાઇવેટ ડોસેંટ તરીકે યુનિવર્સિટીના શિક્ષક તરીકે તેમનું જીવન શરૂ કર્યું. એક વર્ષ પછી તેમને ઉંચો હોદ્દો મળ્યો અને સંસ્કૃત અને તુલનાત્મક ભાષાશાસ્ત્રના પ્રોફેસર તરીકે મુન્સ્ટરની યુનિવર્સિટીમાં નિમાયા. પછી કીલની યુનિવર્સિટીમાં સંસ્કૃતના સામાન્ય શિક્ષક તરીકે સને ૧૮૮૫ માં નિમાયા અને છેવટ ૧૮૮૯માં બૉનની યુનિવર્સિટીમાં તેમની બદલી થઈ.

જૈનધર્મનો અભ્યાસ—કલ્પસૂત્રની વિવેચનાત્મક આવૃત્તિ [ક્રિટિકલ એડિશન] તૈયાર કરવું એ પ્રથમ કામ હતું. પછી જૈનધર્મ સંબંધી અંગ્રેજીમાં [illegible] સિદ્ધ કરી આપ્યું કે જૈનધર્મ એ જે વખતે [illegible] ૧૮૭૯ [illegible] અને ૧૮૮૪ માં [illegible] વિદ્વાન [illegible]

મનાતી પરંતુ આખરે તેની અંદર જે અભિપ્રાયો દર્શાવેલા હતા તે સામાન્ય રીતે પ્રક[illegible]
કરવામાં આવ્યા.

(૨) પ્રોફેસર જેકોબીએ પછી શ્રી હેમચંદ્ર કૃત પરિશિષ્ટ પર્વ નામનું પુસ્તક બિ[illegible]
બ્લિઓથેકા ઇંડિકા એ નામની પુસ્તકાવલિમાં સંશોધિત કરી પ્રસિદ્ધ કરાવ્યું, અને પૂર્વ[illegible]
ભારતનાં પવિત્ર પુસ્તકમાલામાં (Sacred Books of the East) આચારાં[illegible]
સૂત્ર, અને ઉત્તરાધ્યયન સૂત્ર, અંગ્રેજી ભાષાંતર કરી પ્રસિદ્ધ કરાવ્યાં. આ પુસ્તકોની
વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવનામાં જૈનધર્મના ઇતિહાસ સંબંધી મહત્ત્વનાં સામાન્ય પ્રશ્નો સંબંધે
ચર્ચા ચલાવી છે. ત્યાર પછી સમવાયાંગ ને કલ્પસૂત્ર તેજ માલામાં ભાષાંતરરૂપે પ્રસિદ્ધ
કર્યાં (૭ થી ૧૦) આ સિવાય હમણાં કેટલોક સમય થયાં સિદ્ધર્ષિકૃત ઉપમિતિભવ
પ્રપંચ કથા નામનો મહાન્ગ્રંથ બીબ્લિઓથેકા ઇંડિકામાં સંશોધિત કરી પ્રસિદ્ધ કરાવ્યો
છે અને તેની વિદ્વત્તામય પ્રસ્તાવના પણ હમણાં પ્રસિદ્ધ થશે અને હરિભદ્ર સૂરિનું સમ-
રાદિત્ય કહા તૈયાર થાય છે; જ્યારે તેના ઉપરથી પ્રદ્યુમ્નાચાર્યે રચેલ 'સમરાદિત્ય
સંક્ષેપ' સને ૧૯૦૬ માં સંશોધિત કરી બહાર પાડેલ છે. (વિમલ સૂરિ વિરચિત પઉમ
ચરિયમ્ (પદ્મચરિત્ર) જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર તરફથી જેકોબીદ્વારા સંશોધિત
થઈ હમણાંજ બહાર પાડવામાં આવેલ છે. આ સિવાય જૈનધર્મ અને સાહિત્ય સંબંધી
અનેક લેખો ઇંડિયન ઍન્ટિક્વરી, વિયેના જર્નલ અને જર્મનીના જર્નલોમાં અને ધર્મની
એન્સાઇક્લોપિડિયામાં બહાર પાડ્યા છે કે જેનો સંગ્રહ કર્યો હોય તો મોટું પુસ્તક થઈ જાય.

અન્ય પૌર્વાત્ય સાહિત્ય માટે કરેલ કાર્ય—જૈનસાહિત્ય ઉપરાંત ડાક્ટર જે-
કોબીએ છંદ શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, કાલાનુક્રમ ઇતિહાસ, હિંદી પંચાંગ, મહાવીરરસ કાવ્ય
(મહાભારત અને રામાયણ), કાવ્ય, અલંકાર શાસ્ત્ર વગેરે હિંદી ભાષાશાસ્ત્રની ભિન્ન
ભિન્ન શાખાઓનો અભ્યાસ કરેલ છે (ગત ડિસેંબર ૧૯૧૩ માં તેઓ અહીં આવ્યા
હતા તે જૈનોએ બોલાવ્યા ન હતા પરંતુ કલકત્તાની યુનિવર્સીટીએ 'અલંકાર શાસ્ત્ર'
પર ભાષણ દેવા માટે આપવા બોલાવ્યા હતા. તે સાથે સાથે કરી દેવું યોગ્ય થશે (આ
ઉપરાંત સને ૧૮૮૬ માં જર્મન વિદ્યાર્થીઓ માટે પ્રાકૃત માર્ગોપદેશિકા બનાવેલ છે,
ઇંડિયન એંટિક્વરી અને એપિગ્રાફીઆ ઇંડિકામાં હિંદુ મીતિ કેવી ગણવી તેની રીત
તેના કોઠા છપાવ્યા છે; રામાયણ અને મહાભારતના પૃથક્કરણ ૧૮૯૩ અને ૧૯૦૩ માં
અનુક્રમે કરી પ્રસિદ્ધ કરેલ છે. ધ્વન્યાલોક અને રુય્યકના અલંકાર સર્વસ્વ એ નામના
અલંકાર પરના ઉત્કૃષ્ટ ગ્રંથનાં ભાષાંતર કર્યાં છે—આમ વગેરે વગેરે અનેક સાહિત્ય
ભાગમાં પરિશ્રમ કરેલ છે.

અને ૧૮૯૩માં તેમને એક શોધ કરી અને તે શોધ લોકમાન્ય બાળગંગાધર તિલકની
શોધ જેવી સ્વતંત્ર હતી અને તે [illegible] એકી વખતે બહાર પાડવામાં આવી.
આ એ હતી કે વૈદિક સંસ્કૃતિ [illegible] યુરોપિય વિદ્વાનો [illegible] છે તે કરતાં [illegible]
[illegible] પ્રાચીન [illegible] છે આ માટે પ્રમાણો અને દલીલો પણ સ્વતંત્ર અને મહત્ત્વ
[illegible] હતી આ [illegible] [illegible] પણ [illegible] કરવી
[illegible] સામાન્ય અભિપ્રાય હમણાં વૈદિક સંસ્કૃતિના [illegible]
[illegible]

આ મહાશયે જૈનધર્મ અને સાહિત્ય પર અનેક મહા ઉપકાર કરેલ છે. છદ્મસ્થ હોઈ તેમણે ભૂલો કરી હતી તે તેમણે જ્યારે તેઓ અહિં આવ્યા ત્યારે નિખાલસ ભાવે બોલી પોતાને યોગ્ય લાગી તેટલા પુરતી સ્વીકારી હતી; પરંતુ કેટલાક અભિપ્રાય માટે તેઓશ્રી તથી એર સમજુતિઓ ઉભી થઇ હતી કે તે કેટલેક દરજ્જે અનિચ્છા યોગ્ય હતી. મુંબઈમાં તેમણે પગ મૂક્યો કે બીજે દિવસે જૈન ગ્રેજ્યુએટ્સ એસોસીએશનને હાથ-ક્ષકમાં મુનિ મહારાજશ્રી વલ્લભવિજયજીના વડપણ નીચે ઇન્સ્ટિટ્યૂટમાં માનપત્ર આપવામાં આવ્યું હતું (આ પત્રના એક અંકમાં પ્રસિદ્ધ થયેલ છે)—ત્યાર પછી તેમણે જૈનધર્મનું ટુંકું સ્વરૂપ એ પર રાજકોટમાં, અને જૈનધર્મ અને જૈનોએ ભારત પ્રવાસમાં પાડેલી છાપ એ પર સ્વરૂપ લિખિતનાં પહેલાં મુંબઈમાં, જે ભાષણો આપેલ હતાં તે આ પત્રના અંકોમાં છપાઈ ગયાં છે.

જોધપુરમાં ભરાયેલ સાહિત્ય પરિષદ્ અને કલકત્તામાં ભરાયેલ ભારત મહામંડળના મેળાવડા પ્રસંગે કરેલ વ્યાખ્યાન જૈનશાસન અને જૈનહેરલ્ડના એક અંકમાં આવી ગયેલ છે (આ બધા ભાષણોનો સંગ્રહ કરવાની ખાસ અગત્ય છે. જૈન એસોસિએશન ઓફ ઇંડિયા તે કાર્ય ઉપાડી લેશે એમ અમારી આશા છે).

આ મહાશયને જૈનોએ અને જુદી જુદી જૈનસંસ્થાએ જે કંઇ માન આપેલ છે તેથી પોતાનેજ માન આપ્યું છે. આ વિદ્વાન્ કે જેણે જૈનધર્મનો અખંડ અભ્યાસ કરવામાં જીવનનો સારો ભાગ ગાળ્યો છે, જેઓ લંડનની જૈનલિટરેચર સોસાઇટીના પ્રમુખ છે, જેણે અનેક વિદ્વાનોને પોતાના શિષ્ય બનાવી જૈનધર્મમાં રસ લેતા કર્યા છે, જેણે જૈનધર્મ સંબંધી મોટા, કઠિન અને ભરમાવેલા ખ્યાલો પ્રમાણ ને પ્રબલ દલીલોના જોરથી દૂર કર્યા છે, અને જેણે આ સર્વ કાર્યોથી જૈન સમાજ ઉપર અનેક મહા ઉપકાર કર્યા છે તેમને પૂર્ણ આરોગ્યતા, દીર્ઘ આયુષ્ય, સંપત્તિ અને શાંતિ રહો એમ પ્રાર્થીએ છીએ, અને ઇચ્છીએ છીએ કે શ્રીમંતો અને સારી જૈન સંસ્થાઓના વિદ્વાન હસ્તક અને તેની સરદારી નીચે બીજા વિદ્વાનો હસ્તક પોતાના પરમોપકારી મહાન્ જૈન સાહિત્યનો ઉદ્ધાર કરાવો ! ! અસ્તુ.

---

૩ હર્બર્ટ વૉરન.

આ એક અંગ્રેજ ગૃહસ્થ છે, અને જૈનધર્મથી દીક્ષિત છે. તેમનામાં જૈનધર્મના દઢ સંસ્કાર નાખનાર શ્રીમદ્ વીરચંદ ગાંધી તરફથી થયેલ છે. વીરચંદ ગુરુ છે, વૉરન તેમના હસ્તદીક્ષિત શિષ્ય છે. માંસાહારનો સર્વથા ત્યાગ, જૈન મતનું મર્યાદાથી સત્ય રીતે ગ્રહણ, જૈન તત્ત્વજ્ઞાનમાં સંપૂર્ણ અને વિચારપૂર્વક શ્રદ્ધા, સ્વાધ્યાય મનન,—આ સર્વ ગુણોનું આવું મિશ્રણ એક અંગ્રેજ ગૃહસ્થમાં જોવું એ ખરે ! આનંદદાયક બનાવ છે.

એકવાર ગાંધીએ ઇંગ્લાંડમાં જૈન ફિલોસોફી માટે શિક્ષણ વર્ગ કાઢ્યો હતો ત્યારે મિ. વૉરન એક વિદ્યાર્થી હતા અને ત્યારથી તેમણે ગાંધીના ભાષણોની નોંધ લઈ રાખી હતી. ગાંધી દેશમાં આવ્યા ત્યારે આ વર્ગ બંધ થયો, પરંતુ એકલી નોંધ વૉરને લઈ રાખી હતી કે જેટલું મનન તેમણે કર્યું હતું તેના સારરૂપે એક પુ. વૉરનને જૈનધર્મમાં ક્રમવાર જાણવામાટે દસ અવતરણ રૂપ હતા.

ગાંધીના સ્વર્ગવાસ પછી જ્યારે કોન્ફરન્સ થઇ ત્યારે તેના આરંભના વર્ષોમાં તેમના તરફથી જૈન અને જૈનધર્મ સંબંધે અનેક પ્રશ્નો આવ્યા હતા. ત્યારપછી કેટલાકની સાથે તેમને પત્રવ્યવહાર થયો હતો. રા. લાલન, રા. જુગમંદિરલાલ જૈની, રા. હીરાલાલ ઝવેરી, સ્વ. ગોવિંદજી મૂલજી મહેપાણી, રા. મકનજી જુઠાભાઈ મહેતા વગેરેની સાથે વધુ ખાસ પરિચય થયો હતો. આથી જૈન સંસ્કાર તાજા, દૃઢ, અને બલવત્તર થયા 'જૈનિઝમ' એ નામનો ટુંકો લેખ બહાર પાડયો (કે જે તેના ગુજરાતી ભાષાંતર સાથે મેઘજી હીરજી તરફથી છપાયેલ છે), અને ત્યારપછી 'જૈનિઝમ' એ નામનું અંગ્રેજીમાં પુસ્તક લખ્યું કે જે જૈન ને પાશ્ચાત્ય વિદ્વાનો પાસે વંચાવી પ્રમાણભૂત તરીકે મત લઇ પ્રસિદ્ધ કરેલ છે. આ ગ્રંથથી તેમણે પોતાના વિચારક મનોબળની ઉત્તમ સાક્ષી આપી છે, અને પણ પોતે એમ કહે છે કે 'જે મને મારા ગુરૂએ આપ્યું છે તે હું રજુ કરૂં છું.'— ધન્ય છે આ શિષ્યરત્નને !

લંડનમાં 'જૈન લિટરેચર સોસાઇટી' નામની ઉપયોગી સંસ્થા તેમણે સ્થાપી છે અને તેના ઑન. સેક્રેટરી તરીકે પોતે ઉત્સાહથી કાર્ય કરે છે. આ સંસ્થાના ઉચ્ચ ઉદ્દેશ અને કાર્ય આ પત્રમાં આવી ગયા છે અંગ્રેજ વિદ્વાનો હાથે સંશોધિત અને વિવેચનાત્મક જૈન ગ્રંથો અંગ્રેજી ભાષામાં રચાવી પ્રસિદ્ધ કરવાનું ઉત્તમ કાર્ય હાથ ધર્યું છે તેમાં આપણા શ્રીમંતો મદદ કરી પોતાના ધનનો ઉત્તમ ઉપયોગ કરશે એમ અમે ઇચ્છીએ છીએ. વિશેષ તેમણે 'જૈન જીવન' કૃતિમાં મૂકી શકાય તે માટે 'મહાવીર બ્રધરહુડ' નામની સંસ્થા સ્થાપી છે અને તેના સેક્રેટરી તરીક મી. ગૉર્ડનને નીમ્યા છે.

આ ગૃહસ્થ એક સામાન્ય સ્થિતિના છે, પણ ઉચ્ચ જીવન ગાળનારા છે. 'Simple living and high thinking' એ આદર્શમય સૂત્રના મહણ કરનાર આ નરરત્નને ધન્યવાદ છે.

અમે તેનો પત્ર વ્યવહાર, તેના પ્રશ્નો (કે જેમાંના કેટલાક આ પત્રમાં વારંવાર ઉત્તર સાથે આવેલ છે અને આવશે), તેમના લેખો વગેરે સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં સ્પષ્ટ જણાય છે કે તે ભવ્ય જૈન છે—પ્રેમમય અને દયાશીલ નર છે—અને વીરચંદના સરસ્વતી વીરશિષ્ય છે. તેમનું જીવન વિશેષ ઉપયોગી જૈન સમાજને નિવડો એ અંતિમમાં અમારી પ્રાર્થના છે.

(રા. લાલન કે જેની સાથે મી. વૉરનને અખંડ પત્ર વ્યવહાર રહે છે અને જે તેમના ખાસ પરિચયમાં આવેલ છે તેઓ અમારી અનેક વખત વિનતિ છતાં કંઇપણ પૂરૂં પાડી શક્યા નથી તેથી ઉપર જે કંઇ છિન્ન ભિન્ન લખાયું છે તે માટે વાચક વર્ગ દરગુજર કરશે.

તંત્રી.)

૪-૫-૬ એ. ગૉર્ડન, મીસીસ ગૉર્ડન અને એલ. સેઇન્ટીયર.

મી. એ. ગૉર્ડન મી. વૉરન (ઉપરોક્ત) ના સદુપદેશ અને સમાગમથી જૈન ધર્માનુરાગી થયા છે અને તેમણે જે મેંબરો જૈન ધર્મના ઉપદેશ પ્રમાણે વર્તી શકે તેવું

એક મંડળ ' મહાવીર બ્રધરહુડ ' એ નામથી સ્થાપવામાં આવ્યું છે તેનું સેક્રેટરીપદ મ
કેઉને સ્વીકાર્યું છે. તેમાં તેમના પત્ની અને મી. સેન્ટ્રીવર પણ મેંબર તરીકે છે. આને
રા યુરોપિયન જૈનો તરીકે ઓળખવામાં આવે તો કંઇ ખોટું કહેવાય ! [વિશેષ કંઇ
જાણ્યું નથી]

૭ ડૉ. ગૅરિનો

આ એક ફ્રેંચ વિદ્વાન્ છે અને તેઓ જૈન ધર્મનો અભ્યાસ તે પોતાનો વિષયજ હોય તેમ કરતા હોય એમ લાગે છે. અત્યારસુધી જૈનધર્મ અને ઇતિહાસ સંબંધે જે જે શિલાલેખો, પુસ્તકો અને લેખો પ્રગટ થયા છે તેની વિવેચનાત્મક સમગ્ર ટીપ કરી છે અને તેના બે મોટા અને એક નાના પુરવણી રૂપે વૉલ્યુમો ફ્રેંચ ભાષામાં 'Jaina Bibliography' એ નામથી, ત્યાંની પૌર્વાત્ય સાહિત્ય સંબંધે રસ લેતી સંસ્થા તરફથી પ્રસિદ્ધ કરાવ્યાં છે. આમાં જે વિદ્વત્તા પૂર્ણ પ્રસ્તાવનાઓ મૂકાયલી છે તેનું ભાષાંતર આ પત્રના ગત અંકમાં આવેલ છે.

આ સિવાય જૈનધર્મનું સ્વરૂપ ઇત્ય વિચાર ઉપર એક સારું અને મનની ચોપાનીયું ફ્રેંચમાં તેમણે બહાર પાડેલ છે.

[આ સિવાય વિશેષ તેમના સંબંધે જાણવાની ઇચ્છા છતાં મળી શક્યું નથી. તંત્રી.]

કૉન્ફરન્સ મિશન ૨ ઉપદેશકોનો પ્રવાસ.

(દરેક ગામના કામનો ઉપરથી ટુંક સાર દાખલ કરવામાં આવે છે.)

ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ.

સલેમોટ—હાનિકારક રીવાજો દૂર કરાવવા ભાષણો આપતાં ઘણી સારી અસર થઈ. કુલ રીવાજો નાબુદ કરવા કાળજી રાખવા કબૂલ કર્યું.

સેદરામ—સંપ, કન્યાવિક્રય, મરણ પછવાડે જમણવાર તથા રડવા કૂટવા વિગેરે ઉપર ભાષણો આપતાં સૌને સારી અસર થઈ છે.

ચાણસોલ—ત્રણ સભાઓ કરી હિંસાત્યાગ, બંગડી ન પહેરવા વિષે, કન્યાવિક્રય, વિવાહ, ભ્રૂણહત્યા, વગેરે ઉપર ભાષણો આપતાં કેટલીક બાઇઓએ બંગડીઓ નહીં પહેરવા તેમજ લગ્નમાં ખોટાં ગીત ન ગાવા સભાની સમક્ષ સોગન લીધા હતા. કન્યાવિક્રય જેવો અધમ રીવાજ આ તરફ નથી તેમ જણાયું પણ કજોડા વિષે સારી અસર થઈ છે. ઘણા વખતથી ભ્રૂણહિંસા બંધ છે તોપણ આ વખતના ભાષણથી સારી અસર થઈ છે અને રડવા કૂટવાના રીવાજો દૂર કરવા બરોબર સમજણ થયેલ છે.

દેલવાડ—ત્રણ ચાર દિવસ સુધી જૈન મંદિરના ચોતરા ઉપર સંપ, હિંસાત્યાગ, કન્યાવિક્રય, કજોડાં, કેળવણી વગેરે વગેરે વિષયો ઉપર ભાષણો આપવામાં આવ્યા તે વખતે દરરોજ ઠાકોર તાજખાનજી, ઠાકોર સાહેબ ખાનજી તથા ઠાકોર દાઉદ ખાનજી વગેરે હાજર હતા. ભાષણની અસરથી ફટાણાં ગીત ન ગાવા નક્કી કર્યું. વિવાહના ખરાબ રીવાજો દૂર કરવા કાળજી રાખવા કબૂલ્યું.

સુરાસણા—૪-૫ દિવસ સુધી શ્વેતાંબર, દીગંબર જૈનો તથા જૈનેતર સમસ્ત સંઘ, કન્યાવિક્રય, કજોડાં, જીવદયા, જિનેશ્વરની ભક્તિ વિગેરે ઉપર ભાષણો આપતાં સ.ની અસર થઈ. જીવદયાના ભાષણથી એવો ઠરાવ કર્યો કે "રબારી, વાઘરી, ભંગીઆ અને મુસલમાન વિગેરેમાં કેટલાક હલકા માણસોને ગામ ગાયગી અથવા વીઆએથી વેચતી આપવી નહીં. વિરૂદ્ધ વરતે તેની પાસેથી રૂ. ૫) મહાજન દંડ કરી વસુલ લે." દાંતીવાડા સુધા માટે જીવવાનાર બંધ થાય તો અમે પણ બંધ કરવા ખુશી છીએ.

ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ

ગોનેપ—તમામ ગામ લોકો એકત્ર કરી જીવદયા વિગેરે વિષયો ઉપર ભાષણ આપતાં ઠાકોર કેસરીસિંહજીએ કહ્યું કે હવે હું પાપ નહીં કરૂં, એવી જાહેરમાં બોલવાથી બેઠેલા સર્વે જન ઘણા ખુશી થયા.

મોરવાડા—ભાષણોની અસરથી નીચે પ્રમાણે ઠરાવ થયા. ૧ કન્યાવિક્રય એટલે દીકરીના સગપણના કે લગ્નના પૈસા ન લેવા. કોઈની વિરૂદ્ધ બોલવાનું હોવાથી ગુન્હો લેવામાં વાંધો નથી. તેને બદલે કાંઈ પણ રકમ લેવી નહીં ફક્ત ગુનેગાર (ખરેખરા) લેવો. ૨ લગ્ન પ્રસંગમાં વિધવા પડતો ખર્ચ હતો તેમાં ઘટાડો કરી ૨૪ કલમોમાં સુધારો કર્યો. ૩ ફટાણાં ગાવાં નઠારા વિગેરે બહેનોએ સોગન લીધા. ૪ ધાર્મિક હિસાબની ચોખવટ કરવી. ૫ વિધવા બાઈએ ૭ માસને બદલે રાા માસ ખુણો પાળવો. ૬ ભમરી નહીં દેરાસરના પ્રતિમાઓ લાવવી. ૭ કંદમૂળ ન ખાવા તેમજ ધાર્મિક જ્ઞાન મળવાથી સારી અસર થઇ. આ ઠરાવો બરાબર ન પળે તો સંઘને વેઠવ ભરી ન કરવા કબુલાત થઇ.

ડીસાણુ—ઉપદેશ દેઈ ભાષણ આપતાં મગાયીઆ ઠાકરડાઓએ હિંસા, મધ, દારૂ વિગેરે ન લેવાના સોગન લીધા હતા.

૩ ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

(તપાસનાર-મી. ચુનીલાલ નહાનચંદ. ઓનરરી ઓડીટર શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ)

(૧) ગુજરાત ખાતે મહાલ મેળસાણામાં આ સંઘનાં ચાર દેરાસરના વહીવટ અંગે રિપોર્ટ—

[illegible] સં. ૧૯ [illegible] સાલથી વહીવટ કર્તા શેઠ [illegible] તથા શેઠ [illegible] તથા શેઠ [illegible] તથા શેઠ [illegible] સંવત ૧૯૬૦ થી સં. ૧૯૬૮ સુધીનો હિસાબ [illegible] ઘણો [illegible] જેથી [illegible] ભાઈઓને [illegible] નથી. [illegible] સ્થિતિ [illegible] છે. પરંતુ [illegible] દેરાસરની [illegible] તથા [illegible] હિસાબ [illegible] છે.

[illegible] વહીવટ [illegible] મહેસાણા [illegible] ના [illegible] વહીવટ [illegible] રિપોર્ટ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ જીગોવન હેમચંદ તથા શેઠ

સાકરચંદ મુળચંદના હસ્તકનો સંવત ૧૯૬૫ થી સને ૧૯૬૯ ના અષાડ સુ. ૧૧ સુધી

ના હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સદરહુ સંસ્થાનું નામું રીતસર રાખી વહીવટ

સારી રીતે ચલાવવામાં આવ્યો છે.

સદરહુ ગામના શ્રી સંઘે મજકુર સંસ્થાના દરેક જાતના પુજન ખર્ચ માટે ચોખ્ખાં સાધારણ ... શ્રી સંઘે મજકુર સંસ્થાના દરેક જાતના પૂજન ખર્ચ માટે ચોખ્ખાં

સદરહુ ગામના શ્રી સંઘે મજકુર સંસ્થાના દરેક જાતના પૂજન ખર્ચ માટે ચોખ્ખાં સ્તુતિ

નાખ્યાં જોઈએ તે માટે સાચ્ચું ઠીક લાગો નાખી તેમાંથી ને ખર્ચ કરે છે તે પ્રમાણે સ્તુતિ

રૂપ છે. કારણ કે ઉપર જણાવેલા બંદોબસ્તથી તેઓને કોઈ પણ જાતનો દેવદ્રવ્યનો

ભેળ થવાનો સંભવ રહેતો નથી. આવી રીતે દરેક ગામના શ્રી સંઘો બંદોબસ્ત કરે તો

જોખમો દેવદ્રવ્ય લેવામાં પડતા બચી જુગી થાય.

સદરહુ સંસ્થા માટે મજકુર ગામના મહાજને ગામમાંથી નીકાસ થતો ઘી ઉપર

લાગો નાખ્યો છે તેના તથા મકાન વિગેરેના હિસાબો પણ વાંચી કરવામાં આવ્યા

નહોતા પરંતુ આ ખાતા તરફથી તે ઉપર ત્યાંના શ્રી સંઘનું ધ્યાન ખેંચતાં સંઘે પોતાની

ભુલ કેટલી ખાસ અજાણપણું બતાવી બહુજ દિલગીર થઈ તરત સંઘ મળેના દરેક ગૃહ

સ્થોએ કરતપણું હિસાબો નક્કી કરી આપ્યા તે માટે તેઓને પુરેપુરો ધન્યવાદ ઘટે છે

(૩) અમદાવાદ જીલ્લાના વીરમગામ મહાલના આલીઆસણ ગામના

ધ્રુનર તથા કુતરાં ખાતાના વહીવટને લગતો રીપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ જીગોવન હેમચંદ તથા શેઠ

સાકરચંદ મુળચંદના હસ્તકને સંવત ૧૯૬૫થી સં. ૧૯૬૯ના અષાડ સુદી ૫ સુધીનો

હિસાબ અમોએ તપાસ્યો તે જોતાં નામુ રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવ-

વામાં આવ્યો છે.

સદરહુ સંસ્થામાટે મજકુર ગામના મહાજને ગામમાં આવતા માલના વેચાણ ઉપર

લાગો કર્યો ટકા પ્રમાણે લાગો નાખેલો છે તે પ્રમાણે સ્તુતિ પાત્ર છે. ઉપર જણાવેલા

હકના હિસાબો પણ વાંચી કરેલા નહિ હોવાથી તેઓ એટલે દેરાના કામના લેખમા

પડવાનો સંભવ હોવાથી તે ઉપર આ ખાતા તરફથી ત્યાંના મહાજનનું ધ્યાન ખેંચતાં

ને ખાસ પોતાનું અજાણપણું જણાવી દિલગીર થઈ તરત દરેક ગૃહસ્થોએ પોત પોતાના

હિસાબો નક્કી કરી આપ્યા તે માટે તેઓને પુરેપુરો ધન્યવાદ ઘટે છે

આલીઆસણની જેઠ સરકારના હિસાબ પ્રથમ વરનેશા પણ કેટલી બાબતનો

ખુલાસો મેળવવાનો હોવાથી આ રીપોર્ટ બહાર પાડવામાં ઢીલ થઈ છે.

(૪) ગુજરાતમાં આવેલા મહાલ મેહમદાબાદના ગામ ... માટે આ-

વેલા અષ્ટનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા ... હસ્તકનો

સં. ૧૯૬૮ ના કારતક સુ ૨ થી સં. ૧૯૭૦ ના ... સુધીનો હિસાબ અમોએ

તપાસ્યો. તે જોતાં નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવવામાં આવે છે. ... તે માટે તેઓને પુ-

રેપુરો ... અનુસરીને બંદોબસ્ત કરવામાં આવે છે ...

પુરો ધન્યવાદ ઘટે છે.

(૫) મહીકાંઠા એજન્સીમાં આવેલા ... તાબાનાપીર ગામમાં

આવેલા શ્રી સિદ્ધચક્રજી મહારાજના દેરાસરના વહીવટ લગતો રીપોર્ટ:—

સદરહુ સંસ્થાના શ્રીસંઘ તરફથી વહીવટ કર્તા શેઠ સુરચંદ ખેમચંદ ત શેઠ દીપચંદ મોનચંદ તથા શા મોહનલાલ રવચંદ હસ્તકનો સં. ૧૯૬૧ થી સં ૧૯૭ શ્રાવણ સુ. ૧૧ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો, તે જોતાં નામું સદરહુ ગામ મધ્યે જુદા જુદા ગૃહસ્થોના ચોપડામાં રાખેલ છે, સદરહુ જૈન મંદિર નવું બાંધવાંમાં આવે છે. અને તેનું કામ લગભગ વીસ વરસથી ચાલે છે હવે તે લગભગ પૂરૂં થઇ જવા આવ્યું છે

સદરહુ ગામ નજીક દેરીઆસણમાં પ્રથમ જૈન મંદિર હતું પરંતુ તે પડી જવાથી નવું બંધાવા પ્રયત્ન કરેલ પણ તે નહીં બની શકવાથી ભગવાનને શ્રી મેહસાણે પેપરાવ્યા છે અને તેના લગતા વહીવટમાં રૂ. ૯૦૦થી ૧) હજારનું લેણું હતું. તે બાબત અમારા જાણવામાં આવ્યાથી ત્યાં જઇ જેજે ગૃહસ્થો પાસે લેણું હતું તેનો હિસાબ તેઓના ચોપડાથી કરી એક નવી ચોપડી બાંધી તેમાં બાકીઓ લેણુદાર ગૃહસ્થો પાસેથી કઢાવી લીધી; પરંતુ તે ગામમાં જૈન મંદિર ન હોવાથી અને ત્યાંના દેણુદારની મરજી સદરહુ સંસ્થામાં મદદ કરવાની હોવાથી ચોપડી આ સંસ્થાનાં વહીવટ કર્તા ગૃહસ્થને સોંપી તેનાં નાણાં વસુલ લેવાની સત્તા આપી છે.

નોટ:—સદરહુ પાંચે સંસ્થાનો વહીવટ તપાસી તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચના પત્ર દરેકના વહીવટકર્તાને આપવામાં આવ્યું છે.

अभिधानराजेन्द्र.

(प्राकृत (मागधी) भाषा का बृहत्कोश)

प्रथम द्वितीय, और तृतीय भाग छपकर तैयार है !

दीर्घदर्शी विद्वान लोग सर्वदर्शनरूप सदसन्मन्तव्य विषयके अन्वेषणमें दत्तचित्त होते हैं इस लिये ही क्या ? उसी जिज्ञासारूप चिता विरसनदी को आनन्दसुरसनदी बनाने के लिये और आर्यावर्त्तमें अज्ञान–अदृष्ट–अश्रुत–अर्द्ध मागधी (प्राकृत) भाषाका संस्कृतभाषाके समान प्रचार करने के लिये, तथा प्राकृत–भाषामय अपरिचित जैनधर्मके गूढ तत्त्वों को सरल रीतिसे प्रचार कर सर्व साधारणोंको उपकार पहुंचानेके लिये परम कारुणिक कलिकालसर्वज्ञकल्प, श्री सौधर्मबृहत्तपागच्छीय, भट्टारक श्री श्री १००८ 'श्रीमद् विजयराजेन्द्रसूरीश्वरजी महाराजने अपने जीवन महोदधिके अमर फलकी तरह अंदाजन चार लक्ष श्लोक प्रमाणका प्राकृतभाषा प्रवर्तक अपूर्वजन्मा अकारादि वर्णानुक्रमसे उक्त कोश निर्माण किया है ॥

इस महार्घोपम सार्वशीय पञ्चाङ्गीके तथा प्रामाणिक पूर्वाचार्योंके निर्मित ...नादि ग्रन्थोंके सानुवाद प्राकृत मूल शब्द, तदनन्तर उनके लिङ्ग, धातु, प्र... समास, व्युत्पत्ति, अर्थ, आदि दिखाकर तत्तच्छब्द संबन्ध विशेष व्याख्याओं के पद जिन २ सूत्रों, प्रकीर्णों, और ऐतिहासिक ग्रन्थों में हैं, वे ग्रन्थ अध्ययन, उद्देश वर्ग आदियों के साथ रक्खे गये हैं, जिन को देखकर वाचकवर्ग एक विषय को अनेक शास्त्रों से सप्रमाण सिद्ध करने को अनिवार्य शक्तिमान होगा. इस चमत्कारिक अपूर्व पूर्वे शास्त्र संगृहीत उपयोगीन संके, संदर्भ. कोष का विवेचन जितना लिखा जाय उतना ही कम है, इसका पूर्ण संक्षिप्त तत्त्व, भली भांति से लिखी गई सविस्तृत भूमिका के वांचनेसे ही ज्ञात होगा। कोश निर्माता महानुभाव का जीवन परिचय भी बहुत सुन्दरतासे दिखलाया गया है। यह कोष चार भागोंमें पूर्ण होगा.

इस लिये जिन विद्वानों, श्रीमानों, या राजा महाराजाओं को इस ग्रन्थ के रत्न को लेने की इच्छा हो, अथवा गम्भीर जैनधर्म के तत्त्वों को जानने की

रखता हो, तो शीघ्र ही इसके प्रत्येक भाग को मंगाकर अवलोकन करें। मूल्य प्रत्येक भाग का केवल २५) रुपया रक्खा गया है जो कि–पुस्तक के दर्जे बहुत ही कम है। मिलनेका पता–

अभिधानराजेन्द्र–कार्यालय.

मु॰–रतलाम (मालवा)

The Sacred Books of the Jains.

The Pioneer in its leading note, (February 1, 1914) writes :-

" The All India Jaina Association are undertaking the publication of all these volumes of the sacred Books of the Jainas, which have not been published before. All the unpublished works of the Jainas, both of the Swetambara and the Digambara Sects, are to be included in the series, and each volume will contain the original text, with an English translation, introduction and critical and explanatory notes on different passages. Number of well-known scholars are to assist in the task and the work when completed should serve various useful purposes and be of great interest to the students of religion and history.

For particulars apply to,

Kamar Devendra Prasad.

Shanti Kunj–AHLLHABAD

कास्मीरनो पवित्र केसरज.

[illegible] मोसम छे. आ केसर श्रीमहाराजा साहिब काश्मीरनी देखरेखमां थाय छे अने हिंदुस्ताना प्रसिद्ध व्यापारियो, जैन मंदिरो अने [illegible] | [illegible] नमूनो मफत मळशे. ठा॰ काश्मीर स्टोर्स श्रीनगर (काश्मीर)

દરેક માસિકમાં વધારો.

તૈયાર છે ! તૈયાર છે ! તૈયાર છે !

કોન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

શ્રી જૈન ગ્રંથાવલિ.

જુદા જુદા ધર્મધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, [illegible] [illegible], ઔપદેશિક, કાવ્ય સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લિસ્ટ, ગ્રંથકર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત, હાલ ક્યા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે છે તે વિગેરે સઘળી હકીકત બતાવનાર આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફુટનોટમાં [illegible] ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. પ્રથમ અને પછી ગ્રંથનાં અને [illegible] રચ્યાનો સંવત અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સામાન્ય મંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે.

કિંમત રૂ. ૦-૧૦-૦
પાયધુની, મુંબઈ નં. ૩

આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

શ્રી જૈન શ્વેતાંબર-મંદિરાવલિ. પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (મક-ડ મુંબઈ) હકીકત આપવામાં આવેલી છે. કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન્ પ્રયાસે [illegible] કરાવેલ ડીરેક્ટરીના આધારે તેમજ પ્રથમ છપાયેલ [illegible] [illegible] [illegible] ને માટે મદદ આપવામાં આવેલ છે. [illegible] [illegible] [illegible] [illegible] જૈન બાંધવોને આ પુસ્તક [illegible] [illegible] છે. આ પુસ્તકમાં જુદી જુદી કલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, [illegible] [illegible] સ્ટેશન અને મોટા શહેરનું નામ તથા તેનું અંતર, દેરાસર કેટલાં, મૂળનાયકનું નામ, [illegible] [illegible] [illegible] [illegible] સંખ્યા તથા માલની સ્થિતિ વિગેરે તમામ હકીકત [illegible] [illegible] [illegible] છે. આ પુસ્તક ડેમી સાઈઝ ૨૧૦ પાનાનું સુંદર પુઠાથી બાંધેલું છે. [illegible] [illegible] [illegible] [illegible] ની. પી. થી [illegible] મોકલવામાં આવશે.

કિંમત રૂ. ૧-૮-૦
પાયધુની, મુંબઈ નં. ૩

આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

इच्छा हो, सो शीघ्र ही इसके प्रत्येक भाग को मंगाकर अवलोकन करें। प्रत्येक भाग का केवल २५) रुपया रक्खा गया है जो कि-पुस्तक के कद से बहुत ही कम है। मिलनेका पता-

अभिधानराजेन्द्र-कार्यालय.

मु०-रतलाम (मालवा)

The Sacred Books of the Jains.

The Pioneer in its leading note, (February 1, 1911) writes --

" The All India Jaina Association are undertaking the publication of all these volumes of the sacred Books of the Jainas, which have not been published before. All the unpublished works of the Jainas, bath of the Swetambara and the Digambara Sects, are to be included in the series, and each volume will contain the original text, with an English translation, introduction and critical and explanatory notes on different passages. Number of well-known scholars are to assist in the task and the work when completed should serve various useful purposes and be of great interest to the students of religion and history.

For particulars apply to,

Kumar Devendra Prasad,

Shanti Kunj-AHLLHABAD.

काश्मीरनो पवित्र केसरज.

[illegible] छे. आ केसर श्रीनगरना [illegible] काश्मीरी [illegible] छे अने हिंदुस्तानना प्रसिद्ध [illegible], जैन [illegible] [illegible] छे । [illegible] [illegible] काश्मीर [illegible] श्रीनगर (काश्मीर)

ાહક માસિકનો વધારો.

તૈયાર છે ! તૈયાર છે ! તૈયાર છે !

કોન્ફરન્સ ઓફીસની ચારવર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

શ્રી જૈન ગ્રંથાવલિ.

જુદા જુદા ધર્મધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લિસ્ટ, ગ્રંથકર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારું આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફુટનોટમાં તેમ કે વિગેરે સઘળી હકીકત ... ગ્રંથ અને પૃ૦, ગ્રંથકર્તા અને કવિને ઘણી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃ૦, ગ્રંથકર્તા અને પૃ૦, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સામાન્ય મંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે.

કીમત માત્ર રૂ. ૩-૦-૦

પાયધુની, મુંબઈ નં. ૩

આસિસ્ટંટ સેક્રેટરી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

શ્રી જૈન શ્વેતાંબર-મંદિરાવલિ. પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર-દેરાસર સહિત) હકીકત આપવામાં આવેલી છે. કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન્ ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેક્ટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલા આપણાં પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઈઓને આ પુસ્તક એક સુંદર ભોમીઆ તરીકે થઈ પડશે એમ છે. આ પુસ્તકમાં જુદી જુદી કલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકનું સ્ટેશન અને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું ઠેકાણું, બાંધણી, વ-ગેરે, બંધાવનારનું નામ, મૂળ નાયકનું નામ, બંધાવ્યાની સાલ, પ્રતિમાઓની સંખ્યા, ... ઘરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વિગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રોયલ સાઈઝ ૨૧૦ પાનાનું સુંદર પુઠાથી છપાવેલું છે. બહારગામથી મંગાવનારને વી. પી. થી. મોકલવામાં આવશે.

કીમત માત્ર રૂ. ૧-૮-૦

પાયધુની, મુંબઈ નં. ૩

આસિસ્ટંટ સેક્રેટરી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

इच्छा हो, तो शीघ्र ही इसके प्रत्येक भाग को मंगाकर अवलोकन करें। मूल्य प्रत्येक भाग का केवल २५) रुपया रक्खा गया है जो कि–पुस्तक के कद में बहुत ही कम है। मिलनेका पता–

अभिधानराजेन्द्र–कार्यालय.

मु०–रतलाम (मालवा)

The Sacred Books of the Jains.

The Pioneer in its leading note, (February 1, 1914) writes .—

" The All India Jaina Association are undertaking the publication of all these volumes of the sacred Books of the Jainas, which have not been published before. All the unpublished works of the Jainas, bath of the Swetambara and the Digambara Sects, are to be included in the series, and each volume will contain the original text, with an English translation, introduction and critical and explanatory notes on different passages. Number of well-known scholars are to assist in the task and the work when completed should serve various useful purposes and be of great interest to the students of religion and history.

For particulars apply to,

Kumar Devendra Prasad.

Shanti Kunj–AHLLHABAD,

कास्मीरनो पवित्र केसरज.

पूजाने योग्य छे. आ केसर श्रीमहाराजा साहिब कास्मीरनी रेस्टवामां आवे छे अने हिंदुस्तानना प्रसिद्ध व्यापारियो, जैन मंदिरो अने स्थानोमां भमारी मार्फत मोकलवामां आवे छे। प्रथम श्रेणीना एक तोलाना ०–१५–०, मामडुं मंगावनार व्यापारियोने विशेष किफायत करवामां आवे छे. [illegible] मंन नमूनो मंगावी खात्री करो. काश्मीर स्टोर्स श्रीनगर (काश्मीर) नं

લેખકોને નમ્ર વિનંતિ.

પૂજ્ય મુનિરાજાઓ, જૈન ગ્રેજ્યુએટો તથા વિદ્વાન્ જૈન લેખકોને સવિનય વિનંતિ કરવામાં આવે છે કે જૈન વસ્તીવાળા લગભગ તમામ શહેરોમાં મહાન્ કોન્ફરન્સનો વિજય વાવટો ફરકાવતા તથા કોન્ફરન્સના સર્વમાન્ય વાજીંત્ર ગણાતા આ માસિક પત્રમાં કોન્ફરન્સે હાથ ધરેલા વિષયો સંબંધી તથા સમસ્ત જૈન કોમની સામાજિક, નૈતિક અને ધાર્મિક ઉન્નતિ સાથે પ્રત્યેક વ્યક્તિની આત્મિક ઉન્નતિ થાય તેવા સરલ ભાષામાં લખાયેલા લેખોને પ્રથમ પદ આપવામાં આવે છે અને જૈન અત્યંત મૂલ્યવાન ઐતિહાસિક લેખોને પણ ખાસ સ્થાન અપાય છે અમે આશા રાખીએ છીએ કે પદવીધારી જૈન ગ્રેજ્યુએટોની માફક અન્ય વિદ્વાન્ જૈન લેખકો તથા પૂજ્ય મુનિ મહારાજાઓ, વધારે નહીંતો માત્ર વર્ષમાં એકાદ વખત આઠ દશ પૃષ્ઠ જેટલો લેખ આ પત્રમાં લખી મોકલી સ્વધર્મી બંધુઓને પોતાની વિદ્વત્તાનો લાભ આપવાનું મન ઉપર લેશે.

૧ આ પત્ર માટેનું લખાણ કાગળની એકજ બાજુએ, સારા અક્ષરથી અને શાહી વડે લખવા તસ્દી લેવી. કાગળની બન્ને બાજુએ, અથવા પેન્સીલથી લખેલું લખાણ ટાઈપોમાં ગોઠવતાં બહુ અડચણ પડે છે તેમજ ભૂલો થવાનો પણ વિશેષ સંભવ છે માટે આ સૂચના તરફ લક્ષ આપવા ખાસ વિનંતિ છે.

૨ લખાણ મોડામાં મોડું દરેક મહિનાની તા. ૧૫ મી પહેલાં અમોને મળવું જોઈએ.

૩ લેખકનો લેખ યોગ્ય જણાશે તો દાખલ કરી જે અંકમાં પ્રસિદ્ધ થશે તે અંક અને નિયમિત લેખકને નિયમિતપણે સર્વ અંક મફત મોકલવામાં આવશે.

૪ પસંદ નહિ પડેલા લેખો પાછા મોકલવાનું બનતું નથી. જેને જોઈએ તેણે ટપાલ ખર્ચ મોકલી મંગાવી લેવા.

૫ અપ્રકટ પ્રાચીન જૈન ગુજરાતી સાહિત્ય, ધાર્મિક અભ્યાસ વધે તેવા સંવાદ, સિદ્ધાંતનું સારી રીતે આપી શકાય તેવા અભ્યાસપાઠો, પટ્ટાવલિઓ, શિલાલેખો, ગ્રંથની પ્રશસ્તિઓ, પ્રાચીન જૈન પ્રભાવકોનાં ચરિત્રો વગેરેને ખાસ પ્રથમ સ્થાન આપવામાં આવશે.

૬ રાજકીય-ધાર્મિક વિવાદવાળું, નિંદાત્મક વગેરે આડે માર્ગે દોરનાર અને ક્લેશ ઉપજાવનાર લખાણને સ્થાન બીલકુલ આપવામાં નહિ આવે.

૭ લેખકે પોતાનું પુરૂં નામ તથા ઠેકાણું લખવા કૃપા કરવી. તે પ્રકટ કરવા ઇચ્છા હોય તો તે અગર તેમ ન હોય તો કોઈ સંજ્ઞા-ઉપનામ મોકલવું. નનામા લેખ લેવા કે પાછા મોકલવા બંધાતા નથી.

મોહનલાલ દલીચંદ દેસાઈ, બી. એ. એલ એલ. બી.

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. તંત્રી. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ.

જૈન બંધુઓ ! વાંચો અને અમૂલ્ય લાભ લ્યો.

શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરી.

વ્હાલા બંધુઓ ! આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણો
વખતે જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતિ જાણવા માટે સર્વે જૈન બંધુઓને
થવાથી ડીરેકટરી કરવાનું કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત
પ્રથમ ફળ રૂપે અમદાવાદ કોન્ફરન્સ પહેલાં શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ, ભાગ
બહાર પાડવામાં આવ્યો હતો. ત્યાર પછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ કુશળ
દ્વિતીય ફળ રૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીના–ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને
૨ જો (દક્ષિણ ગુજરાત) એવી રીતે બે ભાગ જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુ
આવેલ છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન
લાયક હકીકતો દાખલ કરવામાં આવી છે: જૈનોની વસ્તી સંખ્યા દેખાડનારી
નિશાનીઓ ઉપરાંત તીર્થ સ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં
વાળો સુંદર નકશો પણ આપેલો છે. ટુંકામાં જૈનોની વસ્તી વાળા જીલ્લા અને ત
વાર ગામ, રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓ
દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા, ઉપાશ્રય, પુસ્તક ભંડાર, લાઇબ્રેરી, પાઠશાળા, પાંજરા
અને સભા મંડળ વિગેરેને લગતી સઘળી ઉપયોગી બાબતોથી આ ડીરેકટરી ભરપુર
આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છની, કુંવારા, પરણેલા, વિધુર અને વિધવાની
ભણેલ તથા અભણની સંખ્યા આ ડીરેકટરીમાં સમજપૂર્વક આપવામાં આવેલ હો
દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે. વિશેષમાં ટુંક
જનરલ રીપોર્ટ પણ આપેલ છે. આ ડીરેકટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી છતા
લગાર પણ કચાશ રાખવામાં આવી નથી. ડીરેકટરી તૈયાર કરવા પાછળ રૂ. ..
મોટી રકમ ખર્ચવામાં આવી છે; તે છતાં જુજ કિંમત રાખવાનું કારણ કમાવાની
નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો સરખો લાભ આપવું
માટે સર્વ જૈનબંધુઓ આ મોટો લાભ અવશ્ય લેશેજ, એવી અમોને સંપૂર્ણ ખાત્રી છે

કિંમત માત્ર પહેલા ભાગના રૂ. ૦–૧૨–૦
બીજા ભાગના રૂ. ૧–૪–૦
બન્ને ભાગ સાથેના રૂ. ૧–૧૪–૦

નકશાની છુટી નકલ અર્ધા આનાની પોષ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

પાયધુની, મુંબઈ નં. ૩.

આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

His early life teaches us obedience. Let us be obedient to the spirit of what he taught and how he acted. He teaches us perseverance after spiritual realization. Let us not stop where we find us to-day. Let us make way, slowly and cautiously but none the less uninterruptedly. He teaches broadmindedness. He respected his age and time. Let us study comparative religion and let us make our thought about his life and action more scientific in view of our age and thus restore it to its prestine logical vigor, rational foundation and let us purge it of superstition, metaphor and myth. Mahavira made monkly life more rigorous. The needs of his time required this stringency. Our time requires that the religious order should be based upon a different scheme altogether. Let it be made more active and more responsive to the needs of the world, ardent, educating, enthusiastic and unifying.

A beginning has already been made. Responsibility has increased. People have become more cautious. They have become less bigoted and more liberal. The priestly classes require more efficient organization. But the reform ought to begin from laymen. They will do more than the former in the uplift of their classes. Let their energies be directed to the provision of the educational needs of the community. Let them show by an all embracing activity that if they own money in millions, they utilize it in providing millions, that if they own a philosophy, they own it not for parade but for human amelioration. Then only our agitation will be reasonable and well-founded. "*Union is Strength.*"

I cannot refrain from remarking here that although it is undoubtedly certain that the life of Mahavira must have been held in high respect and admiration during the days when in his followers could be numbered Haribhadracharya and Hemachandracharya and others who distinguished themselves for their dialectician powers and their erudition in comparative religion, grammer, literature and *yoga*; the many unfortunate criticisms which some offered, and still offer, to Swami Vardhaman's life, were due to the very peculiar and sometimes ludicrous notions of Jainism, obtaining amongst the sacerdotal order of some Jain sects.

S. S. Jain Boarding,
Princess Street,
Bombay.

K. H. Kamdar B. A.

Some distinctive features of Lord Mahavira's Teaching.

(1) *Self-exertion:—*

Salvation according to Jainism, is quite independent of th worship or favour of any particular person or deity, born o yet to be born in the world. Though there is no gainsayin the fact the teaching was given, in its present form by the Lor Mahavir himself yet he never pretended to vouch-safe the sal vation of man through his worship alone. He did not even pos as one who would intervene on behalf of his worshippers in the working of the great Law viz. "Man reaps as he sows." He showed the utter futility of fetichism which predominated in his times, and deeply imprinted on the moral consciousness of humanity that spells and prayers and sacrificial formulœ and such other processes employed to humour innumerable elemental deities were only calculated to impair their spiritual health and suppress the divinity, that lay within them. He convinced the people that fire, sun, water, lightening, rain, dawn etc, were only the phenomena of nature subject to fixed laws and all the entreaties of men either for their protection or welfare did but fall on deaf ears. He dissipated their notions that those lifeless elements could ever consciously or intelligently operate to their harm or benefit. He succeeded in winning mankind back to their normal state and awakened them to their inner granduer and infinite possibilities of their unfoldment, directing their energies in the channels of pure spirituality. He taught that man was God in embryo and it was only through self-endavour and self-exertion that the latent Godhood was to be realized. All adventitious aids were only but in the nature of addendum or impetus. If man obeyed the laws prevailing in the region of spirit, his salvation was assured. There was only one and not two paths leading to that supreme goal, and however undeviatingly followed it is sure to attain the goal, irrespective of any help from without. Favouritism he discouraged and denounced. He did not offer himself as an object of worship

for mankind, but only proclaimed to them that he had reached the acme of spiritual evolution and that they too might reach the same if they only followed the line along which he had walked. His only title to glory and our respect rests on the basis that he discovered the laws, which if followed in their entirety would ensure freedom from the thraldom of *sansara*.

(2) *Let live or Ahimsa*-Mahavira recognised the unity and grandeur not only of human beings only but of the whole sentient creation. Sub-human creatures, he preached, have equal rights with the human ones to live unmolested to the end of their natural lives. He abolished the oligarchy of man and established the democracy with equal rights for all creatures high or low to fully live out their allotted period of life. He formulated a scheme of grand practical utility, which recognised the brotherhood not of man only but of all the living creatures. Sub-human life is too sacred and sublime to be used as an offering in sacrificial rites. Though all contemporary creeds ecognised more or less the same code of morals but it was ractically confined within the narrow limits of the interests of uman beings only. Mahavira awakened the tender emotions d finer feelings of men towards their mute bretheren on e lower stages of evolution and thus humanised the society which he moved. Hurting or taking the life of animals was ating the growth of their evolution, and the violation of t fundamental law of nature is bound to re-act on the evolu- ary growth of those who break the law. The doctrine of -killing and sanctity of life is not based, as is generally osed, on the utility of lower creation to men. It rests on the ive principle that every member of the animate world has l right to live unmolested by others. Man is not the flower ation or the glory of God in the sense that he is entitled ake their less developed bretheren sub-servient to his n purposes. His greatness or superiority is not meant to ployed to check their progress or obstruct their growth, help them and quicken their evolution. When he does verse, the effect rebounds on his own unfoldment. Whoever

stands in the way of others' evolution, by means of thoug speech or act, retards his own advancement on the Path.

(3) *Live or improve and enlighten yourself.*-He declar the path of liberation equally open to all. Religion is a comm property of all who can take possession of it. It is not t exclusive monopoly of the upper class only, as was believed Mahavir's time. He dissipated the fallacy that only the hig born beings can practise religion. He delivered the messa of consolation to the masses that salvation was not reserv for an ambitious few. He swept away all arbitary distinctio of petty creeds and castes and made his banner the rallyi point for humanity in general whether they be high-born o low-born, twice-born (द्विज) or once-born. He introduced healthy spirit of liberalism in the society and made religion living vital thing and lifted it up from the low level of a pro fession into which it had fallen in those days. He told tha though the Path was long and the travel a weary one, ye all could pursue it if only determined to walk unswervingl along it and guard against wandering into tempting bye-ways. The supreme goal shines at the end of the hard journey, but the now struggling soul shall surely reach it one day if he persistently pushes on towards it. "Utilize all your opportunities, he said, to that one end, and subordinate all other purposes to it; Work not with a view to any earthly glory. Life is not a holiday enjoyment. It is meant for regeneration and growth, so conform it to that great object or-else you are doomed to degenerate and go down in the scale, and when once you are tending downward, there is no knowing where the fall shal cease. You can not stand still and stagnant. The laws of universe can not allow you to remain unmoved. However it is left to you to move either heavenward or hellward. Then why not look high and move towards God! Light up all your candles on the altar of the almighty principle that is slumbering in you. Awaken yourself therefore to your birthrights—Peace, Power, Bliss and Immortality."

(4) *Renunciation and asceticism:—*

There was no organised or constituted order of congregated ascetics before the advent of Lord Mahavira. He soon found that the minds of individual mendicants naturally and even unconsciously turn to earthly things when allowed to live singly. To set this right he instituted *Upashrayas* or resting-places for monks and created a highly specialized ideal of ascetic life leaving no loophole for the minds of the members of holy order to escape through, and created a very wholesome spiritual atmosphere in which the aspirants can maintain their lives immaculate. It appears that the worship of Shri Krishna had assumed an exasperatingly debased form and his early life had come to be invested with a disgustingly amorous aspect, in Mahavira's times. Tendencies of sensuel enjoyments were running high, and the rising tide of this demoralizing feeling, he endavoured hard to stem by guiding men to the ideal of asceticism and absolute renunciation both of which he examplified in his own self.

The very great emphasis that he laid on the efficacy of fasts and suppressing of the senses, sometimes verging almost on the torturing of the flesh is suggestive of the revulsion of feeling that laboured to bring about in the minds of men from the pleasures of the senses which, it seems, were incorporated with the prevailing modes of religious practices in those days. Shri Krishna's noble teaching was distorted and he was identified with pleasures of an unhallowed character. Such a spirit of amorous indulgence though wholly inconsistent with his teaching in the immortal Bhagwat Gita, had, somehow, stolen in upon his followers. These unhealthy and highly immoral tendencies were supplanted by a strong wave of asceticism under the mighty leadership of Lord Mahavira.

18-7-1914. SUSHIL.

Jaina Literature.

As Professor Jacobi Says (Jaina Sutras, 2 XXVII).

"The records of the Buddhists and Jainas about the [illegible] losophic ideas current at the time of the Buddha and the [illegible] havira, meagre though they by [he is speaking of the inciden[illegible] references to the ideas they did not accept], are of the great[illegible] importance to the historian of that epoch."

Of these records the Pali ones (thanks, in great part, to t[illegible] continuous efforts, during the past twenty years, of the P[illegible] Text Society) are very nearly all now available. We can [illegible] not only what they do, but (which is often of even more in[illegible] portance) what they do not, contain. The Jain records a[illegible] unfortunately as yet known only in fragments. It is the greatest desideratum for the history of this period that they should b[illegible] made accessible in full. The philosophical and religious specula[illegible] tions contained in them may not have the originality or in[illegible] trinsic value either of the Vedanta or of Buddhism. But they are none the less historically important because they give evidence of a stage less cultured, more animistic, that is to say, earlier. And incidentally they will undoubtedly, be found, as the portions accessible already show, to contain a large number of important references to the ancient geography, the political divisions, the social and economical conditions of India at a period hitherto very imperfectly understood.

It is difficult to appreciate the objections made to the authenticity and authority of these documents. The arguments advanced in 1884 by Professor Jacobi (in Jaina Sutra I, XXXVII-XLV) seem quite incontrovertible, and indeed they have not been seriously disputed. The books purport to be substantially the ones put together in the fourth century B.C. when Bhadrabahu was head of the community. The Jains themselves, of all divisions or schools, acknowledge that there had been older books (the Purvas, the Former ones), now lost

Had they been inventing the story, this is not the way which they would have put it. They would have claimed th the existing books were the original literature of their Orde The linguistic and epigraphic evidence so far available confirm in many respects both the general reliability of the tradition current among the Jains, and the accuracy of this particula detail. Of course the name given in this tradition to the older books cannot have been the original name. They were only "former" as compared with the eleven Angas that are still preserved. And the existing books, if of the fourth century, can only be used with critical care as evidence of institutions, or events, of the sixth century B. C. Still, even so, we have here important materials for Indian History, at present only very imperfectly utilised.

× × × × ×

They (Buddhists) probably, at least during the fourth and third centuries B. C., formed the majority of the people. And the movement of thought out of which all these schools (Buddhists and Jains) arose, so far from being a negligible quantity, as the priestly books suggest, was one of the most dominant factors the historian of the fourth, fifth and sixth centuries B. C. has to consider.

—*Extracts from Buddhist India.*

Jainism and Jain Records.

Professor L. P. Tessitori in his letter dated 12th June 1914 o Hon. Secretary, Jain Graduates' Association states inter a lias s follows:—

"Certainly the love and admiration I feel for Jainism is a ry strong one, and, though my present appointment as an itor of the Bardic chronicles of Rajputana has now caused studies to take a somewhat different course, yet I will con-

tinue paying all my attention to Jainism and sympathizing with its noble principles, inspired as they are to the purest feelings of sound morality and universal brotherhood. I am a believer in a new revival of the Jain religion, and consider it as already started. The present activity of the Jain community is the best prognostic.

It is a matter of great pleasure to me to know that even in studying the history of Rajputana, I can expect great help from Jain records. In utilizing these records, I will never forget to emphasize the fact that they are derived from Jain sources and that we are indebted to the Jains for them. The great influence exercised by the Jains in Western India, in Gujarat and Rajputana, in medieval times, is only vaguely known to the present day. I will do my best to bring it into prominence, in the light of historical documents."

બાલકની ફુલ પાંખડિ વ્હાલા !
સ્વિકારજો કરે કાલાવાલા !
ભક્તિ ફુલ તવ ચરણે ઓજસ પૂર ! લલિત
વર પર્યુષણ પર્વે આરાધી !
મનડાના સૌ મેલ પખાળી !
" મિથ્યા દુષ્કૃત " પશ્ચાત્તાપે પૂર ! લલિત
મણિ-મન્દિર-પાદરા. } પાદરાકર.

બારપૂજા.

ગોકુલ મથુરાં રે વ્હાલા—એ દેશી.

ચિદાનંદનરે દેહે, રચિયે પૂજા અધિક સનેહે,
નવ નવ ભાતે રે કરિયે, જિમ ભવસાગર હેલે તરિયે,
ચેતન પ્યારા રે, જિન પૂજા કરિ લહો ભવપારા. ૧
નમણ કરિયે રે મન રંગે, ચર્ચો કેશર પ્રભુ નવ અંગે,
ફુલની ફુટરી રે માલા, કંઠે ઠવો પંચ રંગ રસાલા— ચેતન૦ ૨
ધૂપ દીપ રે મનોહાર, અક્ષત નૈવેદ્ય ફલ સુરસાલ,
શ્રી જિનવરજી જગદાધાર, ગાવો ગીત ગાન મનોહાર— ચેતન૦ ૩
દરિસણ ચરણને રે નાણ, તપ એ ચઉદા પૂજા જાણ,
આરાધક તેહને રે કહીયે, પૂજા દ્વાદશ ભેદે લહીયે. ચેતન૦ ૪
પાર્શ્વનમન પદ ધારી, વરિયા જિન ઉત્તમ શિવનારી,
તસ પદ પદ્મને રે વંદો, રૂપવિજય પદ લહી આનંદો ચેતન. ૫
—રૂપવિજય (પદ્મવિજય શિષ્ય)

પ્રભુનું નામ વિસ્મરણ.

(વેલાવલ)*

રે મન !, કયુ જિનનામ વિસાર્યો.
વિષય વિકાર મદામદ ધાર્યો, જનમ 'જુઆ જયું' હાર્યો— રે મન ! ૧
જિને તેરુ નરદેહ દીની વંસી ઉનાંવ ઉદાર્યો,
યા નેનુડું તેં શઠ વ્હાલ, એક પલક ન સંભાર્યો— રે મન ! ૨
નહિ કછુ દાન વિવધ નર પૂજા, નહિ જિનનામ ઉચાર્યો,
જિનવચન ભવિજનક્રિયા, કાલ ભલું કર ઉહાર્યો— રે મન ! ૩
અરે મેં મૂરખ કયા ઉદર ભે, બેર બેર ચતન ગુંચાર્યો.
હરખચંદ વર્દમાન જિનેશ્વર, ભાવકર મુદ્દ ન સંભાર્યો. રે મન ! ૪
—હરખચંદ ભતા.

* [illegible]
[illegible]

આત્મનિંદા ને વીરને વિનતિ.

૧

વીર જિણેસર ! સાહિબ મેરા, પાર ન લહું તેરા,
મહેર કરી ટાલો મહારાજજી ! જનમ મરણના ફેરા હો,
જિનજી ! અબ હું શરણે આવ્યો— ૧
ગર્ભાવાસ તણાં દુઃખ મોહોટાં, ઉંધે મસ્તક રહિયો,
મલમૂતરમાંહે લપટાણો, એહવો દુઃખ મેં સહિયો હો— જિનજી ! ૨
નરક [1]નિગોદમાં ઉપનો ને [2]ચવિયો, સૂક્ષ્મ બાદર થઇયો;
વેંધાણો [3]સુઇને અગ્રભાગે, માન તિહાં કિહાં રહિયો ! હો— જિનજી ! ૩
નરકતણી વેદના અતિ ઉલસી, સહી તે જીવે બહુ;
[4]પરમાધામીને વશ પડીયો, તે જાણો તમે સહૂ હો— જિનજી ! ૪
તિર્યંચતણા ભવ કીધા ઘણેરા, વિવેક નહીંય લગાર;
નિશિદિનનો વ્યવહાર ન જાણ્યો, કેમ ઉતરાયે પાર. ! હો— જિનજી ! ૫
દેવતણી ગતિ પુણ્યે હું પામ્યો, વિષયા રસમાં ભીનો;
વ્રત પચ્ચખાણ ઉદય નવિ આવ્યાં, તાન માનમાંહિ લીનો હો—જિનજી ! ૬
મનુષ્ય જનમ ને ધર્મસામગ્રી, પામ્યો છું બહુ પુણ્યે:
રાગ દ્વેષ માંહે બલિયો, ન ટલી મમતા બુદ્ધિ હો— જિનજી ! ૭
એક કંચન ને કામિની, તેહ શું મનડું [5]બાધું;
તેના ભોગ લેવાને હું ઘરો, કેમ કરી જિનધર્મે સાધું ! હો—જિનજી !—૮
મનની દોડ કીધી અતિ ઝાઝી, હું છું [6]કોક જડ જેહવો;
'રવિ' [7]કવિકલ્પમેં જન્મ ગયો, પુનરપિ પુનરપિ તેહવો હો— જિનજી ! ૯
ગુરુ ઉપદેશમાં હું નથી ભીનો, નાવી સદ્દહણા સ્વામી !
હવે વડાઈ જોઇએ તમારી, ખિજમતમાંહિ છે ખામી હો— જિનજી ! ૧૦
ચાર ગતિમાંહે રડવડિયો, તોએ ન સીધાં કાજ;
જ્ઞાન કહે તારો સેવકને, બાંહે ગ્રહ્યાની લાજ હો— જિનજી ! ૧૧

જ્ઞાનદાસ ખારક

૨

(નમો ભવિ ભાવશું એ—એ દેશી.)

સિદ્ધારથરાયકુલતિલો એ, ત્રિશલામાતમલ્હાર તો
અવનિતલે તુમે અવતર્યાએ, કરવા અમ ઉપગાર.
—જયો જિન વીરજી એ. ૧

---

૧ નિગોદમાં સૂક્ષ્મ જીવ કે જેનું-જેના જેવું સ્વરૂપ જૈનધર્મમાં સ્વતંત્ર હોય કોઈ ધર્મમાં કરવામાં આવ્યું નથી. ૨ ચ્યુત થયો. ૩ સોય (સીવવાની) ૪ પરમાધર્મિક-અધર્મી પાપી હોય તેમને નરકવાસી જીવોને દુઃખ આપવાના અધિકારીનું નામ છે. ૫ બાંધ્યું-લગાડ્યું. ૬ કોઈ. ૭ કવિકુલ.

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો;
તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર. જો૦ ૨
આશ કરીને આવિયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ¹ઉવેખશો એ, તો કિમ રહેશે લાજ ?— જો૦ ૩
કર્મ ²અલુંજણ આકરાં એ, જનમ મરણ જંજાલ તો;
હું છું એહથી ³ઉભગ્યો એ, છોડાવો દેવદયાલ !— જો૦ ૪
આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો;
તૂઠો જિન ચોવીશમો એ, પ્રગટ્યો પુણ્યકલ્લોલ— જો૦ ૫
ભવ ભવ વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો;
દેવ દયા કરી દીજીએ એ, બોધિબીજ સુપસાય. જો૦ ૬

રાંદેર ——— —વિનયવિજય સં. ૧૭૩૮.

૩

(ગરબી પૂછે રે મહારા મરીયા રે—એ દેશી)

ચરણ નમી જિનરાજનાં રે, માગું એક પસાય;
મહારા વાલ્હા સ્વામી રે ! તુને વીનવું રે.
મહેર કરો મારા નાથજી રે, દાસ ધરો દિલમાંહ. મહારા૦ ૧
પતિત પાવન તે ઉદ્ધર્યા રે, [illegible]. મહારા૦
એક તુજને વીસારતાં રે, શી વાતે પ્રભુ ! લાજ ! મહારા૦ ૨
ઉત્તમ જન ઘન સરિખા રે, નવિ જોવે ઠામ કુઠામ; મહારા૦
પ્રભુ તુમારે કરુણાવડી રે, વહાલે અવિચલ ધામ. મહારા૦ ૩
તાત સિદ્ધારથ કુલતણો રે, ત્રિશલાનંદન વીર; મહારા૦
લંછન કેસરી જાણીએ રે, કંચનવાન શરીર. મહારા૦ ૪
તુમ વિના પ્રભુ ! [illegible] રે, [illegible]; મહારા૦
[illegible] રે, [illegible]. મહારા૦ ૫
[illegible] રે, [illegible]; મહારા૦
[illegible] રે, [illegible]. મહારા૦ ૬
[illegible] રે, [illegible]; મહારા૦
[illegible] પ્રભુ જિન વીરજી રે, [illegible]. મહારા૦ ૭

[illegible] ——— [illegible] ([illegible])

૪

([illegible] દેશી.)

[illegible] રે, [illegible] !
[illegible] રે.
[illegible] રે, [illegible] !
[illegible] રે—૧

૧ [illegible]. ૨ [illegible] ૩ [illegible].

અશુભ મોહ જો મેટિયે રે, કાંઈ શુભ પ્રભુ કરે ખાસ રે; પ્રભુજીને૦
વીતરાગે પ્રભુ ધ્યાઈએ રે, કાંઈ તો પણ રાગે કહાય રે, પ્રભુજીને૦ ૨
નામ ધ્યાતા જો ધ્યાઈએ રે, કાંઈ પ્રેમ વિના નહિ તાન રે; પ્રભુજીને૦
મોહવિકાર જિહાં તિહાં રે, કાંઈ કિમ તરિયે ગુણધામ ! રે ! પ્રભુજીને૦ ૩
મોહબંધ જગ બાંધિયો રે, કાંઈ બંધ જિહાં નહિ શોર રે; પ્રભુજીને૦
કર્મબંધ ન છોડશે રે, કર્મબંધન મરે જોર રે. પ્રભુજીને૦ ૪
તેહમાં શો પાડ ચડાવિયેરે ! કાંઈ તુમે શ્રી મહારાજ ! રે; પ્રભુજીને૦
વિણ કરણી જો તારશો રે, કાંઈ તો સાચા જિનરાજ રે. પ્રભુજીને૦ ૫
પ્રેમમગનની ભાવના રે, કાંઈ ભાવ તિહાં ભવપાર રે; પ્રભુજીને૦
ભાવ તિહાં ભગવંત છે રે, કાંઈ ઉલસે આતમ સાર રે. પ્રભુજીને૦ ૬
પૂરણ ઘટ ભીતર ભર્યો રે, કાંઈ અનુભવ અનુહાર રે; પ્રભુજીને૦
આતમ ધ્યાને ઓળખી રે, કાંઈ તરશું ભવનો પાર રે. પ્રભુજીને૦ ૭
વર્ધમાન ! મુજ વીનતિ રે, કાંઈ માનજો નિશદીશ રે; પ્રભુજીને૦
મોહન કહે મનમંદિરે રે, કાંઈ વસિયો તું વિશ્વાવીશરે. પ્રભુજીને૦ ૮

—મોહનવિજય.

કપાસણ મહાવીર ૫

વીર સુણો મોરી વીનતી વાત મનની હો કહું જોડી હાથ કે;
બાળકની પરે વીનવું મોરા સ્વામી ! હો, સુણો ત્રિભુવનનાથ કે. વીર૦ ૧
તુમ દરશન વિણ હું ભમ્યો, મુજ સ્વામી હો ભવસમુદ્ર મઝાર કે;
દુઃખ અનંતાં મેં સહ્યાં, તે કહેતાં હો નવિ આવે પાર કે. વીર૦ ૨
પર ઉપગારી તુમે પ્રભુ, દુઃખ ભાંજો હો જગ દીનદયાળ કે.
તેણે તુમ ચરણે આવીયો, સ્વામી ! મુજને હો નિજ નયણ નિહાળ કે. વીર૦ ૩
અપરાધી પણ ઉદ્ધર્યા, કહું કેતા હો તેરા અવદાત કે;
સાર કરો હવે માહરી, મન માંહી હો આણી મોરી વાત કે. વીર૦ ૪
અવગુણી પણ ઉદ્ધર્યા, તે ઉપર હો કરિ કરુણા સ્વામી કે;
પરમ ભગત હું તાહરો, તેને તારો હો નહી ઢીલનો કામ કે. વીર૦ ૫
શૂલપાણિ પ્રતિબુઝવ્યો, જેણે કીધા હો તુજને ઉપસર્ગ કે;
ડંખ દિયો ચંડકોશીએ, તેહને દીધો હો તસ આઠમો સર્ગ કે. વીર૦ ૬
ગોશાલે અવગુણ કર્યો, કીધા તોરા હો બોલ્યો અવરણવાદ કે;
'તે બળતો તેં રાખીયો,' શીતલેશ્યા હો મૂકી સુપ્રસાદ કે. વીર૦ ૭
એ ગુણ છે દુઃખદાયીયો, એમ કહેતો હો આવ્યો તુમ તીર કે;
તે ગોપને તેં કીયો, પોતાનો હો કાંઈ તન ચાકર કે. વીર૦ ૮
ચરણ ઉથાપી તાહરાં, જે જમાડ્યો હો તુજ સાથે જમાલિ કે;
તેહને પણ પંદરે ભવે, શિવગામી હો કીધો તેં કૃપાળ કે. વીર૦ ૯
અઇમુત્તો ઋષિ જે રમ્યો, જળમાંહી હો બાંધી માટીની પાળ કે;
તારી બેઠી પાતરી, તેં તાર્યો હો તેહને તતકાળ કે; વીર૦ ૧૦

બાર વરસ વેશ્યા ઘરે, રહ્યા મૂકી હો કાંઇ સંયમ ભાર કે;
તે નંદીષેણ ઉદ્ધર્યો, શિવપદવી હો દીધી તસ સાર કે. વીર૦ ૧૧
પંચ મહાવ્રત પરિહરી, ઘરવાસે હો રહ્યો વર્ષ ચોવીશ કે;
તે પણ આર્દ્રકુમારને, તેં તાર્યો હો કાંઇ વીશવાવીશ કે. વીર૦ ૧૨
રાય શ્રેણિક રાણી ચેલણા, રૂપ દેખી હો ચિત્ત ચુક્યા જેહ કે;
સમવસરણ સાધુ સાધ્વી, તેં કીધા હો આરાધિક તેહ કે વીર૦ ૧૩
વ્રત નહી નહી આખડી, નહિ પોસહ હો વળિ નહી તસ દિખ્ખ કે;
તે પણ શ્રેણિક રાયને, તેં કીધો હો સ્વામી આપ સરીખ કે. વીર૦ ૧૪
એમ અનેક તેં ઉદ્ધર્યા, કહું કેતા હો તોરા અવદાત કે;
સાર કરો હવે માહરી, મનમાંહી હો આણી મીરી વાત કે. વીર૦ ૧૫
સંયમ શુદ્ધ પળે નહી, નહી તેવું હો મુજ દર્શન જ્ઞાન કે;
પણ આધાર છે એટલો, એક તાહરો હો ધરૂં નિશ્ચળ ધ્યાન કે; વીર૦ ૧૬
મેહ મહીતળે વરસતો, નવિ જોવે હો તેહ ઠામકુઠામ કે;
મિઠ્ઠા સહુએ ગુણ કરે, સ્વામી ! સારો હો મુજ વંછિત કામ કે. વીર૦ ૧૭
તુમ નામે સુખ સંપદા, તુમ નામે હો જાયે દુઃખ દૂર કે;
તુમ નામે વંછિત ફળે, તુમ નામે હો નિત્ય આણંદ પૂર કે વીર૦ ૧૮

કળશ

ઇમ નગર જેસલમેરમંડન, વીર જિન ચોવીશમો;
શાસનનાયક સિંહ લંછન, સેવતાં સુરતરુ સમો. વીર૦ ૧૯
જિનચંદ ત્રિશલામાતનંદન, સકળચંદ કળાનિલો;
વાચનાચાર્ય સમયસુંદર, ગુણ્યો ત્રિભુવનગુણતિલો. વીર૦ ૨૦

સમયસુંદર.

શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ ભવ.

દોહા.

શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ॥ ૧ ॥
સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય;
જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ॥ ૨ ॥
વીર જિનેશ્વર સાહિબો, ભમિયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ॥ ૩ ॥

ઢાળ ૧.

(કપૂર હોય અતિ ઉજળો રે—એ દેશી.)

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;
કાષ્ઠ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે.
પ્રાણી ધરિયે સમકિત રંગ,
જિમ લહિયે સુખ અભંગ રે; પ્રાણી૦ ૧

મન ચિંતે મહિમાનીલો રે, આવે તપસી કોય,
દાન દેઈ ભોજન કરૂં રે, તો વંછિત ફળ હોય રે. પ્રાણી ! ૨
મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે 'કેમ ભટકો ઈહાં રે,' મુનિ કહે સાથ વિજોગ રે. પ્રાણી ! ૩
હરખભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે 'ચાલીએ રે, સાથ ભેળા કરૂં આજ. રે. પ્રાણી ! ૪
પગવટીએ ભેળા કરયા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ;
સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે. પ્રાણી ! ૫
દેવ ગુરૂ ઓળખાવિયા રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે, પ્રાણી ! ૬
શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સર્ગ મઝાર;
પલ્યોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતાર રે, પ્રાણી ! ૭
નામે મરીચિ જોબને રે, સંયમ લીએ પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે. પ્રાણી ! ૮

ઢાળ ૨

(વિવાહલાની દેશી.)

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદિશ્વર ભેળા;
જળ થોડે સ્નાન વિશેષ, પગ પાવડી ભગવે વેષ. ૧
ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે. ૨
સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોસરણે પૂછે નરેશ, 'કોઈ આગે હોશે જિનેશ ' ૩
જિન જંપે ભરતને તામ, 'તુજ પુત્ર મરીચી નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા ૪
ચક્રવર્તિ વિદેહે થાશી.' સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા. ૫
' તમે પુન્યાઈવંત ગવાશો હરિ ચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદું ત્રિદંડિક વેષ, નમું ભક્તિએ વીર જિનેશ'. ૬
એમ સ્તવના કરી ઘર જાવે, મરીચી મન હર્ષ ન માવે;
' મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭
અમે વાસુદેવ ધુર થઈશું, કુળ ઉત્તમ મ્હારૂં કહીશું; '
નાચે કુળમદશું ભરાણો, નિચગોત્ર તિહાં બંધાણો. ૮
એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯
દેશના સુણી દિક્ષા વાંછે, કહે મરીચી ' લીયો પ્રભુ પાસે; '

રાજપુત્ર કહે 'તુમ પાસે લેશું અમે દિક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દરશને ધરમનો વ્હેમ,' સુણી ચિંતે મરિચી એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરિચી કહે 'ધર્મ ઉભયમાં, દિક્ષા જોવન વયમાં;'
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સર્ગે સધાય;
દસ સાગર જીવિત ત્યાંહી, શુભ વીર સદા સુખમાંહી. ૧૩

ઢાળ ૩

(ચોપાઇની દેશી.)

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
એંશીલાખ પૂરવ અનુસરી, ત્રિદંડીપાને વેષે મરી. ૧
કાળ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છટ્ઠો અવતાર;
બહોતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડીક વેષ ધરાય. ૨
સૌધર્મે મધ્યસ્થિતિયે થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુલખ સાઠે મૂઓ. ૩
મધ્યસ્થિતિયે સુર સર્ગ ઇશાન, દસમે મંદિર પુર દ્વિજ ઠાણ;
લાખ છપ્પન પૂરવાયુરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪
ત્રીજે સરગ મધ્યાયુ ધરી, બારમે ભવ શ્વેતાંબીપુરી;
પુરવ લાખ ચુમ્માલીશ આય, ભારદ્વાજ ત્રિદંડીક થાય. ૫
તેરમે ચોથે સર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીશલાખ પૂરવને આય. ૬
થાવર વિપ્ર ત્રિદંડી થયો, પંચમે સર્ગ મરીને ગયો;
સોળમે ભવ કોડ વરસ સમાય, રાજકુમર વિશ્વભૂતિ થાય. ૭
સંભૂતિમુનિ પાસે અણગાર, દુક્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણુ ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮
ગાયે હણ્યા મુનિ પડિયા વશા, વિશાખનંદી પિતરિયો હશા;
ગોશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯
તપ બળથી હોજ્યો બળધણી, કરી નિયાણું મુનિ અણસણી,
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભ વીર સત્તર સાગરા. ૧૦

ઢાળ ૪

(નદી યમુનાકે તીર, ઉડે દોય પંખીયાં—એ દેશી.)

અઢારમે ભવે સાત, સપને સૂચિત સતી;
પોતનપુરીયે પ્રજાપતિ, રાણી મૃગાવતી;
તસ સુત નામે ત્રિપૃષ્ટ, વાસુદેવ નિપન્યા,
પાપ ઘણું કરી સાતમી, નરકે ઉપન્યા. ૧
વીશમે ભવ થઇ સિંહ, ચોથી નરકે ગયા,

તિહાંથી ચવી સંસારે, ભવ બહુલા થયા,
બાવીશમે નરભવ લહી, પુણ્યદશા વર્યા,
ત્રેવીશમે રાજધાની, મૂકાયે સંચર્યા.
રાય ધનંજય ધારણી, રાણીયે જનમિયા, ૨
લાખ ચોરાશી પૂરવ, આયુ જીવિયા;
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી, દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્રદશા, પાળી સહી.
મહાશુક્ર થઇ દેવ, ઇણે ભરતે ચવી, ૩
છત્રિકા નગરીએ, જિતશત્રુ રાજવી,
ભદ્રા માય લખ પચવીસ, વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્ર, દીક્ષા આચરી.
અગીઆર લાખને એંશી, હજાર છસ્સે વળી. ૪
ઉપર પીસ્તાળીશ, અધિક પણ દિન રળી.
વીશસ્થાનક માસખમણે, જાવજ્જીવ સાધતા,
તીર્થંકર નામકર્મ, તિહાં નિકાચતા.
લાખ વરસ દીક્ષા, પર્યાય તે પાળતા, ૫
છવ્વીસમે ભવ, પ્રાણતકલ્પે દેવતા,
સાગર વીશનું જીવિત, સુખભર ભોગવે,
શ્રી શુભ વીર જિનેશ્વર, ભવ સુણજો હવે. ૬

ઢાળ ૫

(ગજરામારુજી ચાલ્યા ચાકરી રે.—એ દેશી.)

નયર માહણકુંડમાં વસે રે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ.
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે. ૧
બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથરાજા ઘરે રે, ત્રિશલા કૂખે છટકાય રે. ત્રિશલા૦ ૨
નવ માસાંતરે જનમિયા રે, દેવ દેવીયે ઓચ્છવ કીધ;
પરણી યશોદા જોબને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. નામે૦ ૩
સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે, શિવવહુનું તિલક શિર દીધ રે. શિર૦ ૪
સંઘ ચતુર્વિધ સ્થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સંયમ દેઇ શિવ મોકલ્યા રે, ભગવતીસૂત્રે અધિકાર રે. ભગવતી૦ ૫
ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદસહસ અણગાર.
છત્રીસહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે. ચોત્રી૦ ૬
ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બહોંતેર વરસનું આઉખું રે, દિવાળીએ શિવપદ લીધ રે. દિવા૦ ૭

અગુરૂ લઘુ અવગાહને રે, પ્રાપ્યો સાદીઅનંત નિવાસ;
મોહરાયમલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે. તન૦ ૮
તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરીયે તુમારી આશ રે અમે૦ ૯
અખય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ;
લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે. નવિ૦ ૧૦
મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્યભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે. શુભ૦ ૧૧

કળશ

ઓગણીશ એકે, વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો;
મેં ગુણ્યો લાયક, વિશ્વનાયક, વર્દ્ધમાન જિનેશ્વરો.
સંવેગ રંગ, તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો;
શુભવિજય પંડિત ચરણ સેવક, વીરવિજયે જય કરો. ૧૨

સંવત ૧૯૦૧ શ્રાવણ પૂર્ણિમા.

વીરવિજય (શુભવિજય શિષ્ય)

શ્રી મહાવીરસ્વામીનાં પાંચ કલ્યાણક.

દોહા.

પ્રેમે પ્રણમું સરસતિ, માગું અવિરળ વાણ, વીરતણા ગુણ ગાવશું, પંચકલ્યાણક ઠાણ. ૧
ગુણ ગાતાં જિનજીતણા, લહીએ ભવનો પાર સુખ સમાધિ હોય જીવને, સુણજો સહુ નરનાર

ઢાળ ૧ ગર્ભ કલ્યાણક.

(ચાલો ગરબે રમીએ રૂડા રાગશું જો.—એ દેશી.)

જંબુદ્વીપના ભરતમાં જો, રૂડું માહણકુંડ છે ગામ જો;
ઋષભદત્ત માહણ તિહાં વસે જો, તસ નારી દેવાનંદા નામ જો.
ચરિત્ર સુણો જિનજીતણાં જો, જેમ સમકિત નિર્મળ થાય જો, ૧
અડ મહાસિદ્ધિ સંપજે જો, વળી પાતક દૂર પલાય જો. ચ૦ ૨
ઉજ્જવલી છઠ્ઠ આષાઢની જો, યોગે ઉત્તરાફાલ્ગુની સાર જો;
પુષ્પોત્તર સુવિમાનથી જો, ચવિ કૂખે લીધો અવતાર જો. ચરિ૦ ૩
દેવાનંદા તેણી રાત્રીએ જો, સૂતાં સુપન લહ્યાં દસ ચાર જો;
ફળ પૂછે નિજ કંતને જો, કહે ઋષભદત્ત મન ધાર જો. ચ૦ ૪
ભોગ અરથ સુખ પામશું જો, તમે લહેશો પુત્ર રતન જો;
દેવાનંદા તે સાંભળી જો, કીધું મનમાં તહત્તિ વચન જો. ચ૦ ૫
સંસારિક સુખ ભોગવે જો, સુણો અચરિજ હુઓ નિરધાર જો;
સુરપતિ ચિત્તે ચિંતવે જો, કોઈ અનાદિનો અનુસાર જો. ચ૦ ૬

ચરમ જિનેશ્વર ઊપન્યા જો, દેખી હરખ્યો ઇંદ્ર મહારાજ જો;
સાત આઠ પગ સામો જઇ જો, એમ વંદન કરે શુભ સાજ જો. ચ૦ ૭
શક્રસ્તવ વિધિશું કરી જો, ફરી બેઠો સિંહાસન ઠામ જો.
મન વિમાસણમાં પડ્યું જો, ચિત્ત ચિંતવે સુરપતિ તામ જો. ચ૦ ૮
જિન ચક્રી હરિ રામજી જો, અંત પ્રાંત માહણકુળે જોય જો;
આવ્યા નહીં નહીં આવશે જો, એતો ઉગ્રભોગ રાજકુળે હોય જો. ચ૦ ૯
અંતિમ જિનેશ્વર આવિયા જો, એતો માહણકુળમાં જેહ જો;
એતો અચ્છેરાભૂત છે જો, થયું હુંડાવસર્પિણી તેહ જો; ચ૦ ૧૦
કાળ અનંત જાતે થકે જો, એહવાં દસ અચ્છેરાં થાય જો;
ઈણ અવસર્પિણીમાં થયાં જો, તે કહીયે છે ચિત્ત લાય જો. ચ૦ ૧૧
ગર્ભહરણ ઉપસર્ગનો જો, મૂળ રૂપે આવ્યા રવિ ચંદ જો.
નિષ્ફળ દેશના જે થઈ જો, ચમરો સૌધર્મે ચમરેંદ જો.
એ શ્રી વીરની વારમાં જો, કૃષ્ણ અમરકંકા ગયા જાણ જો. ચ૦ ૧૨
નેમિનાથને વારે સહી જો, સ્ત્રી તીર્થ મલ્લી ગુણખાણ જો. ચ૦ ૧૩
એકસો આઠ સિદ્ધા ઋષભને જો, વારે સુવિધિને અસંયતિ જો;
શીતળનાથ વારે થયું જો, કુળ હરિવંશની ઉત્પત્તિ જો. ચ૦ ૧૪
એમ વિચાર કરે ઇંદ્રજી જો, પ્રભુ નીચ કુળે અવતાર જો:
તેહનું કારણ શું અછે જો, એમ ચિંતવે હૃદય મઝાર જો.
ચરિત્ર સુણો જિનજીતણાં જો.

ચ૦ ૧૫

ઢાળ ૨.

(આસો માસે શરદ પુનમની રાત જો.—એ દેશી.)

ભવ મ્હોટા કહીએ પ્રભુના સત્યાવીશ જો, મરિચી ત્રિદંડી તે માંહે ત્રીજે ભવે રે જો;
જિહાં ભરત ચક્રીસર વંદે આવી જોય જો, કુળનો મદ કરી નીચગોત્ર બાંધ્યું તેહવે રે જો ૧
એણે માહણકુળમાં આવ્યા જિનવર દેવ જો, અતિ અણઘટતું એહ થયું થાશે નહિ રે જો;
જે જિનવર ચક્રી આવે નીચ કુળમાંય જો, છે આચાર ધરૂં ઉત્તમ કુળે સહી રે જો: ૨
એમ ચિંતી તેડ્યો હરિણૈગમેષી દેવ જો, કહે માહણ કુંડે જઈને એ કારજ કરો રે: જો
છે દેવાનંદાની કૂખે ચરમ જિણંદ જો, હર્ષ ધરીને પ્રભુને તિહાંથી સંહરો રે જો. ૩
નગર ક્ષત્રિયકુંડમાં સિદ્ધારથ ગેહ જો, ત્રિશલારાણી તેહની છે રૂપે ભલી રે જો;
તસ કૂખે જઈ સંક્રમાવો પ્રભુને આજ જો, ત્રિશલાનો જે ગર્ભ છે તે માહણકુળે રે જો. ૪
જેમ ઇંદ્રે કહ્યું તેમ કીધું તતખણ તેમ જો, બ્યાશી રાતને આંતરે પ્રભુને સંહર્યા રે જો.
મધ્યરાતે સુપનાં ચૌદે ત્રિશલા દેખીને શીઘ જો, ત્રિશલા દેખી ઉર સુપન મનમાં ધાર્યા રે જો
ગજ વૃષભ અને સિંહ લક્ષ્મી ફૂલની માળ જો, ચંદ્ર સૂરજ ધ્વજ કુંભ પદ્મસરોવર રે જો;
સાગરને દેવવિમાનને રત્નની રાશિ જો, ચૌદમે સુપને દેખી અગ્નિ મનોહર રે જો ૬
એમ સુપનાં દેખી હરખી ત્રિશલા નાર જો, પરભાતે ઉઠીને પિયુ આગળ કહે રે જો:

તે સાંભળી દિલમાં રાય સિદ્ધારથ નેહ જો, સુપનપાઠકને તેડી પૂછે ફળ લહે રે લો.
ત્રુમ હોશે રાજ અરથને સુત સુખ ભોગ જો, સુણી ત્રિસલાદેવી સુખે ગર્ભ પોષણ કરે રે ૭
ગર્ભ માતા હેતે પ્રભુજી રહ્યા સંલીન જો, તે જાણીને ત્રિસલા દુઃખ દિલમાં ધરે રે લો.
મેં કીધાં પાપજ ઘોર ભવોભવ જેહ જો, દૈવ અટારો દોષી દેખી નવિ શકે રે લો; ૮
મુજ ગર્ભ હર્યો જે કિમ પામું હવે તેહ જો, રાંકતણે ઘર રત્નચિંતામણિ કિમ ટકે રે લો
પ્રભુજીએ જાણી તતક્ષણ દુઃખની વાત જો, મોહ વિટંબન જાલિમ જગમાં જે લહું રે લો;
જુઓ દીસે વિણ પણ એવડો જાગે મોહ જો, નજરે બાંધ્યા પ્રેમનું કારણ શું કહું રે લો
પ્રભુ ગ થકી હવે અભિગ્રહ લીધો એહ જો, માત પિતા જીવતાં સંયમ લેશું નહિ રે લો;
એમ કરુણા આણી તુરત હલાવ્યું અંગ જો, માતાને મન ઉપન્યો હર્ષ ઘણો સહી રે લો
અહો ભાગ્ય! અમારૂં જાગ્યું સહિયર આજ જો, ગર્ભ અમારો હાસ્યો સહુ ચિંતા ગઈ રે લો,
એમ સુખભર રહેતાં પૂર્ણ હુવા નવ માસ જો, તે ઉપર વળી સાડીસાત રયણી થઈ રે લો.
તવ ચૈત્રતણી શુદિ તેરશ ઉત્તરા જોગ જો, જનમ્યા શ્રી જિન વીર હુઈ વધામણી રે લો,
સહુ ધરણી વિકસી જગમાં થયો પ્રકાશ જો, સુર નરપતિ ઘર વૃષ્ટિ કરે સોવનતણી રે લો.

ઢાળ ૩. જન્મ કલ્યાણક.

(મ્હારી સહી રે સમાણી.—એ દેશી.)

જનમ સમય શ્રી વીરનો જાણી, આવી છપ્પનકુમારી રે, જગ જીવન જિન જી.
જનમ મહોત્સવ કરી ગીતજ ગાયે, પ્રભુજીને જાઉ બલિહારી રે, જ૦ ૧
તતક્ષણ ઇંદ્ર સિંહાસન હાલ્યું, ઘોષ ઘંટ વજડાવી રે, જ૦
મળિયા કોડિ સુરાસુર દેવા, મેરૂ પર્વતે આવી રે, જ૦ ૨
ઇંદ્રો પંચરૂપે પ્રભુજીને, સુરગિરિ ઉપર લાવે રે. જ૦
યત્ન કરી હિયડામાં રાખે, પ્રભુને શીશ નમાવે રે; જ૦ ૩
એક કોડી સાઠલાખ કળશલા, નિર્મળ નીરે ભરિયા રે, જ૦
ન્હાનો બાળક એ કિમ સહસે, ઇંદ્રે સંશય ધરિયા રે; જ૦ ૪
અતુલબળિ જિન અવધે જોઇ, મેરૂ અંગૂઠે ચંપ્યો રે, જ૦
પૃથ્વી હાલકલ્લોલ થઈ તવ, ધરણીધર તિહાં કંપ્યો રે. જ૦ ૫
જિનનું બળ દેખીને સુરપતિ, ભક્તિ કરીને ખમાવે રે, જ૦
ચાર વૃષભનાં રૂપ ધરીને, જિનવરને ન્હવરાવે રે; જ૦ ૬
અમૃત અંગૂઠે થાપીને, માતા પાસે મેલે રે, જ૦
દેવ સહુ નંદિસર જાએ, આવતાં પાતક ઠેલે રે; જ૦ ૭
હવે પ્રભાતે સિદ્ધારથરાજા, અતિ ઘણા ઓચ્છવ મંડાવે રે, જ૦
ચકલે ચકલે નાચ કરાવે, જગતનાં દાણ છંડાવે રે; જ૦ ૮
બારમે દિવસે સજ્જન સંતોષી, નામ દીધું વર્દ્ધમાન રે, જ૦
અનુક્રમે વધતા આઠ વરસના, હુઆ શ્રી ભગવાન રે; જ૦ ૯
એક દિન પ્રભુજી રમવા ચાલ્યા, તોતોલા સંઘાતી રે, જ૦

ઇંદ્ર મુખે પ્રશંસા નિસુણી, આવ્યો સુર મિથ્યાતી રે; જ૦ ૧૦
ફણીધરરૂપે ઝાડે વળગ્યો, પ્રભુજીએ નાંખ્યો ઝાલી રે, જ૦
તાડ સમાન વળી રૂપ કીધું, મૂઠીએ નાંખ્યો ઉછાળી રે: જ૦ ૧૧
ચરણે નમીને ખમાવે તે સુર, નામ ધરે મહાવીર રે, જ૦
જેહવા તુમને ઇંદ્રે વખાણ્યા, તેહવા છો પ્રભુ ધીર રે, જ૦ ૧૨
માત પિતા નિશાળે ભણવા, મૂકે બાળક જાણી રે, જ૦
ઇંદ્ર આવી તિહાં પ્રશ્ન પૂછે, પ્રભુ કહે અર્થ વખાણી રે; જ૦ ૧૩
જોબનવય જાણી પ્રભુ પરણ્યા, નારી જશોદા નામ રે, જ૦
અઠ્ઠાવીશે વરસે પ્રભુનાં, માત પિતા સ્વર્ગે પામે રે; જ૦ ૧૪
ભાઇતણો અતિ આગ્રહ જાણી, દોય વરસ ઘરવાસી રે, જ૦
તેહવે લોકાંતિક સુર બોલે, પ્રભુ કહો ધર્મ પ્રકાશી રે; જ૦ ૧૫

ઢાળ ૪. દીક્ષા, જ્ઞાન, નિર્વાણ—કલ્યાણક.

(ધારે માથે પચરંગી પાઘ, સોનારો છોગલો મારુજી.—એ દેશી.)

પ્રભુ આપી વરસીદાન, ભલું રવિ ઊગતે જિનવરજી !
એક કોડીને આઠ લાખ, સોનૈયા દિન પ્રતે; જિ૦
માગસર વદિ દશમી, ઉત્તરા યોગે મન ધરી, જિ૦
ભાઇની અનુમતિ માગીને દીક્ષા વરી; જિ૦ ૧
તેહ દિવસથી પ્રભુ ચઉનાણી થયા, જિ૦
સાધિક એક વરસ તે ચીવરધારી રહ્યા; જિ૦
પછે દીધું બ્રાહ્મણને બે વાર ખંડોખંડ કરી, જિ૦
પ્રભુ વિહાર કરે એકાકી અભિગ્રહ ચિત્ત ધરી; જિ૦ ૨
સાડાબાર વરસમાં ઘોર પરિસહ જે સહ્યા, જિ૦
શૂળપાણિ ને સંગમ દેવ ગોવાળના કહ્યા; જિ૦
ચંડકોશી ને ગોવાળે ખીર રાંધી પગ ઉપરે, જિ૦
કાને ખીલા ઠોક્યા તે દુષ્ટ સહુ પ્રભુ ઉદ્ધરે; જિ૦ ૩
લેઇ અડગના ભાગા સાનભણ્યા તરિયાં, જિ૦
પ્રભુ પર-ઉપકારી સુખ દુઃખ સમ ધરિયાં, જિ૦
છમાસી બે ને નવ ચોમાસી કહીએ રે, જિ૦
અઢીમાસ ત્રિમાસ દોઢમાસ એ બે બે લહીએ રે, જિ૦ ૪
ષટ્ કીધા બે બે માસ પ્રભુ સોહામણા, જિ૦
બાર માસને પખ બહોંતેર તે રળિયામણા, જિ૦
છઠ્ઠ બસેં ઓગણત્રીસ બાર અઠ્ઠમ વખાણીએ, જિ૦
ભદ્રાદિ પ્રતિમા દિન બે ચાર દશ જાણીએ, જિ૦

સાડાબાર વરસે તપ કીધા વિણુ પાણીયે, જિ૦
પારણાં ત્રણુસેં ઓગણુપચાસ તે જાણીએ, જિ૦
તવ કર્મ ખપાવી ધ્યાન શુકલ મન ધ્યાવતા, જિ૦
વૈશાખ શુદિ દશમી ઉત્તરા જોગે સોહાવતા, જિ૦ ૬
શાલિવૃક્ષ તળે પ્રભુ પામ્યા કેવળનાણુ રે, જિ૦
લોકાલોકતણુા પરકાશી થયા પ્રભુ જાણુ રે, જિ૦
ઇંદ્રભૂતિ પ્રમુખ પ્રતિબોધી ગણુધર કીધ રે. જિ૦
સંઘ થાપના કરીને ધર્મની દેશના દીધ રે; જિ૦ ૭
ચૌદસ હસ ભલા અણુગાર પ્રભુને શોભતા, જિ૦
વળી સાધવી સહસછત્રીશ કહી નિર્લોભતા, જિ૦
ઓગણુસાઠ સહસ એકલાખ તે શ્રાવક સંપદા, જિ૦
તિન લાખને સહસ અઢાર તે શ્રાવિકા સંપદા; જિ૦ ૮
ચૌદપૂરવધારી ત્રણુશેં સંખ્યા જાણીયે, જિ૦
તેરશેં ઓહિનાણી સાતશેં કેવળી વખાણીયે, જિ૦
લબ્ધિધારી સાતશેં વિપુલમતિ વળી પાંચશેં, જિ૦
વળી ચારશેં વાદી તે પ્રભુજી પાસે વસે; જિ૦ ૯
શિષ્ય સાતશેં ને વળી ચૌદશેં સાધવી સિદ્ધ થયાં, જિ૦
એ પ્રભુજીનો પરિવાર કહેતાં મન ગહગહ્યાં, જિ૦
પ્રભુજીએ ત્રીસ વરસ ઘરવાસે ભોગવ્યાં, જિ૦
છદ્મસ્થપણામાં બાર વરસ તે જોગવ્યાં; જિ૦ ૧૦
ત્રીસ વરસ કેવળ બેતાલીશ વરસ સંયમપણું, જિ૦
સંપૂરણુ બહોતેર વરસ આયુ શ્રી વીરતણું, જિ૦
દિવાળી દિવસે સ્વાતિનક્ષત્ર સોહંકર, જિ૦
મધ્યરાતે મુગતિ પહોન્યો પ્રભુજી મનોહર; જિ૦ ૧૧
એ પાંચકલ્યાણુક ચોવીશમા જિનવરજીતણાં, જિ૦
તે ભણુતાં ગણુતાં હરખ હોવે મનમાં ઘણાં, જિ૦
જિનશાસન નાયક ત્રિસલાસુત ચિત્ત રંજણો, જિ૦
ભવિયણુને શિવસુખકારી ભવભયભંજણો; જિ૦ ૧૨

કળશ.

જય વીર જિનવર, સંઘસુખકર, શુણ્યો અતિ ઉત્સુક ધરી;
સંવત સત્તર એકાશીયે, સુરત ચોમાસુ કરી,
શ્રી સાહજસુંદર તણો સેવક, ભક્તિશુ એણીપરે કહે,
પ્રભુજીશું પૂરણુ પ્રેમ પામ્યો, નિત્યલાભ વંછિત લહે. ૧૩ ઇતિ

સુરત સં. ૧૭૮૧. —નિત્યલાભ (સહજસુંદર શિષ્ય)

+वीर पूर्वभव समालोचना.

આસન ઉપકારી શ્રી વીર પરમાત્માના ગુણોત્કીર્તન કરવાના આ અતિ માંગલિક પ્રસંગે આપણે તેઓશ્રીના ચરિત્ર ઉપર કેટલીક બાબતોપર દૃષ્ટિ નિક્ષેપ કરી તેમાંથી કાંઈક સાર વિચારીએ. ત્યાં પ્રથમ આપણે એક આત્માના વિકાસક્રમ અથવા ઉત્ક્રાન્તિ માર્ગને અંગે જૈનશાસ્ત્ર શું કહે છે તે વીર પરમાત્માના પશ્ચાત્ ભવોને અંગે વિચારીએ અને તેની સાથે કર્મની પ્રચુરતા, કારણનું સ્વરૂપ અને મહત્ સ્વરૂપ અત્રાંતર વિષયો નરીક આપણે પ્રસંગે વિચારી જઈશું. ઉત્ક્રાન્તિના નિયમોને અંગે જૈનગ્રંથોમાં બહુ વિચાર્યું છે અને તેને અંગે કર્મનો જે સિદ્ધાન્ત અત્ર બતાવવામાં આવ્યો છે અને તે વિષયને અંગે અનેક દૃષ્ટિથી ચર્ચા કરી છે તે અતિ ખેંચાણકારક, સમજવા યોગ્ય અને નિયમસરની ગોઠવણ જણાય આવે છે. એનાં ચૌદ ગુણસ્થાનકનું વર્ણન કર્મની આઠ પ્રકૃતિ, તેમાં એકસો અઠ્ઠાવન ભેદો, તેના પેટા ભાગ, તે પ્રત્યેકના દરેક ગુણસ્થાનકે બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, કર્મોમાં થતાં ઉદ્વર્તન સંવર્તન વિગેરે તથા લેશ્યાસ્થાનો એવી સુંદરરીતે અને એવી એક સરખી રીતે અવિરોધપણે બતાવવામાં આવ્યા છે કે જેઓ એ નિયમ વાંચે વિચારે છે તેઓ તેનું રહસ્ય જાણે છે ત્યારે જરૂર હર્ષોદ્ગાર કાઢે છે. એ સમજવા માટે બહુ ધીરજ અને સ્થિરતાની જરૂર છે, પરંતુ તેના એક બે બહુ વિશાળ નિયમો આપણે અહીં વિચારીએ: પ્રથમ હકીકત એ છે કે કરેલ ક્રિયાના ફળ તરીકે કર્મને ભોગવ્યા સિવાય ચાલતું નથી અને અતિ નિવિડ કર્મો કરવાથી પ્રાણી પોતાની ઉત્ક્રાન્તિમાં આગળ વધ્યો હોય છે તે અવકાશ જઈને પાછો પડે છે. સાધારણરીતે ચેતનનો સ્વભાવ પોતાના ગુણો સવિશેષપણે પ્રગટ કરી તેમાં વધારો કરવાનો છે, પરંતુ તેને [illegible] એ બે વિભાવને વશ થઈ જાય, કષાયપરિણતિને આધીન થઈ જાય અને [illegible]માં રમણ કરવા મંડી જાય તો પોતાના ગુણો પ્રગટ થયેલા હોય તેપર પણ આવરણ [illegible] થઈ પોતે નીચે ઉતરી જાય છે, પાછો હઠી જાય છે અને અધઃપાત કરે છે મનુષ્ય ગતિ સુધી ઉત્ક્રાન્તિમાં ઉંચે આવ્યા પછી નિવિડ આચરણો કરવાથી પ્રાણી વનસ્પતિ આદિમાં ઉતરી જાય છે. ત્યાંથી પાછો ફરીવાર ઉન્નત સ્થિતિએ આવતાં પણ સમય નકામો ગાળી નાખે છે. ત્યારે વર્તમાન કાળમાં જેને ઉત્ક્રાન્તિવાદ અથવા Theory of Evolution કહેવામાં આવે છે અને જૈનનો વિકાસક્રમ એ બે વચ્ચે મોટો તફાવત છે તે એ છે કે અહીં ઉત્ક્રાન્તિ સાથેજ અમુક સંયોગોમાં અપક્રાન્તિ [illegible] રહે છે એટલે અહીં Evolution સાથે Involutionપણ થાય છે. વીર પરમાત્માના પૂર્વભવને અંગે હકીકત ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય હોવાથી અને તદુપરાંત [illegible] સંબંધમાં ઘણી વખતે સ્ખલના થતી હોવાથી અહીં તે વાતપર ખાસ લક્ષ્ય દોરવાનું [illegible] ધારવામાં આવ્યું છે. ઉત્ક્રાન્તિવાદમાં અહીં એટલું બતાવવું યોગ્ય ગણાશે કે પ્રાણી [illegible] અત્યંત સ્થિતિમાંથી સર્વજ્ઞની હદસુધી વિકાસને અગ્રેસર જઈ શકે છે, પૃથ્વી વનસ્પતિ આદિ તદ્દન નીચી પંક્તિની ગતિમાંથી અસાધ્ય અવસ્થાવાળી ગતિ સુધી વિકાસ

+ મુંબઈમાં આ વર્ષે ઉજવાયેલી મહાવીર જયંતીના પ્રસંગે લેખક મહાશયે વાંચેલો લેખ અત્ર પ્રકટ કરવામાં આવ્યો છે. આમાં વીરભવોમાં રહેલ ઉત્ક્રાન્તિવાદ સુંદર રીતે [illegible] છે. તંત્રી.

પામી શકે છે અને યોગ્ય નિયમને અનુસરે તો આ પ્રાણી પોતે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરી અખંડ ચિદ્દઘનાનંદ સ્વરૂપનો સાક્ષાત્કાર કરી પ્રથમ તેનું દર્શન કરે છે અને છેવટે તેને અનુભવે છે. આ પરમાત્મ દશા પ્રાપ્ત કરવાનો માર્ગ બહુ બારીકીથી જેઓ તે માર્ગે ચાલ્યા હોય તેઓના ચરિત્રને ઘણીરીતે વિચારવામાં છે અને તેજ આજનો પ્રસ્તુત વિષય છે. તેથી આવા પરમાત્માની જ્યતી ઉજવવી એ સ્વની ઉત્ક્રાન્તિના માર્ગની શોધ છે અને તેજ તેનું સાર્થક્ય બતાવે છે.

ઉત્ક્રાન્તિને આપણે અપક્રાન્તિ થાય છે એ વાત અગેં કહી તેની સાથે કર્મને લગતા પુસ્તકો તથા મહાપુરૂષોના ઘણાં ચરિત્રો વાંચ્યા પછી મને એક વિચાર આવ્યો છે તે પણ આ પ્રસંગે જણાવી દઉંછ અને તે એ છે કે ઉત્ક્રાન્તિની બાબતમાં કોઈ પ્રાણીનો અધઃપાત થાય અને તેથી તે વિકાસક્રમમાં નીચે ઉતરી જાય એવું તો ઘણીવાર બને છે પરંતુ જે હદથી તે પડ્યો હોય તેટલી હદ સુધી પાછા ચઢી જતાં બહુ વખત લાગતો નથી જેમ આપણે ચોમાસામાં અમુક તળાવમાં પાણી કેટલું આવે છે તેની નિશાની કરી હોય તેવી રીતે વિકાસક્રમની પણ લીંટી દોરી હોય તો ઉનાળામાં નીચું ગયેલ પાણી પાછું ઉપરની પંક્તિપર ચોમાસામાં આવી જાય છે તેમ વિકાસને અંગે પણ તે પંક્તિપર આવતાં વખત લાગતો નથી. વિકાસક્રમને અગે તે ઉપરાંત બીજી પણ એક વાત જણાય છે અને તે એ છે કે સાધ્યનું સામિપ્ય થયા પછી, સમ્યગ્ બોધ થયા પછી વિકાસ એટલો જલદી અને એટલો બધો થાય છે કે તેની સરખામણી કરવી મુશ્કેલ પડે છે, તેનો ખ્યાલ લાવવો લગભગ અવશ્ય થઇ પડે છે, તેનૂં વર્ણન કરવું શક્તિ બહાર જાય છે. સમ્યગ્ બોધ થયા પહેલાં અહીંથી તહીં સપાટા ખાનાર, સંસાર સમુદ્રમાં ધોલા ખાનાર, સંસારાટવિમાં રખડનાર પ્રાણી બહુ સીધી ગતિએ પ્રગતિ કરી આગળ ચાલ્યો જાય છે અને જરા આઘો પાછો પડીને પણ બહુ થોડા વખતમાં યોગમાર્ગે આદરી અપ્રમત્ત અવસ્થા ધારણ કરી, નિજગુણમાં રમણ કરી વિશુદ્ધ ધ્યાનસ્થ સ્થિતિમાં પ્રથમ સાલંબન અને પછી નિરાલંબન ધ્યેયાભિમુખ રહી છેવટે સાધ્યને પ્રાપ્ત કરે છે, તદાકાર વૃત્તિ અનુભવે છે અને અક્ષય અરૂપ જરા-મરણ-દુઃખ રહિત સચ્ચિદાનંદ ધામમાં અવિચ્યુતિપણે સ્થિર રહી નિજગુણમાં રમણતા કરે છે.

આવો ઉત્ક્રાન્તિવાદ જૈનનો છે. એને એક દ્રષ્ટિબિંદુથી વિચારતાં માટે ગ્રંથ પણ ગ્રંથો ભરાઈ જાય તેમ છે. આપણે શ્રી વીર પરમાત્માની ઉત્ક્રાન્તિ વિચારીએ તો તેમાંથી આપણને લાભ થાય, આપણા જીવનમાં આદરી શકાય એવી ઘણી વ્યવહારૂ હકીકત પ્રાપ્ત થાય તેમ છે તેથી આપણે વીર પરમાત્માના પૂર્વભવમાં તેઓની કેવી સ્થિતિ હતી અને ઉત્ક્રાન્તિના અતિ અગત્યના વિષયને અંગે તેઓનું પૂર્વ ચરિત્ર આપણને શું શીખવે છે તે બહુ સંક્ષેપમાં વિચારી જઇએ. આથી ખુદ વીર પરમાત્માના ભવમાં તેઓના ચરિત્રમાંથી લેવા લાયક બોધનો વિષય અત્ર ચર્ચામાં આવશે નહિ, પરંતુ તે અગત્યનો વિષય કોઈ ભવિષ્યના પ્રસંગ ઉપર મુલતવી રાખી આપણે પૂર્વભવ સંબંધી વિચારણા કરશું તો તેથી આપણા નિત્યના જીવન સાથે મળતો આવે અને તેને ઉન્નત બનાવે એવો ઘણો વ્યવહાર ભાગ આપણે તેમાંથી પ્રાપ્ત કરશું તે હવે પછી વિચારતાં આ વિષયમાં સહજ સમજાશે.

આવી રીતે સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલ નયસારનો જીવ આગળ પ્રગતિ કરે છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી જો બરાબર ઉત્ક્રાન્તિ થાય તો બહુ થોડા વખતમાં સાધ્યપ્રાપ્તિ થાય છે અને જો માર્ગભ્રષ્ટ થઈ જવાય છે તો વધારે વખત લાગે છે. પરંતુ જેણે એક વખત માર્ગદર્શન કર્યું છે તેને માર્ગભ્રષ્ટ થયા પછી પણ માર્ગપર આવતાં વખત લાગતો નથી અથવા કદાચ વખત લાગે છે તોપણ છેવટે તે માર્ગપર આવે છે. સમ્યક્ત્વપ્રાપ્તિને સાધ્યપ્રાપ્તિ સાથે આટલો બધો અગત્યનો સંબંધ છે એ ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. એક પ્રાણી ભવ્ય હોય તો તો તેનામાં સાધ્યપ્રાપ્તિની યોગ્યતાજ ગણાય છે, પરંતુ તેને સાધ્યપ્રાપ્તિ થવાનીજ એમ કહી શકાય નહિ, પરંતુ વિશિષ્ટજ્ઞાનથી જેઓ ચેતનની ઉત્ક્રાન્તિ જોઈ શક્યા છે તેઓ કહે છે કે સમ્યક્ત્વ પ્રાપ્તિ થયા પછી થોડા વખતમાં સાધ્યપ્રાપ્તિ જરૂર થવાની એ સંદેહ વગરની વાત છે. ભવ્યમાં યોગ્યતા છે પણ શક્તિગત ગુણો વ્યક્ત થાય કે નહિ તે કાંઈ તેના સંબંધમાં ચોક્કસ કહી શકાય નહિ અને યોગ્યતા યોગ્યતામાંજ રહી જાય, પરંતુ સમ્યક્ત્વ માટે એમ નથી. ઉત્તમ યોગભૂમિકા ઉપર આવ્યા પછી પ્રગતિ નિઃસંદેહ થાય છે અને નિદાન સાધ્યપ્રાપ્તિ થાય છે.

વીર પરમાત્માએ બીજા અનંતા ભવો કર્યા હશે, સંસારચક્રમાં તેઓનો જીવ આપણી પેઠે અનંતવાર જન્મ્યો મર્યો હશે અને હોવો જોઈએજ છતાં તેઓના નયસારના ભવ પછીના ભવોની નોંધ રાખી અને અગાઉની કાંઈ વાત લખી નહિ એનું કારણ એ છે કે નયસારના ભવમાં તેઓને સમ્યક્ત્વપ્રાપ્તિ થઈ ત્યારપછીજ તેઓની ઉત્તમ પ્રાણીઓમાં ગણના થઈ છે. તેની પહેલાંના ભવો તો ફેરા સમાન હતા અને તે પર વિચાર કરવો કે તેની નોંધ રાખવી એ નકામો પ્રયત્ન છે. અહીંથી હવે તે જીવ સાધ્ય તરફ ગમન કરે છે. છતાં ગમન કરતાં કરતાં પણ વચ્ચે મનોવિકારોને વશ થઈ જાય છે અને સાધ્યને ચૂકે છે. સત્યમિશ્રિત વચન બોલી સંસાર વધારી મૂકે છે અને તેવા પ્રસંગોને લઈને સાધ્ય તરફ એકદમ ગમન ન કરતાં સંસારમાં રખડે છે. છતાં એ સર્વ અવસ્થામાં તેમનું લક્ષ્ય સાધ્ય તરફ રહેલું સ્પષ્ટ જોવામાં આવે છે. તેમનો પાત થાય છે તોપણ જેમ ચાલાક ઘોડાને ઠેસ આવવાથી પડી જાય તોપણ પાછો તુરત ઉભો થઈ જાય છે તેમ તેઓના સબંધે પ્રગતિ સ્પષ્ટ જોવામાં આવે છે.

હવે આપણે **મરીચિના** ભવ પર આવીએ તો તે ભવમાં આપણને બહુ વિચાર કરવાને યોગ્ય બોધ લેવા લાયક હકીકતો પ્રાપ્ય થશે શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત ચક્રવર્તીના ચિરંજીવી મરિચી પ્રભુની પ્રથમ દેશના વખતે સર્વ વિરતિ ચારિત્ર ગ્રહણ કરે છે ત્યાં સાધ્ય પ્રાપ્તિ માટે સમ્યક્ત્વ થયા પછી બે ધોરી માર્ગ છેઃ–એક શ્રાદ્ધ માર્ગ જેમાં દેશથી ત્યાગ થાય છે અને બીજો શ્રમણ માર્ગ જેમાં આરંભ પરિગ્રહનો સર્વથા ત્યાગ થાય છે સર્વ જીવોને અભય, સત્યવચનોચ્ચાર, પર વસ્તુ સ્વામીની રજા સિવાય લેવાનો ત્યાગ, વિષય ભોગથી વિરમણ અને ધન કંચનાદિનો ત્યાગ એ સામાન્ય રીતે પંચ મહાવ્રત કહેવાય છે એનો શ્રમણ–સાધુઓ આદર કરે છે, નિયમ કરે છે અને ગમે તેવા કષ્ટમાં પણ તેનો ત્યાગ કરતા નથી. શ્રાદ્ધ શ્રાવકો સ્થૂળથી બાર વ્રતો લે છે. શ્રાદ્ધ માર્ગથી સાધ્યપ્રાપ્તિ થાય છે પણ તે આડીઅવળો અને લાંબો માર્ગ છે, સાધુ ધર્મથી

છે તે પર જરા વિચાર કરવો પ્રસ્તુત ગણ્યો. કર્મ બંધનાં કારણોમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગો છે. એ ચારથી કર્મ બંધાય છે. અજ્ઞાનને મિથ્યાત્વ કહેવામાં આવે છે અને જે ઉપર વર્ણવેલ સમ્યક્ત્વથી વિપરીત દશા સૂચવે છે. કોઇ પણ પ્રકારના નિયમો ન લેવા,જીવનના principles મુકરર ન કરવા તેનું નામ 'અવિરતિ' કહેવામાં આવે છે. ક્રોધ, માન, માયા અને લોભ જે અંતરંગ શત્રુઓ છે તેઓને 'કષાય' કહેવામાં આવે છે અને માનસિક વાચિક અને કાયિક પ્રવૃત્તિને 'યોગ' કહેવામાં આવે છે. આ ચાર પ્રકારે કર્મબંધ થાય છે, તેમાં કર્મનો રસ કેવો છે એટલે તેનામાં ગાઢતા (intensity) કેટલી છે તેનો નિર્ણય કષાયથી થાય છે. આ કષાયો એટલા ખરાબ છે કે ઉપર ઉપરથી સારી શાન્તિ પર ચઢેલા દેખાતા માણસો–પ્રાણીઓ પણ એને વશ પડી સંસારમાં ફરી જાય છે અને જેમ એક શઢ સુકાન વગરનું વહાણ દરીઆમાં અહીંથી તહીં અને તહીંથી અહીં રખડ્યાં કરે છે તેમ તે રખડ્યાં કરે છે. કષાયનિગ્રહ એ સુકાન છે અને તે મનોયોગના અંકુશને અને અતિ અગત્યનો ભાગ ભજવે છે. કર્મના રસને દૃઢ બનાવનાર આ કષાયો ક્રોધ, માન, માયા અને લોભ છે તે આપણે ઉપર જોઇ ગયા. એમાં વિદ્યા, જાતિ, કુળ, ઐશ્વર્ય, તપ, લાભ, બળ, શ્રુત એ આઠ પ્રકારે અભિમાન થાય છે તે માનનો વિષય છે. એ કરતાં રખને બહુ આનંદ આવે છે, અને પ્રાણીને હાથી ઉપર ચઢાવી દે છે અને જાણે માન જેવો દુનિયામાં કોઇ નથી એમ તેને મનાવે છે. દરેક મદના [illegible] દૃષ્ટાંતો શાસ્ત્રમાં આપ્યા છે તે પર અત્ર વિવેચન ન કરતાં પોતાનાં ધન, જ્ઞાન [illegible] માટે [illegible] કુળવાન હોવાનો ફાંકો રાખનાર માટે કેટલી હાનિ થાય છે તે [illegible] વિષય છે [illegible] દૃષ્ટિથી જોતાં પણ મદ કરવાથી ગુણપ્રાપ્તિ આવતી [illegible] નથી. પોતાને માટે [illegible] ગામડામાં રહેનાર અને વહેરીનો [illegible] નોકર અને [illegible] માટે [illegible] કરનાર [illegible] અને [illegible] નાના [illegible] કેવી રીતે પોતાની [illegible] વિષય છે. [illegible]

[illegible]

જીવોને પરંપરાએ બહુ હાનિ થાય છે તેથી આવી અગત્યની બાબતમાં મિશ્ર વચન બોલનાર પણ બહુ કડવાં ફળ પામે છે. શાસ્ત્રકારની વિશાળ દૃષ્ટિ હોય છે; તેઓ સત્યના અંશને અંશ તરીકે સ્વીકારનારા છે, એક એક દૃષ્ટિ બિંદુથી જૂદા પડેલા ધર્મોને તેઓના યથાર્થ સ્વરૂપમાં સમજે છે, અને તેટલે અંશે તેને યોગ્યમાન આપે છે; પરંતુ સર્વથા સર્વદેશીય સત્ય, નય પ્રમાણ યુક્ત વચનનો ઉચ્ચાર કરી જ્યાં માર્ગદર્શક તરીકે અભિપ્રાય આપવાનો હોય છે ત્યાં જરા પણ ગોટા વાળતા નથી, અને કદિ પણ મિશ્ર વચનનો ઉપયોગ કરતા નથી. જો વિમાર્ગ અથવા કુમાર્ગને પણ સન્માર્ગ કહેવામાં આવે, શરીરપોષણના પૌદ્ગલિક વિભાવને આત્મધર્મ કહેવામાં આવે, પોતાની પૂજા પ્રભાવનાં વધારવાના માર્ગને સન્માર્ગ કહેવામાં આવે તો શાસ્ત્રકાર તે હકીકતથી તુરત છુટા પડી જાય છે અને પોતાનો તે અભિપ્રાય છુપાવ્યા વગર કહી આપે છે. શાસનને શોભાવી શકે એવા મહાપુરૂષો પણ જો કદિ મિશ્ર વચન મુદ્દાની બાબતમાં બોલે છે તો બહુ નુકશાન કરે છે, અને સ્વને તેમજ અન્યને ભવાંધકુપમાં ફેંકી દે છે. આવી મુદ્દાની બાબતમાં કદિ સ્ખલના ન થવી જોઇએ એ વીરપ્રભુનુ ચરિત્ર આપણને ખાસ સૂચવે છે.

આ બે બનાવથી મરિચિએ આખો ભવ ચારિત્ર યથાશક્તિ પાળ્યું છતાં પાયો ખોયો હતો તેથી લાભને બદલે નુકશાન કર્યું અને તેની અસરતળે તેઓ ઘણાં વરસો સુધી સંસારમાં રખડ્યા, ઉંચે આવવાના બહુ પ્રયત્ન કર્યા અને છેવટે જીવદળ ઉત્તમ હોવાથી, સાધ્યનું દર્શન થઇ ગયેલું હોવાથી, વસ્તુ સ્વરૂપ મનમાં યથાસ્થિત સમજતા હોવાથી, અને બહુ આત્મવીર્ય સ્ફુરવવાની શક્તિ હોવાથી તેઓ સાધ્યની સમીપ ગયા અને આખરે સાધ્યને પ્રાપ્ત કરી શક્યા; પરંતુ એ સાધ્યપ્રાપ્તિમાં પણ તેઓને એટલા જબરજસ્ત કર્મો સાને યુદ્ધ કરવું પડ્યું, એટલી યાતનાઓ સહન કરવી પડી, એટલી કર્મનિર્જરાનિમિત્ત દુઃખસંતતિ વહોરવી પડી કે સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી વર્તમાન ચોવિશીમાં કોઇપણ તીર્થંકરને આટલું કષ્ટ સહન કરવું પડ્યું નથી. નંદનના ભવમાં તથા ખુદ વીર પ્રભુના ભવમાં તેઓને જે શરીરયાતના કર્મ ક્ષય નિમિત્તે ભોગવવી પડી છે તે તદ્દન અસાધારણ છે; દીલ ઉશ્કેરનારી છે, મર્મભાગને અસર કરનારી છે.

આવી રીતે સાધ્યપ્રાપ્તિને માટે મળેલી તક, વિશુદ્ધ ચારિત્ર પામી, ભવ્ય જનને શુદ્ધ માર્ગનો ઉપદેશ આપી આત્મશ્રેય અને પરોપકાર કરવાનો પ્રસંગ તેઓ ખોઇ બેઠા. આ પ્રાણીને જીવનવ્યવહારમાં આવી રીતે અસાધારણ અગત્ય ધરાવતી તકો જીવનમાં અવાર નવાર મળે છે, પરંતુ તે વખતે શરીરનું, સગાનું, મનનું અને એવું એવું નિમિત્ત કાંઈ પ્રાપ્ત થયેલ તક ગુમાવી બેસે છે અને સંસારમાં ઉતરી જાય છે. દરેક ભવમાં પણ સાધ્યપ્રાપ્તિને અનુકૂળ આવવાના પ્રસંગો વખતોવખત દરેક પ્રાણીને જરૂર મળે છે, પણ તે ગોથાં ખાતી ચૂકી જાય છે અને પછી ઘણા વખત સુધી પાછો ઊંચો આવતો નથી. આવી અગત્યની તકો જીવનમાં જ્યારે પ્રાપ્ત થાય ત્યારે તેનો લાભ લેવો, તે વખતે મનને નિશ્ચિત કરી દેવું અને માર્ગસન્મુખ થઇ જવું એ મુમુક્ષુ પ્રાણીની ખાસ ફરજ છે.

અનુભવ કરીને એટલું તો ધ્યાનમાં રાખવાની ખાસ આવશ્યકતા છે, કે પોતાથી [illegible] પ્રાપ્તિ થવા માટે કદાચ બીજાઓને વધારે અગત્ય પોતાના ઉંચા વિચારોને

જયા, સત્ય સુખનો ખ્યાલ આવ્યો અને વસ્તુસ્વરૂપની વિચારણા થઇ.

ત્યાર પછી ત્રિપૃષ્ટ વાસુદેવના ભવનો વિચાર કરીએ તો તપના પ્રભાવથી શરીર સૌષ્ટવ બહુ ઉત્તમ પ્રકારનું હતું, છતાં પણ તેઓનો જન્મતો હલકા કુળમાં હલકી રીતે જ થયો, મૃગાવતી અને રિપુપ્રતિશત્રુના સંબંધ ને સગપણ વિચારવાથી એ સ્વરૂપ સમજાશે. એ જાતિમદનું ફળ હજુ પણ ચાલુંજ આવે છે. અહીં અશ્વગ્રીવને હરાવી ત્રણ ખંડનું રાજ્ય પ્રાપ્ત કરી મૂકા નગરીમાં ચક્રવર્તી થયા. આવી રીતે જેમ એક બાજુ આત્મિક ગુણમાં વૃદ્ધિ થવા લાગી. તેમ બીજી બાજુ ઐશ્વર્ય પ્રાપ્તિમાં પણ વૃદ્ધિ થવા લાગી. એમાં ખાસ ધ્યાન આપવા લાયક હકીકત એ છે કે જે ભવમાં છખંડનું સ્વામીપણું પ્રાપ્ત થાય છે, અને અનેક ભોગો સુખે મળે તેવી અનુકૂળતા હોય છે તેજ ભવમાં તેઓ છેવટે સંસાર ત્યાગ કરી આત્મોન્નતિનો માર્ગ જણાવી આપે છે. આવી રીતે આત્મોન્નતિ કરતાં અનેક પ્રકારનાં દેવોનાં સુખ પણ ઉત્તરોત્તર બહુ સારી રીતે પામે છે, અને એવી રીતે વિશેષ વૃદ્ધિ પામતાં રાજ્યકુમાર નંદના ભવમાં રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી છેવટે બહુ ઉગ્ર તપ કરી તીર્થંકર પદ પ્રાપ્તિ માટે શુભ કર્મદળ એકઠું કરે છે. આવી રીતે તેઓની ઉન્નતિમાં પ્રગતિ થતીજ જાય છે અને એકંદર દ્રવ્યથી અને ભાવથી વૃદ્ધિ પામતાં દેવગતિ તથા મનુષ્ય ગતિનાં સુખોમાં અલિપ્ત રહી છેવટે શ્રી વીરના ભવ સુધી આવે છે, ત્યારે પણ ૮૪ રાત્રિસુધી નીચગોત્રનું દુઃખ અનુભવે છે.

આવી રીતે શ્રી વીર પ્રભુના પશ્ચાત્ ભવો વિચારી ગયા. એમાં જે ખાસ ધ્યાન ખેંચનારી બીના એ છે કે એક પ્રાણીની ઉત્ક્રાન્તિ થવા માંડે છે ત્યાર પછી તેમાં કોઇ વાર સ્ખલના થતી જાય તોપણ તે દૃઢ ભાવનાથી આગળ ચાલી જાય છે, પ્રગતિ કરે જાય છે અને ઉત્તરોત્તર વિશુદ્ધ સ્થાનની નજીક જતો જાય છે. સાધ્ય પ્રાપ્ત કરવા માટે દૃઢ ભાવના હોય તો સામે ગમે તેટલાં કર્મો હોય તેને પ્રબળ પુરૂષાર્થશીલ ચેતન હઠાવી શકે છે, વિદારી શકે છે, કાપી શકે છે અને અંતે સ્વનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી શકે છે. સુવર્ણ ખાણમાં હોય છે ત્યારે પણ તેનામાં સુવર્ણત્વ તો છેજ અને જ્યારે કાંકરાઓ અને રેતીઓ દેખાય છે ત્યારે પણ તેનામાં સુવર્ણત્વ છે, પણ તેના ઉપર મેલ લાગ્યો છે, તેને અગ્નિ આદિના પ્રયોગોથી શુદ્ધ કરવાની જરૂર છે, અને તેમ થતાં શુદ્ધ સ્વરૂપ પ્રગટ થશે. એ કાંઇ બહારથી લેવા જવાનું નથી, કોઇની પાસે માગવાનું નથી અને કોઇને આપી શકે તેમ પણ નથી વીર પરમાત્મા જેવા અડગ ચારિત્રવાન્ પ્રભાવિક મહાત્માઓની ભાવના હૃદયમાં કોતરી તેમના જેવો પુરૂષાર્થ કરી સ્વનું શુદ્ધ સિદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા પ્રયાસ કરવો એ કર્તવ્ય છે, એ પ્રાપ્તવ્ય છે અને એ પરમસાધ્ય છે, અને એ કર્તવ્ય અને સાધ્યની જેટલા નજીક જવાય તેટલા પૂરતી આ જીવનયાત્રાની સફળતા છે.

ખાસ કરીને નયસાર અને મરિચિના ભવના મુખ્ય બનાવો પર વિવેચન ટુંકામાં કરવાનું બની શક્યું છે તે પરથી ઘણો ભાગ વિચારવા યોગ્ય છે. આપેલ તક માટે આભાર માની વીર પરમાત્માના ભવના હૃદય સન્મુખ રાખવા ફરી એકવાર સૂચના કરી આ નિબંધ

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
B. A. L. L. B.

૧

નર્સાપહરણ. (લાવણી)

ઉત્તમ ઠાર જબ ઉદર આવે, હુવે સપના ઉનકી માતાકું,
—તેજવંત નહિ છુપકર રહેતા, માલમ પડતા હૈ સબકું;
ચોવીશી તો દો ગંધ ધારે, જિનશાસન જિનકા ચલતા,
તેન પુરોકું યાદ કરૂં મેરે, રૂવે રૂવેમેં રમ રહેતા.
દેવાનંદા બ્રાહ્મણી પર, પ્રથમ ગરભ ઉનકે લીયા થા,
મહાસુખમેં મેરે ઇંદર આસન ઉનકા કંપાયા;
ફિકર હુએ ઇંદર રાજકું, વિચાર દિલમેં કરતા થા,
અવધ ઉપર કર દેખાઇ ઇંદ્રને, સબ ઉનકું માલમ પડતા થા.

(દેશી ફેરની)

દેખી તીર્થંકર બ્રાહ્મણ ઘરકું, ફિકર હુએ ઇંદર રાજકું;
બોલાવે હરણગમેષી દેવતાકું, લે જાઓ ગરભ ત્રિશલા ઘરકું.

અશુભ નિંદ્રા આપી, ગરભ હરકે ચલે ઉનકે ઘરકું,
—તેજવંત નહિ છુપ કર રહેતા, માલમ પડતા હૈ સબકું.

ધાર સ્વપ્ન. ૨

ગરભ ધારણ કર ગયે હરણગમેષી, આવ બેઠે ફિર આસનકું
ચૌદ સુપન ફિર માતકું દેખે ભૂરે ભૂરે કહેતે તુમકું;
પહેલે સુપન ગજવર દેખા, ફિર વૃષભ સિંહ કહેતા તુમકું.
ચોથે લક્ષ્મી માતા આઈ, પાંચમે પુષ્પકી માળાકું.
છઠે ચાંદ સાતમે સૂરજ, આઠમે દેખી ધજાકું.
નવમે કલશ અમૃત ભરેલા, પદમ સરોવર કહે તુમકું:

(દેશી ફેરની)

અગિયારમે ખીરસાગર દેખ્યા, બારમે વિમાન તુમ કરકે દેખ્યા,
તેરમે રતનકી કરે પરીક્ષા, ચૌદમે અગ્નિ દિલકું દેખ્યા;
સુપન દેખ કર જાગી બાઈ, કહેને ચલી રાજાકું.
—તેજવંત નહિ છુપકર રહેતા માલમ પડતા હૈ સબકું.

જન્મોત્સવ.

૩

ભરી કજેર બુધ ઉઠ સિદ્ધારથ, પૂછે સુપનપાઠકકું,
જ્ઞાન ધ્યાનસેં બોલ્યા પાઠક, 'ઉત્તમ જીવ આયા ઉદરકું;
તીન ભુવનકે નાથ ચક્રી, હોવેગા કહેતા તુમકું.'
પૂરણ માસે જનમ લિયા થા, સિદ્ધારથ રાજા ઘરકું.
ઓચ્છવ મોચ્છવ કારણ ઇંદર, લે ગયે ફિર મેરૂકું.
છોટી કાયા દેખી ઉનોકી, સંશય ઊપના ઇંદરકું;

(દેશી ફેંકની)

તીન જ્ઞાન ગેહરસેં આયે, પગ કે અંગૂઠે મેરૂ કમાયે,
ફિર તીર્થંકરકું ન્હવરાયે, પીછે સિદ્ધારથઘરકું લાયે.
સાત હાથની કાયા ઉંચી ઉત્તરફાલ્ગુન નક્ષેતરકું,
—તેજવંત નહિ છુપકર રહેતા માલમ પડતા હે સબકું.

ઉપસંહાર.

૪

સોવન વરણી કાયા જિસકી, જંઘપર સિંહકા લંછના,
મહા પરાક્રમ અનંત બલવંત, ખોડી દૂષણ કે વરજ્યા;
માગશર શુદિ દશમી કે દિને, સંજમ લિયા મહાવીરને,
બાર વરસ વનેં મૌન રહે ફિર, કરમ ઉડા દિયે ભગવાને.
વૈશાખ શુદિ દશમી કે દિને, ભયા થા કેવલજ્ઞાને.
ઉસ દિન દેશના ખાલી ગઇ જબ, કોઇ ન લિયે વ્રત પચ્ચખાણે;

(દેશી ફેંકની)

અગિયાર ગણધર સંઘ જિનુકે, ચૌદ હજાર સાધુ હૈ જીનોકે,
છત્તીસ હજાર સાધ્વી સબ મિલકે, સાથે રાખતે હૈ સિદ્ધાંતો;
કવિ નિરભેરામ કહે સૂરત કે,

દેજો મહાવીરકી મેહેર સબકે, યાદ કરું ઉન પુરૂષોકું.
—તેજવંત નહિ છુપકર રહેતે, માલમ પડતા હે સબકું.

નીરભેરામ.

वीरस्तुति.

જન્મ.

વીર જગતપતિ જન્મ થાવે, નંદન નિશ્ચિત શિખર રહાવે;
આઠ કુમારી ગાવે, આઠગજ દંતા હેઠે વસાવે.
રૂચક ગિરિથી છત્રીશ આવે, દીપ રૂચક ચઉઆવે;
છપ્પન્ન દિગ્કુમરી હુલરાવે, સુતિકર્મ કરી નિજ ઘર પાવે.
ઘંટ સુઘોષ વજાવે, સિંહનાદ કરી જ્યોતિષી આવે;
ભવન વ્યંતર શંખ પડહે મિલાવે, સુરગિરિ જનમ મહલાવે. ૧

પૂર્વભવ.

રૈવત વેર દશી સાત કહીજે, શાંતિનાથ ભવ બાર સુણીજે;
મુનિસુવ્રત નવ કીજે, નવ નેમીશ્વર નમન કરીજે.
પાસ પ્રભુના દશ સમરીજે, વીર સત્તાવીશ લીજે;
અજિતાદિક જિન દોય રહીજે, ત્રણ ત્રણ ભવ સઘલે કીજે.
ભવ સમક્તિથી ગણીજે, જિનનામ બંધ નિકાચિત કીજે;
ત્રીજે ભવ તપ ખૂતિ ધરીજે, જિનપદ ઉદયે સીઝે. ૨

આગમ.

આચાર આદે અંગ ઇગ્યાર, ઉવવાઈ આદે ઉપાંગતે બાર;
દશ પયન્ના સાર, છ છેદસૂત્ર વિચિત્ર પ્રકાર.
ઉપગારી મૂલસૂત્ર તે ચાર, નંદી અનુયોગદ્વાર;
એ પિસ્તાલીસ આગમ સાર, સુણતાં લહે તત્ત્વ ઉદાર.
વસ્તુ સ્વભાવ વિચાર, વિષય ભુજંગી નિવિષ અપહાર;
એ સમો મંત્ર ન કો સંસાર, વીર શાસન જયકાર. ૩

નકુલ બીજોરૂં દોય કર ઝાલી, માતંગ સુરશ્યામ કાંતિને ઝાલી;
વાહન ગજશું હાલી, સિંહ ઉપર બેઠી રઢિયાલી.
સિદ્ધાયિકા દેવી લટકાલી, હરિતાભા ચાર ભુજાલી;
પુસ્તક અભય જિમણે ઝાલી, માતુલિંગ ને વીણા રસાલી.
વામભુજા નહિ ખાલી, શુભ ગુરૂ ગુણ પ્રભુ ધ્યાન ધરાલી;
અનુભવ નેહશું દેતી તાલી, વીર વચન ટંકશાલી. ૪

—વીરવિજય.



आमलकी क्रीडा.

(राग प्रभाती, तथा वेलावल.)

आदि अंत जानुं नहि, तुम हो अविनाशी;
रमत आमली पीपली, खेल करे विलासी—आदि.
इंद्र सभामें बेठ कें, मुख युं जस बोले;
'तीन भुवनमें को नहि, प्रभु धीरज तोले'—आदि.
बात न मानत देव एक, सपको वेश बनावे;
प्रभु पकरकें डार दे, चित्तमांहि डरावे—आदि.
बालक होइ प्रभुशुं रमे, हाथों स्कंध चढावे;
बीभत्स होइकें बढयो, गगनें छेड़ जावे—आदि.
हसत दयालु देखकें, मुख युं जस कहावे;
'धन्य धन्य महावीरजी; रूपचंद मन भावे—आदि.

—रूपचंद.

બેસીશ તેથી શું દુનિયા દુઃખથી મુક્ત થઇ જશે ? અને મારો ઉદ્ધાર થઇ જશે ? નહીજ. જ્યારે જગતમાં અધર્મ-પાપ અને દુઃખ જોઉં છું ત્યારે તમારી રાજ્ય સંપત્તિ મને તુચ્છ જણાય છે, તેથી રાજ્યગાદીએ બેસવું મને બીલકુલ પસંદ નથી. પણ પાપની સામે પ્રહાર કરી ધર્મનું રાજ્ય સ્થાપવું અને સ્વપરનો ઉદ્ધાર કરવો એજ મારૂં કર્તવ્ય સમજું છું."

મહાવીરનાં આ વચન સાંભળતાં તેમના ભાઇ નંદીવર્ધનને ઘણું દુઃખ લાગ્યું. મા-બાપના વિરહથી ઘાયલ થએલા અંતઃકરણમાં આ બીજો ઘા અસહ્ય થઇ પડ્યો. ગદ્‌ગદ કંઠે નંદિવર્ધને ભાઈને સંસારમાં રોકવા વિજ્ઞપ્તિ કરી. આ પ્રસંગે વિરક્ત બનેલ મનને અધિક સમય સંસારમાં રહેવું અસહ્ય જેવું હતું; તથાપિ ભાઇને નિરાશ કરતાં તેને ઘણુંજ દુઃખ લાગતું જાણી ભાઇના આગ્રહને માન આપી એક વરસ વધારે રહેવાનું માન્ય કર્યું.

વૈરાગ્ય દશા.

મહાવીર નંદિવર્ધન ભાઇના આગ્રહથી સંસારમાં રહ્યા તો ખરા, પણ તેમનું મન હવે કોઇ વસ્તુમાં ટકતું નથી. મુખ ઉપર પ્રસન્નતા મિશ્રિત ઉદાસીનતા છવાઈ રહી છે. ખાનપાન કે ભોગ વિલાસના પદાર્થો નજરે જોવા પણ ગમતા નથી. સુવાને પલંગો છતાં ભૂમિ ઉપર એકાદ વસ્ત્ર પાથરી શયન કરે છે, સચિત્ત વસ્તુ વાપરવાનો ત્યાગ કર્યો છે, અત્તર, તેલ, ફુલ વગેરે શોખનાં સાધનો સર્વથા દૂર કર્યાં છે, અબ્રહ્મનો સર્વથા ત્યાગ કરી બ્રહ્મચર્યવૃત્તિ ધારણ કરી છે. જો કે સ્વામીશ્રી સંયમ પાળવાના અભ્યાસ તરીકે આટલા નિયમો ન પાળત તોપણ તેઓ સંયમ લીધા પછી તેના પાલનમાં કોઇ રીતે શિથિલ બને તેમ ન હતું; તથાપિ પાછળના લોકોને માટે સંયમ પાળવાના અભ્યાસ તરીકે દીક્ષા લીધા અગાઉ અમુક વખત સુધી આચારમાં મૂકવા નિયમો પાળવાજ જોઇએ, તે સુચવવાને મહાવીરે ઉક્ત નિયમોનું પાલન કર્યું જણાય છે. આ ઉપરથી વર્તમાનમાં પણ દીક્ષાના ઉમેદવારે એટલું શીખવું જોઇએ કે એકદમ દીક્ષા લેવાની ઉતાવળ ન કરતાં પ્રથમ સંસારમાં રહીને સાધુઓને પાળવાના ઘણાખરા નિયમો પાળવા જોઈએ. બ્રહ્મચર્ય પાળવું, શીત તાપ સહન કરવાં, પગે મુસાફરી કરવી, પ્રતિજ્ઞા પાળવામાં મનની દૃઢતા સાધવી, ભોજન વગેરે જેવું મળે તેના ઉપર સંતુષ્ટ રહેવું, અને મનની વૈષયિક ઇચ્છાને મારવી. આવો અભ્યાસ અગાઉથી કરવામાં આવે તો પાછળથી સંયમ માર્ગ મુકી પોબારા ગણી જવાનો વખત ન આવે. કિન્તુ જીવન પર્યન્ત ચડતા ભાવથી સંયમ પાળી શકાય. મહાવીર જેવા એક સમર્થ પુરૂષે પણ બે વરસ સુધી લગભગ સંયમ જેવાજ નિયમો પાળવાનું ચાલુ રાખ્યું.

વાર્ષિક દાન.

જૈન શાસ્ત્રની એવી માન્યતા છે કે અદ્યાપિ જેજે તિર્થંકરો થયા તેઓએ દીક્ષા લીધા અગાઉ એક વરસ સુધી છૂટે હાથે યાચકોને દાન આપ્યું છે. કેટલા એક એમ માને છે કે તે દાન આપવાની પદ્ધતિ ખાસ હેતુ વગરની પરંપરાથી પ્રચલિત છે. આ માન્યતા બરાબર નથી. મહાપુરૂષોની તે પ્રવૃત્તિ હેતુ વગરની હોતી સંભવિત નથી. તેના મુખ્ય હેતુઓ આ હોવા જોઇએ કે ધર્મના અંગોમાં દાન, એ પણ એક મુખ્ય અંગ છે, જેથી તેનો પાઠ જનસમાજનો શીખવવો જોઇએ. સંસાર ત્યાગવાને ઇચ્છનાર "બ્રહ્મચર્ય

મોર કાફુ " ન હોવો જોઇએ, કિન્તુ (૧)ભોગનાં સાધનો-સંપત્તિ વગેરે તેની પાસે ઉપસ્થિત હોય છતાં તેમાં લોલુપ ન રહેતાં તે બીજાને આપી નિષ્કંચનતા પ્રગટ કરનાર હોવો જોઇએ.

(૨) દીન, નિરાધાર, અંધ, અપંગ અને ધનહીન દરિદ્ર જનોને તેની ઇચ્છિત વસ્તુ આપી સંતોષ ઉપજાવવો જોઇએ.

આવા હેતુઓથી સંસાર છોડતી વખતે તીર્થંકરો એક વરસ લગી અખંડપણે દાન આપે છે. તે પ્રમાણે મહાવીર પ્રભુ પણ એક વરસ સુધી વરસી દાન આપી નંદિવર્ધન ભાઇની સંમતિ લઇ દીક્ષા લેવા તૈયાર થયા.

મહાવીર સ્વામીની દીક્ષા.

વિક્રમ સંવત્ પૂર્વે ૫૧૨ અને ઇસ્વીસન્ પૂર્વે ૫૬૮ વર્ષે માગશર વદી ૧૦ ના રોજ ચંદ્રમાનો હસ્તોત્તરા નક્ષત્રની સાથે યોગ થતાં દિવસને ઉતરતે પહોરે છઠ તપ કરીને ક્ષત્રિય કુંડ નગરની બહાર જ્ઞાતખંડ નામે વનમાં ત્રીશ વરસની ઉમરે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી મહાવીરે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા મહોત્સવ નંદિવર્ધન રાજાએ ઘણી ધામધૂમથી કર્યો હતો. તે મહોત્સવમાં ઇંદ્રાદિક દેવોએ પણ ભાગ લીધો હતો. જ્યારે બીજા લોકોની ચિત્તવૃત્તિ મહોત્સવની ધામધૂમમાં વાદગીત અને નૃત્યમાં રમતી હતી, ત્યારે પણ મહાવીરની ચિત્તવૃત્તિ માત્ર એકજ ધ્યાનમાં લાગી હતી. ચ્હેરા ઉપર વૈરાગ્યની છાયા પ્રસરેલી હતી, અને દૃષ્ટિ સમાન ભાવનારૂપ સુધાથી ભરેલ હોયની ! તેમ શત્રુમિત્ર સર્વ તરફ એક રૂપે સૌમ્ય સુધા વરસાવતી જણાતી હતી. દીક્ષાનો પાઠ ભણવા પહેલાં ઇંદ્રના હુકમથી વાદગીત તમામ બંધ કરવામાં આવ્યાં, સર્વત્ર ચુપકી-શાન્તિ પથરાઇ રહી. તે વખતે મહાવીરે તમામ વસ્ત્રો અને અલંકારોનો ત્યાગ કરી પોતાના હાથે પંચ મુષ્ટિકે કેશનું લુંચન કરી " नमो सिद्धाणं " એ પાઠથી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી "करोमि सामाइयं सावज्जं जोगं पच्चक्खामि जावज्जीवाए " ઇત્યાદિ શબ્દોનો ઉચ્ચાર કરી સર્વથા પાપકર્મ-દોષવાળી પ્રવૃત્તિના નિષેધની પ્રતિજ્ઞા કરી સામાયિક ચારિત્ર સ્વીકાર્યું. અને તે સ્વીકારવાની સાથે ચોથું મનઃપર્યવજ્ઞાન કે જે જ્ઞાનથી બીજાના મનની વાત જાણી શકાય છે, તે જ્ઞાન ઉત્પન્ન થયું. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિ જ્ઞાન-એ ત્રણ જ્ઞાન તો મહાવીરને મૂળથીજ હતાં. પરભવથી ગર્ભમાં આવ્યા ત્યારેજ સાથે લઇ આવ્યા હતા.

સામાયિક ચારિત્ર એટલે શું ?

સામાન્ય રીતે ચારિત્ર શબ્દ સદ્વર્તન વા સદાચારના અર્થમાં પ્રસિદ્ધ છે. પણ જૈન દૃષ્ટિએ તે શબ્દનો અર્થ ચોક્કસ રૂપમાં છે, એટલે કે ચારિત્ર બે પ્રકારે છેઃ—

(૧) ગૃહસ્થનું ચારિત્ર (૨) યતિનું ચારિત્ર. યતિનું ચારિત્ર સંપૂર્ણ છે, અને ગૃહસ્થનું અપૂર્ણ અને યતિ ચારિત્રના એક દેશ રૂપ છે.

યતિ ચારિત્ર પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, અને ત્રણ ગુપ્તિમાં પર્યવસિત થાય છે, અર્થાત્ મન, વચન અને કાયાએ કરી હિંસા, અસત્ય, અદત્તવસ્તુગ્રહણ, મૈથુન અને પરિગ્રહનું સેવન ન કરવું, ન કરાવવું અને કોઇ સેવન કરતો હોય તેમાં અનુમોદન-સંમતિ ન આપવી, તે પાંચ મહાવ્રત કહેવાય છે. તેના રક્ષણને માટે સમિતિ અને ગુપ્તિની યોજના છે. સમિતિ અને ગુપ્તિ વિશિષ્ટ આ પાંચ મહાવ્રતમાં ચારિત્ર શબ્દ યોજાય છે. બીજી

તીર્થંકરથી માંડી ત્રેવીશમા પાર્શ્વનાથના શાસન સુધી મહાવ્રતો ચાર હતાં. ચોથું અને પાંચમું મળીને એકજ મહાવ્રત ગણાતું હતું. મહાવીર સ્વામીએ ભવિષ્યના વક્ર અને જડ જીવો સંખ્યાના ભ્રમમાં પડી છૂટ ન લઇ લે, તેટલા માટે ચોથા અને પાંચમા મહાવ્રતને પૃથક્ પૃથક્ ગણી પાંચ મહાવ્રતો કર્યાં. આ પાંચ મહાવ્રત રૂપ ચારિત્ર્યને સામાયિક તરીકે એટલા માટે ઓળખવામાં આવે છે કે— તેનો પાયો સમભાવ ઉપર રચાએલો છે. જગતના સર્વ જીવોને પોતાના સમાન ગણીને પોતાને જેમ જીવન ઇષ્ટ છે તેમ " सव्वेसिं जीवियं पियं " સર્વ જીવોને જીવન ઇષ્ટ છે માટે કોઇ જીવને મારવો નહીં. એમ સમભાવથી પ્રથમ મહાવ્રતની ઘટના થઇ-તેવીજ રીતે અસત્ય કપટ વૃત્તિથી જેની સાથે કપટ કરવામાં આવે તેને નુકશાન થતાં દુઃખ લાગે તેથી; સમભાવની ક્ષતિ થાય માટે અસત્ય બોલવું નહીં. કોઇની વસ્તુ તેની રજા વગર લઇ લેવાથી તેને તે વસ્તુ વિના હરકત વેઠવી પડે અને વિષમ ભાવ પેદા થાય, માટે કોઇપણ વસ્તુ તેના માલિકની રજા વિના લેવી નહિ. સ્ત્રી અને પરિગ્રહને વશે અનેક અનર્થો ઉત્પન્ન થાય છે, તેથી ક્લેશ અને વિષમ ભાવ પેદા થતાં સમભાવની હાનિ થાય, માટે મૈથુન અને પરિગ્રહની નિવૃત્તિ રૂપ ચોથા અને પાંચમા મહાવ્રતની ઘટના થઇ. એમ પાંચે મહાવ્રતનું મૂલ સમભાવ છે. માટે પાંચ મહાવ્રત રૂપ ચારિત્ર્ય સામાયિક રૂપે ગણાય છે. અને મહાવીર સ્વામીએ ઉપરની પ્રતિજ્ઞા કરતાં આ પાંચ મહાવ્રતો સ્વીકાર્યાં

મહાવીરનો ત્યાગ અને સ્વાશ્રય વૃત્તિ.

મહાવીરે રાજ્ય સંપત્તિ છોડવાની સાથે શરીરના સુખ માત્રને તજવાનો નિશ્ચય કર્યો. ઘોડાગાડી કે પાલખીમાં બેસીને ફરનારે આજથી કોઇપણ વાહન ઉપર બેસવું નહીં, પગમાં પગરખાં કે મસ્તક ઉપર છત્ર ધારણ કરવું નહીં એવી પ્રતિજ્ઞા લીધી. કિંમતિ જરિયાન વસ્ત્ર અને આભૂષણના પહેરનારે આજથી કોઇપણ વસ્ત્ર કે આભૂષણ ધારણ નહિ કરવાનો નિશ્ચય કર્યો. જો તેઓ બેસવાને બે ચાર વાહન કે બે ચાર કામ કરનાર નોકર ચાકર અને થોડીક મૂડી સાથે રાખવા ધારત તો મળી શકત. પણ તેમણે સર્વનો ત્યાગ કર્યો. પહેરવાને એક વસ્ત્ર કે ખાવાને એક પાત્ર સરખું પણ કંઇ રાખ્યું નહિ. વેળ કાલે ખાવાનું કે રહેવાનું ક્યાં મળશે, શું મળશે, યા મળશે કે નહિ મળે, તેની પણ દરકાર રાખી નહિ. કોઇનો આશ્રય પણ ઇચ્છિયો નહિ. ઇંદ્રે ખાસ માગણી કરી કે છદ્મસ્થ કાળમાં પરિષહ અને દુઃખથી બચાવ કરવા હું આપની સાથે રહું. મહાવીરે જવાબ આપ્યો કે—" નહી. જો હું શારીરિક દુઃખથી બચવાને અને સુખ લેવાને બીજાનો આશ્રય લઉં તો પછી મારે આ રાજ્યસંપત્તિ તજવાની શું જરૂર હતી ? શારીરિક સુખ અહીં ત્યાં નહોતું મળતું ? હે ઇંદ્ર ! તે સુખની જો હું આકાંક્ષા રાખું તો કદી પણ ઇષ્ટ વસ્તુ સાધી શકું નહિ. માટે જે દુઃખો આવવાનાં હોય તે ભલે આવે તેને વધાવી લઇને હું મારું કરજ ચુકવીશ. અને તેના માટે મારે કોઇનો પણ આશ્રય જોઇતો નથી સ્વાશ્રયી રહેવું અને અહિંસક કાર્ય સાધવું એજ હવે મારું કાર્ય છે.

જ્ઞાતખંડ વનથી વિહાર:

નંદિવર્ધન વગેરે મહાવીરના શરીરની વસ્ત્રાભૂષણ વગરની સ્થિતિ જોઇ વિચારે છે કે: પુષ્પ જેવું કોમળ અને સુંદર શરીર કેવીરીતે દુઃખો સહન કરી શકશે તેઓ

ષ્ટિ સ્થિર કરી અડગપણે બે પગે ઉભા રહી કાર્યોત્સર્ગ (શરીરની હલન ચલન ક્રિયાનો ત્યાગ) કર્યો.

પરિષહનો પ્રારંભ.

કષ્ટ પડવું તે કર્મની પરિણતિ છે. કષ્ટ આપવું તે અધમ પુરૂષોની કૃતિ છે, અને કષ્ટની સામે અચલ થઇ ધીરજથી સહન કરવું તે ધીર પુરૂષની વૃત્તિ છે. મહાવીર સ્વામી જ્યારે નિજ પરિણતિમાં પ્રબલ ધ્યાન વૃત્તિએ સ્થિર થયા હતા, તે વખતે કુમાર ગામનો રહીશ એક ગોવાળ દિવસે ખેતીનું કામ કરી સંધ્યા વખતે પોતાના ગામમાં જવાનો વિચાર કરતો હતો તેને પોતાના બળદોને આ સ્થળે ચરતા મૂકી જવાની ઇચ્છા હતી, પણ બળદને સંભાળી રાખે એવો માણસ તેની પાસે નહોતો, જેથી તેવા મનુષ્યની શોધ કરતો હતો. એટલામાં મહાવીર સ્વામી તરફ નજર ગઈ, એટલે ત્યાં આવી મહાવીરને બળદો સંભાળવાની ભલામણ આપતો ચાલ્યો. મહાવીર તો ધ્યાનમાં હતા તેથી હા કે ના કંઇ જવાબ ન મળ્યો. પણ ગોવાળે મૌનનો અર્થ સ્વીકાર માની લીધો, અને નિશ્ચિતપણે ઘર તરફ ગયો. ઘરનું કામકાજ કરી તરત પાછો આવી જુએ છે તો તેટલામાં બળદો ન જોયા. મહાવીરને પૂછ્યું તો કશો ઉત્તર મળ્યો નહિ, એટલે ગોવાળ જંગલમાં આગળ વધ્યો. આખી રાત શોધ કરી, પણ બળદો હાથ લાગ્યા નહીં છેવટે થાકીને બીજીવાર મહાવીર પ્રભુની પાસે આવીને જુએ છે તો બળદો ત્યાં બેઠેલા જોયા. તે ઉપરથી ગોવાળે નિશ્ચય કર્યો કે આ પુરૂષ કોઈ ચોર છે. 'મારા બળદો સંતાડી મૂક્યા હતા. હું પાછો આવ્યો નહોત તો આ લઇ રવાના થઇ જાત. પણ ઠીક થયું કે હું આવી પહોંચ્યો. હવે હું એની સારી પેઠે ખબર લઈશ' એમ કહી પોતાની પાસે એક દોરડી હતી તે દોરડીવડે મહાવીરને જોરથી પ્રહાર કરવા લાગ્યો. મોઢેથી ગાળો અને હાથેથી દોરડીના એટલા બધા પ્રહાર માર્યા કે આખર તેનું મોઢું અને હાથ બન્ને થાક્યા. તો પણ મહાવીરના મુખમાંથી એક પણ સીસકારો કે 'વોય મા' નો શબ્દ તેના સાંભળવામાં આવ્યો નહિ. એટલામાં તો કોઇની પ્રેરણાથી કે સ્વતઃ એવું તેને ભાન થયું કે જેને હુ મારૂં છું તે ચોર નહીં પણ કોઇ સમર્થ પુરૂષ છે. અરે રે મેં તેને માર માર્યો એ બહુ ખોટું કર્યું, એમ પશ્ચાત્તાપ કરતો અને તે પોતાના અપરાધ માટે ક્ષમા માગતો ગોવાળ પોતાના બળદો લઇ ચાલતો થયો.

છઠનું પ્રથમ પારણું.

મહાવીર પ્રભુ બીજે દિવસે કુમાર ગામથી વિહાર કરી કોલાક ગામે આવ્યા છઠ તપ પૂર્ણ થયું એટલે પારણું કરવાને ગામમાં પધાર્યા. બહુલ નામના બ્રાહ્મણને ઘેર પ્રભુએ ખીરનું પારણું કર્યું. મહાવીરે કંઇપણ પાત્ર રાખ્યું નહેતું. તિર્થંકર માત્ર પાણિપાત્ર હોય છે–અર્થાત હાથ એજ તેને પાત્ર હોય છે. બે હાથનો સપુટ કરે તેમાં દાતાર જે શુદ્ધ વસ્તુ ભાવથી આપે તે આરોગે છે. મહાવીરે પણ તે પ્રમાણે છઠનું પારણું કર્યું.

ભમરાઓનો ત્રાસ અને ક્ષમા.

દીક્ષા સમયે મહાવીરના શરીરે દિવ્ય ચંદનાદિકનું વિલેપન કરવામાં આવેલું. તેની

બલામણ કરી ચાલ્યો ગયો. મહાજને બળદની જોઈએ તેવી સંભાળ ન લીધી તેથી દુઃખી થઈ મરણ પામતાં તે બળદ શુભલેશ્યાને યોગે શૂલપાણિ નામે યક્ષ દેવતા થયો. વર્દ્ધમાન શહેરના લોકોની નિર્દયતા જોઈ તેના ઉપર ગુસ્સે થઈ તેણે મારીનો (મરકીનો) રોગ મૂક્યો તેમાં ઘણાં માણસો મરી જવાથી ગામ બહાર અસ્થિ—હાડકાંનો ઢગ થયો તેથી તે શહેર અસ્થિક નામથી પ્રસિદ્ધ થયું. ઉચ્ચટ ગામ બહાર શૂલપાણિ યક્ષનું મંદિર બંધાવવામાં આવ્યું, ત્યારે ગામમાં શાન્તિ થઈ. પણ તેના દેવળમાં રહેવાની કોઈ માણસની હિંમત ચાલતી નહિ; મહાવીર સ્વામી તેજ દેવળમાં પૂજારીની સંમતિ લઈ રહ્યા. જો કે લોકોએ તે ભૂમિની ભયંકરતાનું વર્ણન કરી ત્યાં રહેવા મના કરી તોપણ મહાવીર તેથી ભયભીત થયા નહિ. તે તો નિડરપણે કાર્યોત્સર્ગ કરી ત્યાં એકાકી રહ્યા. રાત્રે શૂલપાણિ યક્ષે સામાન્ય માણસથી સહન ન થઈ શકે તેવા અઘોર પરિષહો આપ્યા. પણ મહાવીર તેથી લેશપણ ચલિત થયા નહિ. ત્યારે તે વિચારમાં પડ્યો કે આ પુરૂષ તે કોણ ? તેટલામાં સિદ્ધાર્થ નામનો દેવ ત્યાં આવ્યો તેણે તેને મહાવીરની ઓળખાણ પાડી સમજાવ્યું ત્યારે તે શૂલપાણિ સમજીને પ્રતિબોધ પામ્યો, મિથ્યાત્વ મૂકીને સમદ્રષ્ટિ બન્યો અને મહાવીરની સેવામાં તત્પર થયો.

મહાવીરે તે ચાતુર્માસ્ય તપ અને ધ્યાનમાં ત્યાંજ પસાર કર્યું. અહીં પંદર દિવસના ઉપવાસ કરી એક દિવસ આહાર લેવાનો નિયમ મહાવીરે રાખ્યો હતો, અને તે નિયમ ચાતુર્માસ્યના અંત લગી લંબાવ્યો હતો. ઉપવાસ કરવાનો મુખ્યહેતુ સહનશીલતા અને મનોબળ વધારવાની સાથે કર્મને નિર્જરવાનો છે. ગૌણહેતુ ખાવાપીવાની ખટપટમાં ખરચાતા વખતને બચાવવાની સાથે શરીર ઉપરની આસક્તિ–મમતા ઘટાડવાનો છે, જેઓ ઉપવાસના સમયમાં ગ્લાનિ કે ખેદ પામ્યા વગર ઉત્સાહપૂર્વક જ્ઞાન-ધ્યાનાદિ કાર્ય સાધી શકે છે, ભૂખના દુઃખની જેના ચહેરા ઉપર બિલકુલ અસર થઈ જણાતી નથી તેઓના ઉપવાસોજ ઉપર કહેલ હેતુ સાધી શકે છે. પણ જેઓ ઉપવાસ કર્યા પછી લાંબા થઈ સુઈ જાય છે, ક્યારે પ્રભાત થાય ને ખાવાનું મળે તેવા વિચારોમાં કલાકો અને મિનિટો ગણ્યા કરે છે, જેના હૃદયમાં ઉત્સાહ અને આનંદ બન્ને અદ્રશ્ય થઈ જાય છે, ગ્લાનિ અને દીનતા જેના ચહેરા ઉપર પસરી રહે છે, તેવા માણસોના ઉપવાસો ઐહિક અને આમુષ્મિક એકે પ્રકારનો લાભ આપી શકતા નથી. મહાવીર સ્વામીના ચહેરા ઉપર ઉપવાસાદિક બીલકુલ અસર જણાતી નહી. ઉપવાસો કરીને તેઓ સુઈ જતા નહીં; પણ વીરાસનાદિ આસન લગાડી કાઉસગ્ગ કે ધ્યાનમાં ઉત્સાહ અને આનંદથી વખત પસાર કરતા હતા.

અપકાર સામે ઉપકાર.

એક ગાળ આપનાર માણસને લાકડીના પ્રહાર મારનાર માણસો તો જગતમાં જોઈએ તેટલા મળી આવે છે; પણ એક લાકડી મારનાર બીજી લાકડી પણ ભલે મારી લે એમ ધારી પોતાની જાત તેની સામે ધરી રાખે તેવા માણસો કેટલા નીકળશે ? ખરેખર ! મહાપુરૂષોના એજ ખુબી છે કે તેઓ એકંદર દરેક માણસનું ઉપકારજ કર્યા કરે છે. પછી સામો માણસ ભલેને તેમનો અપકાર કરનાર હોય, કે ભલેને તે પ્રાણ લુંટવા તૈયારી કરવા ધરાવતો હોય, તો પણ તેમનું ભલું કરવા મહાપુરૂષો ચુકતા નથી. મહાવીર સ્વામીના

કોઇનો અપકાર ન કરવો એવી પ્રતિજ્ઞા લઇ અનશન કર્યું લોકોના પ્રહાર અને કીડીઓના ચટકાને સમભાવે સહન કરતો તે સર્પ આઠમે દેવલોક ગયો. આ પ્રતાપ મહાવીર પ્રભુનો કે જેમણે દુઃખ વ્હોરી લઇને પણ તે ભયંકર માર્ગમાં વિહાર કર્યો અને સર્પને પ્રતિબોધ્યો. આસપાસના લોકોનું દુઃખ દૂર થયું અને પાતકી જીવનો ઉદ્ધાર થયો. ખરેખર! મહાવીર જેવા પરમાર્થી પુરૂષ જગતમાં ન હોત તો પાતકી અને ઘાતકી જીવો કયાંથી સંસારનો પાર પામત?

ધ્યાનની દૃઢતા અને દયાળુતા.

મહાવીર જ્યારે કાઉસગ્ગ કે ધ્યાનમાં પ્રવેશ કરતા ત્યારે તેમાં એવી તો દૃઢતા રાખતા કે તે વખતે ગમે તેટલું કષ્ટ પડે તોપણ એક લેશ માત્ર પણ તેથી ચલિત થતા નહીં. તેને માટે નીચેનો એક દાખલો પૂરતો છે.

દીક્ષાથી દશમા ચોમાસા પછી મહાવીર જ્યારે પેઢાળ ગામ બહાર પોલાસ નામના ચૈત્યમાં આવી રહ્યા, ત્યારે તેમને અટ્ઠમ તપ હતું. અઠમની છેલ્લી રાત્રિએ એક રાત્રિની ભિખુ પડિમા સ્વીકારી એક નિરવદ્ય શિલા ઉપર સ્થિર ઉભા રહી ભુજા પસારી નાસિકા પર દૃષ્ટિ લગાડી ધ્યાનમુદ્રામાં પ્રવેશ કર્યો. તે વખતે સંગમ નામનો એક દુષ્ટ દેવ પ્રચંડ રૂપ ધારણ કરી પ્રભુને ધ્યાનથી ડગાવવાને સતાવવા લાગ્યો. પ્રથમ તેણે રજોવૃષ્ટિ કરી જેથી મહાવીરના શરીરના સર્વ દ્વારો રજથી પૂરાઈ ગયાં, શ્વાસ પણ લઇ શકાય નહિ એટલે સુધી રજવૃષ્ટિ ફેલાવી, પણ તેથી મહાવીર ચલ્યા નહિ. ત્યારે તેણે વજ્રમુખી કીડીઓ ઉત્પન્ન કરી. ચટકા ભરાવ્યા તેમાં પણ ન ફાવ્યો ત્યારે ઘીમેલ, ડાંસ, વીંછી, સર્પ, સિંહ, પિશાચ, દૈત્ય અને રાક્ષસ વગેરેના રૂપ બનાવી દરેક પ્રકારે અસહ્ય દુઃખ દેવા લાગ્યો. તેમાં ન ફાવ્યો ત્યારે હાથીનું રૂપ બનાવી સૂંઢ વડે મહાવીરને પકડી આકાશમાં ઉછાળી નીચે પડતાં હાથી પોતાના દંતુશળમાં ધરી લઇ જમીન સાથે ઘઉંના લોટની કણેકની પેઠે મસળવા લાગ્યો. તથાપિ મહાવીર ધ્યાનથી ચલિત થયા નહિ કે પોતાં દુઃખ તરફ લક્ષ આપ્યું નહિ. ત્યારે સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા દેવીનું રૂપ બનાવી તેની મારફત તે દેવ કહેવરાવવા લાગ્યો કે 'હે પુત્ર! તારૂં દુઃખ જોઇ અમારૂં હૃદય બળે છે. માટે તું ઘેર આવ; આ ચારિત્ર્ય માર્ગને છોડી દે.' એમ અનેક અનુકૂળ અને પ્રતિકૂળ બનાવો ઉભા કર્યા. એક રાત્રિમાં નાના મોટા વીશ પરિષહો આપ્યા પણ છેવટ સુધી મહાવીર તો તેને તે સ્થિતિએ અડગ રહ્યા. રંજમાત્ર પણ ચલિત થયા નહિ. રાત્રિ પુરી થઇ તો પણ સંગમે મહાવીરનો સંગ છોડ્યો નહિ. 'આજે નહિ તો કાલે' કાલ નહિ તો પરમ દિવસે, પણ અવશ્ય મહાવીરને તેના કાર્યથી ચલિત કરીશ, એવી આશાએ સંગમ દેવ ૭ માસ સુધી સાથે રહ્યો. અનુકૂળ અને પ્રતિકૂળ પરિષહો આપવા ચાલુજ રાખ્યા. આખરે ૭ મહીને થાકી નિરાશ થયો, મેરૂ પર્વત કદાચ ચલિત થાય પણ આ પુરૂષ ચલિત થાય એમ લાગતું નથી એમ તેને જણાયું. ત્યારે નિરાશ થયો તે પાછો વળ્યો તે જોઇને મહાવીરના મનમાં જરી લાગી આવ્યું કે જેણે ૭ ૭ માસ સુધી મારી સેવા કરી મારે સાથે રહ્યો, પણ આખરે બિચારો નિરાશ થઇ ખાલી હાથે જાય, આટલા વખતમાં તે કાંઇપણ લાભ લઇ શક્યો નહિ. આવા વિચારમાં મહાવીરનું કરૂણામય દ્ર

અજ્ઞાન તિમિર પ્રભુ રહેજ હરી, જેણે જગ દિવ્ય વિભૂતિ ભરી, ૯
જય જ્યોતિ સુજ્ઞાન જગાવી ખરી, મુક્તિ સડકોને સાફ કરી.
પ્રભુના ભર એ પ્રભુના ચરણે. નમી પડતા કંઇ કંઇ થાય ઉરે,
પણ હાય ! ગયા પ્રભુ દિવ્ય પથે, રહી માત્ર પ્રતિકૃતિ તેજ હવે. ૧૦
દઇ શું શકીયે તુજ ચરણ વિષે ! ઓ તાત ! હમે તો રંક છીએ,
જગબાંધવ તાત ગુરૂ પ્રભુનો, જયઘોષ કરો સૌ બન્ધુગણો ! ૧૧
તુજ ગાન વિષે લયલીન થઇ, જગ-મારૂં-ત્હારૂં ભૂલીય જઇ,
ફુલ પાંખડી આજ સમર્પાઇ, ઉજવી મહાવીર જયંતિ પ્રભુ ! ૧૨
શુભ ચૈત્ર સુદી તેરશ સુખદા, દશ એપ્રિલ આઠ તણા પડઘા.
વિ.સં. ૧૯૮૯, સુબન્ધુ ભગીની મળી, ઉજવો વર ઉત્સવ મોહમયી. ૧૩

મણિ-મંદિર, } મણિલાલ મોહનલાલ વકીલ.
પાદરા. } પાદરાકર.

जयन्ति एटले ?

પ્રસ્તાવના.

બે સ્નેહીઓ મળે એટલે હાથ જોડી 'જય' 'જય' કરવાનો રીવાજ છે. આરતીમાં 'જયદેવ' 'જયદેવ' નો ઘોષ થાય છે મહાત્મા પ્રતાપી પુરૂષોના સંબંધમાં 'એમનો વિજય થાઓ' એમ બોલાય છે રાજા મહારાજાના સંબંધમાં પણ 'આપનો જય થાઓ' એમ બોલવું થાય છે. આમ સત્તા-પવિત્રતા-મહત્તાનોજ સર્વત્ર વિજય થાઓ એટલે ગુણો પ્રસરો—એ ગુણોના અંશો આપણામાં દાખલ થાય એજ ઇચ્છા હોય છે. જગતમાં સર્વ વસ્તુ મનોભાવથી—મનની કલ્પનાથી બની શકે છે. પોતાનામાં સારા અંશો દાખલ કરવા મનુષ્ય ઇચ્છે તો કરી શકે. આ માટેજ પોતે પવિત્ર રહી સદ્‌ગુણોનું ચિંતન કરી પોતાની આગળ પાછળનું વાતાવરણ પણ પવિત્ર બનાવવાની જરૂર છે. આમ પોતે એકલોજ નહિ પણ પોતાના બન્ધુઓની સાથે પવિત્ર વાતાવરણ બનાવી-સદ્‌ગુણોનું મનન કરવું અને એનું પોતાનામાં આરોપણ કરવું એ જયન્તિનો ઉદ્દેશ હોય છે.

શ્રાદ્ધ જયન્તિ

હિંદુઓની કેટલીક કોમોમાં શ્રાદ્ધ એટલે મૃત્યુ પામેલાંની મૃત્યુતિથિ ઉજવવાની પદ્ધતિ છે. તે દિવસે બ્રહ્મભોજન કરાવવાનો રીવાજ હોય છે. શ્રાદ્ધનો આ ઉપયોગ હોય યા ના હોય એ વિચારણીય વિષય છે, પરન્તુ મૂળ ઉદ્દેશ જયન્તિજ હોવો જોઇએ. વીરપૂજા એ આપણું દેશનું ચિન્હ છે આપણા પિતા, પ્રપિતા, માતા કે માતામહનામાં કાંઇક સદ્‌ગુણો હો તો પછી એમની મૃત્યુતિથિએ હોવાજ જોઇએ જેનું આપણે અનુકરણ કરી શકીયે. માત્ર બ્રહ્મભોજનમાંજ વખત ગમાડવા કરતાં તેમના જીવનક્રમનો અભ્યાસ કરીએ. આપણાં નાનાં બાળકોને આગળ આપણા વડીલ-મૃત્યુ પામેલા વડીલોના જીવનના

દૃષ્ટાન્તો આપીએ અને તેમનામાં ઉત્સાહ–પ્રેમ અને બીજા ગુણો દાખલ કરવા બોધીએ તોજ ઉત્તમ શ્રાદ્ધ, તોજ ઉત્તમ જયન્તિ. આમ દરેક કુટુમ્બમાં શુભ હેતુથી જયન્તિ ઉજવાતી હોય–ભૂતકાળમાં થઇ ગયેલાં સ્ત્રી પુરૂષોએ દર્શાવેલા અનુકરણીય ગુણો આપણામાં દાખલ કરીએ એના જેવો બીજો કયો વિજય ! વ્યક્તિની ઉન્નતિમાં પ્રજાની ઉન્નતિ માનીયે તો પછી આમ એક કુટુમ્બ સુધરે એટલે જનસમાજ સુધરેજ; પરન્તુ દુર્ભાગ્યની વાત છે કે જયન્તિનો આ ઉદ્દેશ રહ્યો નથી. માત્ર બ્રહ્મભોજનમાંજ જયન્તિ સમાઇ રહી છે.

કુટુમ્બના એક માણસ માટે આમ બને, પણ જનસમાજના–દેશના વીર માટે શું! જનસ્વભાવજ એ છે કે મનુષ્યને સદ્ગુણપ્રભાવ, પવિત્રતા માટે

વીરપૂજા.

આકર્ષણ થાયજ જે મહાત્માએ સ્વદેશને માટે, ધર્મને માટે, અને પીડિતોને માટે નિસ્વાર્થપણે જીવન વ્યતીત કર્યું છે તેમને જનસમાજ વીર માનવાનીજ. આ વિરો એક કુટુમ્બનાજ વીરો નથી. આ મ્હાત્માઓના ગુણનુવાદ માત્ર એક કુટુમ્બમાંજ થતા નથી એ મહાત્માઓ તો જનસમાજના—જેઓ માને તેના–માર્ગદર્શક હોય છે. આટલા જ માટે શ્રીરામ, શ્રીકૃષ્ણ શ્રીમહાવીર વિગેરેની જયન્તિ જનસમાજ ઉજવે છે અને ત્હેમનાં યશોગાન સ્થળે સ્થળે ગવાય છે. જે દેશમાં આ વીરપૂજા થતી નથી, જે દેશમાં આવા મહાત્માનાં કીર્તનો થતાં નથી જે દેશમાં બાલકોના કુમળા મગજમાં આ પ્રભાવશાળી મહાત્માઓની જીવનરેખા દોરાતી નથી, તે દેશ ઉન્નતિને માર્ગે શી રીતે જાય ? જયન્તિનો ઉચ્ચ આશય લજાયો ને શ્રાદ્ધ બ્રહ્મભોજન દાખલ થયું. પરન્તુ વખત પલટાયો છે. યુરોપ અને અમેરીકામાં થતી વીરપૂજાની પદ્ધતિ આપણા દેશમાં દાખલ થઇ છે, અને આપણી જુની વીરપૂજા વધારે પવિત્ર વધારે ઉત્સાહભરી વધારે આકર્ષક થઈ છે.

પ્રત્યેક કુટુમ્બમાં આવી વીરપૂજા–કુળપરંપરા પ્રમાણે સદ્ગુણો આવે એટલા માટે આવી વીરપૂજા–વડીલોની જયન્તિ–ઉજવવાની જરૂર છે. પરન્તુ

જયન્તિ કોની ઉજવવી ?

જનસમાજમાં તો તેમની જયન્તિ ઉજવવીજ જોઇએ. જેઓએ પવિત્ર જીવન ગાળ્યું હોય, જેમણે પરસેવા, ભૂત દયા–પ્રભુપરાયણતામાંજ જીવન વ્યતીત કર્યું હોય, જનસમાજને રાજકીય, ધાર્મિક, આત્મિક કે નૈતિક ઉન્નતિને ટોચે લઇ જવા શ્રમ કર્યો હોય, તેવા મહાત્માઓનાં યશોગાન ગાવાં, એમના સદ્ગુણો આપણા બાળકોમાં પ્રવેશ કરવા યત્ન કરવો, એજ જયન્તિનો હેતુ–આશય છે; અને એ જ્યાં સુધી ન થાય, ગમે તેની જયન્તિ ઉજવવા કાંઇ ગયા, તો લાભ બદલે હાનીજ થવાની.

મહાત્માની જયન્તિ ઉજવવાના ઉચ્ચ હેતુ સમજ્યા પછી તે કેમ ઉજવવી તે જાણવાની ઓછી આવશ્યકતા નથી. વિદ્યા–બુદ્ધિપ્રકર્ષ વધતો જાય

કેમ ઉજવવી ?

છે એ અરસામાં માત્ર ' જયદેવ જયદેવ ' કરી બેશી રહેવાથી ઉચ્ચ હેતુ બર આવતો નથી, બાળકોમાં સારા સંસ્કાર પડતા નથી. પરંતુ જે મહાત્માની જયન્તિ ઉજવવી હોય તે મહાત્માના જીવનનો અભ્યાસ કરી એ જીવનદૃષ્ટાન્તો લઇ જનસમાજ આગળ મુકી, બાળકો સ્ત્રીઓ કિંવા પુરૂષોમાં

દાત્મા માટે પૂજ્યભાવ થાય, એમનાં હૃદય વધારે કોમળ બને, વધારે પવિત્ર બને,
સરકારી થાય, એ મહાત્માના પગલે ચાલવા ઇચ્છા થાય, એમ થાય ત્યારેજ
ઉજવાય કહેવાય ! જયન્તિને દિવસે પ્રથમતો પ્રત્યેક મનુષ્ય–એ પુરૂષ કે બાળક
કાર્ય કરવા પ્રતિજ્ઞા લેવી જોઇએ. તે દિવસ ક્રોધ, મદ, મોહ, મત્સર, હિંસા
દ્દઢતાપૂર્વક દૂર રહેવા પ્રયત્ન થવો જોઇએ, બાળકોને આનંદ દિવસ અપાવી
તે વીર માટે સદ્ભાવ–પૂજ્યભાવ થાય એટલા માટે એ વીરાત્મા–મહાત્માની કથા-
સંભળાવવી કિંવા પુરસ્કારપેવહેંચવી. સ્ત્રીઓમાં એજ મહાત્માના ગુણાનુ- વાદવાળા
ગવરાવવા અને પુરૂષોમાં વ્યાખ્યાન દ્વારા સદ્બોધ કરાવવો. ટુંકામાં તે દિવસે
નંદ, પ્રેમ, પવિત્રતા અને કાંઇક શિખવવાની લાલસા વધે એમ કરવું.

આચરણ કરતાં અંતઃકરણથી, એક કર્તવ્ય તરીકે–જનસમાજની–ભવિષ્યની પ્રજા
તરફની આપણી જવાબદારી તરીકે જો આ નિયમથી જયન્તિઓ
ઉજવાય તો આપણા ભૂતકાળના મહાત્માઓ–વીરાત્માઓ કોણ હતા
છેવટ. એ પ્રશ્ન પૂછવાનો નહી રહે એટલુંજ નહી પણ કાયરતા—
બાયલાપણું–અનીતિ—અધર્મ વગેરે કાઢવા માટે વારંવાર ફરિયાદ કરવાની કે ટોકણી
કરવાની જરૂર નહી રહે.

B. R. D.

महावीरनुं टुंक जीवन.

ત્રોટક અથવા–ઉત્તરાના સ્તવનનો રાગ.

પ્રભુને પ્રાર્થના.

નમું પ્રેમથકી પ્રિયનાથ ! તને, અંતરથી ઉમળકે અતિશે,
ચહું સ્નેહથકી વીરનાથ ! તને, મુજ આશ્રયથી દિલના બળથી;
કર જોડી હું નાથ તને વિનવું, તુજ શાસનનો પ્રભુ ! પ્રેમી બનું,
કર એ મુજ અંતરની લગની, અતિશે ફળવાની પ્રભુ બળથી.

ક્ષત્રિય કુળમાં શ્રી વીરનો જન્મ

ભરતાધિપનાં ભરત ભુવને, રમણીય રસિક જનતાંથી ભરે.
વીર ક્ષત્રિય વેસ્ત્રકોજ ભર્યું, હતું એક અનુપમ ગ્રામ અહિં.
તસ નામ જનો ! મુખથી ઉચ્ચારે, શુભ ક્ષત્રિયકુંડ, રૂપે જગમાં
પ્રકટ્યા તહિં શ્રી વીરેશ્વરપે, જગ ઉદ્ધરવા નિજ જન્મથકી.

માતપિતા સંબંધ અને જન્મ દિવસ

કુલદીપક, નંદન. તીર્થપતિ, જસ તાત હતા સિદ્ધાર્થપતિ.
ધન્ય ધન્ય ધરાતળમાં ત્રિશલા જસ કુક્ષિએ પ્રભુ વીર વસ્યા
ધન્ય શુકલ ત્રયોદશી ચૈત્રતણી, જે દિન જન્મ્યા શ્રી વીરપતિ,
ભૂપતિનું ભજન તેહ ધરે, જસ નામ ભયંકર ભ્રાંતિ હરે.

બાળવયમાં વીરતાનું દિગ્દર્શન.

હતા એક સમે પ્રભુ બાળવયે, રમતાં તહિં દાખવી નિર્ભયતા
બની સર્પરૂપે પ્રભુ વીરકને, આવ્યો બળ જોવા દેવ તહિં.
તત્ક્ષણ પ્રભુએ પટકયો પકડી ધન્ય બાળવયે વીરતા પ્રભુએ;
હતું બાળપણું વયમાં વીરનું. પણ કામમહિં વીરતા વીરની.

યૌવનમાં પાણિગ્રહણ અને પુત્રી પ્રાપ્તિ

વિચર્યા પ્રભુ યૌવનનાં વનમાં, પરણ્યા પ્રમદા પછી ભામતી;
હતા પત્ની યશોદા નામથકી, પણ ગુણથી પૂર્ણ ચરિત્ર હતું.
સુખ અનુભવતાં સમયે જન્મી, એક પુત્રી યશોદા કુક્ષિથકી;
ભોગાવલિ કર્મ પુરાં કરતાં, સંસાર ઉદાસીનતા ધરતાં.

દીક્ષા, ઉપસર્ગો અને તપજપ વડે કેવલ જ્ઞાન.

મૃગશીર્ષ વદિ દશમી દિવસે, પ્રભુ સંયમવાન બન્યા નિમસે;
સુખસંયમનાં દિવસે દિવસે, પ્રતિબોધે ભવ્યજનો ઉતારી.
સહ્યાં ઘોર ઉપદ્રવ દુષ્ટનાં, દુઃખનો નહિ પાર કહેવાય રહ્યો;
તપ જપ અતિ ઉગ્ર કર્યાં પ્રભુએ, પરિણામે પંચમજ્ઞાન થયું.

ચતુર્વિધ સંઘ, ગણધરો, અને મુખ્ય પ્રતિનિધિની સ્થાપના.

ધન્ય, ધન્ય, દિવસ ને ધન્યઘડી, પ્રભુ વીર રૂપે પ્રકટ્યા જુઓને
પ્રભુ કેવળજ્ઞાન પ્રતાપ તપે. કુમતિમદ તો તહિં ભસ્મ થતો.
પછી સંઘ ચતુર્વિધ સ્થિર કર્યો, ગણનાયક ગૌતમ આદિ ક્યા.
પ્રતિનિધિ સુધર્મા સ્વામી કર્યા, બાર પર્ષદ બોધ કરે બળથી.

આયુષ્યની અવધિ, શ્રીમદ્‌નું નિર્વાણ, દીવાળીનું પ્રકટ થવું, અને વીર મહોત્સવ.

નિજ આયુષ્ય બોતેર વર્ષનું, થયું પુરણ કાળ પસાર થતાં;
આસો વદિનીજ અમાસ દિને, રાત્રનાં અંતિમ યામ વિષે.
સધાવ્યા મોક્ષ પુરે પ્રભુને, દેવો રાખઅગ્નિદ્ધ દીવે;
જતાં ભાવ ઉદ્યોત દેવ કરે, દીવઓની તહિં હાર અતિ.

તે દિનથી દીવાળી પ્રકટી, પ્રભુવીર મહોત્સવરૂપ વડે

મા. દા. શાહ.

ઝર્ણું શેઠની ભાવના. (વીર સ્તવન)

*વીર હમણાં આવે છે મારે મંદિરીએ, મંદિરીએરે ધીર મંદિરીએ. વી૦
પાયે પડીને મેં તો નોક બિછાઉં, નિત નિત વીનતડી કરીએ. વી૦ ૧
[illegible] પુષ્પદિકને, હરખે [illegible] ઉચ્ચરીએ. વી૦ ૨
[illegible] આનંદે દ્વાર પધારે, તો [illegible] મન ભરીએ. વી૦ ૩
[illegible] નિજે [illegible] તરીએ. વી૦ ૪
[illegible] ઘરે પર [illegible] કરીએ. વી૦ ૫
[illegible] વી૦ ૬
[illegible] કરીએ વી૦ ૭
[illegible] વી૦ ૮
[illegible] વી૦ ૯

—[illegible]

---

*[illegible]

૨.

વિમલાચલ વેગે વધાવો—એ દેશી.

ચઉમાસી પારણું આવે, કરિ વિનતિ નિજ ઘર જાવે,
પ્રિયા પુત્રને વાત જણાવે. [1]પટકુલ [2]જરી પથરાવે રે;
મહાવીર પ્રભુ ઘેર આવે,
જીરણ શેઠજી ભાવના ભાવે—મહાવીર ૧
ઉભો શેરીએ જલ છંટકાવે, જાઈ કેતકી ફુલ બિછાવે;
નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઈ થાલ ભરાવે રે.— મહાવીર ૨
[3]અરિહાને દાનજ દીજે, દેતાં જે દેખીને રીઝે;
ષટમાસી રોગ હરીજે, [4]સીઝે દાયક ભવ ત્રીજે રે.— મહાવીર ૩
જિનવરની સનમુખ જાઉં, મુઝ મંદિરીએ પધરાઉં;
પારણું ભલી ભાંતે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે.— મહાવીર ૪
પછી પ્રભુને વોળાવા જઈશું, કરજોડીને સનમુખ રહીશું;
નમી વંદીને પાવન થઈશું. [5]વિરતિ અતિ રંગે વરીશું રે.— મહાવીર ૫
દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું;
સત્યજ્ઞાન દશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે.— મહાવીર ૬
એમ જીરણ શેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની [6]સીમે ઠરંતા, દેવ દુંદુભિ નાદ સુણંતા રે.— મહાવીર ૭
કરી આયુ પૂરણ શુભ ભાવે, સુર લોકે અચ્યુતે જાવે;
શાતા વેદની સુખ પાવે, શુભ વીર વચન રસ ગાવે.— મહાવીર ૮

વીરવિજય.

છદ્મસ્થપણામાં પણ મહાવીરનો અપૂર્વ સમભાવ.

દાન, શીલ, તપ ને ભાવ એ ચાર પ્રકારના ધર્મમાં અમુક અપેક્ષાએ દાનધર્મની મુખ્યતા છે. દાન સ્વપર ઉપકારી છે. બીજા ધર્મ માત્ર સ્વ ઉપકારી છે; દાનની અંદર પોતાના અધ્યવસાય માત્ર જોવાના નથી પરંતુ સામું પાત્ર પણ જોવાય છે, તેમજ ચિત્ત, વિત્ત ને પાત્ર એ ત્રણ પ્રકાર વડે, પણ શાસ્ત્રકારની અપેક્ષા [illegible] દાનની ગણના કરી શકાય છે. ચિત્ત ગમે તેવું સારું હોય પણ વિત્ત એટલે જેનાથી ઉત્પન્ન થયેલ આહારાદિ હોય તે મૂળ વસ્તુ (દ્રવ્ય) અથવા આપવાની ચીજ અશુદ્ધ, હિંસાયુક્ત, આધાકર્મ ગુણની હાની કરનારી હોય તો કામ થઈ શકતું નથી. તેમજ ચિત્ત ને વિત્ત યોગ્ય હોય પણ પાત્ર અયોગ્ય હોય તો પણ તે દાન ફળદાયક થતું નથી. જૈન શાસ્ત્રમાં

૧ ઉંચી જાત. ૨ જરીનાં. ૩ અરિહંત-તીર્થંકર, અહીં વીરપ્રભુને, ૪ સિદ્ધ થાય, મુક્તિ પામે. ૫ વ્રત ૬ મર્યાદા, હદ.

સુપાત્ર દાન સર્વમાં ઉત્કૃષ્ટ કહ્યું છે. તેમાં પણ પાત્રભેદે ફળભેદ કહેલો છે. તીર્થંકર ભગવંત
પાત્ર તુલ્ય છે, મુનિ મહારાજ સુવર્ણના પાત્ર તુલ્ય છે, દેશવિરતિ શ્રાવક ચાંદીના પાત્ર
છે, અને અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ જીવો તામ્રપાત્ર સમાન છે. તે શિવાયના મિ
અવિરતિ જીવો લોહના તથા મૃત્તિકાના પાત્ર તુલ્ય છે, તેઓતો સુપાત્રની ગણનામાંજ
આમાં કહેલા સુપાત્રો પૈકી સર્વોત્તમ રત્નપાત્રતુલ્ય તીર્થંકર ભગવંત મહાવીર સ્વ
તેમની છદ્મસ્થાવસ્થામાં દાન આપનાર નવીન શેઠ અને દાન નહીં આપ્યા છતાં
ફળ પ્રાપ્ત કરનાર જીર્ણ શેઠનો પ્રસંગ અહીં લેવામાં આવ્યો છે, અને તેમાં વીર પ
ત્માએ સમભાવ કેવો બતાવ્યો છે તે જણાવવાનો આ લખનો મુખ્ય હેતુ છે. તે
દાન ધર્મ, તેમાં પણ સુપાત્ર દાન કેવું ફળ દાયક છે ? ભાવ વિનાના દ્રવ્ય દાનથી
સુપાત્રના યોગે કેવી ફળપ્રાપ્તિ થાય છે ? અને દાન દીધા વિના પણ દાન દેવાના
અધ્યવસાયથી કેવી ઉચ્ચ ફળની પ્રાપ્તિ થાય છે ? તે બતાવવાનો આ લેખનો અ
હેતુ છે. આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રથમ તે કથા પ્રસંગ આ નીચે પ્રદર્શિત
વામાં આવે છે.

બારવ્રતધારી **ચેટક** મહારાજાથી વિભૂષિત **વિશાળા** નામે નગરી છે. તે નગ
અનેક દ્રવ્યવાન શ્રીમંત ગૃહસ્થો રહે છે તે બધામાં એક **જિનદત્ત** નામે મુખ્ય
હતા. કાળક્રમે તેમનું દ્રવ્ય નષ્ટ થયું. વૈભવ નાશ પામ્યો, સામાન્ય સ્થિતિવાળા થઇ
એટલે એક **પૂરણ** નામના શેઠને નગરશ્રેષ્ઠિની પદવી મળી. તે **અભિનવ** શેઠના નામ
ઓળખાવા લાગ્યા. લોકો તેને **નવીન** શેઠ પણ કહેતા હતા.

આ નવીન શેઠ થયા એટલે પ્રથમના શેઠ **જીર્ણ શ્રેષ્ઠિના** નામથી પ્રસિદ્ધ થ
લોકો તેને જીર્ણ શેઠના નામથીજ બોલાવવા લાગ્યા. આ જીર્ણ ને નવીન શ્રેષ્ઠિમાં
વાતનું મહદંતર હતું. જીર્ણશેઠ બારવ્રત ધારી શુદ્ધ સમકિતી શ્રાવક હતા, દેવ ગુરુના પ
ભક્ત હતા, અહર્નિશ ધર્મપરાયણ હતા, અને સંસારથી કેટલેક અંશે વિરક્ત હતા. બી
નવીન શ્રેષ્ઠિ મિથ્યા દૃષ્ટિ હતા, રાગીદ્વેષી હરિ હરાદિક દેવના ભક્ત હતા, અને સંસ
રમાં આસક્ત હતા.

આ અવસરે ભગવંત શ્રી મહાવીરસ્વામીએ ચારિત્ર અંગીકાર કરેલું હતું અ
છદ્મસ્થપણામાં વિચરતા હતા. આ વિરક્ત પરમાત્માનું છદ્મસ્થપણું પણ અપૂર્વ હતું
તેઓ આત્મઋદ્ધિની પૂર્ણતા કરવા માટે વીતરાગ દશા પ્રાપ્ત કરવા માટે અને કેવળજ્ઞા
મેળવવા માટે અહર્નિશ પ્રયત્નશીલ હતા. તેઓ છદ્મસ્થાવસ્થામાં નિદ્રા લેતા નહીં, ભૂમિ
પર બેસતા નહીં. અને કોઈની સાથે પ્રાયે સંભાષણ પણ કરતા નહીં તેમજ ધર્મોપદેશ
આપતા નહીં, માત્ર ઉત્કૃષ્ટ ધર્મધ્યાનમાંજ વર્તતા હતા. તેમની આત્મવિશુદ્ધિ દિનપર દિન
વૃદ્ધિ પામતી હતી અને કૈવલ્યદશા નજીક આવતી હતી.

છદ્મસ્થપણાના સાડાબાર વર્ષો દરમ્યાન ચોમાસું આ સ્થિતિમાં કર્યાં બાદ ક્રમપ્રાપ્તપણે
વિહાર કરતા કરતા અગ્યારમા ચોમાસાના પ્રારંભમાં વીર ભગવંત વિશાળા નગરીની બહાર
ઉદ્યાનમાં પધાર્યા અને ત્યાંના મંદિરમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ઉત્તમ પુરુષના આગ
મનની પ્રતીક્ષા કરનાર જીર્ણશ્રેષ્ઠિને આ મહાત્મા નગર બહાર આવ્યાની ખબર પડી
એટલે તેઓ તરતજ ત્યાં ગયા અને ભગવંતને વિધિપૂર્વક વંદન કરી, ભગવંત તો મૌન

...ણ એણે જવાબ મળવાનો સંભવ નહોતો પરંતુ ભક્તિમાન જીર્ણશેઠે પોતાને ત્યાં લાભ [illegible] મને વહોરવા માટે પધારવાનું આમંત્રણ કર્યું. પછી ઘેર જઈને પ્રહર વ્યતીત [illegible] ત્યાં સુધી રાહ જોઈ, પરંતુ ભગવંત પધાર્યા નહીં એટલે તેણે ધાર્યું કે આજે ઉપવાસ કરી [illegible] આવ્યા નહીં હોય. બીજે દિવસે ભાવનાએ જીર્ણશેઠ ઉદ્યાનમાં ગયા. ભગવંત તો [illegible] સ્થાને કાયોત્સર્ગમાં સ્થિર હતા. જીર્ણશેઠે વંદન કર્યું અને આજે જરૂર પધારવા [illegible] કરી. તે દિવસે પણ પ્રભુ પધાર્યા નહીં. એટલે શેઠે જાણ્યું કે પ્રભુને છઠ્ઠ હશે [illegible] નહીં આવ્યા હોય. ચોથે દિવસ શેઠ વંદન કરવા ગયા અને પધારવાની પ્રાર્થના કરી, [illegible] દિવસે પણ ન આવવાથી પ્રભુને અઠ્ઠમ હશે એમ શેઠે ધાર્યું. આ પ્રમાણે દરરોજ વંદન કરવા જતા, પ્રાર્થના કરતા, રાહ જોતા અને પ્રભુ ન પધારતા ત્યારે તપાદિ [illegible], એમ કરતાં કરતાં ચાર માસ પૂર્ણ થયા.

ચતુર્માસ પછીના પહેલા પારણાને દિવસે શેઠ પણ આશાથી વંદન કરવા ગયા. આનંદથી વંદના કરી અને 'આજે તો હે પરમાત્મા! મને પાવન કરવા માટે અવશ્ય મારે ત્યાં પધારશો' એવી દૃઢ અંતઃકરણથી પ્રાર્થના કરી ભગવંત તો મૌન જ રહ્યા. શેઠ આવ્યા પરંતુ આજ તો તેને હર્ષ અપૂર્વ હતો. તેણે ઘરનાં બધાં માણસો અને પુત્ર પૌત્રાદિ સ્વજનો વિગેરેને એકઠાં કર્યાં અને આજે ભગવંત ચતુર્માસિક ઉપવાસનું મહાન તપનું પારણું કરવા આપણે ત્યાં પધારશે એમ વાત કરી તે સાંભળીને સર્વે પરમાત્માની [illegible] કરવા સાવધાન થયા. શેઠે પોતાના ઘરવાડે આખી શેરી સાફ કરાવી, અશુચિ દૂર કરી, નિર્મળ [illegible] અને સુગંધી જળનો છંટકાવ કરાવ્યો, તોરણ બાંધ્યાં, સુગંધી પુષ્પો વેર્યાં, [illegible] પેર તોરણ બાંધ્યું, ચારે પ્રકારના વિશુદ્ધમાન પ્રાસુક અને એષણીય આહારની તૈયારી કરી, [illegible] ભગવંતને બીરાજવા માટે આસન નાખ્યું. [illegible] પછી તે સૌને શિખામણ [illegible] બારણે [illegible], કુટુંબ પરિવારને એકઠો કર્યો. [illegible] પરમાત્માને દૂરથી આવતા દેખીને કે તરત આગળ જવું. પ્રભુ [illegible] પ્રભુને મોતીએ વધાવવા. પ્રભુને [illegible] ઘરમાં પ્રવેશ કરે ત્યારે પ્રભુને [illegible] વિનંતિ કરવી. પછી ચારે પ્રકારનો આહાર [illegible] પછી પ્રભુને વંદના [illegible] કરવી. [illegible] ચારે પ્રકારનો આહાર [illegible] ભાવના કરવી. [illegible] અને પછી ભગવંત [illegible] ત્યારે [illegible] જવું અને [illegible] અને પછી [illegible] ધન્ય [illegible]! [illegible]

[illegible]

દાન દેવાનું પ્રથમ નિકટભવી હોય, કર્મરાશી ઘણો નાશ પામ્યો હોય તેનેજ તે પ્રાપ્ત
છે. એ દાન દેનાર આવો લાભ મેળવે તેમાં તો શું આશ્ચર્ય પણ જે તેની અનુમોદના
જોઇને આનંદ પામે, પોતે તેવું દાન દેવાને ઇચ્છે, તે પણ અપાર પુણ્યનો ભાજન થાય
ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય કે મારે આવો સુઅવસર આજે પ્રાપ્ત થયો છે. પ્રભુ અહીં પ
ત્યારે હું સાચા મોતીનો થાળ ભરીને તે વડે પ્રભુને વધાવીશ, પ્રભુની પૂજા કરીશ, વંદના ક
સુખસાતા પુછીશ, અને મારા આત્માને પાવન કરીશ. પછી તેમનો ઉપદેશ સાંભળીશ, પ
ત્મા પાસે વિરતિપણું અંગીકાર કરીશ, દયા, દાન, ક્ષમા, શીળ, અનુકંપા વિગેરે ગુણોની
કરીશ, સમક્તિને નિર્મળ કરીશ ધન્ય છે એવા પરમાત્માને કે જે તરણ તારણ છે,
તનો ઉદ્ધાર કરવા માટેજ જેમણે જન્મ ધારણ કર્યો છે, એક ભવમાં અનેક જી
ઉદ્ધાર કરે છે, અને વળી તેમણે આપેલા ઉપદેશને ગ્રહણ કરનારા ગણધર મહારાજ
પણ પોતાના આત્માનું કલ્યાણ કરવા સાથે બીજા અનેક જીવોનું કલ્યાણ કરે
પરંપરાએ કલ્યાણ કરે તેવા આગમો-શાસ્ત્રોની રચના કરે છે. તેના અભ્યાસ વડે, શ્ર
મનન વડે પણ અનેક જીવો ભવસમુદ્રનો પાર પામે છે. એ સર્વ પરમાત્માનોજ
ગાર છે. આ વીર પરમાત્મા અત્યારે તો છદ્મસ્થ અવસ્થામાં છે, પરંતુ તેમનામાં શાંત
કેવો ભરેલો છે ? શાંતરસનાતો સમુદ્રજ જણાય છે, ક્ષમાના ભંડાર છે. અનેક ગુણે
ભરપૂર છે. આત્મહિતમાં સતત પ્રયત્નવાન છે. ધન્ય છે એવા પરમાત્માને ! અને ધ
છે મને ! કે જેને એમની ભક્તિ કરવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. આવે અવ
આત્મા જેટલી મંદતા રાખશે તેટલો લાભ ઓછો મેળવશે. આ વખતે તો આત્મ
સર્વાંશે કલ્યાણ કરી લેવું. ફરી ફરીને આવો અવસર પ્રાપ્ત થતો નથી. ધન્ય છે
અવસરને, ધન્ય છે મને, ધન્ય છે પરમાત્માને, " આ પ્રમાણે શુભ ભાવનાએ આ
પરમાત્માની ભક્તિના રસમાં નિમગ્ન થઈ ગયા. પરમાત્મા સ્વરૂપનો કાંઇક અનુભવ કર
લાગ્યા. અંતરાત્મા આગળ આગળ વધવા લાગ્યો, કર્મશ્રેણી તુટવા લાગી, શુભ કર્મો
સંચય થવા લાગ્યો, વૈમાનિક દેવની સ્થિતિ બંધાય તેવા દળીયાં મેળવવા લાગ્યા, પહે
દેવ લોકે, બીજે દેવ લોકે, યાવત્ બારમે દેવ લોકે જવા જેવાં શુભ કર્મોનો સંચય
પરિણામની ધારાએ ચડવા લાગ્યા, શ્રાવકપણાની ઉત્કૃષ્ટી હદ આગળ વધવાની તૈયારી
હતી; બાહ્ય ચેષ્ટા માત્ર ભુલાઈ ગઈ હતી, વીરપરમાત્માની સાથે એકતાન થઇ ગયું
તેવામાં દેવોએ આકાશમાં દેવ દુંદુભિનો શબ્દ થયો. તે કર્ણગોચર થતાં
જાગી જાય તેમ થયું " આ શું ! આ શેનો શબ્દ ! અત્યારે દેવદુંદુભી શેની
શું પરમાત્માએ અન્ય સ્થળે પારણું કર્યું ? હા ઇતિ ખેદે ! હું અધન્ય, અકૃતાર્થ, અપુણ્ય
વાન. પ્રભુ મારે ત્યાં પધાર્યા નહી, અન્ય સ્થળે પારણું કર્યું; મને મળનારો લાભ બીજાને
મળ્યો. " આ પ્રમાણેના ખેદયુક્ત વિચારોથી જીર્ણ શ્રેષ્ઠીનો પરિણામની ધારા તુટી
આગળ વધતી અટકી ગઇ. ભાવની વૃદ્ધિમાં સ્ખલના થઇ, પ્રભુને પારણું કરાવ
તીવ્ર ઇચ્છામાં ભંગ પડ્યો. જોકે પારણું કરાવ્યા વિના પણ તેમણે બારમાં
મેળવી લીધું હતું પરંતુ હજુ વધારે મેળવી શકાય તેમ હતું. તેમાં ભંગ પડ્યો,
કરતાં ખબર પડી કે-પ્રભુએ અભિનવ શેઠને ત્યાં પારણું કર્યું. ત્યાં પંચ દીવ્ય પ્રગટ
સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઇ, સુગંધી જળની ને સુગંધી પુષ્પોની વૃષ્ટિ થઇ, આકાશમાં

દેવદુંદુભી વાગી અને અહોદાન, અહોદાન. એવી આકાશમાં ઉદ્‌ઘોષણા થઇ. નગર લોક ભેગા થયા. અભિનવ શેઠનાં વખાણ કરવા લાગ્યા ને શેઠ પણ દ્રવ્ય લાભ વડે મનમાં હર્ષિત થયો.

આ અભિનવ શેઠ મિથ્યાદૃષ્ટિ હતો તે વાત પ્રથમ કહેવાયેલ છે, પ્રભુ ત્રીજે પહોરે વહોરવા નીકળ્યા. અભિનવશેઠનું ઘર માર્ગમાં આવતાં તેમાં પેઠા તેને ત્યાં તે જમી રહ્યું છે, બાકી વધેલું ફેંકેલું અનાજ ભિક્ષુકાદિકને અપાઇ ગયુ છે, [illegible] થયા છે, તે વખતે આ એક ભિક્ષુકને આવતા જોઇ અભિનવ શેઠે ઉપર બેઠેલા દાસીને આજ્ઞા કરી કે, 'આ ભિક્ષુકને કાંઇ પડ્યું હોય તે આપ.' એટલે તેણીએ શેષ રહેલા બાકળા વહોરાવ્યા. પ્રભુએ હસ્તપાત્ર હતા એટલે ત્યાંજ તેનો આહાર કરી લીધો. તીર્થંકરનો આહાર નિહાર જન્મથીજ કોઇ દેખતુ નથી એટલે આ પણ દેખવામાં ન આવ્યું. પ્રભુએ પારણું કર્યું એટલે સમીપ રહેલા દેવ દેવતાઓએ પ્રથમ કહી ગયા પ્રમાણે પાંચ દિવ્ય પ્રગટ કર્યા તે જોઇ અભિનવ શેઠ હરખાતા હરખાતા નીચે ઉતર્યા પ્રભુતો તત્કાળ ત્યાંથી ચાલ્યા ગયા હતા. પણ લોકો એકઠા થયા. તેઓ અભિનવ શેઠને મુબારકબાદી આપવા ધન્ય-ધન્યવાદ દેવા લાગ્યા. કેટલાકે પુછ્યું પણ ખરૂં કે-'આપે શું વહોરાવ્યું ?' એટલે અભિનવ શેઠે ખરી હકીકત છુપાવીને કહ્યું કે-'મેં પરમાન્નવડે પ્રભુને પારણું કરાવ્યું.' લોકોએ તે સાંભળીને વિશેષે ધન્યવાદ આપ્યો. વિશાળા નગરી આ શેઠ-થીજ શોભતી છે, એમ કહેવા લાગ્યા. ઘેરઘેર રાજા સુધી તે હકીકત જાહેર થઇ.

અન્યદા શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીઆઓમાંથી કોઇ કેવળી મુનિ ત્યાં પધાર્યા રાજા વગેરે નગરના લોકો વંદના કરવા ગયા. કેવળી ભગવંતે દેશના આપી દેશનાને અંતે રાજાએ અને લોકોએ પુછ્યું કે-" હે ભગવંત ! આ નગરીમાં સૌથી વધારે પુણ્યવાન કોણ છે ? કોનાથી આ નગરી પુણ્યવતી-ભાગ્યવતી છે ?" કેવળીએ કહ્યું કે—"હે રાજન્ જીર્ણશેઠ વડે આ નગરી પુણ્યવતી છે, અને સૌથી વધારે પુણ્યશાળી તે છે." રાજાએ પુછ્યું કે " તેનું શું કારણ ? ચોમાસાને અંતે પારણું તો આ નવીન શેઠે કરાવ્યુ છે. જીર્ણ શેઠે કરાવ્યું નથી તો આ નવીન શેઠ વધારે પુણ્યવાન કેમ નહીં ? વળી વસુધારા વિગેરે પંચ દિવ્ય પણ આ નવીન શેઠને ઘેર પ્રગટ થયા છે, જીર્ણ શેઠને ઘેર થયા નથી માટે આ જીર્ણ શેઠને શેની વધારે પુણ્યશાળી કેમ કહો છો ?" કેવળી ભગવંત બોલ્યા "મહાનુભાવો ! ભાવ પ્રભુને [illegible] દાન કરીને નવીન શેઠે વસુધારા વિગેરેનો લાભ મેળવ્યો છે, પણ જીર્ણ શેઠે તો [illegible] મેળવ્યું છે નવીન શેઠે તો [illegible] પુરતો છે પણ જીર્ણ શેઠની તો ઘણી [illegible] છે નવીન શેઠે [illegible] પણ લાભ મેળવ્યો નહીં અને જીર્ણ શેઠે [illegible] લાભ મેળવ્યો છે. [illegible]

મેળાત. પરંતુ પ્રભુએ નવીન શેઠને ત્યાં પારણું કર્યું. ત્યાં પંચદિવ્ય પ્રગટ થયા અને [illegible] દુંદુભી વાગી, એટલે તેની પ્રભાવની ખાસ ટુટી, આગળ વધતી જાય ધર્મ, તો [illegible] સંસારમાં ત્યારે જેટલી જેટલી ઉચ્ચ ગતિ આવે તેટલી તો તે ખાંતી ચુક્યા, તેટલો [illegible] થાય તો તે મેળવી ચુક્યા. તેથી હું કહું છું કે—આ નગરીમાં સૌથી વધારે પુણ્ય[illegible] જીર્ણ શેઠ છે."

આ પ્રમાણેના કેવળી ભગવંતનાં વચનો સાંભળીને લોકોના મનમાં જીર્ણ શે[illegible] પુણ્યશાળીપણા [illegible] ખાત્રી થઇ એટલે લોકો તેની અનુમોદના કરવા લાગ્યા, અને [illegible] પુણ્યશાળી તેને માનવા લાગ્યા. ભગવંતનો ચતુર્માસ પૂર્ણ થયેલું હોવાથી ત્યાંથી વિ[illegible] કરી ગયા હતા. જીર્ણ શેઠ આયુષ્ય પૂર્ણ થયે કાળધર્મ પામી બારમા દેવલોકમાં દે[illegible] [illegible].

આ કથાની અંદર ભગવંત મહાવીર સ્વામીનો સંબંધ હોવાને જીર્ણ શેઠના [illegible] ભાવના ઘણા ભાવ [illegible] છતાં તેને ત્યાં પારણું ન કર્યું અને અભિનવ શેઠને ત્યાં [illegible] [illegible] છે. પરંતુ તેની ઉપરથી સાર ખેંચી મહણ કરી શકાય તેમ છે. વીર પરમાત્મા[illegible] [illegible] જન્મથી આરંભીને નિર્વાણ પર્યંત અનેક પ્રકારનું ઉચ્ચ વિજ્ઞાન આપનાર[illegible] [illegible] આ એક વિભાગ છે. પરમાત્મા કેવળ જ્ઞાન પામે છે, ત્યારે તો [illegible] [illegible] ઉપર તેમને સમાન ભાવ પ્રાપ્ત થાય છે; કારણકે મેહની[illegible] [illegible] થાય છે—રાગદ્વેષ નાશ પામે છે, એટલે કારણ નાશ પામવાથી [illegible] [illegible] પરંતુ છદ્મસ્થપણામાં પણ ચારિત્ર લીધું ત્યારથી નિ[illegible] [illegible] વિશુદ્ધિ વધતી જાય છે, ને અશુદ્ધિ ઘટતી જાય છે. કેવળ જ્ઞાન પામતાં[illegible] [illegible] જાય છે, એટલે સમભાવ [illegible] જાય છે—પ્રતિદિન, ધૃતિ, [illegible] [illegible] ચિત્તનિરોધનું વિશુદ્ધ સેવન થવાથી આત્મા[illegible] [illegible] ઘણા આગળ વધતા જાય છે. [illegible] [illegible] સમભાવ, [illegible] સમભાવ, [illegible] ને [illegible] સમભાવ, [illegible] [illegible] સમભાવ [illegible] અનેક પ્રકારનો સમભાવ [illegible] પામતો જાય છે. તેનાં [illegible]

[illegible]

શરીર ઉપરથી તો મમતા સર્વથા ઉઠી ગઇજ જણાય છે, કે જેથી ચતુર્માસી તપના પારણામાં ખાવા મળ્યું ન મળ્યું તો તે પણ બસ છે; વળી તે કેવા છે ને કેટલા છે? તેનો પણ જ્યાં સવાલ નથી. માત્ર ભાડા તરીકે થોડું પણ શરીરને આપી દીધું, કે પત્યું, પછી તેની દરકાર નથી. શારીરિક મમતા આટલી ઉઠી તે કરતાં પણ માનસિક મમતા આટલી ઉઠી એ વધારે ઉચ્ચ સ્થિતિ સૂચવે છે. ચાર ચાર મહિના સુધી પ્રાર્થના કરનાર કોણ છે, તેની દરકાર પણ ન કરી, તેનાપર રાગ આવવાની વાત તો બાજુપર રહી પણ માત્ર તેને દર્શન દેવા કે તેની ચાર માસની મહેનતનો જરા જેટલો પણ બદલો આપવો, તેની પણ જ્યાં જરૂર જણાતી નથી. ત્યાં જણાય છે કે સાંસારિક વ્યવહાર-લોક પ્રવાહ-લૌકિક પ્રવૃત્તિનું અનુસરણ અથવા પારમાર્થિક રીતે પણ તેને ઉત્તમ જાણી તેનો મનોરથ પૂર્ણ કરવાની વૃત્તિ-એ બધી હકીકત તેમને અસર માત્ર પણ અસર કરનારી થઈ નથી. તેમની તો માત્ર એક આત્મહિતમાંજ પ્રવૃત્તિ છે. પ્રાર્થના કરનાર-ભક્તિ કરનાર કે શુભ પ્રયાસ કરનારને બદલો આપવાનું કામ પોતાનું નથી. તેનો બદલો તો તેના મનોભાવ પ્રમાણે મળેલોજ છે, મળેજ છે-એમ લોકમાન્યતા દૃષ્ટિથી વીતરાગ દશાના સન્મુખ થયેલા પરમાત્માએ જીર્ણ શેઠ કે નવીન શેઠમાં ભિન્નતા સ્વીકારીજ નથી, અને અનુપમ સમભાવનું દર્શન કરાવ્યું છે.

છદ્મસ્થપણામાં પણ જેમનો આવો ઉચ્ચ સમભાવ છે તેમનો વીતરાગપણામાં સંપૂર્ણ સમભાવ હોય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. શ્રીપાર્શ્વનાથ પરમાત્માના ચરિત્રમાં પણ આવોજ સમભાવ તેમના છદ્મસ્થપણાના વર્ણનમાં દેખાઇ આવે છે. જે વખતે પૂર્વ ભવનો વૈરી કમઠ કે જે તે વખતે મેઘકુમાર નિકાયમાં મેઘમાળી નામે દેવતા થયેલ છે, તે અત્યંત ઉપદ્રવ કરીને પ્રભુ ઉપર જળવૃષ્ટિનો ઉપસર્ગ કરે છે અને પાર્શ્વ પ્રભુને [illegible]માં લાવી મૂકે છે, તે વખતે આસન કંપથી આવેલા ધરણેંદ્ર તે ઉપસર્ગનું નિવારણ કરી પરમાત્મા ઉપર છત્ર ધારણ કરે છે અને અનેક પ્રકારની ભક્તિ કરે છે. આ પ્રસંગે પાર્શ્વ પ્રભુના મનોભાવનું ચિત્ર [illegible] મહારાજ એવું આલેખે છે કે-તેમાં બન્ને પ્રત્યે-કમઠ ને ધરણેંદ્ર પ્રત્યે સમભાવ છે. એક [illegible] ઉપસર્ગ કરનાર અને બીજો તેનું [illegible] નિવારણ કરનાર પરમ ભક્ત તે બન્નેની ઉપર એક સરખો ભાવ છે.' કમઠ ઉપર દ્વેષ થયો ન હો એવી સમતા એ પણ ઉત્તમ [illegible] અને [illegible] તેનું [illegible] કરે છે, પરંતુ ધરણેંદ્રની ઉપર રાગ ન [illegible], તેથી [illegible] ન [illegible], તેના ઉપર [illegible] પણ [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] છે, [illegible] છે, [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

નજ રહે. એટલે સર્વથા દ્વેષ દૂર કરવા ઇચ્છનારે રાગને સર્વથા તજવોજ પડશે. રાગ તજાશે તોજ દ્વેષ તજાશે, રાગ ને દ્વેષમાં વધારે મુશ્કેલ કાર્ય રાગને તજવો તે છે અને તેથી પરમાત્માને વીતરાગ શબ્દથી બોલાવાય છે, વીતદ્વેષ કહેવામાં આવતા નથી કેમકે રાગ સર્વથા ગયો ત્યાં દ્વેષતો ગયેલોજ સમજવો. પણ દ્વેષ જાય ત્યાં રાગનો સર્વથા અભાવ ન સમજવો. જોકે રાગ ને દ્વેષ એ બન્ને મિત્રો છે, અને એ ઓછા વત્તા થાય પણ સર્વથા તો સાથેજ જાય તેવા છે, તોપણ તેમાં મુખ્યતા રાગની છે, અને તેથીજ રાગકેશરી અને દ્વેષ ગજેંદ્ર કહેવાય છે. દ્વેષને ગજેંદ્રની, ત્યારે રાગને કેશરી સિંહની ઉપમા આપવામાં :આવેલ છે. આવા રાગનો સર્વથા ત્યાગ કરનાર–તેને કાયમને માટે આત્મગૃહમાંથી દેશવટો આપનાર પરમાત્માજ વીતરાગ કહેવાય છે. અને તેજ ખરેખરા દેવપણાને લાયક છે. ખરૂં દેવત્વ તેનામાંજ છે, રાગી, દ્વેષી અન્ય દેવોમાં ખરૂં દેવપણું નથી. રાગીદ્વેષી દેવનું દેવપણું કહેવામાત્ર અને અલ્પકાલીન છે, તેને હજુ ભવ ભ્રમણ બાકી રહેલું છે, તેથી તેમની દશાનો ફેરફાર થતાં વાર લાગતી નથી. એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં, માતાના ગર્ભમાં અશુચિના મધ્યમાં રહેતાં અને હલકી જાતિમાં જન્મ ધારણ કરતાં તેમનું દેવપણું સર્વથા નાશ પામી જાય છે; ત્યારે વિતરાગ પરમાત્માને દેવપણું કદાપિ કાળે પણ નાશ પામતું નથી. સર્વ કાળે એક સરખુંજ ટકી રહે છે. આવા કારણને લઇનેજ અરિહંત પરમાત્મા દેવાધિદેવ કહેવાય છે, સર્વ દેવોમાં તેઓ શ્રેષ્ટ છે, ઉત્તમ છે, અને પરમપૂજ્ય છે.

આ એક નાની સરખી હકીકતમાંથી આપણે વીર પરમાત્માના હૃદયમાં રહેલો સમભાવ અવલોકયો, પીછાન્યો, તેનાપર વિચારણા કરી, તેની ઉચ્ચતા સમજ્યા, એ પરમાત્માના આખા ચરિત્રમાંથી તો આવા સમભાવ ઉપરાંત અન્ય પણ ઉચ્ચ શ્રેણીવાળા અનેક ગુણો સમજી શકાય તેમ છે, જાણી શકાય તેમ છે, ઓળખી શકાય તેમ છે, તેનુ પૃથક્કરણ થઇ શકે તેમ છે, અને તેવા દરેક ગુણોવડેજ તેઓ પરમ પૂજ્ય કહેવાયા છે, વંદાયા છે, પૂજાણા છે, ને સર્વોત્તમ મનાણા છે; આપણે પણ પૂર્વ પુન્યના યોગે એ પરમાત્માના વિશુદ્ધ શાસનને પામ્યા છીએ. એ પરમાત્માને દેવ તરીકે ઓળખ્યા છે, તેમના ઉચ્ચ ગુણોપર પ્રીતિ ઉત્પન્ન થઇ છે, ત્યારે હવે આપણે તેમની આજ્ઞાનું પ્રતિપાલન કરવું, તેઓ કહી ગયેલા, બતાવી ગયેલા, પ્રરૂપી ગયેલ માર્ગે ચાલવું, એ આપણું પ્રથમ કર્તવ્ય છે. ખરી ભક્તિ આજ્ઞાનું પ્રતિપાલન; કરનારનીજ છે એમ સમજવું. જે પુત્ર પિતાની આજ્ઞા પાળે છે, તેનો હુકમ ઉઠાવે છે, તેજ તેનો ખરો ભક્તિમાન પુત્ર છે; આજ્ઞાનું ઉલંઘન કરનાર, અને બીજી રીતે ભક્તિ કરનાર ખરો પુત્ર નથી. લૌકિકમાં પણ તેવા પુત્ર પર પિતા ને પ્રેમ આવતો નથી, અને તેવા પુત્રને તે પોતાનો ખરો પુત્ર ગણતા નથી. માટે આપણે પરમાત્માના ખરા ભક્ત ગણાવા માટે તેમની આજ્ઞાને યથાશક્તિ અનુસરવું અને જે આજ્ઞાને અનુસરી ન શકીએ તેને અનુસરવાની ઇચ્છા ધરાવવી, પરંતુ આજ્ઞાનું ઉલંઘન તો કદાપિ પણ ન કરવું. આ પ્રમાણે વર્તવાથી આપણામાં પણ એ પરમાત્માની જેવો સમભાવ પ્રગટ થશે, અને આપણે અનુક્રમે પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરશું. આ લઘુ લેખ વાંચીને જે ઉત્તમ જીવો તેવા સમભાવના ઇચ્છક થશે, તેમના આત્માનું કલ્યાણ થશે; અને આ લેખકનો પ્રયાસ પણ તેટલે અંશે સફળ થશે. તથાસ્તુઃ

— કુંવરજી આનંદજી.

ઉદ્ધારક મહાવીર.

(રાગ [illegible].) *

જિગરી કૌન સુધારે, નાથ બિન, જિગરી કૌન સુધારે!
[illegible] સમ ગુન ધારક, વીતરાગ જિનરાયા રે;
[illegible] સમ્મત [illegible], તારક બિરૂદ ધરાયા રે,
જિગરી કૌન સુધારે નાથ બિન જિગરી કૌન સુધારે. ૧
[illegible] હુવો ચંડકોશી, [illegible] પરમ દુઃખદાઇ રે,
[illegible] દિયો તબ પ્રભુ પ્રતિબોધ્યો, દિયો સ્વર્ગે સુખદાઇ રે. જિગરી૦ ૨
[illegible] આનંદ[illegible], [illegible] જાક દિયા નાગા રે,
[illegible] સંકટ ટાળ્યાં, કર દિયા [illegible] રે. જિગરી૦ ૩
[illegible] મન મેઘીને, જિન સેં [illegible] મચાયા રે,
[illegible] ભેટ દિયા તબ, ગણધર પદવી પાયા રે. જિગરી૦ ૪
[illegible] નમીનો, નિયમ [illegible] લિદીનો રે,
[illegible] નિજ પદ દિનો, આપ [illegible] કીનો રે. જિગરી૦ ૫
અર્જુનમાલી કરેત સંહારી, [illegible] નર ને એક નારી રે,
પ્રભુ [illegible] કર્મ વિદારી, કર દિયો [illegible] રે. જિગરી૦ ૬
[illegible] તેજ [illegible] ભયો તબ, [illegible] સુનાઇ રે,
[illegible] મન થિર કીનો, [illegible] રે. જિગરી૦ ૭
[illegible] અધિકારી, [illegible] રે,
[illegible] સમકિત [illegible], ત્યાગ દિયો [illegible] રે. જિગરી૦ ૮
[illegible] પાયો, નિજ [illegible] રે,
[illegible] પ્રભુજી, [illegible] રે. જિગરી૦ ૯
[illegible] વીરચંદનું આયં રે,
[illegible] રેખી, સંયમ [illegible] રે. જિગરી૦ ૧૦
[illegible] લિયો [illegible] રે,
[illegible] દિયો નિસ્તાર [illegible]. જિગરી૦ ૧૧
[illegible] કહિનારો! [illegible] રે,
[illegible] આનંદ [illegible] રે. જિગરી૦ ૧૨

—[illegible]

---

* [illegible]

महावीरनुं परोपकारी जीवन.

(લેખક-કાપડીયા-નેમચંદ ગીરધરલાલ-ભાવનગર.)

पद्माकरं दिनकरो विकचीकरोति,
चन्द्रो विकासयति कैरवचक्रवालम् ।
नाभ्यर्थितो जलधरोऽपि जलंददाति
सन्तः स्वयं परहितेषु कृताभियोगाः ॥

--સૂર્ય પ્રાર્થના વિનાજ કમળના સમુદાયને પ્રફુલ્લીત કરે છે, ચંદ્ર કોઈની પણ પ્ર... વિના પોયણીને ઉલ્લાસાયમાન કરે છે, અને મેઘ પણ કોઈની પ્રાર્થના વિનાજ ... જળ આપે છે; તેવીજ રીતે સત્પુરૂષો કોઇના પણ કહ્યા વિના બીજાના કલ્યાણ ... ઉત્સાહથીજ સ્વતઃ પ્રયાણ કરે છે.

ભર્તૃહરી નીતિશતક. શ્લોક ૭૩.

આમ ઉપનિષદમાં ભિન્નતાઓ મળી આવે છે, પરંતુ આ મત સંબંધી તો એ [illegible] છે કે આ [illegible] કરવાથી કે [illegible] કરવાથી આત્મા પુનર્જન્મથી મુક્ત થઈ શકે તેમ નથી. [illegible] આત્મા પરમાત્મા [illegible] છે કે જે પરમપદ [illegible] સંપૂર્ણ [illegible] અને પ્રકૃતિ એમ [illegible] છે.

[illegible] 'આત્માનું' અસ્તિત્વ [illegible] ને [illegible] આત્મા ન હોય તે [illegible] એમ [illegible] 'દેવતાઓ' એ નામ આપી દેવાં [illegible]

કારે મારે કંઇ સંબંધ નથી, તે સ્થિતિ તેના જેવી છે ! તો તે સાથે મારે કંઇ સંબંધ નથી; શું તે આનાથી ભિન્ન છે ? તો તે સાથે મારે કંઇ સંબંધ નથી; શું તે સ્થિતિ નથી ! તો તે સાથે મારે કંઇ સંબંધ નથી; શું તે નથી તે નથીજ ! તો તે સાથે મારે કાંઇ સંબંધ નથી" આવી રીતે તથાગત (બુદ્ધ) પ્રેત્ય પછી અસ્તિત્વ ધરાવે છે કે અસ્તિત્વ નથી ધરાવતા, એકી વખતે છે કે નથી, નથી તેમજ એકી વખતે નથી એ પ્રશ્નોના નિષેધાત્મક રીતે ઉત્તર આપવાની બુદ્ધ ના પાડે છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે અજ્ઞાનવાદીઓ એક વસ્તુના અસ્તિત્વ ને નાસ્તિત્વ સંબંધે જે જે રીતે કહી શકાય તે તે સઘળી રીતોનો ઉપયોગ કરતા-પ્રશ્ન કરતા અને સામાવાદીઓ પાસેથી તેનો ખુલાસો માંગતા. અને જો કોઈ વસ્તુ લોકોત્તર હોઇ સમજી ન શકાય તેવી અગર અનુભવગોચર ન થાય તેવી જણાવવામા આવતી તો તેઓ તે સઘળી રીતિઓનો નિષેધ કરતા.

૪ વિનયવાદ—વિનયથી આચરણ કરવાનું કથન કરનાર વાદ. આમા દેવતા, નૃપતિ, યતિ, જ્ઞાની, વૃદ્ધ, અધમ, માતા, અને પિતા–આઠ પ્રત્યે શરીર, મન, વાણી અને દાન એ ચાર પ્રકારે દેશકાલાનુસાર વિનય કરવાનુ કહ્યુ છે.

આ ચારે વાદમા અનેક અનેક પ્રશ્નો અને પેટાવાદો સ્ફુરે છે, અને તેથી તે દરેક મળતાં ૩૬૩ મત મહાવીર સમયમાં હતા કે જેને ૩૬૩ 'પાખંડીઓ' એવું અપનામ આપવામાં આવ્યું છે. [ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭ અને વિનયવાદીના ૩૨ મત મળી ૩૬૩]. આ દરેક કેવી રીતે થાય છે તે માટે જુઓ શ્રી હરિભદ્રસૂરિના ષડ્દર્શન સમુચ્ચય પરની મોટી ટીકા (ભાષાંતર પૃ. ૯-૧૪), અને શ્રી આત્મારામજીકૃત જૈન તત્ત્વાદર્શ (ગુજરાતી. આ૦ પૃ. ૧૧૫ થી ૧૩૬.)

અહીં મહાવીરે દરેક સંબંધે શું નિર્ણયાત્મક વિચાર બાંધેલ છે તે ટુંકમાં જણાવીશુ.–

(૧) ક્રિયાવાદ સંબંધે દરેક ક્રિયાની અસર છે અને તેથી જીવે કરેલી દરેક ક્રિયાની અસર તેનાપર થાય છે. આ અસર આપવામાં-કોઈપણ કાર્ય થવામાં-કાર્યસિદ્ધિમાં પાંચ કારણોનું અસ્તિત્વ એકી સંઘાતે છે અને જેને પાંચ 'સમવાય' કહેવામાં આવે છે. તેનાં નામ:–૧ કાલ ૨ સ્વભાવ, ૩ નિયતિ, ૪ પૂર્વ કર્મ, ૫ પુરુષાર્થ આ પાંચમાંથી કોઈપણ એકથી કાર્ય થાય છે તે એકાંતવાદ મહાવીરે સ્વીકાર્યોજ નથી. તેમનો અનેકાંતવાદ-સ્યાદ્વાદ છે તે પ્રતીત થાય છે.

ઇશ્વર કાર્યને.–ક્રિયાનો પ્રેરક નથી. આત્મા છે, ઇશ્વર છે, દેહી આત્મા-જીવ તે આવરિત છે, અને જ્યારે બધાં આવરણો ધુરે છે–દૂર થય છે ત્યારે તે ઇશ્વર બને છે. તે આવરણો દૂર કરવામાં પણ ઉક્ત પાંચે કારણો આવશ્યક છે. તે પાંચેને 'સમવાય' કહેવામાં આવે છે, કારણો પરસ્પરના કાર્યમુત્પદ્યતે–જેના મળવાથી કાર્યની નિષ્પત્તિ થાય તે સમવાય આ પાંચમાં ઇશ્વર એ એક કારણ ગણેલ નથી ઇશ્વરને જગત કે જગતના કાઇ કારણ સાથે સંબંધ નથી તે મ.ટે 'કર્મનો સિદ્ધાંત' મહાવીરે એવો સર્વવ્યાપી, પ્રમાણિત અને અચલ મૂકેલ છે કે તે તેમની સર્વજ્ઞતા સિદ્ધ કરે છે.

ઉક્ત પાંચમાંથી એકનેજ ખાસ કારણ તરીકે ઓળખે માની કાલવાદી, નિયતિવાદી, સ્વભાવવાદી પ્રમુખ અનેકવાદ થયા છે.

૨. અક્રિયાવાદ ટકી શકતોજ નથી. કાર્ય કારણની પરંપરા-કર્મનો સિદ્ધાંત અબાધિત અને નિયત છે, તેમાં મીનમેખ થનાર નથી. અક્રિયાવાદી કાર્યના કારણ તરીકે યદચ્છા એટલે આકસ્મિકતા કહે છે તે કાર્ય કારણભાવ ને વિવેચક બુદ્ધિથી જોતાં કોઇપણ બુદ્ધિમાન્ સ્વીકારી શકે તેમ નથી.

૩ અજ્ઞાનવાદની સામે સ્યાદ્વાદ મહાવીરે ઉપદેશેલ છે. અજ્ઞાનવાદ જે જે પ્રશ્નોની પરંપરા વસ્તુના અસ્તિત્વ નાસ્તિત્વ સંબંધે ઉત્પન્ન કરે છે તે તે દરેક પ્રશ્નો સ્યાદ્વાદના સપ્તભંગી ન્યાયમાં અંતર્ભાવ પામે છે અને તેના ઉત્તર પણ મેળવે છે. તે સપ્તભંગી, જે સાત જૂદી જૂદી રીત વસ્તુના અસ્તિત્વ અને નાસ્તિત્વની 'સ્યાત્' અને 'એવ' શબ્દસહિત નિર્દેશ કરવાથી થાય છે તે છે. તે આ પ્રમાણે:—

સ્યાદ્ અસ્તિ એવ—કોઈ એક અપેક્ષાએ (વિધિની પ્રધાનતાથી) નિઃશંકપણે વસ્તુ છે.

સ્યાન્નાસ્તિ એવ—કોઇ બીજી અપેક્ષાએ (નિષેધની પ્રધાનતાથી) નિઃશંકપણે વસ્તુ નથી.

સ્યાદસ્તિ નાસ્તિ એવ—કોઇ અપેક્ષાએ નિઃશંકપણે વસ્તુનું અસ્તિત્વ છે અને કોઈ બીજી અપેક્ષાએ વસ્તુનું અસ્તિત્વ નથી પણ. આમ જૂદી જૂદી અપેક્ષાથી જૂદે જૂદે વખતે અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બંનેનું પ્રતિપાદન કરી શકાય.

સ્યાદવક્તવ્ય એવ—ચોક્કસપણે કોઇ અપેક્ષાપૂર્વક (વિધિ નિષેધની યુગપત્ પ્રધાનતાથી) વસ્તુનું વર્ણન કરવું અશક્ય છે. એક વસ્તુના એકથી વધારે ગુણો એકીસાથેજ કહી શકાય નહિ, તેથી જો એકજ અપેક્ષાથી એકીજ વખતે વસ્તુનું અસ્તિત્વ અને નાસ્તિત્વ બને પ્રતિપાદન કરવું હોય તો આપણે કહેવુંજ જોઇએ કે તે કથી શકાય તેમ નથી એટલે અવક્તવ્ય છે.

સ્યાદસ્તિ ચ અવક્તવ્ય—ચોક્કસ રીતે કોઇ અપેક્ષાથી વસ્તુ વિદ્યમાન છે, પણ તેજ ક્ષણે તેનો સંપૂર્ણ રીતે નિર્દેશ કરવો અશક્ય છે.

સ્યાન્નાસ્તિ ચ અવક્તવ્ય—ચોક્કસ રીતે કોઇ કોઇ અપેક્ષાએ વસ્તુ વિદ્યમાન નથી અને તેજ ક્ષણે તેનું સંપૂર્ણપણે વર્ણન કરવું અશક્ય છે.

સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ અવક્તવ્ય—ચોક્કસ રીતે કોઇ અપેક્ષાએ વસ્તુ વિદ્યમાન છે અને કોઈ બીજી અપેક્ષાએ વસ્તુ વિદ્યમાન નથી અને એકજ ક્ષણે તે વસ્તુનો નિર્દેશ કરવો અશક્ય છે.

અજ્ઞાનવાદીઓ એમ કહેતા કે અનુભવ બહારની વસ્તુનું અસ્તિત્વ કે નાસ્તિત્વ કે એકી સાથે અસ્તિત્વ નાસ્તિત્વનું વિધિવત્ કે નિષેધવત્ પ્રતિપાદન થઈ જ ન શકે, જ્યારે સ્યાદ્વાદ કહે છે કે દરેક અપેક્ષાએ વસ્તુનું અસ્તિત્વ, નાસ્તિત્વ વિધિવત્ કે નિષેધવત્ કે એકી સાથે અસ્તિત્વ નાસ્તિત્વ ઉપર જણાવેલ છે તેમ પ્રતિપાદિત થઇ શકે. આથી અજ્ઞાનવાદીઓની અસર દાબવા માટે સ્યાદ્વાદનો ઉદ્ભવ થયેલ છે એમ ડૉ. જેકોબીનું માનવું છે.

આ અજ્ઞાનવાદની અસર મહાવીરના સમકાલીન બુદ્ધના દર્શનપર-બૌદ્ધ ધર્મ પર થયેલ છે અને ખાસ કરીને "બુદ્ધના નિર્વાણ સંબંધેના સિદ્ધાંત પર સ્પષ્ટ રીતે થઇ લાગે છે. બુદ્ધને જ્યારે પ્રશ્ન કરવામાં આવ્યો કે 'તથાગત (મુક્ત જીવ-બુદ્ધ) મૃત્યુ પછી વિદ્યમાન રહે છે કે નહિ? ત્યારે બુદ્ધે તે પ્રશ્નનો ઉત્તર આપવાની ના પાડી,

(અને તેથી લોકો કે જેમાં સામાન્ય બુદ્ધિ હોય છે તે સમાધાનમાં ન ઉતરતા તેટલે-દરજ્જે સહેલ પડતા) કારણ કે આવા તત્ત્વજ્ઞાનના પ્રશ્નો આખર તેથી પણ વધુ મ-હત્વના પ્રશ્નો મનુષ્યની બુદ્ધિથી ઉકેલી શકાય તેમ નથી એવું પોતાના વખતના લોકોને પરંપરા કહેવામાં આવતાં લોક સમાધાન પામી જાય વગેર ચર્ચા ન લખાવતા. તો બુદ્ધે તેમ ન કર્યું હત તો તે ધાર્મિક સુધારકને લોકો વગેરે માનત નહિ, કારણ કે ઉક્ત પ્રશ્નો બૌદ્ધ ધર્મમાં (અને જૈન ધર્મમાં) પણ મહત્ત્વના અને આધાર રૂપ હતા. અને તેથી બુદ્ધે તેને માટે ચાલુ કાનવાનું પસંદ કર્યું નહિ અને તે પ્રશ્નોના ઉત્તર માગવામાં આવતાં તેના ઉપર આપવાની ના જ પાડી આ પરથી નિર્વાણ સબંધીનો બૌદ્ધ સિદ્ધાંત જે રીતે સૂત્રમાં આવ્યો છે તે રીતે જોતા અજ્ઞાનવાદની અસર તે પર થએલી પ્રતીત થાય છે. આ વાતની પુષ્ટિમાં જણાવવાનું કે સારિપુત્ર અને મોગ્ગલાન કે જે બુદ્ધના મહાન શિષ્યોમાંના હતા તે બૌદ્ધ ધર્મમાં આવ્યા પહેલા અજ્ઞાનવાદના સંચાલક સંજયના શિષ્યો હતા અને બુદ્ધના શિષ્ય થતા વખતે પોતાની સાથે પોતાના ૨૫૦ શિષ્યો બુદ્ધ પાસે લઈ આવ્યા હતા. (જુઓ ડૉ. જેકોબીનું જૈન સૂત્ર S B E ની પ્રસ્તાવના.)

અજ્ઞાનવાદને નરી દૃષ્ટિથી જોતા અજ્ઞાન એ 'શ્રેયનું સાધન-મુક્તિનું' કારણ હોઈ શકે એ તદ્દન મિથ્યા લાગે છે. જૈનોએ મુક્તિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે સાથે મળવાથી સધાય છે એમ સ્વીકાર્યું છે

૪ વિનયવાદ જે રીતે કહેવામાં આવેલ છે તેમાં રહેલ વિનયનું અનુસરણ સ્વીકારવામાં આવેલ છે, પરંતુ જેનો વિનય કરવાનું કહેલ છે તેમાંના એકનો અગર તેટલાનોજ વિનય કરવાથી ઇષ્ટ સિદ્ધિ નથી,-તે એકાંત છે, પરંતુ તે સર્વનો દેશકાલાનુસાર વિનય કરવા સાથે જે મુક્તિ માર્ગમાં પ્રવર્તનારા છે તેઓનો જે વિનય કરવો,તેજ વિનય મુક્તિનુ અંગ છે. (આ માલિકનો સુલેખ कल्याणानां सर्वेषां भाजनं विनयः એ છે તે સાથે કહી દેવામાં આવે છે.)

૫ महावीरनो प्रादुर्भाव.

इयति जगति पूज्य जन्म धृत्वा कश्चित् ।
विपुल कुशलसेतुः सत्त्वसंतारणाय ॥

—The great man is the product of his age—*Spencer.*

એવો નિઃસંદેહ છે કે મહાન્ પુરુષ પોતાના યુગપર પ્રબલ પ્રભાવ પાડે છે, અને વિશ્વના ઇતિહાસનું બીજ વાવે છે. આ પર વિચાર કરતાં ઇતિહાસનું સ્વરૂપ નિરૂપણ થયું પ્રતીત થાય છે, પરંતુ ગંભીર રીતે વિચારતા આ અર્ધ-સત્ય વ્યાખ્યા સંતોષકારક નથી. જ્વાલામુખી પર્વત ફાટે છે અને ચારે દિશાની ભૂમિપર અસર કરે છે, તેથી જ્વાલામુખી પર્વતને જ આ અસરના કારણરૂપ કહેવું એ સંતોષજનક વ્યાખ્યા નથી. જ્વાલામુખી પર્વત કઇ રીતે થાય છે, તેમાં અગ્નિ ક્યાંથી આવે છે ઇત્યાદિ પાછળના ભૂસ્તરમાં જવું જરૂરી છે જ્યારે આપણે પાછળ દૃષ્ટિ ફેંકીએ છીએ ત્યારે જ્વાલામુખી પર્વત કારણભૂત જણાતો નથી, પરંતુ કાર્યરૂપે સિદ્ધ થાય છે; તેવીજ રીતે મહાન્ પુરુષ પોતાના અને પોતાથી પાછળના કાલના યુગપર અસર કરે છે એ સત્ય છે પરંતુ તે ભૂતકાલના પુત્ર અને વર્તમાન કાલના જનક હોય છે. મહાન્માં મહાન્ પુરુષ

પણ પોતાના જમાનાથી સર્વથા સ્વતંત્ર હોતા નથી; અને તેથીજ સ્પેન્સર કહે છે કે મહાન્ પુરૂષ એ પોતાના યુગમાંથી ઉદ્ભવેલ વીર છે.

રા. સુશિલના પોતાના અપ્રકટ પુસ્તક નામે 'મહાવીર જીવનનો સાર' અથવા 'શ્રી મન્મહાવીરના જીવન પ્રસંગોમાંથી ઉદ્ભવતો નૈતિક-બોધ' (Moral from the incidents of Lort Mahavira's Life)* માં આ સંબંધે જે મનોરમ્ય ગિરામાં કહેવામાં આવ્યું છે તે આ લેખમાં ઉતારવાની લાલચ તજી શકાતી નથી.

"આ વિશ્વક્ષેત્ર ઉપર દૈવી અને જગદોદ્ધારક તત્વોના પ્રાદુર્ભાવમાં પ્રવર્તતા અનેક નિમિત્તોનું અવલોકન કરતાં એમ જણાય છે કે જ્યારે સમાજ અથવા પ્રજાનો એક બળવાન્ અને સત્તાધારી વિભાગ પોતાના સ્થૂલ સ્વાર્થનું રક્ષણ કરવા માટે અસત્ય અને અધર્મનો પક્ષ લઈ પોતાથી અલ્પ શક્તિવાન્ વિભાગને સત્યથી વંચિત રાખે છે ત્યારે તે આક્રમિત અને પરાજિત થયેલા સત્યની ભસ્મમાંથી એક એવું દિવ્ય સ્ફુલિંગ પ્રકટે છે કે જેની પ્રખર જ્વાલામાં આખરે અધર્મ અને અનીતિનો લય થાય છે, અને તેમ હોવાથી એ દીવ્ય સ્ફુલિંગના પ્રાકટ્યમાં જેટલો નીતિનો નહિ તેટલો અનીતિનો અને ધર્મનો નહિ તેટલો અધર્મનો ફાળો હોય છે. પરાભવ પામેલા સત્યને તેના મૂલ ગૌરવસ્થાન ઉપર પ્રતિષ્ઠિત કરવા અર્થેજ મહા પુરૂષોનું અવતરણ હોય છે. દૈવી અને આસુરી સત્વોના વિગ્રહમાં જ્યારે આસુરી સત્વ પોતાના ઉચ્ચ પ્રકારના સ્થૂલ બળના પ્રભાવથી દૈવી સત્વને દબાવી દે છે, પોતાનું અધર્મ શાસન પ્રવર્તાવે છે ત્યારે તેના પ્રતિશોધક તરીકે દૈવી સત્વનો પક્ષ લઈ અસત્યનું નિકંદન કરવા માટે કુદરતના ગર્ભાગારમાંથી એક અનોખો [illegible] જન્મ પામે છે. આ મહાપુરૂષને લોકો 'અવતાર'ની સંજ્ઞાથી આલેખે છે. તેમના અવતરણનો મુખ્ય હેતુ જનતાની સર્વદેશીય પ્રગતિના અવરોધક કારણોને દૂર કરવાનો હોય છે. મહત્વ એ એકલા સામર્થ્યને લઈને નથી, પણ વિધિનો પરિહાર કરવાના તે સામર્થ્યનો જે ઉપયોગ થાય છે તેને લઈને છે અને તે પણ જેટલા પ્રકારના અત્યાચાર અને પ્રતિબંધો સામે લડવામાં તે વપરાયું હોય તેટલા પ્રમાણમાંજ છે. જનતાએ જે જે પુરૂષો મહાન્ ગણ્યા છે તે માત્ર તેમના અંતર્ગત સામર્થ્યના પ્રભાવથીજ નહિ પણ તે સત્યને અધર્મની સામે વિગ્રહમાં રોકી આખરે અધર્મને પરાસ્ત કરવાથીજ ગણાય છે. જે સામર્થ્ય કાર્યહીન છે, તેની જનતાને ખબરજ પડતી નથી. કવિવર એ કહે છે કે મહા પુરૂષોના મહત્વનું ઉદ્ભવ "અધર્મ અથવા અસત્યની સાથે લડવામાં [illegible] કરેલા હોય" છે. વસ્તુતઃ એ મહાન્ આત્માઓને આડંબર ગમતો નથી, પણ અંતરનું એકાન્ત જ્યારે સત્યના સ્વરને ગુંગળાવી નાંખે છે ત્યારે તે

* આ પુસ્તક જો કે નાનું છે, પણ એવી સુગમ, વિચારક, બોધક, અને [illegible] ભાષામાં [illegible] રા. સુશિલે રચ્યું છે કે તે એક [illegible] [illegible] [illegible] જૈન અજૈને તેની [illegible] [illegible] આ લેખ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ એ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી.

જગતે દુઃખાર્ત થયેલા સાધનો આંતર પુકાર તે મહ [illegible] છે. [illegible] મહાજનોનું પ્રેર્યું મહત્વ અધર્મ, અસત્ય, અને અનીતિને આભારી છે. રામની મહત્તા [illegible] અધર્મેથીજ બંધાયેલી છે, કૃષ્ણનું સંપૂર્ણ કૈરવોની અનીતિથીજ જગતને સ્પષ્ટ થઇ પડ્યું છે; એજ પ્રમાણે પ્રત્યેક [illegible] જે જે [illegible] મહત્તા પ્રાપ્ત કરી છે તે તે તે ક્ષેત્રમાં રહેલા [illegible] સત્યનો પરાજય કરવાથીજ પ્રાપ્ત થયેલી છે. મહત્તાનું આ ધોરણ દૃષ્ટિમાં રાખતાં મહાવીરનું મહત્વ શેમાં રહેલું છે એ આપણે અર્થાત્ કઇ અનીતિ અધર્મ અસત્ય સામે [illegible] વિગ્રહ કરી જગતમાં શું [illegible] અને ઉપકારક તત્વ ઉમેર્યું તે જોઇએ.'

આર્યાવર્તની આ સમયે રાજકીય, સામાજિક, અને ધાર્મિક સ્થિતિ શું હતી તે ટુંકામાં જોઇ ગયા છીએ, છતાં તેના નિષ્કર્ષ અને સુંદર ઉપસંહાર રૂપે [illegible] મુખ્ય [illegible] ' ધર્મને [illegible] આર્યાવર્તની [illegible] હતું. ઉપનિષદ્ અને ગીતાના [illegible] રહેલ માત્ર કર્મકાંડીન આચાર, હેતુશૂન્ય [illegible] હતું. પારમાર્થિક રહસ્યની [illegible] હતી અને [illegible] ઘણી [illegible] હતી [illegible] પોતાના આત્મકલ્યાણને [illegible] પોતાના [illegible] અને [illegible] હતા તે હવે [illegible] હતી [illegible] અને [illegible] દેશની વતી [illegible] હતી અને તેને [illegible] હતો. ધર્મશાસ્ત્રનાં [illegible] અને [illegible] હતી.

મહાવીરના [illegible] ઉપર [illegible] છે. તે વખતે [illegible] કરવા હતા [illegible] હતા [illegible] હતું [illegible] હતું [illegible] હતું [illegible] છે [illegible] હતું [illegible] છે [illegible] અને [illegible] હતા અને [illegible] હતો [illegible] અને [illegible]

લૌકિક જીવન અને આત્માના સ્વરૂપ સંબંધે બહુ આવેગપૂર્વક આકાર્યું હતું; જ્યાં એ સ્થિતિ ઘણો કાળ નભવા પામી નહિ. લગભગ ત્રણસેં ચારસેં વર્ષ સુધી તેની અસર ન્યુનાધિકપણે રહી; પણ મહાવીર દેવના આવિર્ભાવકાલે તે જૂનાં સામર્થ્યો પાછાં સંપૂર્ણ વેગમાં આવ્યાં હતાં. તાત્ત્વિક વિભાગ તરફ લોકોની રૂચિ મંદ પડી ગઇ હતી. ધર્મગુરૂઓ રૂશ્વત લઇ સ્વર્ગ અને મોક્ષ સુધીનો પરવાનો આપવાની ધૃષ્ટતા કરતા શરૂ થયા હતા. અને શાસ્ત્રાભ્યાસ તેમ સ્વતંત્રવિચારણા માટે બ્રાહ્મણો સિવાય કોઇનો પણ અધિકાર નહોતો. યજ્ઞાદિક કર્મના અધિકાર માટે બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો વચ્ચે જબરી તાણાતાણ ચાલતી હતી. આચાર વિચારના નિયામક મંત્રોમાંથી અર્થ ઉડી ગયો હતો–માત્ર શબ્દનાં ખાલી ખોખાં પડ્યાં રહ્યાં હતાં. સમયના બદલાવા સાથે આચાર પણ બદલાયાથી આખો આચારકાંડ ગંધાતા જળના ખાબોચીઆ જેવો બની ગયો હતો. આત્માના ચાલી ગયા પછી પાછળ પડી રહેલા પિંજર જેવી સ્થિતિ પ્રત્યેક સ્થળે બની રહી હતી. ઉત્ક્રાન્તિક્રમ અને પ્રગતિશીલતાનાં ચક્રો જૂના વિચારના કીચડમાં એટલી હદે ખુંચી ગયાં હતાં કે તેને પાછાં સડક ઉપર ચાલતી સ્થિતિમાં મૂકવા માટે એક વીર આત્માની જરૂર હતી.

મહાવીર પ્રભુના આવિર્ભાવકાલે કેવી વસ્તુસ્થિતિ વર્તતી હતી તેનું વર્ણન મિ. દત્ત આ પ્રમાણે આપે છેઃ—

Such was the state of things in India in the Sixth century before Christ. Religion in its true sense had been replaced by forms. Excellent social and moral rules were disfigured by the unhealthy distinctions of caste, by exclusive privileges for Brahmins, by cruel laws for Shudras. Such exclusive caste privileges did not help to improve the Brahmans themselves. As a community they became grasping and covetous, ignorant and pretentious until Brahman Sutrakaras themselves had to censure the abuse in the *strongest terms*. For the Sudras who had come under the shelter of the Aryan religion, there was no religions instruction, no religions observance, no social respect. Despised and degrraded in the community in which they lived, they sighed for a change; and the invidious distinction became unbeareable as they increased in number, pursued various useful industries, owned lands and villages and gained in influence and power. Thus society was held in cast-iron mould which it had long out-grown and the social, religions and legal literature of the day still proclaimed and upheld the cruel injustice against the Sudra long after the Sudra had become civilized and industrious and a worthy member of society. —*Romesh Chundra Dutt.*

આનું ભાષાંતર રા. સુશિલ આ પ્રમાણે કરે છે:—

"૨૫૦૦ વર્ષ પહેલાં આર્યાવર્તની સ્થિતિ આવી હતી:–ધર્મની યથાર્થ ભાવનાનો નાશ થઈ તેનું સ્થાન અર્થહીન આચાર વિચારે લીધું હતું. ઉત્તમ સામાજિક અને નૈતિક ભાવનો, ક્રૂર જાતિભેદથી અને બ્રાહ્મણો માટે ખાસ હક અને શુદ્રો માટે ઘાતકી ધારાઓથી વિકૃત થયા હતા. આવા જાતિભેદ વિશેષ અધિકારથી બ્રાહ્મણોની સ્થિતિ ઉંચી આવવા

એ માત્ર સામાજિક રૂઢિ નહિ પણ વાસ્તવિક સત્ય છે—મોક્ષ એ સાંપ્રદાયિક બાહ્ય ક્રિયાકાંડ પાળવાથી મળતો નથી પણ તે સત્ય ધર્મના સ્વરૂપમાં આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે—અને ધર્મમાં મનુષ્ય અને મનુષ્યનો ભેદ સ્થાયી રહી શકતો નથી. કહેતાં આશ્ચર્ય ઉપજે છે કે આ શિક્ષણે, સમાજના હૃદયમાં જડ ઘાલીને બેઠેલી ભાવનાઓ રૂપી વિઘ્નોને ત્વરાથી ભેદી નાંખી, અને આખા દેશને વશીભૂત કર્યો. ત્યાર પછી ઘણા કાળ સુધી આ ક્ષત્રિય ઉપદેશકોના પ્રભાવ બળથી બ્રાહ્મણોની સત્તા અભિભૂત રહી હતી."

કોઈ પણ ધર્મ પ્રવર્તકને ધર્મ વ્યવસ્થામાં (organization) દેશની સ્થિતિ-તેના સંજોગો પર ખાસ લક્ષ આપવું પડે છે. મહાવીર સમયમાં બે ભાગ-નામે બ્રાહ્મણો અને બ્રાહ્મણેતરો-ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ મુખ્ય પણે વહેંચાઈ ગઈ હતી. બ્રાહ્મણોનું આધિપત્ય અતિશય વિશેષ અન્યથી અતીવ ચઢીઆતું હતુ અને રાજાઓમાં એક ચક્રે રાજ્ય કરનાર-ચક્રવર્તી કે સમ્રાટ્ કોઈ ન હોવાથી જૂદાં જૂદાં રાજ્યોપર સત્તા ધરાવતા રાજાઓ અનેક હતા અને તેમની સત્તા પ્રજાની સહાય સાથે, અપર અન્ય રાજ્યકીય જાતિઓની સહાય સાથે પ્રબલ પણે તેની પ્રજાપર પ્રવર્તતી હતી.

"મહાવીર જાણતા હતા કે સમાજ ઉપર ખરી અસર બ્રાહ્મણો દ્વારાજ થઈ શકશે કેમકે તે જમાનામાં તેમનું જોર પ્રબળપણે વર્તી રહ્યું હતું; તેથી તેમણે પોતાના પ્રભાવનો પ્રથમ ઉપયોગ તે કાળના મુખ્ય અને વિદ્વાન્ બ્રાહ્મણોને પોતાના પક્ષમાં લેવામાં કર્યો. જૈન ગ્રંથોમાં ઇંદ્રભૂતિ, વાયુભૂતિ, અગ્નિભૂતિ આદિ અગ્યાર સુવિખ્યાત બ્રાહ્મણોએ મહાવીર આગળ દીક્ષા લીધાની જે હકીકત અસ્ત વ્યસ્ત આકારમાં આ કાળે રહેવા પામી છે તે એજ વાતનું સમર્થન કરે છે કે મહાવીરે સર્વથી પ્રથમ, જેના વડે સમાજની પ્રગતિ અવરોધને પામી હતી તેવા બ્રાહ્મણોને પોતાના પક્ષમાં લેવા ઉદ્યોગ કર્યો હતો. પ્રભુના અગિયાર ગણધરો પ્રથમ ક્રિયાકાંડી બ્રાહ્મણો હતા અને તેના ઉપદેશથી અનુરંજિત થઇ પોતાના મોટા શિષ્ય સમુદાયો સહિત તેમના ચરણે આવ્યા હતા."

(૨) પ્રજા જેના જૂલમ અને ત્રાસથી પિડાતી હતી, એને જે પ્રજાની પ્રગતિને બાધક અધર્મ અને અનીતિથી ભરેલ કારણો હતા તે ઘણા વર્ષોથી સ્વાર્થને લઇને બ્રાહ્મણોએ ઉભી કરેલી વર્ણ વિષમતા-જાતિભેદ (પોતાનું આધિપત્ય અને અન્ય વર્ણનું અનધિકારીપણું અને કનિષ્ઠ પણું), વૈદિક હિંસા-યજ્ઞાદિ, અનેક દેવોનું અસ્તિત્વ કલ્પનાથી ઉપજાવી કાઢી તેને તુષ્ટમાન કરવા માટે કપોળ કલ્પિત યોજેલી પૂજા વિધિઓ-પ્રાયશ્ચિત્ત, ખાન પાન શયનાદિ હમેશની ક્રિયા માટે ઉપજાવેલ કર્મકાંડ, વગેરે રૂઢિઓ પ્રચલિત હતી તે સર્વને તિલાંજલી આપવા માટે મહાવીરે સતત આપેલ ઉપદેશ અને આદેશ; અને તે અહિંસા અને સમાનતાના વીર સંદેશ એટલો બધો વેગવાન્ હતો કે ભારત વર્ષના ચારે ખૂણામાં ફરી વળ્યો. આથી લોકો પરનો-બ્રાહ્મણેતર લોકોપરનો જૂલમ જવાથી તેમનું સદ્‌વર્તન થયું.

આથીજ કહેવામાં આવ્યું છે કે:-

હોમહવનાદિક લૌકિક રિવાજ ઘણો ચાલતો જોઇ, તીર્થંકર ભગવાને (વીરપ્રભુએ) પોતાના કાળમાં દયાનું વર્ણન ઘણુંજ સૂક્ષ્મ રીતે કર્યું છે. જૈનના જેવા દયા સંબંધીના વિચારો કોઈ દર્શન કે સંપ્રદાયવાળાઓ કરી શક્યા નથી; કેમકે તેઓ (જૈન) પંચેદ્રિયના

સાપેક્ષ દૃષ્ટિ; એકલું કથન-કહેણી, એકલો આચાર-રહેણી; એ નિષ્ફળ છે, પણ તે સમસ્તની જરૂર છે-સફલતા માટે એ સમસ્તનો યોગ આવશ્યક છે. જગત્‌ની અને આત્માની નિત્યતા અનિત્યતા, અસ્તિત્વ નાસ્તિત્વ, વક્તવ્યતા અવક્તવ્યતા, એમ જુદી જુદી દૃષ્ટિથી જોતાં જણાય છે. આમ સર્વેનું મિશ્રણ અને સર્વથી સ્વાતંત્ર્ય એ બન્ને સ્વરૂપ જણાવી વિશ્વવ્યવસ્થા, આત્મસ્વરૂપ, અને મુક્તિમાર્ગ વિશાલ દૃષ્ટિથી દર્શાવેલ છે અને તેની તે સમગ્ર વાદને 'સ્યાદ્વાદ' અથવા તે દર્શનને 'અનેકાંત દર્શન' એવું વ્યાપક અને સર્વ લક્ષી નામ આપવામાં આવ્યું છે. આ સ્યાદ્‌વાદનો સિદ્ધાંત વિશેષ સમજતાં-સમજાવતાં અનેક પૃષ્ઠો ભરાય તેમ છે તેથી તેનું સ્થૂલ વ્યાખ્યા રૂપે તેને અત્ર દર્શાવેલ છે.

આમ મહાવીરના ઉપદેશમાંથી વધુને બાજુએ મૂકીએ તો આટલું તો તાત્પર્ય સ્પષ્ટાકારમાં પારદર્શક રીતે (પુન રુક્તિનો દોષ વહોરી રા. સુશિલના શબ્દોમાં કહીએ તો) જણાશે કે 'મુખ્ય બે વાત ઉપર વધારે ભાર મૂકી તેની અસર સમાજ ઉપર તેમણે દૃઢ રીતે વિસ્તારી હતીઃ—

૧. પ્રાણી માત્રને જીવવાનો એક સરખો હક છે, માટે 'જીવો અને જીવવા દો' (Live and let live)નો સિદ્ધાંત.
૨. પોતાના કલ્યાણ માટે કોઇ ઇતર બાહ્ય શક્તિ ઉપર કે તેના પ્રસાદ (favour) ઉપર આધાર કે અપેક્ષા ન રાખતાં સ્વશક્તિનું અવલંબન લેવાનો સિદ્ધાંત.

આ બે સત્યોના પ્રકાશનની તે યુગમાં અત્યંત જરૂર હતી. જો કે તે સત્યો તદ્દન સાદા અને એક બાળકથી પણ અજ્ઞાત રહી ન શકે તેવા સર્વ વિદિત છે તોપણ જ્યારે તેવી સદ્‌ભાવનાઓનો લોપ થવા બેઠો હોય છે ત્યારે આખા દેશને બલ્કે આખી જગત્‌ને ઘણીવાર તેનું એક સાથે વિસ્મરણ થઇ જાય છે અથવા બીજી પ્રબળ વિરોધી ભાવનાઓની સત્તામાં તે દબાઇ જાય છે.

તે કાળે પણ તેમજ થવા પામ્યું હતું. લોકો આત્મકલ્યાણના મુખ્ય નિશ્ચયોની અવગણના કરી પોતાના હિત સાધન તરીકે નાના મોટા અસંખ્ય દેવ દેવીઓને સંતુષ્ટ રાખવા માટે પ્રાણી હિંસા યુક્ત વધ યાગાદિકની પ્રમજાળમાં પડયા હતા. આ હિંસા પ્રધાન ધર્મને નામે ચાલતી ક્રિયાઓ સામે મહાવીરે સખ્ત લડત ચલાવી જીતવાનો સિદ્ધાંત ફેલાવ્યો, કે જે માટે અનંત મુગા પ્રાણીઓ પોતાની મુક વાણીમાં આજે પણ તે પ્રભુનો ઉપકાર માને છે.

હવે બીજી દૃષ્ટિથી જોઇએ:—

"When the religion formerly received is rent by discords, and when the holiness of the professors of religion is decayed and full of scandal, and withal the times be stupid, ignorant, and barbarous, you may doubt the springing up of a new sect; if then also there should arise any extravagant and strange spirit to make himself author thereof. If a new sect have not two properties, fear it not, for it will not spread: the one is the supplanting or the opposing of authority established—for nothing is more popular than that; the other is the giving licence to pleasures

and a voluptuous life: for as for speculative heresies (such as were in ancient times the Arians, and now the Arminians) though they work mightily upon men's wits, they do not produce any great alteration in states, except it be by the help of civil occasions. There be three manners of plantations of new sects: by the power of signs and miracles, by the eloquence and wisdom of speect and persuasion, and by the sword. For martyrdoms, I reckon them among miracles, because they seem to exceed the strength of human nature; and I may do the like of superlative and admirable holiness of life.

—*Bacon's Essay on 'Vicissitudes of things'*

ફ્રાન્સિસ બેકન " વસ્તુના પર્યાયાંતરો-ફેરફારો ' (Vicissitudes of Things) એ નામના ગૂઢ નિબંધમાં જણાવે છે કે ' જ્યારે પ્રાચીન ધર્મ તૂટેલ ફૂટેલ જાય છે અને ધર્મના મુખ્ય શિક્ષા-ગુરુઓની પવિત્રતા ઓછી થઈ જઈ નિંદાથી ભરેલું હોય છે, અને તે સાથે તે સમયમાં મૂર્ખતા, અજ્ઞાનતા અને અસંસ્કૃતિ પ્રવર્તેલી હોય છે, ત્યારે એક નવીન સંપ્રદાય ઉત્પન્ન થશે એવો શક કદાચિત્ રહે છે: જો તેવો સંપ્રદાય જાગે તો તેના પ્રણેતા તરીકે કોઈ અતિ પ્રકૃતિવાળો વિલક્ષણ આત્મા ઉદ્ભવે છે. જો તે નવીન મતમાં બે લક્ષણો ન હોય તો તે પ્રસાર પામે એવી બીક રાખવા નહિ. તેનો પ્રચાર થવાનો હોય તો તેમાં બે લક્ષણો જોઈએ:-(૧) મૂળ ધર્મની સ્થાપિત થયેલ સત્તાને-તેનાં ફરમાનોને દાબી દેવાનું યા તેથી વિરુદ્ધ જવાનું, કારણ કે તે પ્રાચીનતા વે લોકોને લોકપ્રિય અવશ્ય થયેલ હોય. (૨) જીવનનાં ઐહિક સુખો અને ઇન્દ્રિયના વિલાસોને છૂટ આપવાનું, કારણ કે કલ્પના ઉપર સ્થાપિત થયેલ મત (જેવા કે પ્રાચીન આર્યો અને હાલના આર્મિનિયન) મનુષ્યની બુદ્ધિપર પ્રબલ અસર કરે છે, છતાં રાજ્યોમાં મોટો ફેરફાર કરી શકતા નથી. નવા મતને સ્થાપિત કરવામાં ત્રણ પદ્ધતિ કામે લાગે છે:-(૧) ચમત્કારથી (૨) ઉપદેશ અને સમજાવટની શક્તિમાં રહેલ ચતુરાઈ અને ડહાપણથી (૩) તરવારથી-યુદ્ધથી. ધર્માર્થ પ્રાણની આહુતિ આપવી તેને હું ચમત્કારમાં ગણું છું કારણ કે મનુષ્ય સ્વભાવના બલ કરતાં તે અતિ વધી જાય છે; અને જીવનના અતિશય વધી અને ઉદાત્ત પવિત્રતાને પણ હું ચમત્કારમાં ગણું છું. "

બેકનનીઆ ટીકા પોતાના કાલના પ્રદેશ પરત્વે સત્ય છે, પરંતુ જ્યારે આપણે તેને જૈનધર્મ કે બૌદ્ધધર્મના ઇતિહાસને લાગુ પાડીએ છીએ, ત્યારે આપણને જણાય છે કે તે ટીકામાં ઘણો સુધારો વધારો કરવો જોઈએ છે. જૈનધર્મ અને બૌદ્ધધર્મના ઉદ્ધારકો શ્રીમન્ મહાવીર અને બુદ્ધ બ્રાહ્મણના શાસક વર્ગ (Hierarchy)ની અસર-ને ધર્મના શિક્ષાગુરુઓની પવિત્રતામાં ઓછી થઈ લોકોમાં તે અતિશય નિંદાને પાત્ર બની, ત્યારે થયા છે. પરંતુ તે વખતના મૂર્ખતા, અજ્ઞાન અને અસંસ્કૃતિ દેશને ભાગે ઘણું હિતાવહ અતિ ઉત્કૃષ્ટ બુદ્ધિ અને નીતિની અસર પ્રવર્તતી હતી ત્યારે ઘણે હિસ્સામાં પ્રાચીન સિદ્ધાંતોને તેના શિક્ષાગુરુઓ ફરી ફરી દૃઢિભૂત કરતા હતા, જ્યારે તેના પ્રતિપક્ષી-ટીકાકારો તેના પર આક્ષેપ કરતા હતા, અને નવીન સંપ્રદાય સ્થાપે કે(જ્ઞ-વવા હતા. મહાવીર અને બુદ્ધ પોતે " અતિ પ્રકૃતિવાળા અને વિલક્ષણ આત્માઓ નહિ

હતા, પરંતુ ધર્મના આદર્શમય જીવનો ગાળવામાં એક સંમત એક સંગત હતા અને આર્ય આદર્શના નમુનારૂપ હતા. તેમના ધર્મે બ્રાહ્મણોની સત્તાને નાબુદ કરવા અવશ્ય પ્રયત્ન કર્યો છે, પણ તેમ કરવામાં તેમણે કદી પણ જીવનના ભૌતિક સુખ અને ઇન્દ્રિયવિલાસોને માટે સ્વચ્છંદભરી છૂટ આપી નથી તેમ તરવારનો પણ ઉપયોગ કર્યો નથી તેમની આશ્ચર્યકારક ફત્તેહ થઇ તે તેમના ઉપદેશ અને સમજાવવાની શક્તિમાં રહેલ વક્તૃત્વ અને પ્રજ્ઞા અને તેમના જીવનની અતિશય ઉત્તમ અને ઉદાત્ત પવિત્રતાને લઇને થઈ હતી.

'મહાવીરે કૈવલ્ય પ્રાપ્ત કર્યા પછી પણ જે શૈલીએ ઉપદેશ પ્રવૃત્તિ કરી હતી તેમાંથી પણ અનેક શિક્ષણીય અંશો ગ્રહણ કરવા યોગ્ય છે. તેમણે કદિ હાલના ઉપદેશકોની માફક બીજાઓનાં છિદ્ર શોધવા અથવા બીજાઓના ધાર્મિક વર્તન કે આચાર વિચાર ઉપર ચોખાઇ ખડગ ફેરવવા ઉદ્યોગ કર્યો નથી. વિશ્વનું સર્વોત્કૃષ્ટ કલ્યાણ કરવા માટેજ તેમના તીર્થંકર પદનું નિર્માણ હતું; છતાં તેમણે તે નિર્માણ સિદ્ધ કરવા માટે કોઇને પોતાનો ઉપદેશ પરાણે અથવા સામાની અનિચ્છા છતાં આપવાનો પ્રયત્ન કર્યો નથી, તેમજ તેમના આચાર વિચારને તરછોડી નાંખી પોતાના વાડામાં આવવાને લોકોને લલચાવ્યા નથી, તેમની ઉપદેશ પદ્ધતિ શાંત, રૂચિકર, દુશ્મનને પણ તુર્ત ગળે ઉતરે તેવી, હૃદય સ્પર્શી, મર્મગ્રાહી અને તેમના આશયને શ્રેષ્ઠ હૃદયમાં સીધી રીતે પરિણમાવે તેવી સરળ હતી.

'દુનિયા મારા અભિપ્રાયનેજ મળતી થઇ જાય અને મારા આશયનેજ અનુસરનારી થાય' એવી ઇચ્છા પ્રભુએ કદિ રાખી નહોતી, તેઓ જાણતા હતા કે એવી ઇચ્છા એ પણ એક પ્રકારની નબળાઇ છે અને તે મનુષ્ય હૃદયના બંધારણનું અજ્ઞાન સૂચવનારી છે. આખી દુનિયા એક તેવા વિવાદ વિનાના વિષય ઉપર પણ કદિપણ મત ભેદ વિનાની બનીજ નથી અને ભવિષ્યમાં બનવાનો સંભવ પણ નથી. કહેવાય છે કે કૈવલ્ય જ્ઞાન પછી તેમની પહેલી દેશના ખાલી ગઇ હતી અર્થાત્ તેમના ઉપદેશની અસરથી એક પણ અંતઃકરણ ચલિત થયું નહોતું. [કે જે જૈનોના માનવા પ્રમાણે કોઇપણ તીર્થંકરના સંબંધમાં બન્યું નથી અને બનતું નથી] છતાં પણ પ્રભુને તે ઉપરથી દુનિયાના હિતમાટે કર્યાજ ચિંતા દર્શાવી નહોતી. આજે જેવી અનેક મત ભેદ અને સંપ્રદાયોની ધમાલ ચાલે છે તેવી તે દેશકાળના સ્વરૂપને અનુસરી ધમાલ તે વખતે પણ જરૂર ચાલતીજ હશે, કેમકે મનુષ્ય હૃદયનું બંધારણ બધા દેશ કાળમાં એકજ પ્રકારનું રહે છે—માત્ર તેના ઉપર ભિન્નભિન્ન આવરણોની છાપજ પડે છે.

'મહાવીર પ્રભુને પોતાનો સમુદાય, બીજા સંપ્રદાયોના સમુદાયનાં મુકાબલે સંખ્યામાં વધતો રહી જાય તેવી દરકાર કરી નથી. માત્ર પોતાના સંબંધમાં આવનાર મનુષ્યોને તેમનું અત્યંત શ્રેય થાય, કેમકે અને નિષ્કપટપણેથી તેમના અધિકારને ઘટતો ઉપદેશ આપેલ હતો. મહાવીર પ્રભુના અનુયાયીઓની સંખ્યા, ગૌતમ જેવા એક સામાન્ય મત પ્રવર્તક (ગ્રીક ઇતિહાસ પ્રમાણે) આજીવિકોની સંખ્યા કરતાં પણ થોડી હતી એમ [illegible] છે કે પ્રભુને કદિ પણ પોતાનો વાડો વિસ્તારવા બીજાની માફક [illegible] પોતાના [illegible] [illegible] કોઇ પણ પોતાના અનુયાયીઓની મોટી સંખ્યા કરી ઢગલો કરતાં પ્રમાણ [illegible]

ધર્મ પ્રવર્તક તરીકે મહાવીર.

[illegible] આવે છે કે તેઓએ પોતાના ઉપદેશ [illegible]
ઘેર ઘેર દુનિયાને [illegible] નથી પ્રભુનો એ એક [illegible]
[illegible] દુનિયાના [illegible] પોતાનો ઉપદેશ [illegible] તેમનું [illegible]
[illegible] ઉપદેશના [illegible]
[illegible] તેથી તેમનું [illegible] નથી [illegible]
[illegible] ઉપદેશ [illegible]
[illegible] તેવી રીતે (unconsciously) [illegible]

[illegible]

જાય છે. દર્શનપ્રવર્તકમાં જેજે અયોગ્યતાઓ ન જોઇએ તે તીર્થંકર જે ૧૮ દોષોથી રહિત હોય છે તે દોષોમાં સમાઈ જાય છે.

બેકન જે યોગ્યતા 'ઉપદેશ અને સમજાવવાની શક્તિમાં રહેલ વક્તૃત્વ અને પ્રજ્ઞા' (the eloquence and wisdom of speech and persuation) એ નામથી જણાવે છે તે તીર્થંકરની વાણીના ૩૫ ગુણમાં સમાઈ જાય છે. તે ૩૫ ગુણોમાંના મુખ્ય ગુણો લઇશું તો તે વાત સ્પષ્ટ રીતે જણાશે:—

૧ સર્વ ઠેકાણે સમજાય તેવી-સંસ્કારી, પ્રૌઢ, ગંભીર, સ્પષ્ટ, પૂર્વાપર વિરોધ વગરની, સંદેહવગરની, મધુર, વ્યાકરણના દોષ વગરની, પુરૂક્તિવગરની, વક્તા સર્વગુણ સંપન્ન છે એવું ભાન કરાવનારી, પરનિંદા અને આત્મસ્તુતિ વગરની...વગેરે ગુણો છે.

બીજી યોગ્યતા બેકનના શબ્દોમાં Superlatior and admirable holiness of life છે, તે શ્રીમન્ મહાવીરના ચરિત્રને અવલોકતાં પગે પગે પ્રતીત થાય છે, તે ચરિત્રતા અનેક અંશો છે તેમાંથી થોડા આ સમયને પૂરતા લઇએ:—

---

७ महावीरनुं उच्चमां उच्च जीवन.

नमो दुर्वाररागादि वैरिवार निवारणे ।
अर्हते योगिनाथाय महावीराय तायिने ॥

ભાવાર્થ—જેઓ દુઃખથી નિવારી શકાય એવા રાગ દ્વેષ મોહ આદિ શત્રુઓના સમૂહનો નાશ કરનાર છે, યોગીઓના જે સ્વામી છે, અને સર્વ જીવોનું રક્ષણ કરનાર છે, તે અર્હત્-શ્રીમન્ મહાવીર પરમાત્માને નમસ્કાર છે.

ગર્ભાવસ્થાથી ગૃહસ્થાશ્રમ સુધીમાં એટલે ઈ. સ. પૂર્વે ૫૮૯થી ઈ. સ. પૂર્વે ૫૬૮ સુધીમાં લગભગ ૩૧ વર્ષ સુધીમાં-તીર્થંકર જૈન માન્યતાનુસાર ગર્ભથીજ -મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાનના ધારક હોય છે; તે પ્રમાણે મહાવીર ત્રણે જ્ઞાનસહિત હોવાથી તેમાંના અવધિ જ્ઞાનથી ગર્ભમાં રહેલા એવા તેમણે જાણ્યું કે પોતાના ફરકવાથી પોતાની માતાને વેદના થાય છે ત્યારે તે દૂર કરવાને તે યોગીની જેમ નિશ્ચલ રહ્યા.

(૨) આમ થવા પછી તેમની માતાને ચિંતા થઈ કે ગર્ભ ફરકતો નથી તો શું થયું ? શું તે ગળી ગયો કે નાશ પામ્યો ?—અને બહુ દુઃખ લાગ્યું. એટલે આખું કુટુંબ ખેદ પામ્યું. પ્રભુએ આ જાણ્યું તેથી ગર્ભ જ્ઞાપન કરાવવાને માટે એક અંગુલિ ચલાયમાન કરી. આથી માતાને નિરાંત થઈ કે 'મારો ગર્ભ હજુ અક્ષત છે.'

આ પરથી મહાવીર સ્વામીએ પોતાના અવધિ જ્ઞાનથી જાણી લઇને તેજ ક્ષણે નિશ્ચય કર્યો કે હું ગર્ભમાં છું તે છતાં મારી માતુશ્રીને આટલો બધો મોહ છે તો પછી હું દીક્ષા લઈશ તો તેમની શી દશા થશે ! આમ વિચારી જ્યાં સુધી માતા પિતા જીવતાં હોય ત્યાં ... દીક્ષા નહિ લેવાનો નિશ્ચય કર્યો.

ઇ. સ. પૂર્વે ૫૬૮ થી ૫૫૬ સુધીમાં ૧૨॥ વર્ષ સુધી એક ગામથી બીજે ગામ અને એક શહેરથી બીજે શહેર એમ ઉગ્ર વિહાર કર્યો. મહાવીરપ્રભુ એક ગામમાં એક રાત અને શહેરમાં પાંચ રાત કરતાં વધુ વખત રહ્યા નથી. તેમણે પોતાના મન વચન કાયાના શુદ્ધ વ્યાપાર સહિત અખંડ શીલમય-તપોમય-ભાવનામય ચારિત્ર અંત સુધી આત્મશક્તિથી નિર્વાહ્યું. ઇંદ્રે જ્યારે સહાય આપવા તૈયારી કરી અને તે લેવા વિનતિ કરી ત્યારે પ્રભુએ કહ્યું "અર્હંતો કદિપણ પરસહાયની અપેક્ષા રાખતા નથી. વળી અર્હંત પ્રભુ બીજાની સહાયથી કેવલજ્ઞાન ઉપાર્જન કરે તેમ થયું નથી, થતું નથી અને થશે પણ નહિ. જિનેંદ્રો કેવળ પોતાના વીર્યથીજ -સામર્થ્યથીજ કેવળજ્ઞાન પામે છે અને પોતાના વીર્યથીજ મોક્ષે જાય છે." આવી અપૂર્વ આત્મશક્તિ રાખનારા પ્રભુ આપણને પણ એજ બોધ આપે છે કે 'જો તમારે આ સંસારના બંધનોથી મુક્ત થવું હોય, તમારે તમારો ઉદ્ધાર કરવો હોય તો તે તમો કરી શકશો અને તે તમારી આત્મશક્તિથીજ કરી શકશો. બીજાપર આધાર રાખવો ફોગટ છે.'

તપોમયજીવન—તપનો અર્થ પાશ્ચાત્ય વિદ્વાનોએ self-mortification એટલે દેહદમન એવો કર્યો છે તે જૈન શૈલિએ યુક્ત નથી. જૈનોએ તપના બે પ્રકાર પાડ્યા છે; ૧ બાહ્ય ૨ અંતરંગ. બાહ્યતપમાં ઉપવાસાદિનો સમાવેશ થાય છે, અંતરંગ તપમાં સ્વાધ્યાય, ધ્યાન, અને કાયોત્સર્ગ (શરીરના ભાવનાનો ત્યાગ) એ વગેરેનો સમાવેશ થાય છે. વળી ઉપવાસાદિ બાહ્ય તપ એ અંતરંગ તપ લાવવા માટે છે એવું સ્વીકાર્યું છે; તે શ્રી મહાવીર પ્રભુને ઉક્ત ૧૨॥ વર્ષ સુધીના તપમાં ફક્ત ૩૫૦ દિવસ આહાર લીધો હતો, જ્યાં એ સમય તેમને એ માત્ર ઉપવાસાદિમાંજ ગાળ્યો એમ નહિ પરંતુ તેની સાથે ધ્યાન, કાયોત્સર્ગ, મનન વગેરેનાં તત્વો હતાં. અને તેથીજ કર્મની નિર્જરા કરી કેવલજ્ઞાન કરી શક્યા–ચંચલતા માત્ર ઉપવાસથી સિદ્ધ થતીજ નથી, જ્યારે તપ એ આવશ્યક છે. અનેક સંકટો–ઉપસર્ગો–કષ્ટો આવે છતાં મનને વિકારમાં ન થવા દેવું–આત્માની સ્થિરતા અખંડ રાખવી–મન વચન કાયાના શુદ્ધ વ્યાપાર રાખવા એ ઉત્તમ તપ છે, અને એ તપમાં ઉપવાસ એ બાહ્ય અને આવશ્યક અંગ બને છે. મહાવીરે ચારિત્ર કરતાં વધુ સમય ઘોર તપશ્ચર્યા કરી હતી. તેની અંદર માત્ર ૩૪૯ પારણાંજ ફક્ત કરી લીધું હતું તેમજ આ સાડાબાર વર્ષમાં માત્ર એક રાત્રી પ્રમાણજ નિદ્રા કરી હતી–આ અનંત અને અત્યાશ્ચર્ય [illegible] ક્ષમા–અપ્રમત્તતા દર્શાવે છે. તપશ્ચર્યાનું પ્રમાણ એ પ્રકારે છે કે– ૧ છમાસી ઉપવાસ, ૧ પાંચ દિવસ ન્યૂન છમાસી, ૯ ચોમાસી, ૨ ત્રિમાસી, ૨ અઢીમાસી, ૬ દ્વિમાસી, ૨ દોઢમાસી, ૧૨ માસથી વધુ પંદર પક્ષિક (પખવાડીઆ સુધીના) [illegible], ૨ દિન ભદ્રપ્રતિમા, ૪ મહાભદ્રપ્રતિમા, ૧૦ સર્વતોભદ્રપ્રતિમા, ૨૨૯ છઠ, ૧૨ અઠમ.

ભાવનામય જીવન—ભાવના એ દરેક ક્રિયાનો પ્રાણ ગણાય છે, તેના પર જ [illegible] છે. તેથીજ [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible]

મહાવીરે રાખી હતી તે એવી મહત્વની અને ઉચ્ચ કક્ષાની છે કે તેનું અનુકરણ
આપણું જીવન યથાશક્તિ ઉચ્ચ, પવિત્ર, શાંત અને મોક્ષગામી બની શકે તેમ છે.
આવી ભાવનાઓનું દિગ્દર્શન કરીએ:—

૧. દ્વયંતના આશ્રમમાં જતાં તેઓની એક ઝુંપડીમાં રહી ધ્યાનાવસ્થામાં રહ્યા-
અખંડ ધ્યાનદશામાં તે ઝુંપડીનો નાશ ગાયોએ ખાઈ કરી નાંખ્યો ત્યારે તાપ
કોપ્યા. આથી તે વીરપ્રભુએ ૫ અભિગ્રહ (એક જાતનાં વ્રત) ધારણ કર્યાં (
કદિ પણ જ્યાં અપ્રીતિ થાય તેને ઘેર વસવું નહિ; (૨) જ્યાં રહેવું ત્યાં સદા કા
કાયોત્સર્ગ કરીનેજ રહેવું; (૩) પ્રાયઃ મૌનજ ધારણ કરવું (૪) કર પાત્રવડે ભોજ
કરવું અને (૫) ગૃહસ્થનો વિનય કરવો નહિ.

૨. દૃષ્ટિવિષ સર્પ હતો તેની ખબર પડતાં તેનો પૂર્વજન્મ—ચંડકૌશિક તાપસ-વિચાર્યો
ત્યારે જાણ્યું કે કુકર્મના વિપાકથી તીવ્રતમપણે ક્રોધને લઈને તે આ જન્મ પામ્યો
છે તેથી 'તે દૃષ્ટિવિષ સર્પ અવશ્ય પ્રતિબોધ કરવાને યોગ્ય છે માટે ભલે મને
તે ઉપસર્ગ કરે-પીડા કરે, પણ હું જાઉં અને તેને પ્રતિબોધું.' મહાત્મા મહાવીર
ગયા. સર્પે દૃષ્ટિ ફેંકીને છેવટે કરડ્યો. પ્રભુને તે છતાં પોતાનું ધર્યું કંઈપણ ન કરી
શક્યો-ઝેર ન પ્રસરતાં શરીરમાંથી દુધ જેવી રુધિરની ધારા નીકળી. સર્પ સ્તબ્ધ
રહ્યો. પ્રભુ અનુકંપા આણી બોલ્યા "અરે ચંડકૌશિક! બુઝ! બુઝ! મોહ પામ
નહિ'—આથી સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું. સર્પ ઊંડી દૃષ્ટિ દરમાંજ પોતાના અંત-
સુધી રહ્યો-પ્રતિબોધ પામ્યો.

(૩) 'સવી જીવ કરૂં શાસન રસી, એસી ભાવદયા મન ઉલસી' એ ભાવનાવાળા શ્રી વીર
પ્રભુએ અનાર્ય ભૂમિમાં વિહાર કરી અનાર્યોને પ્રતિબોધવા અને પોતાના કર્મોની
નિર્જરા કરવા નિશ્ચય કર્યો તે પહેલાં પ્રભુએ અવધિજ્ઞાનથી જાણ્યું હતું કે "હજુ
મારે ઘણાં કર્મની નિર્જરા કરવાની છે. તે કર્મ સહાય વિના મારાથી ખપાવાય
તેમ નથી, કારણ કે સૈનિકો સિવાય શત્રુઓનો મોટો સમૂહ જીતી શકાતો નથી.
આ આર્ય દેશમાં વિહાર કરવાથી મને તેવી સહાય મળવી દુર્લભ છે માટે હવે હું
શુદ્ધ ભૂમિ અનાર્ય દેશમાં વિહાર કરીશ.' ત્યાંથી લાટ દેશ, વજ્ર ભૂમિ, શુદ્ધ ભૂમિ
વગેરે મ્લેચ્છ દેશોમાં વિહાર કરી અનાર્યો તરફથી અનેક દુઃખો સહન કર્યાં છે.

(૪) દૃઢ ભૂમિ નામના મ્લેચ્છ દેશમાં પેઢાલ ગામમાં ધ્યાન દશામાં પ્રભુ રહ્યા તે વખતે
ઈંદ્રે અવધિ જ્ઞાનથી ધ્યાનસ્થ પ્રભુને જોઈ કહ્યું કે 'ધન્ય છે! પ્રભુને-દેવતા
ધ્યાનને ચલાવવા કોણ સમર્થ છે!' આવાં વચનો સંગમ નામના દેવથી સહન
ન થયાં અને મહાવીરની કસોટી કરવા નિશ્ચય કર્યો. તેણે ઉપરાઉપરી એક રાત્રે
જીવને ભયંકર એવા વીશ ઉપસર્ગો કર્યા. પરંતુ પ્રભુ નિશ્ચલ અને અડગ રહ્યા
છેવટે તે અધમ દેવ નમસ્કાર કરી બોલ્યો 'ક્ષમાનિધિ! મારો અપરાધ ક્ષમા કરો
આપ સુખે વિહાર કરો' ત્યારે પ્રભુએ કહ્યું 'હે અધમ દેવ! હું તમારી વિનંતિ
કરતો બેઠો છું. મને કોઈને આધીન નથી, અને હું સ્વેચ્છાએ વિહાર કરીશ.'
કેવું અદ્ભુત સ્વાવલંબન!

વીરપ્રભુને જે જે દુઃખો પડયાં છે તેવાં દુઃખો કોઈપણ તીર્થંકરને નથી પડયાં; આથી કોઈ શંકા કરશે કે વીરપ્રભુ કે જેમણે પોતાના જન્મોત્સવ વખતે મેરૂપર્વતને નમાવ્યો હતો, અને આઠ વર્ષની ઉમરે વિકાળ રૂપ ધરી આવેલ દેવતાને એક મુઠીના પ્રહારથી અશક્ત કર્યો હતો ને એવી અપૂર્વ શક્તિ હોવાં છતાં, આ દુઃખો મુંગા મુંગા ભોગવવાને બદલે કાપી ન નાંખે ?—ઉત્તરમાં જણાવવાનું કે દુઃખો એ પૂર્વ કર્મને લઈને છે. જ્યાં સુધી તે પૂર્વકર્મ નિબીડને નિકાચિત નથી હોતું અને તે ઉદયમાં નથી આવતું, ત્યાં સુધીમાં ભાવથી વેદી નાંખી શકાય છે યા તેની નિર્જરા કરી શકાય છે, પણ જે કર્મઉદયમાં આવે છે અને જે નિકાચિત કર્મ કે જે અવસ્ય ઉદયમાં આવ્યા વગર રહેતું નથી તે ઉદયમાં આવે છે તેને વેદ્યા વગર છૂટકો થતો નથી. પરંતુ વેદવા વેદવામાં ફેર હોય છે, અજ્ઞાની એક કર્મ વેદે છે ત્યાં કર્મ બાંધે છે, જ્યારે જ્ઞાની તેજ કર્મ વેદતાં નવીન કર્મ બાંધતો નથી. આનું કારણ એ છે કે જેવો રસપરિણામ કર્મના વેદવામાં લેવાય છે તે પ્રમાણે કર્મ વેદતાં નવીન કર્મ બંધાય છે. જ્ઞાની કર્મ વેદતાં ક્રોધ આદિ કષાય-રાગ કે દ્વેષ કરતા નથી. વળી આથી દરેકને બોધ મળે છે કે મનુષ્યને પોતાનાં કરેલાં કર્મોનાં ફળો અવસ્ય મળવાનાં.

આ પરથી સમજાશે કે મહાવીર પ્રભુમાં અનેક—અનંત ગુણો હતા. તેમાંના દૃષ્ટાંત તરીકે થોડા લઇએ:—

સમભાવ.

કેવલ જ્ઞાન ઉત્પન્ન થયા પહેલાં દેવકૃત, મનુષ્યકૃત અને તીર્યંચોકૃત અનેક ઘોર ઉપસર્ગ તથા પરિસહો થયા છતાં શ્રી મહાવીરે તે સર્વને સમભાવપૂર્વક સહન કરેલ છે.

પન્નગે ચ સુરેન્દ્રે ચ કૌશિકે પાદ સંસ્પૃશિ ।
નિર્વિશેષ મનસ્કાય શ્રી વીર સ્વામિને નમઃ ॥

ભાવાર્થઃ—શ્રી વીરપ્રભુના ચરણ કમલનો સ્પર્શ ઇંદ્ર મહારાજે ભક્તિભરના આવેશથી કર્યો હતો, જ્યારે તેજ ચરણ કમલનો સ્પર્શ દ્વેષબુદ્ધિથી ચંડકૌશિક નામના તાપસના પૂર્વ જન્મવાળા સર્પે કર્યો હતો—આ બંને પાદ સ્પર્શ કરનારમાં એક બીજાથી અત્યંત વિરોધી હૃદયભાવ હતો—ઇંદ્રમાં અપૂર્વ ભક્તિભાવ સેવક ભાવ હતો અને સર્પમાં પાદસ્પર્શ કરતી વખતે એવો ભાવ રહેલો હતો કે ‘ આ વળી મારા સ્થાનપર કોણ ઉભો છે ! હું પલકમાં તેને દંશ મારી જમીન ઉપર પટકી દઇ મૃત્યુને પમાડું છું '—આમ હોવા છતાં ભગવાનની બુદ્ધિ બંનેપર સમાન—એકાકારજ છે, કોઈના પર રાગદ્વેષ નથી—આવા મહાવીર પરમાત્માને મારો નમસ્કાર થાઓ !

શ્રી મહાવીરે લગ્ન કર્યું તેમાં હેતુ.

માતાએ વિવાહ કરવા આગ્રહ કર્યો, ત્યારે પ્રભુ વિચારમાં પડયા કે, " આજે આ મારે શું આવી પડ્યું ? [પ્રિમસંકટ જેવું !] એક તરફ આ માતાનો આગ્રહ છે અને બીજી તરફ આ સંસાર પરિભ્રમણનો ભય છે. માતાને દુઃખ થાય છે એવી શંકાથી હું ગર્ભમાં પણ અંગ સંકોચીને રહ્યો હતો, તો હવે તેમની મનોવૃત્તિ દુભાય નહીં તેવી રીતે ગૃહવાસમાં પણ મારે રહેવું જોઇએ. વળી મારે ભોગ ફલ કર્મ પણ બાકી છે અને માતપિતા છે " આ પ્રમાણે ચિંતવીને પ્રભુએ માતાના તે વચનને માન્ય કર્યું.

મહાવીરનું ઉપસર્ગમાં ઉત્કૃષ્ટ જીવન.

જે પ્રકારનું પૂર્વ પ્રારબ્ધ ભોગવ્યે નિવૃત્ત થવા યોગ્ય છે, તે પ્રકારનું પ્રારબ્ધ ઉ-
દીનપણે વેદવું ઘટે; જેથી તે પ્રકાર પ્રત્યે પ્રવર્તતાં જે કંઈ પ્રસંગ પ્રાપ્ત થાય છે,
પ્રસંગમાં અમારા ઉપયોગ ન હોય, તો જીવને સમાધિ વિરાધના થતાં વાર ન લાગે.
માટે સર્વ સંગ ભાવને મૂળપણે પરિણામી કરી, ભોગવ્યા વિના ન છૂટી શકે તેવા પ્રસ
પ્રત્યે પ્રવૃત્તિ થવા દેવી ઘટે; તો પણ તે પ્રકાર કરતાં સર્વથા-અસંગતા જન્મે તે પ્રકા
ભવવો ઘટે છે.

મહાવીરનો વૈરાગ્ય-પરમાર્થ જીવન.

જે સત્પુરુષો બીજા જીવોને ઉપદેશ દઈ કલ્યાણ બતાવે છે તે સત્પુરુષોને અનંતો
લાભ પ્રાપ્ત થયો છે. સત્પુરુષો પરજીવની નિષ્કામ કરુણાના સાગર છે. વાણીના ઉદય
પ્રમાણે, તેમની વાણી નીકળે છે. તેઓ કોઈ જીવને દીક્ષા લે તેવું કહે નહીં. તીર્થંકરે
પૂર્વે કર્મ બાંધ્યું છે તે વેદવા માટે બીજા જીવનું કલ્યાણ કરે છે; બાકી તો ઉદય પ્ર-
માણે દયા વર્તે છે. તે દયા નિષ્કારણ છે, તેમ તેઓને પારકી નિર્જરાએ કરી પોતાનું
કલ્યાણ કરવાનું નથી. તેમનું કલ્યાણ તો થયેલું જ છે. તે ત્રણ લોકના નાથ, તો તરીને
બેઠા છે, સત્પુરુષ કે સમકિતીને પણ એવી ઉપદેશ દેવાની ઇચ્છા હોય નહીં. તે પણ
નિષ્કારણ દયાની ખાતર ઉપદેશ દે છે, મહાવીર સ્વામી ગૃહવાસમાં રહેતા છતાં પણ
ત્યાગી જેવા હતા.

હજારો વર્ષના સંયમી પણ જેવો વૈરાગ્ય રાખી શકે નહીં તેવો વૈરાગ્ય ભગવાનનો
હતો. જ્યાં જ્યાં ભગવાન વર્તે છે, ત્યાં ત્યાં બધા પ્રકારના અર્થ પણ વર્તે છે. તેઓની
વાણી ઉદય પ્રમાણે શાંતિ પૂર્વક પરમાર્થ હેતુથી નીકળે છે. અર્થાત્ તેમની વાણી કલ્યાણ
અર્થે જ છે. તેઓને જન્મથી મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન હતાં. તે પુરુષના ગુણ
ગ્રહણ કરતાં અનંતી નિર્જરા છે. જ્ઞાનીની વાત અગમ્ય છે. તેઓનો અભિપ્રાય જણાય
નહીં. જ્ઞાની પુરુષની ખરી ખૂબી એ છે કે, તેમણે અનાદિથી નહીં છૂટેલા એવા રાગ
દ્વેષ ને અજ્ઞાન તેને છેદી ભેદી નાંખ્યા છે. એ ભગવાનની અનંત કૃપા છે. તેને પચીસો
વર્ષ થયાં છતાં તેમની દયા આદિ હાલ વર્તે છે; એ તેમનો અનંતો ઉપકાર છે. જ્ઞાની
આડંબર દેખાડવા અર્થે વ્યવહાર કરતા નથી. તેઓ સહજ સ્વભાવે ઉદાસીન પણે વર્તે છે.

સ્વાવલંબન.

વીર દીક્ષા લઈ જ્યારે પ્રથમ વિહાર કરવા લાગ્યા ત્યારે ઇન્દ્રે વીરને વિનતિ કરી
'હે ભગવન્! તમારાં પૂર્વ જન્મોનાં બહુ ગાઢાં વેદનીયાદિ કઠિન કર્મોનાં બંધન છે,
થી આપને છદ્મસ્થાવસ્થામાં ઘણા ભારી ઉપસર્ગ થશે જેથી આપની અનુમતિ હોય તો
તમારી સેવાને સાથ રહું અને તમારા સર્વ ઉપસર્ગ ટાળું-દૂર કરું.

વીર—ઇન્દ્ર! આ વાત કદાપિ અતીતકાળમાં થઈ નથી, હમણાં પણ થાય નહિ અને
નાગતકાળમાં પણ થવાની નથી કે કોઈપણ દેવેંદ્ર અસુરેંદ્રાદિકની સહાયથી તીર્થંકર કર્મ
કરીને કેવલજ્ઞાન ઉત્પન્ન કરીએ, કિંતુ સર્વ તીર્થંકર પોતાના પરાક્રમથી કેવ-
પ્રાપ્ત કરે છે. આથી હું પણ બીજાની સહાય વિના સ્વપરાક્રમથી કેવલજ્ઞાન પ્રાપ્ત કરીશ.

મહાવીરનું મૌનવ્રત.

જન્મથી જેને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હતાં અને આત્મોપયોગી એવા

તેને આવતા અંકમાં સ્થાન આપી 'શ્રીમન્ મહાવીર અંક'ની પૂરવણી તરીકે મુદ્રિત બહાર પાડવાનો વિચાર છે.

પ્રાચીન આર્યસભ્યતા પ્રારંભમાં ઇશ્વરસ્તુતિ, શુભ સમારંભ, અને તૈયારી કરવાનું કહે છે પછી પૂર્ણતા ગમે ત્યારે થાય, જ્યારે પાશ્ચાત્ય સભ્યતા એમ સૂચવે છે કે પ્રારંભ ગમે ત્યારે થાય પણ પૂર્ણતા અમુક સમયે કે સમયની અંદર કરવી જોઇએ; આ પાશ્ચાત્ય સભ્યતાનું અનુકરણ આજકાલ પ્રચલિત હોવાથી તેમજ લોકો પણ અમારી પાસે તેજ માગતા હોવાથી ઉપરની ઘટના થાય છે તેથી વાચકવર્ગ દરગુજર કરી લેશે.

પર્યુષણ માટે ખાસ વાંચન.

પાણીને મૂલ્યે ઉત્તમ વિચારોનો પ્રચાર કરવાની યોજના.

પર્યુષણનો ખરો અર્થ, આશય અને ઉપયોગ બતાવનારો કોઇ મનન કરવા યોગ્ય લેખ આજ સુધીમાં લખાયો હોય તો તે 'જૈનહિતેચ્છુ'ના ચાલુ સાલના 'પર્યુષણ અંક'માં જ જોશો. ધનની શીલસુરી, શીલ અને બાર વ્રતોનું વ્યવહારૂ સ્વરૂપ, તપની અગત્ (વૈદક દૃષ્ટિએ), અભ્યંતર તપનું બુદ્ધિગમ્ય સ્વરૂપ, ભાવનાનું શાસ્ત્ર, સામાયિક-પૌષધ-પ્રતિક્રમણ ઇત્યાદિ ક્રિયાઓ સમ્બન્ધમાં વ્યવહાર અને તદ્દન નવીજ સૂચનાઓ; 'પાંચ સમવાય' અથવા પાંચ 'કારણ' સમ્બન્ધમાં રમુજી કથાદ્વારા કર્મ, ઉદ્યમ આદિ તત્વો પર નવીન પ્રકાશ, આરોગ્ય અને ધર્મ વચ્ચે નિકટ સંબંધ સાબીત કરી ધર્મમંત્ર જાપ વડે આરોગ્ય જાળવવાનો ઉપદેશ; લગ્ન કોણે કરવાં અને કોણે ન કરવાં તથા વિવાહિત સ્થિતિમાં ખરૂં સુખ સાચવવા માટે ધર્મનો કયો સિદ્ધાંત કામ લાગે તેમ છે ત્હેનું વિસ્તારથી વિવેચન; સ્ત્રીઓની આર્થિક અને રાજકીય સ્થિતિ, લગ્ન સંબંધી જૂદા જૂદા દેશોના કાયદાનું અવલોકન, સમાજ સુધારણા માટે અનેક મનેયત્નો; ખરો વિજય કોને કહેવાય અને પરાજય કોને કહેવાય; વ્યાપારી આલમને બે બોલ;

વગેરે વગેરે ઉત્તમ લેખો શ્વે૦ મૂર્તિપૂજક, સ્થાનકવાસી તેમજ દિગંબર પ્રસિદ્ધ લેખકોથી લખાયલા છે. પ્રો૦ જગમંદીરલાલ જૈની M. A. બેરિસ્ટર વગેરે એ લખેલા ત્રણ મનન કરવા યોગ્ય ઉત્તમ અંગ્રેજી લેખ પણ ત્હેમાં જોવામાં આવશે. આત્માનું સ્વરૂપ, વિશ્વવ્યવસ્થા, ઇત્યાદિ મુદ્દાઓ પણ ચર્ચવામાં આવ્યા છે. ઉપરાંત બે અત્યંત રમુજી અને ખાસ ઉપદેશી કથાઓનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છેઃ (૧) "નટના દોરડા પરથી સર્વજ્ઞના સિંહાસન પર!" તથા (૨) "સંવત્સરીને દિવસે એક જૈન શ્રીમંતે દીધેલું લાતોનું દાન!" આખો અંક નવીન વિચારોથી અને સાયન્સ, તર્કશાસ્ત્ર, વૈદક, માનસશાસ્ત્ર ઇત્યાદિના પાયાપર રચાયલી દલીલોથી ભરપૂર થયો છે. (એકંદર પૃષ્ઠ સુમારે ૩૦૦) મૂલ્ય વી.પી. ખર્ચ સાથે એકંદરે રૂ૦-૮-૦ માત્ર મગાવવું ઠેકાણું:—'જૈનહિતેચ્છુ' ઑફિસ, ૨૫૩, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.

લોહી સુધારવા માટે સૌથી સરસ.

ડૉ. વામન ગોપાલનું જગ-
પ્રસિદ્ધ અને લોકપ્રિય.
આયોડાઇઝ્ડ
સાર્સાપરિલા

જેનો હજારો દરદીઓએ ઉપયોગ કરી પોતાની બિમારી દૂર કીધી છે.
આ સાર્સાપરિલા બગડેલા લોહીથી થતા દરદો માટે એક કુનેહમંદ
અકસીર ઇલાજ છે.

[illegible]

સોનાના અને રૂપાના ચાંદા મેળવવા
આ એક જ સાર્સાપરિલા ભાગ્યશાળી નીવડ્યું છે.

[illegible]

[illegible]

[illegible] —મુંબઈ.

જૈન બંધુઓ ! વાંચો અને અમૂલ્ય લાભ લ્યો.

શ્રી જૈન શ્વેતાંબર ડીરેક્ટરી.

વ્હાલા બંધુઓ ! આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ [illegible] જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતિ જાણવા માટે સર્વ જૈન બંધુઓને [illegible] ડીરેક્ટરી કરવાનું કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મુજબ [illegible] પ્રથમ [illegible] અમદાવાદ કોન્ફરન્સ પહેલાં શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ, ભાગ ૧ [illegible] આવ્યો હતો. ત્યાર પછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ [illegible] જૈન શ્વેતાંબર ડીરેક્ટરીના-ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને [illegible] ગુજરાત) એવી રીતે બે ભાગ જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુક[illegible] આવેલ છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન [illegible] કરવામાં આવી છે. જૈનોની વસ્તી ગણત્રી દેખાડનારી [illegible] ઉપરાંત [illegible], દેરાસર, તથા રેલ્વેની માર્ગ માહિતી આપનારાં [illegible] નકશો પણ આપેલા છે. [illegible] જૈનોની વસ્તી [illegible] અને [illegible] નામ, [illegible], નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની [illegible] તથા [illegible] દેરાસર, [illegible], [illegible], ઉપાશ્રય, પુસ્તક ભંડાર, [illegible], પાઠશાળા, [illegible] [illegible] આ ડીરેક્ટરી [illegible] [illegible] આ ડીરેક્ટરીમાં [illegible] [illegible] જૈન [illegible] આધુનિક સ્થિતિ [illegible] [illegible] આ ડીરેક્ટરી જૈન [illegible] [illegible] ડીરેક્ટરી [illegible] [illegible]

[illegible]

[illegible] કોન્ફરન્સ

લેખકોને નમ્ર વિનંતિ.

પૂજ્ય મુનિરાજો, જૈન ગ્રેજ્યુએટો તથા વિદ્વાન્ જૈન લેખકોને સવિનય વિનંતિ કરવામાં આવે છે કે જૈન વસ્તીવાળા લગભગ તમામ શહેરોમાં મહાન્ કોન્ફરન્સનો વિજય વાવટો ફરકાવતા તથા કોન્ફરન્સના સર્વમાન્ય વાજીંત્ર સમાન આ માસિક પત્રમાં કોન્ફરન્સે હાથ ધરેલા વિષયો સંબંધી તથા સમસ્ત જૈન કોમની સામાજિક, નૈતિક અને ધાર્મિક ઉન્નતિ સાથે પ્રત્યેક વ્યક્તિની આત્મિક ઉન્નતિ થાય તેવા સરળ ભાષામાં લખાયેલા લેખોને પ્રથમ પદ આપવામાં આવે છે અને જૈન સાહિત્ય સંબંધી ઐતિહાસિક લેખોને પણ ખાસ સ્થાન અપાય છે એમ આશા રાખીએ છીએ કે પદવીધારી જૈન ગ્રેજ્યુએટોની માફક અન્ય વિદ્વાન્ જૈન લેખકો તથા પૂજ્ય મુનિ મહારાજાઓ વખતો વખત નહીં તો માત્ર વર્ષમાં એકાદ વખત આઠ દશ પૃષ્ઠ જેટલો લેખ આ પત્રમાં લખી મોકલી સ્વધર્મી બંધુઓને પોતાની વિદ્વત્તાનો લાભ આપવાનું મન ઉપર લેશે.

૧ આ પત્ર માટેનું લખાણ કાગળની એકજ બાજુએ, સારા અક્ષરથી અને શાહી વડે લખવા તસ્દી લેવી. કાગળની બન્ને બાજુએ, અથવા પેન્સીલથી લખેલું લખાણ છાપખાનામાં મોકલતાં ફરી લખવું પડે છે તેમજ ભૂલો થવાનો પણ વિશેષ સંભવ છે માટે આ સૂચના તરફ લક્ષ આપવા ખાસ વિનંતિ છે.

૨ લખાણ મોડામાં મોડું દરેક મહિનાની તા. ૧૫ મી પહેલાં અમોને મળવું જોઇએ.

૩ લેખકનો લેખ યોગ્ય જણાશે તો દાખલ કરી જે અંકમાં પ્રસિદ્ધ થશે તે અંક અને નિયમિત લેખકને નિયમિતપણે સર્વ અંક મફત મોકલવામાં આવશે.

૪ પસંદ નહિ પડેલા લેખો પાછા મોકલવાનું બનતું નથી, જેને જોઇએ તેણે ટપાલ ખર્ચ મોકલી મંગાવી લેવા.

૫ અપ્રકટ પ્રાચીન જૈન ગુજરાતી સાહિત્ય, ધાર્મિક અભ્યાસ પર તેના સંવાદ, શિક્ષણ સારી રીતે આપી શકાય તેવા અભ્યાસપાઠો, પ્રાચીન શિલાલેખો, ગ્રંથની પ્રશસ્તિઓ, પ્રાચીન જૈન મંદિર વિષે વગેરેને ખાસ પ્રથમ સ્થાન આપવામાં આવશે.

૬ રાજ્યકીય-ધાર્મિક વિવાદવાળું, નિંદાત્મક વગેરે આડે માર્ગે દોરનાર અને ક્લેશ ઉપજાવનારા લખાણને સ્થાન બિલકુલ આપવામાં નહિ આવે.

૭ લેખકે પોતાનું પૂરું નામ તથા ઠેકાણું લખવા કૃપા કરવી. તે પ્રગટ કરવા ઇચ્છા હોય તો તે અગર તેમ ન હોય તો કોઈ ઉપનામ-તખલ્લુસ મોકલવું. તંત્રીઓ લેખ લેવા કે પાછા મોકલવા બંધાતા નથી.

મોહનલાલ દલીચંદ દેશાઈ બી. એ. એલ્ એલ્. બી.

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. તંત્રી. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ.

Rates for Advertisement.

જાહેરખબર આપનારાઓને અમૂલ્ય તક.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું વાજીંત્ર ગણાતું આ હેરૅલ્ડ માસિક કે જેનો સ્તાનના જુદા જુદા ભાગોમાં વસતી જૈનો જેવી ધનાઢ્ય કોમમાં બહોળો ફેલાવો તેમાં જાહેરખબર આપવાના ભાવો નીચે મુજબ ઘણા ઓછા રાખવામાં આવ્યા છે.

	એક પેઈજ	અડધું પેઈજ	પા પેઈજ	ચાર લાઈન
એક વર્ષ માટે	૩૦	૨૦	૧૨	૬
છ માસ માટે	૨૦	૧૨	૬	૪
ત્રણ માસ માટે	૧૨	૬	૪	૩
એક અંક માટે	૫	૩	૨	૧

જાહેર ખબરો હિંદી, ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં લેવામાં આવશે. જાહેર ખબરના નાણાં અગાઉથી મળ્યા સિવાય જાહેર ખબર દાખલ કરવામાં આવશે નહિ. આ માસિકની મારફત હેન્ડબીલ વહેંચાવવાના ભાવો પત્રવ્યવહારથી અગર રૂબરૂ મળવાથી નક્કી થઈ શકશે, તે માટે સઘળો પત્ર વ્યવહાર તથા મનીઓર્ડર વિગેરે નીચેના શીરનામે મોકલવા.

પાયધુની, મુંબઈ નં. ૩ } આસિસ્ટંટ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.